

નમો અરિહંતાણં

નમો સિધ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજઝાયાણં

નમો લેએ સવ્વ સાહુણં

એસો પંચ નમુકકારો

સવ્વ પાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ

કૃત વ્યાખ્યા સહિત

**DVD No. 2**

(Gujarati Edition)

**:: યોજનાના આયોજક ::**

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# UPASAK DASHANG SUTRAM

# ઉપાસક દશાંગ સૂત્ર

जैनाचार्य - जैनधर्मदिवाकर-पूज्यश्री - घासीलालजी - महाराज
विरचितया आचारमणिमञ्जूषाख्यया व्याख्यया समलङ्कृतम्
हिन्दीगुर्जरभाषानुवादसहितम्

# उपासकदशाङ्गसूत्रम्

# UPASAKDASANGSUTRAM

नियोजकः-

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि-
पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः
शेठ श्री मीश्रीलाल जेवंतराज लुणीआ-चंडावलवाळा
अमदावाद प्रदत्त-द्रव्यसहाय्येन
श्री अ. भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमिति-प्रमुखः-
श्रेष्ठि-श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः
मु० राजकोट ( सौराष्ट्र )

तृतीयावृत्तिः प्रति १०००

वीर संवत २४८७ विक्रम संवत २०१७
ईस्वीसन १९६१

मूल्य रू. ११-००

: પ્રાપ્તિસ્થાન :
શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ
ગ્રીન લોજ પાસે, રાજકોટ.

Published by
Sree Akhil Bharat S. S.
Jain Shastroddhar Samiti
Garedia Kuva Road, RAJKOT.
(Saurashtra) W. Ry. India.

બીજી આવૃત્તિ : પ્રત ૫૦૦
વીર સંવત : ૨૪૮૨
વિક્રમ સંવત : ૨૦૧૨
ઇસ્વી સન : ૧૯૫૬

મુદ્રક : મુદ્રણસ્થાન :
જયંતિલાલ દેવચંદ મહેતા
જય ભારત પ્રેસ
ગરેડીયા કુવા રોડ,
શાક મારકીટ પાસે, રાજકોટ.

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્‌ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્‌ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઇંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્‌ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्‌घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्‌घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्‌गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

उपासक दशांग सूत्र की

# विषयानुक्रमणिका


| अनु. | विषय | पाना नं. |
|---|---|---|
| १ | मंगला चरण | १ |
| २ | अनुयोग शब्द का अर्थ | १ |
| ३ | चरणकरणानुयोग का निरुपण | ३ |
| ४ | धर्मकथानुं योग का निरुपण | ३ |
| ५ | गणितानुयोग का निरुपण | ४ |
| ६ | द्रव्यानुयोग का निरुपण | ४ |
| | **सूत्र परिचय** | |
| ७ | अंगसूत्र (११) का निरुपण | ४ |
| ८ | उपांग सूत्र (१२) का निरुपण | ५ |
| ९ | मूल सूत्र (४) का निरुपण | ६ |
| १० | छेदसूत्र (४) का निरुपण | ७ |
| ११ | आवश्यक सूत्र का वर्णन | ७ |
| १२ | अगारधर्म | ८ |
| | **पहला अध्ययन** | |
| १३ | समय प्ररुपणा | ९ |
| १४ | चम्पानगरी का वर्णन | १० |
| १५ | सुधर्मा और जम्बु स्वामी का प्रश्नोत्तर | १६ |
| १६ | भदन्त शब्द का अर्थ | १७ |
| १७ | मग शब्द का अर्थ | १७ |
| १८ | वीर शब्द का अर्थ | १८ |
| १९ | बारह अंगो के नाम | १८ |
| २० | सुधर्मा स्वामी और जम्बुस्वामी के प्रश्नोत्तर | १८ |
| २१ | वाणिजग्राम नगरादि का वर्णन | २० |
| २२ | आनन्द गाथापति का वर्णन | २० |
| २३ | शिवानन्द का वर्णन | २४ |
| २४ | कोल्लाकसन्निवेश का वर्णन | २६ |
| २५ | परिषद का वर्णन | २७ |
| २६ | अभिगमन का वर्णन | २८ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૭ | જિતશત્રૂ દ્વારા કી ગઈ ભગવાન મહાવીર કી સ્તુતિ | ૨૯ |
| ૨૮ | અભિગમ કા વિચાર | ૨૯ |
| ૨૯ | સમવસરણ કા ઔર આનન્દ ગાથાપતિ કે વિચાર કા વર્ણન | ૩૧ |
| ૩૦ | ભગવાન સે ધર્મકથા કા શ્રવણ | ૩૨ |

**ધર્મકથા**

| | | |
|---|---|---|
| ૩૧ | લોકાલોક સ્વરૂપ કા વર્ણન | ૩૨ |
| ૩૨ | જીવાજીવાદિ સ્વરૂપ કા વર્ણન | ૩૪ |
| ૩૩ | સંવરાદિ કે સ્વરૂપ કા વર્ણન | ૩૪ |
| ૩૪ | નરકાદિ કે સ્વરૂપ કા વર્ણન | ૩૫ |
| ૩૫ | પ્રાણાદિપાતાદિ કે સ્વરૂપ કા વર્ણન | ૩૬ |
| ૩૬ | રાગાદિ કે સ્વરૂપ કા વર્ણન | ૩૬ |
| ૩૭ | માયામૃષાદિ કે સ્વરૂપ કા વર્ણન | ૩૭ |
| ૩૮ | સુચીર્ણકર્માદિ કે સ્વરૂપ કા વર્ણન | ૩૭ |
| ૩૯ | ચાવાર્ક મતવિચાર | ૩૮ |
| ૪૦ | નિર્ગ્રંથ પ્રવચન મહિમા કા વર્ણન | ૩૯ |
| ૪૧ | નરકાદિ ગતિપ્રક્ષિસ્થાન કા નિરૂપણ | ૪૦ |
| ૪૨ | નરકાદિ ગતિ કે સ્વરૂપ કા નિરૂપણ | ૪૧ |
| ૪૩ | અગારધર્મ કે સ્વરૂપ કા વર્ણન | ૪૧ |
| ૪૪ | સામાન્ય અગાર (ગૃહસ્થ) ધર્મ કે સ્વરૂપ કા વર્ણન | ૪૨ |
| ૪૫ | વિશેષાગાર (શ્રાવક) ધર્મ કા નિરૂપણ મેં જીવાદિ કે સ્વરૂપ કા વર્ણન | ૪૪ |
| ૪૬ | શ્રાવકધર્મ નિરૂપણ મેં દેવસ્વરૂપ કા નિરૂપણ | ૪૫ |
| ૪૭ | શ્રાવકધર્મ નિરૂપણ મેં નયોં કી પ્રરૂપણા | ૪૬ |
| ૪૮ | શ્રાવકધર્મ નિરૂપણ મેં સ્યાદ્વાદકી પ્રરૂપણા | ૫૦ |
| ૪૯ | સપ્તભંગી - સાતભંગો કા નિરૂપણ | ૫૩ |
| ૫૦ | દેવસ્વરૂપ કા વર્ણન | ૫૫ |
| ૫૧ | ગુરૂ કે સ્વરૂપ કા નિરૂપણ | ૫૬ |
| ૫૨ | ધર્મ કે સ્વરૂપ મેં અહિંસાવ્રત કા વર્ણન | ૫૭ |
| ૫૩ | ધર્મ કે સ્વરૂપ મેં સત્યવ્રત કા વર્ણન | ૫૮ |
| ૫૪ | ધર્મકથા મેં અસ્તેયવ્રત કા વર્ણન | ૫૯ |
| ૫૫ | ધર્મકથા મેં સ્વદારસંતોષવ્રત કા વર્ણન | ૫૯ |
| ૫૬ | ધર્મકથા મેં ઇચ્છાપરિણામવ્રત કા વર્ણન | ૬૦ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૫૭ | ધર્મકથા મેં અનર્થદણ્ડવિરમણવ્રત કા વર્ણન | ૬૧ |
| ૫૮ | દિગ્વ્રત કા વર્ણન | ૬૧ |
| ૫૯ | ઉપભોગપરિભોગવ્રત કા વર્ણન | ૬૨ |
| ૬૦ | સામાયિક વ્રત કા વર્ણન | ૬૪ |
| ૬૧ | દેશાવકાશિકવ્રત કા વર્ણન | ૬૬ |
| ૬૨ | પોષધોપવાસ કા વર્ણન | ૬૭ |
| ૬૩ | અતિથિસંવિભાગવ્રત કા વર્ણન | ૬૮ |
| ૬૪ | સંલેખના વર્ણન | ૬૮ |
| ૬૫ | આનંદ શ્રાવક કે વ્રત કા અંગીકાર (સ્વીકાર) કા વર્ણન | ૬૯ |
| ૬૬ | આનંદ શ્રાવક કે અણુવ્રત કા વર્ણન | ૬૯ |
| ૬૭ | આનંદ શ્રાવક કે ઉપભોગ પરિભોગ વ્રત કા વર્ણન | ૭૦ |
| ૬૮ | સમ્યકત્વાતિચાર કા વર્ણન | ૭૨ |
| ૬૯ | અહિંસાવ્રતાતિચાર કા વર્ણન | ૭૩ |
| ૭૦ | સત્યાવ્રતાતિચાર કા વર્ણન | ૭૩ |
| ૭૧ | અસ્તેયવ્રતાતિચાર કા વર્ણન | ૭૪ |
| ૭૨ | સ્વદારસંતોષવ્રતાતિચાર કા વર્ણન | ૭૫ |
| ૭૩ | ઇચ્છાપરિણામવ્રતાતિચાર કા વર્ણન | ૭૬ |
| ૭૪ | દિગ્વ્રતાતિચાર કા નિરૂપણ | ૭૬ |
| ૭૫ | ઉપભોગ પરિભોગવ્રતાતિચાર કા વર્ણન | ૭૭ |
| ૭૬ | અનર્થદણ્ડવિરમણવ્રતાતિચાર કા વર્ણન | ૭૯ |
| ૭૭ | સામાયિકવ્રતાતિચાર કા વર્ણન | ૮૦ |
| ૭૮ | દેશાવકાશિતવ્રતાતિચાર કા વર્ણન | ૮૦ |
| ૭૯ | પોષધોપવાસવ્રતાતિચાર કા વર્ણન | ૮૧ |
| ૮૦ | અતિથિ સંવિભાગવ્રતાતિચાર કા વર્ણન | ૮૧ |
| ૮૧ | સંલેખનાતિચાર કા વર્ણન | ૮૨ |
| ૮૨ | આનન્દગાથાપતિ કે નિયમ કા વર્ણન | ૮૩ |
| ૮૩ | અરિહંત ચેઇય શબ્દ કા અર્થ | ૮૪ |
| ૮૪ | શિવાનન્દ કા ધર્મ સ્વીકાર ઔર ગૌતમ કા પ્રશ્ન | ૮૯ |
| ૮૫ | આનન્દ શ્રાવક કી ધર્મપ્રજ્ઞપ્તિ ઔર નિયમ કા વર્ણન | ૯૦ |
| ૮૬ | આનન્દ પ્રતિમા (પડિમા) કા વર્ણન | ૯૧ |
| ૮૭ | આનન્દ શ્રાવક કી સંલેખના કા વર્ણન | ૯૧ |
| ૮૮ | આનન્દ શ્રાવક કી અવધિજ્ઞાન કા વર્ણન | ૯૨ |
| ૮૯ | ઔર આનન્દ ગૌતમ કા પ્રશ્નોત્તર | ૯૨ |

## द्वीतीय अध्ययन


| | | |
|---|---|---|
| ९० | कामदेव श्रावक कव ऋद्धि का वर्णन | ९५ |
| ९१ | पिशाच रूपधारी देव का वर्णन | ९६ |
| ९२ | पिशाच रूपधारी देव के उपसर्ग का वर्णन | ९७ |
| ९३ | हस्तिरूप देव का वर्णन | ९८ |
| ९४ | हस्तिरूप देव के उपसर्ग का वर्णन | ९८ |
| ९५ | सर्पधारी देव और उनके उपसर्ग का वर्णन | ९९ |
| ९६ | दिव्यरूपधारी देव का वर्णन | १०० |
| ९७ | देवकृत कामदेव श्रावक की प्रसंसा का वर्णन | १०० |
| ९८ | भगवान को वंदना के लिये कामदेव का गमन | १०१ |
| ९९ | भगवान के द्वारा कामदेव की प्रसंसा का वर्णन | १०१ |


## तीसरा अध्ययन


| | | |
|---|---|---|
| १०० | चुलनी पिता गाथापति का वर्णन | १०३ |
| १०१ | देवकृत उपसर्ग का वर्णन | १०३ |
| १०२ | चुलनी पिता के स्वर्गवास का वर्णन | १०५ |


## चौथा अध्ययन


| | | |
|---|---|---|
| १०३ | देवकृत उपसर्ग का वर्णन | १०६ |


## पांचमा अध्ययन


| | | |
|---|---|---|
| १०४ | देवकृत उपसर्ग का वर्णन | १०७ |


## छठ्ठा अध्ययन


| | | |
|---|---|---|
| १०५ | कुण्डकौलिक श्रावक और देव प्रश्नोत्तर का वर्णन | १०९ |
| १०६ | भाग्य पुरुषार्थ चर्चा | ११० |
| १०७ | पराजित देवों के स्वर्ग गमन का निरूपण | ११२ |
| १०८ | भगवान द्वारा कुण्डकौलिक की प्रसंसा का वर्णन | ११३ |


## सातवां अध्ययन


| | | |
|---|---|---|
| १०९ | सद्दालपुत्र का वर्णन | ११४ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|


| | | |
|---|---|---|
| ૧૧૦ | દેવ કા પ્રાદુર્ભાવ (પ્રકટ) વર્ણન | ૧૧૪ |
| ૧૧૧ | સદ્દાલપુત્ર કા નિર્ગમન | ૧૧૫ |
| ૧૧૨ | સદાલપુત્ર ઔર ભગવાન કી વાર્તાલાપ કા વર્ણન | ૧૧૫ |
| ૧૧૩ | પુરૂષાર્થ વિષયક ઉપદેશ | ૧૧૬ |
| ૧૧૪ | સદાલપુત્ર કે વ્રતધારણ કા વર્ણન | ૧૧૭ |
| ૧૧૫ | ધાર્મિક રથ કા વર્ણન | ૧૧૮ |
| ૧૧૬ | અગ્નિમિત્રા કા પર્યુપાસના કા વર્ણન | ૧૧૮ |
| ૧૧૭ | અગ્નિમિત્રા કા ધર્મશ્રધ્ધા કા વર્ણન | ૧૧૯ |
| ૧૧૮ | અગ્નિમિત્રા કે વ્રતધારણા કા વર્ણન | ૧૧૯ |
| ૧૧૯ | સદ્દાલપુત્ર ઔર ગોશાલક કી વાર્તાલાપ કા વર્ણન | ૧૧૯ |
| ૧૨૦ | સદ્દાલપુત્ર કી ધર્મદ્રઢતા કા વર્ણન | ૧૨૨ |
| ૧૨૧ | સદ્દાલપુત્ર કી દેવકૃતઉપસર્ગ કા વર્ણન | ૧૨૩ |


## આઠવાં અધ્યયન


| | | |
|---|---|---|
| ૧૨૨ | મહાશતક શ્રાવક કા વર્ણન | ૧૨૪ |
| ૧૨૩ | રેવતી કે દુર્ભાવ કા વર્ણન | ૧૨૪ |
| ૧૨૪ | રેવતી કે દુષ્કર્મ કા વર્ણન | ૧૨૫ |
| ૧૨૫ | રેવતી કે કામોન્મત્તતા કા વર્ણન | ૧૨૬ |
| ૧૨૬ | મહાશતક કો અવધિજ્ઞાન કા વર્ણન | ૧૨૬ |
| ૧૨૭ | રેવતી કે કામદન્મત્તતા પુનઃ કથન | ૧૨૭ |
| ૧૨૮ | રેવતી કે શાપ કે સ્વરૂપ કા નિરૂપણ | ૧૨૭ |
| ૧૨૯ | ગૌતમ સ્વામી ઔર ભગવાન કે વાર્તાલાપ કા વર્ણન | ૧૨૮ |
| ૧૩૦ | મહાસતક કા પ્રાશ્વિત ઔર ઉનકી ગતિ કા વર્ણન | ૧૨૮ |


## નવમા અધ્યયન


| | | |
|---|---|---|
| ૧૩૧ | નન્દિની પિતા ગાથાપતિ કા વર્ણન | ૧૩૦ |


## દસવાં અધ્યયન


| | | |
|---|---|---|
| ૧૩૨ | શાલેયિકા પિતા કા વર્ણન | ૧૩૦ |
| ૧૩૩ | ગૃન્થપ્રશસ્તિ | ૧૩૧ |


* * * * *

## અખિલ ભારત શ્વેતામ્બર સ્થાનકવાસી
## જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ

❀

ગરેડીયાકુવા રોડ – ગ્રીન લોજ પાસે,

રાજકોટ.

*

# દાનવીરોની નામાવલી

❀

શરૂઆત તા. ૧૮–૧૦–૪૪ થી તા. ૨૦–૫–૬૧ સુધીમાં
દાખલ થયેલ મેમ્બરોનાં મુબારક નામો.

❀

લાઈફ મેમ્બરોનું ગામવાર કક્કાવારી લિસ્ટ.

❀

( ભેટની રકમો, આપનારનું તથા રૂ. ૨૫૦ થી ઓછી
રકમ ભરનારનું નામ આ યાદીમાં સામેલ કરેલ નથી. )

# આદ્યમુરબ્બીશ્રીઓ – ૧૪

(ઓછામાં ઓછી રૂા. ૫૦૦૦ની રકમ આપનાર)

| નંબર | નામ | ગામ | રૂપિયા |
|---|---|---|---|
| ૧ | શેઠ શાંતીલાલ મંગળદાસભાઈ જાણીતા મીલમાલીક | અમદાવાદ | ૧૫૦૦૦ |
| ૨ | શેઠ હરખચંદ કાળીદાસભાઈ વારીયા હા. શેઠ લાલચંદભાઈ. જેચંદભાઈ, નગીનભાઈ વૃજલાલભાઈ તથા વલ્લભદાસભાઈ | ભાણવડ | ૬૦૦૦ |
| ૩ | કોઠારી જેચંદ અજરામર હા. હરગોવિંદભાઈ જેચંદભાઈ | રાજકોટ | ૫૨૫૧ |
| ૪ | શેઠ ધારશીભાઈ જીવનભાઈ | બારસી | ૫૦૦૧ |
| ૫ | સ્વ પિતાશ્રી છગનલાલ શામળદાસના સ્મરણાર્થે હા. શ્રી ભોગીલાલ છગનલાલભાઈ ભાવસાર | અમદાવાદ | ૧૦૨૫૧ |
| ૬ | સ્વ શેઠ દિનેશભાઈના સ્મરણાર્થે હા. શેઠ કાંતિલાલ મણીલાલ જેશીંગભાઈ | અમદાવાદ | ૫૦૦૦ |
| ૭ | શેઠ આત્મારામ માણેકલાલ હ. શેઠ. ચીમનલાલભાઈ શાંતીલાલભાઈ તથા પ્રમુખભાઈ | અમદાવાદ | ૬૦૦૧ |
| ૮ | શ્રી શામજી વેલજી વીરાણી અને શ્રી કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ હા. શેઠ શામજી વેલજી વીરાણી | રાજકોટ | ૫૦૦૦ |
| ૯ | શ્રી શામજી વેલજી વીરાણી અને શ્રી કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ હા. માતુશ્રી કડવીબાઈ વીરાણી | રાજકોટ | ૫૦૦૦ |
| ૧૦ | શેઠ પોચાલાલ પીતાંબરદાસ | અમદાવાદ | ૫૨૫૧ |
| ૧૧ | શાહ રંગજીભાઈ મોહનલાલ | અમદાવાદ | ૫૦૦૧ |
| ૧૨ | શ્રી શામજી વેલજી વીરાણી અને શ્રી કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ હા. દુર્લભજીભાઈ શામજીભાઈ વીરાણી | રાજકોટ | ૫૦૦૦ |
| ૧૩ | શ્રી શામજી વેલજી વીરાણી અને શ્રી કડવીબાઈ વીરાણી સ્મારકટ્રસ્ટ હા. શ્રીમતિ મણીકુંવરબેન દુર્લભજી વીરાણી | રાજકોટ | ૫૦૦૦ |
| ૧૪ | શ્રી શામજી વેલજી વિરાણી અને શ્રી કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ હા. છોટાલાલ શામજી વીરાણી | રાજકોટ | ૫૦૦૦ |

નોટ :– ઘાટકોપરવાળા શેઠ માણેકલાલ એ. મહેતા તરફથી અમદાવાદમાં પાલડી બસ સ્ટેન્ડ પાસે પ્લોટ નં. ૨૫૦ વાળી ૬૯૮ ચો. વાર જમીન સમિતિને ભેટ મળેલ છે. અને જેનું રજીસ્ટર તા. ૨૩–૩–૬૦ રોજ થઈ ગયેલ છે.

# મુરબ્બીશ્રીઓ—૨૪

(ઓછામાં ઓછી રૂા. ૧૦૦૦ ની રકમ આપનાર)

| નંબર | નામ | ગામ | રૂપિયા |
|---|---|---|---|
| ૧ | વકીલ જીવરાજભાઈ વર્ધમાન કોઠારી હા. કહાનદાસભાઈ તથા વેણીલાલભાઈ કોઠારી | જેતપુર | ૩૬૦૫ |
| ૨ | દોશી પ્રભુદાસ મુળજીભાઈ | રાજકોટ | ૩૬૦૪ |
| ૩ | મ્હેતા ગુલાબચંદ પાનાચંદ | રાજકોટ | ૩૨૮૯।।।-।। |
| ૪ | મ્હેતા માણેકલાલ અમુલખરાય | ઘાટકોપર | ૩૨૫૦ |
| ૫ | સંઘવી પીતામ્બરદાસ ગુલાબચંદ | જામનગર | ૩૧૦૧ |
| ૬ | શેઠ લલ્લુભાઈ ગોરધનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ હ. શેઠ વાડીલાલ લલ્લુભાઈ | અમદાવાદ | ૨૫૦૦ |
| ૭ | નામદાર ઠાકોર સાહેબ લખધીરસિંહજી બહાદુર | મોરબી | ૨૦૦૦ |
| ૮ | શેઠ લ્હેરચંદ કુંવરજી હા. શેઠ ન્યાલચંદ લ્હેરચંદ | સિદ્ધપુર | ૨૦૦૦ |
| ૯ | શાહ છગનલાલ હેમચંદ વસા હા. મોહનલાલભાઈ તથા મોતીલાલભાઈ | મુંબઈ | ૨૦૦૦ |
| ૧૦ | શ્રી સ્થાકવાસી જૈન સંઘ હા. શેઠ ચન્દ્રકાંત વીકમચંદ | મોરબી | ૧૯૬૩ |
| ૧૧ | મ્હેતા સોમચંદ તુલસીદાસ તથા તેમનાં ધર્મપત્નિ અ. સૌ. મણીગૌરી મગનલાલ | રતલામ | ૨૦૦૦ |
| ૧૨ | મ્હેતા પોપટલાલ માનજીભાઈ | જામજોધપુર | ૧૫૦૨ |
| ૧૩ | દોશી કપુરચંદ અમરશી હા. દલપતરામભાઈ | જામજોધપુર | ૧૦૦૨ |
| ૧૪ | બગડીયા જગજીવનદાસ રતનશી | દામનગર | ૧૦૦૨ |
| ૧૫ | શેઠ માણેકલાલ ભાણજીભાઈ | પોરબંદર | ૧૦૦૧ |
| ૧૬ | શ્રીમાન ચંદ્રસિંહજી સાહેબ મ્હેતા (રેલ્વે મેનેજર) | કલકત્તા | ૧૦૦૧ |
| ૧૭ | મ્હેતા સોમચંદ નેણસીભાઈ [કરાંચીવાળા] | મોરબી | ૧૦૦૧ |
| ૧૮ | શાહ હરિલાલ અનોપચંદ | ખંભાત | ૧૦૦૧ |
| ૧૯ | મોદી કેશવલાલ હરીચંદ્ર | અમદાવાદ | ૧૦૦૧ |
| ૨૦ | કોઠારી છબીલદાસ હરખચંદ | મુંબઈ | ૧૦૦૦ |
| ૨૧ | કોઠારી રંગીલદાસ હરખચંદ | ભાવનગર | ૧૦૦૦ |
| ૨૨ | શાહ પ્રેમચંદ માણેકચંદ તથા અ. સૌ. સમરતબેન | અમદાવાદ | ૧૦૦૩ |
| ૨૩ | એક જૈન ગૃહસ્થ | અમદાવાદ | ૨૪૨૫ |
| ૨૪ | શેઠ કરમસી જેઠાભાઈ સોમૈયા હ. અ. સૌ. સાકરબેન | મુંબઈ | ૧૦૦૦ |

## ગુજરાતી ભાષાનુવાદ

તીર્થંકર ભગવાને મૂળ અર્થાગમનો ઉપદેશ કર્યો હતો એ આગમને ગણધરોએ સૂત્ર રૂપમાં ગૂથ્યાં ( સંકલિત કર્યાં ) છે. કહ્યું છે કે–"અર્હન્ત અર્થાગમનો ઉપદેશ કરે છે અને નિપુણ ગણધર તેને સૂત્રના રૂપમાં ગૂથી દે છે." ઇત્યાદિ.

આજકાલ પૂર્વાપરવિરોધથી રહિત તથા સ્વતઃપ્રમાણભૂત એવા બત્રીસ સૂત્ર ઉપલબ્ધ થાય છેઃ–આચારાંગ આદિ અગીઆર અંગ* (૧૧), ઔપપાતિક આદિ ૧૨ ઉપાંગ (૧૨), નન્દી આદિ ચાર મૂળ સૂત્રો (૪), બૃહત્કલ્પ આદિ ચાર છેદ સૂત્રો (૪) અને એક આવશ્યક સૂત્ર (૧) એ બત્રીસ થયાં.

એ બત્રીસ સૂત્રો ચાર અનુયોગમાં વહેંચાએલાં છે, એટલે સૌથી પહેલાં વાચકોના વશેષ જ્ઞાન માટે આનુયોગોનું તથા અનુયોગના ભેદોનુ વ્યાખ્યાન કરવાની આવશ્યકતા છે.

## અનુયોગ શબ્દ કા અર્થ

### અનુયોગનો અર્થ

(૧) ભગવાને જે તત્ત્વ કહ્યું છે, તેની સાથે કથનનો સંબંધ થાય તે યોગ કહેવાય છે; અને જે અનુ અર્થાત્ અનુકૂળ સંબંધ હોય તે અનુયોગ કહેવાય છે. તાત્પર્ય એ છે કે ભગવાને તત્વોનો જેવો ઉપદેશ આપ્યો હતો, તેવોજ ઉપદેશ ગણધર –પ્રણીત સૂત્રોમાં રહેલો છે. ગણધરોએ તત્વોના એ સ્વરૂપમાં નથી કાંઇ ન્યૂનતા કરી કે નથી કાંઇ અધિકતા કરી, તેમજ તેના તાત્પર્યમાં પણ કશું અંતર પડવા દીધું નથી, તેથીજ તે અનુયોગ કહેવાય છે

(૨) અનુ એટલે પશ્ચાત, યોગ એટલે સૂત્રની સાથે સંબંધ કરવો. એ પ્રમાણે અનુયોગ શબ્દ સિદ્ધ થાય છે. આ રીતે વ્યુત્પત્તિની દૃષ્ટિએ તેનો અર્થ એ થયો કે અનુકૂલ પ્રતિપાદન કરવું તેને અનુયોગ કહે છે

(૩) ભગવાન્ અર્હન્ત દ્વારા કથિત અર્થનો અનુ–ખ્યાલ રાખીને, યોગ અર્થાત્ કથન કરવું, તે અનુયોગ છે.

(૪) અનુ અર્થાત્ ભગવાને દર્શાવેલા પ્રત્યેક અર્થનો યોગ અર્થાત્ કથન કરવુંતે અનુયોગ છે. એનું તાત્પર્ય એ છે કે ભગવાને જેટલા પદાર્થોનો ઉપદેશ આપ્યો છે તેમાંથી એક પણ પદાર્થને છોડયા વિના જીવાદિ સમસ્ત પદાર્થોનું અનેકાન્ત રૂપે કથન કરવું, એ અનુયોગ કહેવાય છે.

(૫) અનુ અર્થાત્ ભગવાને તત્વનું જેવું પ્રતિપાદન કર્યુ છે કે–"સમસ્ત પ્રાણિઓને, સમસ્ત ભુતોને, સમસ્ત જીવોને અને સમસ્ત સત્વો મારવાં ન જોઇએ, તેમને દંડ આદિથી તાડન ન કરવું જોઈએ, દાસ–દાસીની પેઠે તેમને પકડવાં ન જોઇએ

શારીરિક-માનસિક કલેશ પહોંચાડવો ન જોઈએ, પરિતાપ ઉપજાવવો ન જોઈએ, અને પ્રાણથી મુકત કરવાં ન જોઈએ, ”-એવો યોગ અર્થાત્ કથન કરવું. તે અનુયોગ છે.

(૬) અનુ-ભગવાન્ દ્વારા પ્રતિપાદિત અર્થની સાથે યોગ-કથન કરવું તે અનુયોગ છે. અહીં ‘સાથે’ નો અર્થ અવિરોધી અર્થાત્ ભગવાન્‌ના કથનને અનુકૂળ એમ સમજવું જોઇએ.

(૭) અનુ-તીર્થંકરોની પરંપરાની રીતિને અનુસરીને યોગ-કથન કરવું, તેને અનુયોગ કહે છે.

‘શબ્દકલ્પદ્રુમ’ કોષમાં ‘અનુ’ શબ્દના અહીં બતાવેલા સાદૃશ્ય, લક્ષણ, વીપ્સા, ઇત્થંભાવ, સહ અને પરિપાટી રૂપ અર્થોનો ઉલ્લેખ છે.

પ્રાકૃત ભાષામાં ‘અણુઓ (ઓ)ગ’ શબ્દ છે સંસ્કૃત ભાષામા તના બે રૂપ બને છે. એક **अनुयोग** અને બીજો **अणुयोग** એમાંના પહેલાં **अनुयोग** શબ્દનું સાત પ્રકારે વ્યાખ્યાન કર્યું છે. હવે બીજા **अणुयोग** શબ્દનું વ્યાખ્યાન કરીએ છીએ :-

(૧) ભગવાને કહેલા અર્થના સામીપ્યથી યોગ-સંબંધ) જેનો હોય તેને અણુયોગ કહે છે. અહીં સામીપ્યનો અર્થ અનુવાદ છે, અર્થાત્ ભગવાને જે તત્ત્વ કહ્યુ છે તેને પુનઃ કહેવું ત અણુયોગ કહેવાય છે.

(૨) અણુ-અલ્પ અવયવવાળા (સંક્ષિપ્ત, સૂત્ર દ્વારા વિસ્તૃત અર્થનો યોગ થવો તે અણુયોગ છે.

**શંકા**—જે પેટીમાં ઘણા વસ્ત્ર આદિ પદાર્થો રાખવામાં આવે છે, તે, તે પદાર્થોથી નાની હોઇ શકતી નથી. એ પ્રમાણે જે સૂત્રમાં વિસ્તૃત અર્થ ભર્યો હોય, તે સૂત્ર કેવી રીતે અલ્પ-નાનો (સંક્ષિપ્ત) હોઇ શકે ?

**સમાધાન**—એમ ન કહો. પેટીમા રાખેલા એક વસ્ત્રને બહાર કાઢીને જો ફેલવવામાં આવે તો તે એટલું વિસ્તૃત થઇ જશે કે એક તો શું પણ એવી અનેક પેટીઓ એ વસ્ત્ર વડે બાંધી લઇ શકાય, તો શું એ પેટી એ વસ્ત્રથી મોટી છે એમ કહેવાય ? ના. એવીજ રીતે સૂત્રની અપેક્ષાએ અર્થજ વિશાળ થાય છે, કારણકે સર્વજ્ઞકથિત એક એક અર્થની સાથે અનેક સૂત્રોનો સંબંધ રહેલો હોય છે.

અનુયોગ શબ્દના બીજા પણ અનેક પ્રકારના અર્થો થાય છે, જેવા કે—

| | |
|---|---|
| (૧) अ-અર્હન્ત દ્વારા<br>नु-કથિત ( અર્થની )<br>योग-વિદ્યમાનતા હોવી | જે, ભગવાને ઉપદેશેલા અર્થનુંજ કથન કરે. |
| (૨) अ-અનન્ત અર્થાત્ જીવાદિમાં માલૂમ પડતા અનંત ધર્મોનો<br>नु- નિર્ણય કરનારૂં<br>योग-કથન | જે કથનથાં જીવાદિના અનંત ધર્મોનો નિર્ણય કરવામાં આવ્યો હોય. |

(૩) અ—અનુકંપા ( જીવરક્ષા ) ની, જેમાં
નુ—સ્તુતિ કરવામાં આવી હોય, તેને અનુ અર્થાત્ પ્રવચન કહે છે, એ અનુ—પ્રવચન—નું
યોગ—કથન કરવું, તે અનુયોગ કહેવાય છે.

આ અનુયોગ ચાર પ્રકારનો છેઃ—

[૧] ચરણકરણાનુયોગ [૨] ધર્મકથાનુયોગ.
[૩] ગણિતાનુયોગ. [૪] દ્રવ્યાનુયોગ.

## ચરણકરણાનુયોગ કા નિરૂપણ

### (૧) ચરણકરણાનુયોગ

જેના વડે સંસાર રૂપી સમુદ્રનો બીજો (સામો) કિનારો અર્થાત્ ચૌદમુ ગુણસ્થાન પ્રાપ્ત થાય, તેને ચરણ ( મૂલગુણ ) કહે છે. વ્રત આદિને પણ ચરણ કહે છે. તે સીત્તેર પ્રકારનો છે, જેવો કે—

" ૫ વ્રત, ૧૦ શ્રમણધર્મ, ૧૭ સંયમ, ૧૦ વૈયાવૃત્ય ( વેયાવચ્ચ ), ૯ બ્રહ્મચર્યનીવાડ, ૩ સમ્યગ્ જ્ઞાન—દર્શન—ચારિત્ર, ૧૨ તપ, ૪ :ક્રોધ,—માન—માયા —લોભનો નિગ્રહ. એ સીત્તેર પ્રકારનો ચરણ છે."

ચરણની જે પુષ્ટિ કરે તે કરણ કહેવાય છે, અર્થાત ઉત્તરગુણ કહેવાય છે. પિંડશુદ્ધિ આદિ પણ કરણ કહેવાય છે. તેના પણ સીત્તર પ્રકાર છે, જેવા કે—

" ૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઇંદ્રિયનિગ્રહ, ૨૫ પડિલેહણ, ૩ ગુપ્તિયો, ૪ અભિગ્રહ : એ પ્રમાણે કરણના ૭૦ ભેદો છે. "

જેમાં ભગવાનના કથનને અનુસરીને એ બેઉ—ચરણ અને કરણ—નું પ્રતિપાદન કરવામાં આવે છે, તે ચરણ—કરણાનુયોગ છે.

આ અનુયોગમાં આઠ સૂત્ર છેઃ—(૧) આચારાંગ સૂત્ર, (૨) પ્રશ્નવ્યાકરણ સૂત્ર, (૩) દશવૈકાલિક સૂત્ર, (૭) બૃહત્કલ્પ આદિ ચાર છેદસૂત્ર; (૮) આવશ્યકસૂત્ર. આ આઠે સૂત્રોમાં મુખ્યત્વે કરીને ચરણ અને કરણનુ વર્ણન છે જેથી તે ચરણકરણાનુયોગમાં આવે છે.

જેમ અગરબત્તીની સાથે તેની આધારભૂત એક વાંસની સળી પણ હોય છે, પણ મુખ્યતા તો અગરબત્તીની જ છે, તેમ આ ચારે અનુયોગોમાં આ ચરણકરણાનુંયોગનીજ મુખ્યતા છે. બાકીના ત્રણ અનુયોગ તેના પોષક છે, તેથી તેનાજ અંગરૂપ છે.

## મંગલાચરણ

### (૨) ધર્મકથાનુયોગ

દુર્ગતિમાં પડતા જીવોને જે ધારે—ધારણ કરી રાખીને—ઉંચે ધરી રાખે ( પડવા ન દે ), તેને ધર્મ કહે છે. ધર્મનુ કથન કરવું, તે ધર્મકથા કહેવાય છે. કહ્યું છે કે—

" જે કથન દયા દાન ક્ષમા આદિ ધર્મનાં મુખ્ય અંગોમાં વ્યાપ્ત હોય અને જેમાં ધર્મની ઉપાદેયતા છુપાઈ રહી હોય, તેને વિદ્વાનો ધર્મકથા કહે છે,'

ધર્મકથાના અનુયોગને ધર્મકથાનુયોગ કહે છે. જ્ઞાતાધર્મકથાંગ (૧), ઉપાસકદશાંગ (૨), અન્તકૃદ્દશાંગ (૩), અનુત્તરોપપાતિકદશાંગ (૪) અને વિપાકસૂત્ર (૫), એ પાંચ અંગસૂત્ર; ઔપપાતિક સૂત્ર (૬) રાજપ્રશ્નીય સૂત્ર (૭) અને નિરયાવલિકા આદિ પાંચ સૂત્ર (૧૨) મળીને સાત ઉત્તરાધ્યયન મૂલસૂત્ર, (૧૩) એ તેર સૂત્રો ધર્મકથાનુંયોગમાં આવે છે.

## ગણિતાનુયોગ કા નિરૂપણ

### (૩) ગણિતાનુયોગ

ગણિતના વિષયમાં ભગવાને જે અર્થાગમનું પ્રતિપાદન કર્યું છે અને તેને અનુસરીને ગણધરોએ જે કથન કર્યું છે, તેને ગણિતાનુયોગ કહે છે. ગણિતાનુયોગમાં ત્રણ ઉપાંગ સૂત્રો છેઃ-એક જમ્બૂદ્વિપપ્રજ્ઞપ્તિ, બીજું ચંદ્રપ્રજ્ઞપ્તિ, અને ત્રીજું સૂર્યપ્રજ્ઞપ્તિ. ગૌણ રૂપે અંગાદિમાં પણ એનું વર્ણન માલૂમ પડે છે.

## દ્રવ્યાનુયોગ કા નિરૂપણ

### ૪ દ્રવ્યાનુયોગ

જેમાં જીવ આદિ છ દ્રવ્યોનું અથવા નવ પદાર્થોનું તથા તેના જ્ઞાનાદિ ગુણોનુ વિવેચન ભગવાનના અર્થાગમ અનુસાર હોય તેને દ્રવ્યાનુયોગ કહે છે. દ્રવ્યાનુયોગમાં સૂત્રકૃતાંગ સ્થાનાંગ સમવાયાંગ અને ભગવતીસૂત્ર એ ચાર અંગો છે; જીવા-જીવાભિગમસૂત્ર અને પ્રજ્ઞાપનાસૂત્ર એ બે ઉપાંગો છેઃ નન્દિસૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર એ બે મૂલસુત્ર છે. એ પ્રમાણે દ્રવ્યાનુયોગમાં મુખ્યત્વે કરીને આઠ સૂત્રો છે.

હવે અહીં પ્રસંગવશ સંક્ષેપમાં બત્રીસ સૂત્રોના વિષયો કહીએ છીએ :

## અંગસૂત્ર (૧૧) કા નિરૂપણ

### અગીઆર અંગ

(૧) આચારાંગ સૂત્ર-એમાં-શ્રાવણ નિગ્રંથોનો આચાર-ગોચર દર્શાવ્યો છે.

(૨) સૂત્રકૃતાંગ–એમાં જીવાદિના સ્વરૂપના પ્રતિપાદનપૂર્વક ત્રણસોને ત્રેસઠ (૩૬૩) એકાન્તક્રિયાવાદી આદિને–તેમના મતના સંક્ષિપ્ત ખંડનપૂર્વક સ્વસમયમાં સ્થાપન કર્યા છે.

(૩) સ્થાનાંગ– માં આત્માદી પદાર્થોને દસ સ્થાનોમાં સ્થાપિત કર્યા છે.

(૪) સમવાયાંગ– માં જીવ અજીવ આદિનું સ્વરૂપ એકસંખ્યક આદિ પદાર્થોનું નિરૂપણ છે.

(૫) ભગવતી સૂત્ર– એમાં જીવ, અજીવ લોક, અલોક, સ્વસમય, પરસમય, આદિ વિષયોના છત્રીસ હજાર પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું છે. ભગવતી સૂત્રનાં વિવાહપ્રજ્ઞપ્તિ અને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ એવાં પણ નામો છે.

(૬) જ્ઞાતાધર્મકથાંગ—એમાં વિવિધ ધાર્મિક શિક્ષાપ્રદ કથાઓનું વર્ણન છે.

(૭) ઉપાસકદશાંગ—માં આનંદ આદિ દસ શ્રાવકોના ઇતિહાસના પ્રસંગો દ્વારા ધર્મનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

(૮) અંતકૃદ્દશાંગ—માં ગૌતમ આદિ મહાન ઋષિઓનાં પદ્માવતી આદિ સહાસતીઓનાં મોક્ષગમન સુધીનાં કાર્યોનું વર્ણન છે.

(૯) અનુત્તરોપપાતિકદશાંગ—માં જાલિ આદિ ઋષિઓનાં વિજય આદિ પાંચ અનુત્તર વિમાનોની પ્રાપ્તિનું કથન છે.

(૧૦) પ્રશ્નવ્યાકરણસૂત્ર–માં અંગુષ્ઠાદિ પ્રશ્નવિદ્યાનું નિરૂપણ તથા આસ્રવ-પંચક અને સંવરપંચકનું નિરૂપણ હતું, પરન્તુ પાંચમા આરાના જીવોને અધીરપણાથી પુષ્ટાલમ્બનના પ્રતિસેવી સમજીને તેમાંનો પહેલો ભાગ કાઢી નાંખવામા આવ્યો છે. હાલમાં બીજો ભાગજ ઉપલબ્ધ થાય છે.

(૧૧) વિપાકસૂત્ર–માં મૃગાપુત્ર આદિનો દુઃખવિપાક અને સુબાહુકુમાર આદિનો સુખવિપાક દર્શાવવામાં આવ્યો છે.

## ઉપાંગસૂત્ર (૧૨) કા નિરૂપણ

### બાર ઉપાંગ સૂત્રો.

(૧) ઔપપાતિક સૂત્ર–આ આચારાંગનું ઉપાંગ છે અને તેમાં નારકી જીવોના ઉત્પાદનની વિચિત્રતાઓ બતાવવામાં આવી છે.

(૨) રાજપ્રશ્નીય સૂત્ર–આ સૂત્રકૃતાંગનું ઉપાંગ છે. પ્રદેશી રાજાએ અક્રિયા-વદીઓના મતનો આશ્રય લઇને કેશી શ્રમણને તજ્જીવ–તચ્છરીર વિષેના પ્રશ્નો પૂછયા હતા, એ બધાનું એમાં સમાધાન કરવામાં આવ્યું છે. જે પ્રકારે સૂત્રકૃતાંગમાં અક્રિયાવાદીઓના મતનું ખંડન કરવામાં આવ્યું છે, તે પ્રકાર આમાં રાજા પ્રદેશીના પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું છે, પરન્તુ આમાં કાંઇક વિશેષતા છે, તે કારણથી આ સૂત્રકૃતાંગનું ઉપાંગ છે.

(૩) જીવાજીવાભિગમસૂત્ર—આ સ્થાનાંગનું ઉપાંગ છે. એમાં જીવ અજીવ આદિ તત્ત્વોનું નિરૂપણ છે.

(૪) પ્રજ્ઞાપનાસૂત્ર—આ સમવાયાંગનું ઉપાંગ છે. અમાં છત્રીસપદોદ્વારા જીવ અજીવના ભાવોનું કથન છે.

(૫) જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ—આ ભગવતીસૂત્રનું ઉપાંગ છે. અમાં જમ્બૂદ્વીપ, ભરત આદિ વર્ષ, વર્ષધર (હિમવંત આદિ પર્વત), નદી, હૃદ આદિનું વર્ણન છે. ભગવાન્ આદિનાથના જન્મોત્સવનું તથા ચક્રવર્તીના દિગ્વિજયનું વર્ણન છે.

(૬) સૂર્યપ્રજ્ઞપ્તિ—આ જ્ઞાતાધર્મકથાંગનુ ઉપાંગ છે. એમાં સૂર્ય અને ચંદ્રમા સંબંધી વિચાર કરવામાં આવ્યો છે.

(૭) ચન્દ્રપ્રજ્ઞપ્તિ—એ ઉપાસકદશાંગનું ઉપાંગ છે એમાં પણ સૂર્યપ્રજ્ઞપ્તિની પેઠે ચંદ્રમા તથા સૂર્ય સબંધી કથન છે એ બેઉમાં શબ્દો અને અર્થોનો વધારે તફાવત નથી. પરંતુ ચંદ્રપ્રજ્ઞપ્તિમાં ચદ્રમાં સંબંધી વિચાર મુખ્ય છે. કોઇ–કોઈના મતાનુસાર આ અંગબાહ્ય પ્રકીર્ણક સૂત્ર છે. ઉપાંગ નથી.

(૮) નિરયાવલિ—આ ઉપાંગને કલ્પિકા પણ કહે છે. આ અંતકૃદ્દશાંગનું ઉપાંગ છે. આ ઉપાંગથી લઈને વૃષ્ણિદશોપાંગ સુધીના પાંચ ઉપાંગોમાં આવલિકા-પ્રવિષ્ટ આદિ નરકાવાસોનો પ્રસંગ છે અને તેમાં જનારા મનુષ્યો તથા તિર્યંચોનું પણ વર્ણન છે.

(૯) કલ્પાવતંસિકા—આ અનુત્તરોપપાતિકદશાંગનું ઉપાંગ છે.

(૧૦) પુ[illegible]—આ પ્રશ્નવ્યાકરણ સૂત્રનું ઉપાંગ છે

(૧૧) પુષ્પચૂલિકા—આ વિપાકસૂત્રનું ઉપાંગ છે

(૧૨) વૃષ્ણિદશા—આ દૃષ્ટિવાદનુ ઉપાંગ છે. એનું બીજું નામ 'વહ્નિદશા' પણ છે.

આ નિરયાવલિકા આદિ પાંચે ઉપાંગોને એક 'નિરયાવલિકા' શબ્દથી પણ ઓળખવામાં આવે છે.

## મૂલસૂત્ર (૪) કા નિરૂપણ

### ચાર મૂલસૂત્ર.

(૧) નન્દિસૂત્ર—એમાં પાંચ જ્ઞાનનું અને તેના ભેદ–પ્રભેદ આદિનું વર્ણન છે.

(૨) અનુયોગદ્વારાસૂત્ર—એમાં ઉપક્રમ આદિનું વિવેચન છે.

(૩) દશવૈકાલિકસૂત્ર—એમાં અહિંસા, સંયમ અને તપ રૂપી સાધુધર્મોનું કથન છે.

(૪) ઉત્તરાધ્યયનસૂત્ર—એમાં વિનયશ્રુત આદિની પ્રરૂપણા છે.

## છેદસૂત્ર (૪) કા નિરૂપણ

### ચાર છેદસૂત્ર,

(૧) બૃહત્કલ્પસૂત્ર—એમાં સાધુના મૂલગુણો તથા ઉત્તરગુણોમાં લાગેલા દોષોનું પ્રાયશ્ચિત્ત દર્શાવ્યું છે.

(૨) વ્યવહારસૂત્ર—એમાં બૃહત્કલ્પમાં વર્ણવેલાં પ્રાયશ્ચિત્તો આપવાની અને આલોચના કરવાની વિધિ બતાવવામાં આવી છે.

(૩) નિશીથસૂત્ર—એમાં આચારાંગની પાંચમી ચૂલામાં આવેલા વિષયનું પ્રરૂપણ છે.

(૪) દશાશ્રુતસ્કંધસૂત્ર–એમાં પ્રત્યાખ્યાન નામક પૂર્વથી ઉદ્ધત કરેલાં સમાધિસ્થાન આદિનું નિરૂપણ છે,

શરીરનાં બીજા અવયવોના રક્ષણને માટે જેમ વિષાદિથી દૂષિત આંગળી આદિ અવયવોના કાપી નાખવાની જરૂર પડે છે, તે પ્રમાણે પૂર્વપર્યારૂપ અંશ જો દૂષિત થઇ જાય તો બાકી રહેલી પર્યાયના રક્ષણને માટે તે (પૂર્વપર્યાય)ને કાપી નાખવી એ જરૂરનું છે. આ ચાર સૂત્રોમાં એ વિષયનુ વર્ણન છે, તેથી તેને છેદસૂત્ર કહેવામાં આવે છે

## આવશ્યકસૂત્ર કા વર્ણન

### એક આવશ્યક સૂત્ર.

(૧) આવશ્યક સૂત્ર–એમાં સાધુ અને શ્રાવકોની બેઉ કાળે ( સવાર અને સાંજે ) અવશ્ય કરવા યોગ ક્રિયાઓ ( આવશ્યકો ) નું વર્ણન છે.

કર્મના ઉદયે કરીને જીવ ચારગતિરૂપ સંસારમાં ભ્રમણ કરે છે, અને તેથી વિવિધ દુઃખોના તીવ્ર દાવાનળથી સંતપ્ત થય છે. એવા જીવોના હિતને માટે ભગવાને દ્વાદશાંગ રૂપ પ્રવચનમાં ધર્મનો ઉપદેશ આપ્યો છે તે ધર્મ અમૃતરસના સમુદ્રના જેવો અનંત સુખના સ્થાનમાં ( મોક્ષમાં ) પહોંચાડનારો છે. તે ધર્મ બે પ્રકારનો છે. (૧) અનગારધર્મ, (૨) અગારધર્મ–ગૃહસ્થ ધર્મ. ઔપપાતિક સૂત્રમાં કહ્યું છે કે–

"જે વડે સમસ્ત કર્મોને ખપાવીને સિદ્ધ ભગવાન સિદ્ધગતિને પામે છે, તે ધર્મ બે પ્રકારના છેઃ (૧) અગારધર્મ, (૨) અનગારધર્મ.

(૨) સંપૂર્ણરૂપે (દ્રવ્ય–ભાવથી) મુંડિત થઇને ગૃહનો ત્યાગ કરીને અનગાર (સાધુ)પણાને પ્રાપ્ત થવું—સર્વ પ્રકારના પ્રણાતિપાતથી વિરત થવું, સર્વ પ્રકારના મૃષાવાદથી વિરત થવું, સર્વ પ્રકારનાં અદત્તાદાનથી વિરત થવું, સર્વ પ્રકારનાં મૈથુનોથી વિરત થવું, સમસ્ત પરિગ્રહથી વિરત થવું, સમસ્ત રાત્રિભોજયથી વિરત

થવું એ અનગારધર્મ છે. હે આયુષ્મન્ ! આ ધર્મનું પાલન કરનારા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓ (આર્યાઓ) ભગવાન્‌ની આજ્ઞાના આરાધક છે.

## અંગસૂત્ર (૧૧) કા નિરૂપણ

(૧) અગારધર્મ ભગવાને બાર પ્રકારનો કહ્યો છે; તે આ પ્રમાણે:—પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત

પાંચ અણુવ્રત આ પ્રમાણે:—(૧) સ્થૂલ પ્રાણાતિપાતથી વિરમણ, (૨) સ્થૂલ મૃષાવાદથી વિરમણ, (૩) સ્થૂલ અદત્તાદાનથી વિરમણ, (૪) સ્વદારસંતોષ, (૫) ઇચ્છાપરિમાણ.

ત્રણ ગુણવ્રત આ પ્રમાણે:-(૧) અનર્થ દંડનો ત્યાગ કરવો, (૨) દિશાઓમાં જવા મર્યાદા કરવી, (૩) ઉપભોગ-પરિભોગની મર્યાદા કરવી.

ચાર શિક્ષાવ્રત આ પ્રમાણે: (૧) સામાયિક (૨) દેશાવકાશિક (દિશાઓમાં અવાન્તર મર્યાદા કરવી), (૩) પોષધોપવાસ (પોસો) કરવો, (૪) અતિથિસંવિભાગ. અન્તિમ-મારણાન્તિક-સંલેખના, ઝૂસણા, આરાધના.

હે આયુષ્યમન્! એ અગાર ધર્મ છે, અને જે શ્રમણોપાસક અથવા શ્રમણોપાસિકા એ ધર્મનું પાલન કરે છે (કરતાં વિચરે છે), તે જિનેન્દ્ર ભગવાન્‌ની આજ્ઞાનાં આરાધક છે.

જ્ઞાતાધર્મકથાંગ નામના છઠ્ઠા અંગમાં અનેક પ્રકારની જ્ઞાન અને ધર્મની કથાઓ દ્વારા ચિત્રિત કરેલા સાધુઓના શ્રુત-ચારિત્રરૂપ ધર્મને સમજાવતાં ભગવાને એવી પ્રરૂપણા કરી છે કે સકલવિરતિરૂપી સમ્પત્તિથી શોભાયમાન સંયત (સાધુ)જ એવા મોક્ષપદને પ્રાપ્ત કરે છે, કે જ્યાં સાંસારિક દુઃખોનો લેશ માત્ર નથી, જ્યાંથી ફરી જન્મ લેવો પડતો નથી, અને જે અનંત સુખોનું ધામ છે. પરન્તુ જેઓ સકલવિરતિની સાધના કરવામાં સમર્થ નથી, અને સંસારરૂપી વિકટ અટવી (વન)માં ભ્રમણ કરવા રૂપ વિવિધ કષ્ટોથી તરફડી રહ્યા છે, એ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે શ્રાવકધર્મ સમજાવવાના ઉદ્દેશ્યથી અનેક શ્રાવકોનાં ચરિત્રનું ચિત્રણ કરતાં 'ઉપાસકદશા' નામક આ સાતમા અંગનો પ્રારંભ કરે છે:-'तेणं कालेणं' ઇત્યાદિ.

મહિનો, વર્ષ, આદિ રૂપે જેનું કલન (નિશ્ચય) તત્ત્વજ્ઞો કરે છે તેને 'કાલ કહેવાય છ. અથવા 'આ પખવાડીયાનું છે,' 'આ મહિનાનું છે, એ પ્રમાણે કલન (ગણત્રી-સંખ્યા)ને કાળ કહેવામાં આવે છે; અથવા કલાઓ (સમયો) ના સમૂહને કાળ કહે છે; પરન્તુ ભગવાને નિશ્ચય-કાળનું વર્તનારૂપ લક્ષણ કહ્યું છે અર્થાત્-જે દ્રવ્યની પર્યાયોને નવી જુની કરે છે તે નિશ્ચયકાલ છે

જે સમ્યક્ પ્રકારે ચાલી રહ્યો છે, તેને સમય કહે છે.

**સમયની પ્રરૂપણા** આ પ્રમાણે છે :–

પ્રયોગનો જાણકાર, કામને પૂરું કરી નાખનાર, બળવાન, જુવાન અને અત્યંત નિપુણ વણકરનો છોકરો વસ્ત્ર યા સાડી આદિને પકડીને એટલી ઉતાવળથી ફાડી નાંખે કે જોનારાઓને એમ જ પ્રતીત થાય કે આખું ને આખું કપડું એકી સાથે ફાડી નાખ્યું છે, પરંતુ એમ થતું નથી. સંખ્યાત તંતુઓનું કપડું બને છે, અને જ્યાંસુધી ઉપરના તંતુઓ ન તૂટે ત્યાં સુધી નીચેના તંતુઓ તૂટી શકતા નથી. એથી કપડું ફાટવામાં કાળનો ભેદ અવશ્ય થાય છે. જેમ એક બીજાને ચોંટી રહેલી કમળની સો પાંદડીઓને કોઇ નિપુણ અને બલવાન વ્યકિત એકદમ સોય આદિથી છેદી નાંખે છે, તે વખતે પણ સહસા એમ જ પ્રતીત થાય છે કે સોએ પાંદડી એકી સાથે છેદાઇ ગઇ છે, પરંતુ એ પણ ભ્રમ જ છે, કારણ કે જે સમયે પહેલી પાંદડી છેદાઇ હતી તે સમયે બીજી પાંદડી છેદાઇ નહોતી ; અને જયારે બીજી છેદાઇ હતી ત્યારે ત્રીજી છેદાઇ નહોતી, તેથી વસ્તુતઃ બધી પાંદડીઓનું છેદન ક્રમશઃ થયું છે. અથવા જેમ આજકાલ ટેલીગ્રાફિક ઓફીસ વગેરેમાં એક જગ્યાએ તાર ખટખટાવતાંજ હજારો કોસ દૂર સુધી તે અવાજ એકજ સમયે ચાલ્યો ગયો એમ પ્રતીત થાય છે, પરન્તુ તેમાં સૂક્ષ્મ ક્રમ અવશ્ય હોય છે. એજ પ્રમાણે કપડાની બાબતમાં પણ સમજવું. ( એ તો કહેવામાં આવ્યું છે કે કપડું સંખ્યાત તંતુઓનું બનેલું છે, પરન્તુ ) એક એક તંતુમાં પણ સંખ્યાત–સંખ્યાત પક્ષ્મ (રૂવાં) છે. એ રૂવાંમાં પણ ઉપરનાં રૂંવાં પહેલાં છેદાય છે ત્યાર પછી તેની નીચેનાં રૂવાં છેદાય છે. અનંત પરમાણુઓની વિશિષ્ટ પ્રકારની પરિણતિ (એક સાથે મળી જવું તે) ને સંઘાત કહે છે. એવા અનંત સંઘાતોનો એક સમુદય થાય છે. અનંત સમુદયોની એક સમિતિ થાય છે, અને એવી અનંત સમિતિઓ જયારે સંગઠિત થાય છે, ત્યારે એક વસ્તુનું ઉપરનું રૂવું બને છે. એ બધાનું છેદન ક્રમશઃ થાય છે. અર્થાત્ તંતુના પહેલા રૂંવા(ની પહેલી સમિતિના પહેલા સમુદયના પહેલા સંઘાત)નું છેદન થવામાં જેટલો સમય લાગે છે, તેનો પણ અત્યંત સૂક્ષ્મ અંશ એ સમય કહેવાય છે.

તાત્પર્ય એ છે કે વસ્ત્ર ફાડનારમાં અચિન્ત્ય શક્તિ હોવાને કારણે પ્રતિ-સમયે અનંત પરમાણુઓના સંઘાતોનું છેદન થઈ શકે છે, પરંતુ એ બધા સંઘાતોને એક સ્થૂલ સંઘાત કહેવામાં આવે છે; એવા સ્થૂલતર સંઘાત એક એક રુંવામાં અસંખ્યાત હોય છે, અનંત નહિ, તેથી એ સંઘાતોને ક્રમશઃ છેદવા જતાં અસંખ્યાત સમયોમાંજ એક રૂંવાનું છેદન થાય છે. તેથી એક રૂંવાના છેદનમાં જેટલો કાળ લાગે છે, તેનો અસંખ્યાતમો ભાગ એક સમય કહેવાય છે.

જો કે સમય શબ્દનો અર્થ આ પ્રમાણે છે, તોપણ એટલા સૂક્ષ્મતમ અંશમાં ચંપા નગરીનું અસ્તિત્વ અને આર્ય સુધર્મા સ્વામીનું પધારવું થઈ શકતું નથી, તેથી અહીં 'સમય' શબ્દનો અર્થ હીયમાન રૂપ લેવો જોઈએ; તે સમય શબ્દ અહીં વ્યર્થ નથી.

એ કાળે અર્થાત્ ચોથા આરામાં જયારે મહારાજ કોણિકનું રાજ્ય હતું અને એ હીયમાનરૂપ સમયમાં ચંપા નામની પ્રસિદ્ધ નગરી હતી.

જે ગમન ન કરે તેને નગ કહે છે, એટલે કે વૃક્ષ અને પર્વત. પરન્તુ પ્રાસાદ (મહેલ) આદિ પણ વૃક્ષ અને પર્વતોની પેઠે ઉંચા તથા અચલ હોય છે. તેથી તેને પણ નગ કહેવામાં આવે છે. એ નગ (પ્રાસાદ આદિ) જેમાં હોય છે તે નગરી કહેવાય છે.

અથવા, "પુણ્ય અને પાપની ક્રિયાઓના જ્ઞાતા, દયા અને દાનની પ્રવૃત્તિ કરનારા, વિવિધ કલાઓમાં કુશળ પુરૂષો, તથા ચારે વર્ણવાળાઓ જેમાં નિવાસ કરતા હોય અને જેમાં ભાત-ભાતની ભાષાઓ બોલાતી હોય, તેને નગર કહે છે" એજ લક્ષણ નગરીનું છે. 'નયરી' શબ્દની છાયા 'નકરી' પણ થઈ શકે છે. નકરીનો અર્થ એ છે કે જેમાં ગાય ભેંસ આદિ ઉપર અઢાર પ્રકારનો કર અથવા જકાત ન લેવાતી હોય.

## ચંપાનગરી કા વર્ણન

ચંપાનગરીનું વર્ણન આ પ્રમાણે છે.

મધ્ય લોકમાં અસંખ્યાત દ્વીપસમુદ્ર છે. એ બધાની વચ્ચે એક લાખ યોજનના વિસ્તારવાળો જંબૂદ્વીપ છે. જંબૂ દ્વીપના દક્ષિણ ભારતમાં અંગ નામનો દેશ છે. એ દેશમાં નિયમપૂર્વક પ્રાણીમાત્ર પર અનુકંપા ધારણ કરનારી ચંપા નામની નગરી હતી.

ત્યાંના શ્રાવકો જીવ-અજીવ તત્ત્વના જ્ઞાતા; પુણ્ય-પાપના જાણવાવાળા, આસ્રવ સંવર નિર્જરા ક્રિયા અધિકરણ બંધ મોક્ષમા કુશળ દેવાદિની સહાયતાની પરવા કર્યા વિના પોતાનાં કર્તવ્યોમાં લાગી રહેવાને કારણે અદીન મનવાળા, વૃદ્ધિજીવિકા આદિ કલાન્તર વ્યાપારવાળા હોવાને કારણે લેવા-દેવામાં પ્રવૃત્ત ચોર. ચાડિયા, લંપટ આદિના અભાવને કારણે અથવા પોતાની શૂરવીરતા, ઉદારતા આદિની અધિકતાને કારણે નિર્ભય, દાન દેવાને માટે સદા પોતાના ઘરના બારણાં ખુલ્લાં રાખનારા, નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકા કાંક્ષા અને જુગુપ્સા (દુગુંછા)થી રહિત, અર્થનું શ્રવણ કરવાથી લબ્ધાર્થ, અર્થની ધારણા કરવાથી ગૃહીતાર્થ, સંદિગ્ધ વિષયમાં પ્રશ્ન કરવાથી પૃષ્ટાર્થ, પૂછેલા અર્થને સમજી લેવાથી અભિગૃહીતાર્થ, इत्थंभूत અર્થને જાણી લેવાને કારણે વિનિશ્ચિતાર્થ, અને દેવતાઓ દ્વારા પણ નિર્ગન્થ-પ્રવચનથી ચલાયમાન ન થાય તેવા હતા. એમનાં હાડેહાડમાં અને મજ્જાએ મજ્જામાં જિન ભગવાનનો પ્રેમ રમણ થઈ રહેલો હતો. તેઓ પોતાનાં પુત્ર અને પત્ની આદિને પણ એમ સમજાવતા હતા:-

હે આયુષ્યમંતો ! એ નિર્ગ્રન્થ પ્રવચન જ પરમાર્થ છે, બાકી બધો અનર્થ છે. ધન-ધાન્ય, સુત-સુવર્ણ, પત્ની-પરિવાર, પ્રાજ્ય-રાજ્ય, એ બધું ક્ષણભંગુર છે, પરિણામે દુ:ખદાયી છે અને નિર્ગ્રન્થ-પ્રવચનના પથના કંટકો છે; તેથી એ બધું ત્યજવાયોગ્ય છે. કષાયોથી કલુષિત જે હૃદય છે તે નથી અહીંનું કે નથી. તહીંનું-બેઉ લોકથી ભ્રષ્ટ છે, તેથી સ્વપ્નમાં પણ જરાએ શ્રેય પ્રાપ્ત થવાનું નથી. તેથી મૃત્યુ થયા પછી ઘરની ડેહલી સુધી સાથ કરનારી સ્ત્રી અને ચિતા સુધી સાથ કરનારા પુત્રોની નિસ્સારતાનો અનુભવ કરો અને સંસારથી ઉત્પન્ન થયેલા ભીષણ ભયને દૂર કરવાને માટે એ નિર્ગ્રન્થ-પ્રવચનનો આશ્રય લ્યો."

એ શ્રાવકો અભયદાન, સુપાત્રદાન અને મરતા જીવોને બચાવવામાં સદા તત્પર રહેતા હતા, શીલવ્રત, ગુણવ્રત અને વૈરાગ્યથી યુક્ત હતા, આઠમ ચૌદશ પાખીના પોષધોપવાસ ( પોસા ) કરનારા હતા, પોરસી આદિનાં પ્રત્યાખ્યાન કરનારા હતા અને * આઢયથી માંડી અપરિભૂત હતા.

એવી એ ચંપાનગરી છે, જેમાં બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્યનાં પાંચે કલ્યાણ થયાં હતાં. એ કલ્યાણકો આ પ્રમાણે:– (૧) ગર્ભ, (૨) જન્મ (૩) દીક્ષા, (૪) કેવલજ્ઞાન, (૫) મોક્ષ.

(૧) ગર્ભ, (ચ્યવન), જેઠ વદ નોમને દિવસે, શતભિષક્ નક્ષત્ર, કુંભ રાશિમાં, અર્ધ રાત્રિને સમયે' દસમા દેવલોક (પ્રાણત)માંથી થયો હતો.

(૨) જયા માતા અને વસુરાજ પિતાથી જન્મ થયો હતો. ફાગણ વદ ચૌદશને દિવસે ઉકત નક્ષત્ર અને રાશિમાં જન્મ થયો હતો. ભગવાનનું ગોત્ર કાશ્યપ અને વંશ ઇક્ષ્વાકુ હતો.

(૩) દીક્ષા કલ્યાણકના માસ, તિથિ, ફાગણ વદ ચૌદશનાં હતાં. દિવસના ચોથા પહોરમાં દીક્ષા લીધી હતી. વિહાર–વનીપકના અશોક વૃક્ષનું તળ દીક્ષાસ્થાન હતું.

(૪) પાટલિ વૃક્ષની નીચે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. પૂર્વાહ્નણનો સમય હતો. છદ્મસ્થ અવસ્થા નવ માસ રહી, તે મેળ મેળવવાથી માલૂમ પડી આવશે.

(૫) નિર્વાણ–કલ્યાણ અષાઢ સુદી ચૌદશના મધ્યાહ્ન પછીના (અપરાહણ) સમયમાં થયું. નક્ષત્રાદિ પૂર્વ જણાવ્યા તે પ્રમાણે હતાં;

ત્યાં સિદ્ધાંતનું અનુગમન કરનારા બાળકો સર્વાર્થસિધ્ધ મુહૂર્તમાં ઉઠીને 'ણમોકકાર' મંત્રનો પાઠ કરી ચૌદ નિયમો અને ત્રણ મનોરથનું ચિંતન કરી શારીરિક કૃત્યથી નિવૃત્ત થઈ માતા–પિતા આદિ વડીલોનો વિનય કર્યા પછી ગુરૂઓની પાસે આવી 'તિક્ખુત્તો'ના પાઠથી તેમને વંદન કરતા હતા, અને એમના મુખથી માંગલિક તથા વ્યાખ્યાન સાંભળતા હતા.

એ નગરીમાં વિશિષ્ટ પ્રભાવવાળા બારમા તીર્થંકર દેવાધિદેવ શ્રી વાસુપૂજ્ય ભગવાનના પવિત્ર વંશપરંપરામાં ઉત્પન્ન થયેલા બૃહદ્વસુ નામના રાજાના રાજ્યમાં એક વખત દેવકૃત મરકીનો ઉપસર્ગ થયો હતો; તે વખતે ચાતુર્માસમાં વિરાજમાન જય કીર્તિ મુનિએ બતાવેલું આયંબિલનામનું વ્રત કરવાથી એ ઉપસર્ગ શીઘ્ર નષ્ટ થઈ ગયો હતો. એનો વૃત્તાંત આ પ્રમાણે છે–

વિશેષ પ્રભાવશાલી બારમા તિર્થંકર દેવાધિદેવ ભગવાન્ વાસુપૂજ્યની ત્રણ લોકમાં શ્રેષ્ઠ વંશપરંપરામાં ભદ્રવસુ નામનો એક રાજા થઈ ગયો છે. એ રાજા એક સમયે ચંદ્રમાના સ્વચ્છ પ્રકાશથી પ્રકાશમાન રાત્રિમાં પોતાના સામંતો તથા પરિવારના માણસો સાથે છત પર બેસીને ચંદ્રમાની શોભા જોઇ રહ્યો હતો તે જોતાં અસમયમાં જ એક તારો તૂટી પડયો. રાજાને એ ઉદાહરણથી સંસારની અસારતાનું ભાન થયું અને તે તત્કાળ વિરક્ત થઇ ગયો.

તેણે કોઇ પણ રીતે રાત વીતાડી, અને પ્રાતઃકાળ થયો કે તુરત તેણે પોતાના મોટા પુત્ર બૃહદ્વસુને રાજ્ય સોંપી દીધું તથા પોતાના નાનાભાઇ ચંદ્રવસુને સિંધુ દેશની સિદ્ધા નામની નગરી આપી દીધી. પછી પોતે દીક્ષા લઇને કયાંક તપસ્યા કરવા ચાલ્યો ગયો.

સિદ્ધા નામની નગરીનું રાજ્ય પહેલેથીજ ભદ્રવસુએ તેના રક્ષણ માટે પૃથુકીર્તિને સોંપી દીધું હતું. પૃથુકીર્તિના પૂર્વભવના મિત્ર ધરણેંદ્રદેવે તેના પર પ્રસન્ન થઇને તેને અપરાજિત નામનું એક અસ્ત્ર આપ્યું હતું. એ દિવ્ય અસ્ત્રના પ્રભાવથી પૃથુકીર્તિ સદા વિજયી રહેતો હતો. કોઇવાર કોઈથી હારતો નહિ.

ચંદ્રવસુ રાજા બૃહદ્વસુની સહાય લઇને સિદ્ધા નગરી પર અધિકાર બેસાડવા લાવ-લશ્કરની સાથે ચાલી નીકળ્યો. ચંદ્રવસુ ભારે પુણ્યાત્મા હતો. તેના પુણ્યના પ્રભાવથી પૃથુકીર્તિના અપરાજિત અસ્ત્રની બધી શકિત નષ્ટ થઇ ગઇ. તે યુદ્ધમાં હારી ગયો. પ્રજાના દુશ્મન અને ન્યાયથી ભ્રષ્ટ પૃથુકીર્તિને પશુઓની પેઠે માર મારવામાં આવ્યો અને માર ખાતાં ખાતાં-તેનો દમ નીકળી ગયો. ચંદ્રવસુએ એ નગરી પર નિષ્કંટક રાજ્યશાસન આરંભ કરી દીધો.

ધરણેન્દ્રદેવ પોતાના લાંબા સમયના મિત્રનો મૃત્યુ જાણી ક્રોધની આગથી બળવા લાગ્યા. તેણે ચંપાના રાજાનેજ મિત્રના મૃત્યુનો કારણ માન્યો, તેથી ચંપામાં મહામારીની બિમારી ફેલાવી દીધી. પ્રજામાં 'ત્રાહિ-ત્રાહિ' પોકાર પડવા લાગ્યો. મરકીના ડરથી લોકો પોકાર કરવા લાગ્યા:- 'હાય! મુઆ! બંધુજનો ચાલ્યા ગયા હાયરે ભાગ્ય! શું કરવું? કયાં જવું? કોનો આશ્રય લેવો?' એ પ્રમાણે પોકાર અને વિલાપ કરતા નગરીના લોકો અહીં-તહી, જ્યાં જેને ફાવ્યું તેમ પોત-પોતાનો જીવ બચાવવાને નાસી ગયા

રાજા બૃહદ્વસુ પણ પોતાનાં કુટુંબીઓ તથા બાજા પરિવાર સાથે નગરી છોડીને બહાર જઇ વસ્યો.

વિવિધ લબ્ધિઓના ધારક અનેક સાધુઓથી યુકત જયકીર્તિ નામક આચાર્યનું ચોમાસું એ વર્ષે ચંપાનગરીમાં જ હતું. એક વાર આચાર્યના શિષ્યો ગોચરીને માટે નગરીમા પધાર્યા, પરંતુ નગરી સૂની હતી. એક પણ ગૃહસ્થ નગરમાં નહોતો. છેવટે શિષ્યોને ગોચરી લીધા વગર ઉપાશ્રયમાં પાછા ફરવું પડયું. આચાર્યે કહ્યું: રે આયુષ્મન્ ભિક્ષા ન મળી, તો તેમાં ચિંતા જેવું શું છે? 'तवोत्ति अहियासए' અર્થાત્ જો ભિક્ષા ન મળી તો આપોઆપ તપસ્યા થઇ ગઇ. એ પ્રમાણે આચાર્ય મહારાજનો ઉપદેશ સાંભળીને સાધુઓ ક્ષુધા-પરીષહને સહન કરે છે. આચાર્ય મહારાજ પણ પોતે પરીષહને સહન કરે છે. અહીતે પરીષહને જીતતાં-જીતતાં તેમનાં ઘનઘાતી ચારે કર્મ નષ્ટ થઈ ગયાં અને તેમને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

કેવલજ્ઞાનનો મહોત્સવ થયો. આકાશમાં દુંદુભિ બજવા લાગ્યાં. રાજા બહદ્વસુએ દુંદુભિનો અવાજ સાંભળીને દેવતાઓ આવ્યા હોવાનું જાણી લીધું.

તેણે સામંતને પૂછયું કે 'આજે અહીં દેવતાઓ કેમ આવ્યા છે?' સામંતે કેવલીનો બધો વૃત્તાંત રાજાને સંભળાવ્યો. નગરીમાં શાન્તિ થાય તેવી અભિલાષાવાળો રાજા પરિવાર અને સામન્તોની સાથે કેવલી ભગવાનની પાસે આવ્યો. તેણે ધર્મદેશના સાંભળીને નગરીમાં ફેલાયેલી મહામારીની બિમારી શાન્ત થવાનો ઉપાય ભગવાન્‌ને પૂછયો

ભગવાને કહ્યું:—જે ભવ્ય જીવ આસો વદ આઠમને દિવસે આંબીલ નામની તપસ્યા કરે છે, અને જે પૂંજણીથી જમીન પૂંજીને પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મોઢું કરી બેસીને તથા દોરા સાથે મુખવસ્ત્રિકા મુખ પર બાંધી પોતાની ઇંદ્રિયોને વશ કરી ભગવાન્ વાસુપૂજ્યનું સ્મરણ કરે છે. તેનો મરકી આદિ ઉપસર્ગજન્ય બધા રોગો શીઘ્ર શાન્ત થઈ જાય છે.

રાજાએ પૂછયું ભગવન્! આંબીલ તપ કેવા પ્રકારનો હોય છે ?

ભગવાને ઉત્તર આપ્યો– વિગયરહિત ચોખા અથવા સેકેલા ચણા આદિ લુખ્ખા–સૂકા અન્નને અચિત્ત જળમાં નાંખી એક આસને દિવસમાં એકવાર આહાર કરવો–ખાવું, એ આંબીલતપ કહેવાય છે. કહ્યું છે કે–

"વિગય રહિત ચોખા અથવા સેકલા ચણા આદિ લુખ્ખા–સકા અન્નને અચિત્ત જળમાં નાંખી એકવાર ખાવું, તેને આંબીલ વ્રત સમજવું જોઇએ."

જો મહામારીના ઉપસર્ગની શાન્તિ ઇચ્છતા હો તો એ આંબીલ તપ અને ધ્યાન, કાલે આવતી આસો વદ આઠમે બધા નગરનિવાસીઓ પાસે કરાવો. અને તમે પોતે પણ કરો કેવલી ભગવાન્ રાજાને એ પ્રમાણે કહીને કાલક્રમે મોક્ષે પધાર્યા.

રાજાએ કેવલી ભગવાનની આજ્ઞાનુસાર એ વ્રત પોતે કર્યું અને જનતા પાસે પણ કરાવ્યું.

એ વ્રતના પ્રભાવથી બધો ઉપદ્રવ શીઘ્ર દૂર થઇ ગયો, અને રાજા કુટુંબીજનો સામન્તો તથા નગરનિવાસીઓ સાથે ધર્મનો અનુરાગી થઇ પહેલાંની પેઠે ચંપા નગરીમાં નિવાસ કરવા લાગ્યો

આ એ ચંપાનગરી છે જેમાં નિવાસ કરનારા પ્રતિષ્ઠિત શેઠ જિનદાસની સુભદ્રા નામની અનુપમ સુંદરી અને જિનધર્મપરાયણ પુત્રી હતી. તે મુખપર દોરા સાથે મુખવસ્ત્રિકા બાંધી, અને પૂંજણી લઇ નમસ્કારપૂર્વક બેઉ સમયસવાર–સાંજ સામાયિક પ્રતિક્રમણ કરતી હતી અને અર્હન્ત ભગવાનનું સદા સ્મરણ કર્યા કરતી હતી.

એક વખતે એક મુસાફર તેનાં રૂપ લાવણ્ય શીલ અને યૌવન આદિ સદ્ગુણો પર મોહિત થઇ ગયો. જોકે તે ધન કમાવાને માટે આવ્યો હતો, તો પણ આડંબર કરીને ધર્મના નાક જેવો બની બેઠો. તે રોજ યથાકાળે દોરા સહિત મુખવસ્ત્રિકા મુખપર આંધીને પૂંજણી સાથે સામાયક પ્રતિક્રમણ આદિ ગુરૂવંદના સુધીની બધી ક્રિયાઓ કરવા લાગ્યો. નીતિમાં કહ્યું છે કે–"જે વર; કુળ, ધન, વય, વિદ્યા, ધર્મ, શીલ, સુંદરતા એ સાત ગુણોથી યુક્ત હોય તે વરને પિતા બધા ગુણોથી યુકત રૂપ અને લાવણ્યથી ભરપૂર કન્યા આપે."

પરન્તુ તેના આ આડંબરપૂર્ણ આચરણથી જિનદાસ તેના પર મોહિત થઇ ગયો, તેથી તે લગ્નની જૂની ચાલ–રીતિ ભૂલી ગયો, ને તેના આડંબરી ધર્માત્માપણાથી આકર્ષાઈ ગયો. તેને ખબર નહોતી કે બુદ્ધદાસ કપટ કરી રહ્યો છે. તેણે તેને જૈનધર્મનો અનુયાયી માની લીધો. વસ્તુતઃ બૌદ્ધ, સ્યાદ્વાદથી શૂન્યહૃદય, બુદ્ધિહીન, મિથ્યાવાદથી આત્મગૌરવને નષ્ટ કરનાર અને યથાનામ તથા ગુણવાળાએ બુદ્ધદાસને જિનદાસે પોતાના સ્વભાવથી ભદ્રા એવી સુભદ્રા નામની પુત્રીને લગ્નવિધિથી શીઘ્ર પરણાવી દીધી, અને વિવિધ પ્રકારનાં રત્નો, સુવર્ણ, હીરા આદિનાં આભૂષણો, દાસ–દાસી, આસન, વાહન આદિ, તથા પૂંજણી દોરાસહિત મુખવસ્ત્રિકાથી શોભાયમાન કરીને કુળની રીતિને અનુસાર સંમાનપૂર્વક સાસરે મોકલી દીધી.

સુભદ્રા સાસરે આવ્યા પછી પણ જન્મસિદ્ધ સામાયિક–પ્રતિક્રમણ આદિ ક્રિયા પૂર્વવત્ કરતી હતી. કહ્યું છે કે—

"તે ત્યાં પણ સામાયિક–પ્રતિક્રમણ ઉભયકાળ નિયમપૂર્વક કરતી હતી, અને જીવરક્ષા, અભયદાન તથા સુપાત્રદાન પણ કરતી હતી." એમ પણ કહ્યું છે કે—

"લોકમાં તેઓ ધન્ય છે કે જેઓ જિનધર્મનું પાલન કરે છે, પરન્તુ તેઓ ધન્યોમાં પણ ધન્ય છે કે જેઓ વિદેશ ગયા છતાં પણ ધર્મનું પાલન કરે છે."

સુભદ્રાની સાસુએ એમ માન્યું કે જો કે સુભદ્રા સદાચારિણી છે અને વસ્તુતઃ ઉભયકુલતારિણી છે, તો પણ પોતાના કુળથી વિરૂદ્ધ આચરણ કરે છે. તેણે કહ્યું, "પુત્રી ! આપણા ઘરમાં બુદ્ધદેવની ઉપાસના થાય છે, માટે તું પણ તેમનીજ ઉપાસના કર્યા કર." જ્યારે સાસુએ તેને એ પ્રમાણે કહ્યું ત્યારે તે પોતાના પતિનું બધું કપટ-પૂર્ણ રહસ્ય સમજી ગઇ. તેણે નિશ્ચય કર્યો કે "દૈવગતિથી આ ન થવી જોઇતી ભાવતવ્યતા થઈ છે, તો પણ મારે મારા ધર્મનો ત્યાગ ન કરવો જોઇએ." એ પ્રમાણે નિશ્ચય કરીને તે પોતાનો સમય વ્યતીત કરવા લાગી. પોતાના કુળથી વિરૂદ્ધ આચ-રણ જોઇને તેની સાસુ જોકે સુભદ્રા ઉપર ચીઢાતી હતી, તો પણ તે કોઇ કારણ વિના કશું કહી શકતી નહોતી; તેથી તે ચૂપ રહી.

એક વાર એક મહાન જિનકલ્પી મુનિ ગોચરીને માટે સુભદ્રાને ઘેર પધાર્યા. તે જ્યાં ભિક્ષા આપવાને માટે મુનિની સમીપે આવી, ત્યાં તેણે જોયું કે મુનિની આંખમાં કાંઇ રજ–કણ પડયું છે, તેથી એમની આંખને ઇજા થવાનો સંભવ છે. તેણે વિચાર્યું કે–તેનો કાંઈ ઉપાય જરૂર કરવો જોઇએ. સુભદ્રાએ ચતુરાઇથી મુનિની આંખમાંનું કણું પોતાની જીભ વડે કાઢી નાંખ્યું, એ વખતે બેઉનાં મસ્તક પરસ્પર અડકી ગયાં હતાં, તેથી સુભદ્રાના કપાળમાંનો ચાંદલો મુનિના કપાળને ચોંટી ગયો. સાસુને મરજી મુજબની તક મળી ગઇ. તેણે ક્રુદ્ધ થઇને પુત્રને બોલાવ્યો અને કહ્યું: "જો, આ કુલટાએ આવુ કરતૂત કરીને કુળને કલંકિત કર્યું છે." સુભદ્રાએ જ્યારે વાત સાંભળી ત્યારે તે શાન્તિપૂર્વક કાયોત્સર્ગ કરવાને માટે ધ્યાન ધરીને બેસી ગઇ. શાસનદેવી સુભાદ્રાની ભકિતથી પ્રસન્ન થઇને પ્રકટ થઈ અને બોલી: 'બસ, કાયોત્સર્ગ રહેવા દે, તારી ઉપર લાગેલું કલંક કાલે દૂર થઇ જશે,' શાસનદેવી દ્વારા પ્રતિબોધિત થતાં સુભદ્રાએ કાયોત્સર્ગ પાર્યો.

પ્રભાત થયું. દ્વારપાળ નગરનો દરવાજો ઉઘાડવા આવ્યો, પણ અચાનક આ શું થઇ ગયું ? દ્વારપાળના લાખો પ્રયત્નો છતાં પણ દરવાજો જરાએ ચસકયો પણ નહીં ! બધા લોકો આશ્ચર્યચકિત થઇ ગયા. રાજા જીવશત્રુને કાને એ વાત પહોંચી, એ વખતે આકાશવાણી થઇ "જો કોઇ પતિવ્રતા શીલવતી સ્ત્રી કાચા સૂતરના તાંત-ણાથી ચાળણીમાં પાણી કાઢીને સીચે તો દરવાજો ઉઘડી શકશે, અન્યથા નહીં" આકાશવાણી સાંભળીને પોતાને સતી સમજનારી અનેક સ્ત્રિઓ આવી પણ બધી નિષ્ફળ થઇ, ત્યારે સુભદ્રાએ સાસુ પાસે આજ્ઞા માંગી કે "મને કુવામાંથી જળ કાઢીને દર-વાજા પર છાંટવા દો" સાસુ બોલી: અમારા પવિત્ર કુળને ફરીથી કલંક ન લગાડ" અને તેણે સુભદ્રાને જવા ન દીધી

ત્યારબાદ શીલના પ્રભાવથી ફરીથી એવી આકાશવાણી થઇ કે "હે શીલવતી પતિવ્રતા સુભદ્રા ! તું જળ ખેંચીને દરવાજાને છાંટ !" આ આકાશવાણી સાંભળીને સુભદ્રાએ કાચા સૂતરે બાંધેલી ચાળણીથી કુવામાંથી જળ કાઢયું અને જ્યાં તેણે તે જળ દરવાજાપર છાંટયું ત્યાં તો સહસા નગરના ત્રણે દરવાજા ઉઘડી ગયા !

પછી શાસનદેવીએ આકાશવાણીમાં ફરીથી કહ્યું: "સુભદ્રા સિવાય બીજી કોઈ સતી હોય તો તે ચોથો દરવાજો ઉઘાડે." પરંતુ સુભદ્રા સિવાય એક પણ સ્ત્રી દરવાજો ન ઉઘાડી શકી. ત્યારે " હે સુભદ્રે ! હે શીલવતી પતિવ્રતા ! તને ધન્ય-છે, ધન્ય છે ! એવા ધ્વનિથી આકાશમંડળ ગુંજી ઉઠયું. દેવતાઓએ શીલની સ્તુતી આ પ્રમાણે કરીઃ—

"હે શીલ ! તું આનાયાસેજ સર્પને માળા, વિષને અમૃત, અગ્નિને શીતલ અને સિંહને હરિણ બનાવી દે છે. વધારે શું કહીએ ? જેઓ તારૂં આલંબન લે છે, તેમની આજ્ઞા અમે લોકો ( દેવતાઓ ) પણ શિરોધાર્ય કરીએ છીએ.

આ એજ ચંપા નગરી છે, જેમાં નિવાસ કરનારા મહારાજ શ્રેણિકના સુપુત્ર અશોકચંદ્ર અથવા કૂણિકે પિતૃશોકને કારણે રાજગૃહ નગરનો ત્યાગ કરીને તેને રાજધાની બનાવી હતી, અને શેઠ સુદર્શને પોતાના શીલના પ્રભાવથી શૂળીને સિંહાસન બનાવી દીધું હતું. ચૌદ-પૂર્વ ધારી શય્યંભવ સ્વામીએ શ્રુતજ્ઞાનના બળથી મનક નામના પુત્રનું છ માસનું આયુષ્ય બાકી રહ્યું સમજીને "આ બાલક છ માસમાં અપાર આગમ–સાગરને કેવી રીતે પાર કરી શકશે." આવી કરૂણાથી તેને સરલતાપૂર્વક અધ્યયન કરવાને અર્થે, અને પાંચમા આરાના ભવ્ય જીવોના પણ હિતાર્થે, *પૂર્વોમાંથી તારણ કરીને દશ અધ્યયનોનું દશવૈકાલિક સૂત્ર બનાવ્યું હતું.

જે નગરીમાં ભગવાન મહાવીરે 'દોરાસહિત મુખવસ્ત્રિકા બાંધીને વિધિપૂર્વક સામાયિક કરવાથી અનન્ત કર્મોની નિર્જરા થાય છે' એવો ઉપદેશ મહારાજ કૂણિકને આપ્યો હતો, અને મેઘદત્ત શેઠ સાધુવેષની નિંદા કરવાથી ચાંડાલનો પુત્ર થયો હતો, અને ક્ષય આદિ સોળ રોગથી એકી સાથે આક્રાન્ત થયો હતો; પછી મુનિને જોઈને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત કરી તથા દીક્ષા ગ્રહણ કરી મોક્ષે ગયો હતો.

એ ચંપામાં રહેતા મહારાજ કૂણિક એકવાર પ્રાતઃકાળના વાયુનું સેવન કરવાને ઘોડા પર સવાર થઇ બહાર નીકળ્યા હતા. એક સ્થળે કેટલાક કસાઇઓ એક બકરાને ચારે પગે બાંધી જમીન પર પટકી બહુ નિર્દયતાથી તેને મારી રહ્યા હતા. બિચારો બકરો કરૂણાજનક ચીસો નાંખતો હતો અને ભયભીત દૃષ્ટિથી જોઈ રહ્યો હતો. મહારાજ તો એ દૃશ્ય જોઇને અત્યંત ક્ષુબ્ધ થઈ ગયા અને તેમણે કસાઇઓને વાજબી શિક્ષા કરી. તેમણે રાજગૃહમાં અને આખા રાજ્યમાં ઘોષણા કરાવીને દીન–હીન પ્રાણીઓનું રક્ષણ કર્યું હતું.

આ ચંપાનું વર્ણન છે. વિશેષ જિજ્ઞાસુઓએ ઔપપાતિક સૂત્રમાં સમ્યક્ પ્રકારે જોઇ લેવું.

એ ચંપા નગરીમાં પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું. પૂર્ણભદ્ર દક્ષિણ યક્ષનિકાયનો સ્વામી છે. તે આ ચૈત્યનો સ્વામી હતો, તેથી તે ચૈત્યનું નામ પણ પૂર્ણભદ્ર પડી ગયું હતું. ચારે બાજુએ વિવિધ પ્રકારનાં ફૂલો અને વેલીઓવાળા લીલા છમ ઉદ્યાનથી શોભિત સ્થાનને ચૈત્ય કહે છે. તેથી તે પણ ઔપપાતિક સૂત્રમાથી સમજી લેવું ॥ ૧ ॥

* 'આત્મપ્રવાદ' નામના પૂર્વમાંથી 'ષડ્જીવનિકા' અધ્યયન, 'કર્મપ્રવાદ' પૂર્વમાંથી 'પિંડૈષણા' અધ્યયન, 'સત્યપ્રવાદ' પૂર્વમાંથી 'વાક્યશુદ્ધિ' નામનું અધ્યયન કાઢવામાં આવ્યું, અને 'પ્રત્યાખ્યાન' પૂર્વની ત્રીજી વસ્તુમાંથી બાકીનાં બધાં અધ્યયનો કાઢવામાં આવ્યાં.

'तेणं कालेणं०' ઈત્યાદિ સૂત્ર ॥ ૨ ॥

## મૂળનો અર્થ

એ કાલે અને એ સમયે આર્ય સુધર્માસ્વામી (ચંપાનગરીમાં) પધાર્યા. જંબૂ-સ્વામીએ તેમની પર્યુપાસના કરીને કહ્યું: "ભગવન્! (યાવત્) મુકિતને પ્રાપ્ત થએલા શ્રમણ ભગવાન્ મહાવીરે છઠા જ્ઞાતાધર્મકથાંગનો એ અર્થ દર્શાવ્યો છે; પરંતુ હે ભગવન્! એ (યાવત્) મુકિતને પ્રાપ્ત થએલા શ્રમણ ભગવાન્ મહાવીરે સાતમા ઉપાસકદશાંગનો શો અર્થ નિરૂપણ કર્યો છે?" આર્યસુધર્માસ્વામી બોલ્યા—હે જમ્બૂ! (યાવત્) મુકિતને પામેલા એ શ્રમણ ભગવન્ મહાવીરે સાતમાં અંગ ઉપાસક દશાનાં દશ અધ્યયનો પ્રતિપાદન કર્યા છે, તે આ પ્રમાણે:—(૧) આનન્દ, (૨) કામદેવ, (૩) ગાથાપતિ–ચુલ્લનીપિતા, (૪) સુરાદેવ, (૫) ક્ષુદ્રશતક, (૬) ગાથાપતિ કુંડકૌલિક, (૭) સદ્દાલપુત્ર, (૮) મહાશતક, (૯) નંદિનીપિતા, (૧૦) શાલેયિકાપિતા.

જમ્બૂ સ્વામીએ કહ્યું કે ભગવન્! જો મુકિતને પામેલા મહાવીરે સાતમા અંગ ઉપાસકદશાંના દસ અધ્યયન નિરૂપણ કર્યા છે, તો હે ભગવન્ એ શ્રવણ ભગવાન મહાવીરે પ્રથમ અધ્યયનનો કેવો અર્થ નિરૂપ્યો છે? (૨)

**ટીકાનો અર્થ**–'अज्ज' શબ્દની છાયા 'अर्य' અને 'आर्य' એમ બે પ્રકારની થાય છે. યથાર્થ તત્ત્વના જિજ્ઞાસુઓ દ્વારા જે પ્રાપ્ત કરવામાં આવે છે, તેને 'अर्य' કહે છે. અને 'आर्य' નો અર્થ સ્વામી છે. અથવા જે ત્યાગવા યોગ્ય બધા ધર્મોથી પૃથક્ અર્થાત ગુણોદ્વારા જે પ્રાપ્ત થાય તેને આર્ય કહે છે અથવા પાંચ ઈંદ્રિયોના વિષયરૂપી કાષ્ઠને કાપી નાખનારા 'આરા' ના જેવાં જે ત્રણ રત્નો છે, તે રત્નોની જેમને પ્રાપ્ત થઇ છે તેને 'આર્ય' કહે છે. તાત્પર્ય એ છે કે જેની વૃત્તિ પૂર્ણરૂપે નિર્દોષ હોય તેને 'આર્ય' કહે છે. કહ્યું છે કે 'अज्जइ भविहिं' ઇત્યાદિ. એ ગાથાનો અર્થ ઉપરની પેઠે જ છે.

જેનો જ્ઞાન દર્શન ચારિત્રરૂપ ધર્મ અથવા સ્વભાવરૂપ ધર્મ સુંદર (પ્રશસ્ત) હોય, એને સુધર્મા કહે છે. એ આર્ય સુધર્મા સ્વામી (ચંપામાં, પધાર્યા. **यावत्**–અહીં **'यावत्'** શબ્દથી એમ સમજવાનું છે કે– "ત્યારપછી આર્યજંબૂ અણગાર, જેમને શ્રદ્ધા હતી, જે જિજ્ઞાસુ હતા, અને જેમને જિજ્ઞાસાને કારણે કૌતૂહલ ઉભું થયું હતું, જેમને શ્રદ્ધા ઉત્પન્ન થઇ, સંશય (જીજ્ઞાસા) ઉત્પન્ન થયો હતો, અને કૌતૂહલ ઉત્પન્ન થયું હતું, જેમને સારી પેઠે શ્રદ્ધા હતી, સારી પેઠે સંશય હતો, સારી પેઠે કૌતૂહલ હતું, તે ઊભા થયા ઊભા થઇ જ્યાં આર્યસુધર્મા સ્વામી હતા, ત્યાં ગયા. ત્યાં જઇને આર્ય સુધર્માને દક્ષિણ તરફથી પ્રારંભીને ત્રણવાર પ્રદક્ષિણા-પૂર્વક વંદના–નમસ્કાર કર્યા, વંદના નમસ્કાર કરીને આર્ય સુધર્માથી ન વધારે દૂર તથા ન વધારે નજીક શુશ્રૂષા અને નમસ્કાર કરી સામે સામે બેઉ હાથ જોડી વિધિપૂર્વક" સેવા કરતા આ પ્રમાણે બોલ્યા :—

## ભદન્ત શબ્દ કા અર્થ

'ભંતે–ભદન્ત–ભગવાન ! એ સંબોધન છે. આ 'ભદન્ત' ના અર્થો:— (૧) જેનાથી કલ્યાણ—સુખની પ્રાપ્તિ થાય, (૨) જે ભવ (સંસારનો) અંત કરનાર હોય, (૩) જેનાથી આ સંસારનો અંત થાય. (૪) જન્મ, જરા, મરણ આદિના નિમિત્તથી ઉત્પન્ન થનાર ભયનો જેની દ્વારા નાશ થાય, (૫) જેમણે ભય ઉત્પન્ન કરનારા ભાગોનો અંત કરી નાંખ્યો હોય, (૬) જેમણે ભયને જીતી લીધો હોય, (૭) જેમણે ઈંદ્રિયો પર વિજય પ્રાપ્ત કરી લીધો હોય, અથવા (૮) જે સમ્યગ્દર્શન, અને સમ્યક્ ચારિત્રથી દેદીપ્યમાન હોય તેમને 'ભદન્ત' કહે છે.

આ વ્યુત્પત્તિઓ ઉપરાંત, નિરૂકત અને શાકટાયન આદિમાં બતાવેલી રીતિ - ઓને અનુસરીને બીજી જૂદી વ્યુપત્તિઓદ્વારા પણ ભદન્તનો અર્થ કરી લેવો.

જે તપસ્યા કરે છે તેમને 'શ્રમણ' કહે છે. ભગવાન્ મહાવીરે સાડા બાર વર્ષ સુધી તીવ્ર તપશ્ચર્યા કરી હતી, તેથી તે 'શ્રમણ' વિશેષણથી સુપ્રસિદ્ધ થયા હતા. પ્રાકૃતમાં **समणेणं** પદ છે. તેની સંસ્કૃત છાયા **श्रमणेन शमनेन, समनसा,** અને **समणेन** થાય છે એમાંથી 'શ્રમણ'ની વ્યાખ્યા ઉપર કરવામાં આવી છે. જે પ્રવચનરૂપી અમૃતની વૃષ્ટિ (ઉપદેશ કરીને ભવ્ય જીવોને શાન્તિ પમાડે છે, તેને 'શમન' કહે છે. જે પોતા પર અને બીજા પર સમાન મન (ભાવ) રાખે છે અથવા રત્નત્રયનો ઉપદેશ આપીને (પ્રમાદ આદિથી મૂર્છિત) આત્માને સાવધાન –જાગૃત કરે છે, એને 'સમનસ્' કહે છે, જે સમ્યક્ પ્રકારે પ્રવચનનો ઉપદેશ આપેછે તેને 'સમણ' કહે છે.

## ભગ શબ્દ કા અર્થ

'ભગવં'–ભગવાન્–પદમા જે 'ભગ' શબ્દ છે, તેના અનેક અર્થ થાય છે, તે આ પ્રમાણે—

ભગ— (૧) જ્ઞાન–ત્રણ લોક અને ત્રણ કાળ સંબંધી બધા પદાર્થોને જાણવા તે.
(૨) માહાત્મ્ય–અનુપમ અને મહનીય મહિમાથી યુકત થવું તે.
(૩) યશ–અનુકૂળ–પ્રતિકૂળ પરિષદો અને ઉપસર્ગો સહેવાથી તથા સંસારના પ્રત્યેક પ્રાણીની રક્ષા કરવાની પ્રજ્ઞા (ભાવના) થી ઉત્પન્ન થનારી કીર્તિ.
(૪) વૈરાગ્ય–ક્રોધ આદિ કષયોને જીતવા તે.
(૫) મુક્તિ–બધાં કર્મોનો અત્યંત ક્ષય થઇ જવો તે.
(૬) રૂપ–સુર અસુર અને નરનાં મનને હરનારી સુંદરતા.
(૭) વીર્ય–અંતરાય કર્મનો નાશ થવાથી ઉત્પન્ન થતું અનંત સામર્થ્ય.
(૮) શ્રી–ચાર ઘનઘાતી કર્મોના ક્ષયથી ઉત્પન્ન થનારી અનંત ચતુંષ્ટય રૂપી લક્ષ્મી.
(૯) ધર્મ–મુકિતરૂપી દરવાજાનાં કમાડ ઉઘાડનાર શ્રુતરૂપ અને યથાખ્યાત ચારિત્રરૂપ ધર્મ.
(૧૦) ઐશ્વર્ય–ધર્મ ત્રણ લોકનું સ્વામીપણું.

એ અર્થો જેનામાં હોય છે તેને ભગવાન કહે છે.

## વીર શબ્દ કા અર્થ

મોક્ષના અનુષ્ઠાન (સાધના) માં જે પરાક્રમ કરે છે, અથવા જે ચાર ઘનઘાતી કર્મરૂપ રજ (કચરા) ને હઠાવી દે છે, અથવા જે પ્રાણીઓને સંયમાદિ અનુષ્ઠાનમાં વિશેષ રૂપે પ્રેરિતં કરે છે, તેનેં 'વીર' કહે છે. જે વીરોમાં વીર અર્થાત્ મહાન્ વીર હોય તેને 'મહાવીર' કહે છે, અર્થાત વર્ધમાન સ્વામી.

'જાવ' (યાવત) શબ્દથી 'आइगरेंगं, तित्थयरेंगं, सयंसंबुद्धेणं, पुरिसुत्तमेणं, पुरिससीहेणं, पुरिसवरगंधहत्थिणा, लोगुत्तमेणं, लोगनाहेणं, अभयदयेणं, चक्खुदयेणं, मग्गदयेणं, सरणदयेणं, जीवदयेणं, बोहिदयेणं, धम्मदएणं, धम्मदेसियेणं, धम्मनायगेणं, धम्मसारहिणा धम्मवरचाउरंतचक्कवट्टिणा' ઇત્યાદિ વિશેષણોનો સંગ્રહ સમજવો. એ પદોનું (ગુજરાતી) વ્યાખ્યાન મારી રચેલી 'આવશ્યક સૂત્ર' ની મુનિતોષિણી ટીકા (ના અર્થ)માં જોઈ લેવું

બધાં કર્મોનો ક્ષય કરીને જે સિદ્ધિગતિને પ્રાપ્ત થયા છે.

## બારહ અંગો કે નામ

જેના દ્વારા, ભગવાને નિરૂપેલો અર્થ, પ્રકટ અથવા પ્રાપ્ત થાય છે તેને 'અંગ' કહે છે તે અંગ બાર છે. જેમ પુરૂષની–બે પગ, બે પિંડી, બે જાંગ, બે પડખાં, બે ભુજાઓ, એક ગરદન અને એક મસ્તક એમ બાર અંગોથી અભિવ્યક્તિ (પ્રકટપણું), દીપ્તિ (પ્રકાશ) અને ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થાય છે, તેમ શ્રતરૂપી મહાપુરુષના પણ આચારાંગ આદિ બાર અંગો છે.

એમાંનું પહેલું (૧) આચારાંગ જમણા પગની સમાન, બીજું (૨) સૂત્રકૃતાંગ ડાબા પગની સમાન, ત્રીજું (૩) સ્થાનાંગ જમણી પીંડી સમાન, ચોથુ (૪) સમવાયાંગ ડાબી પીંડી સમાન, પાંચમું (૫) ભગવતી અંગ જમણી જાંગ સમાન, (૬) જ્ઞાતાધર્મકથાંગ ડાબી જાંગ સમાન, સાતમું (૭) ઉપાસકદશાંગ જમણા પડખા સમાન, આઠમું (૮) અંતકૃદ્દશાંગ ડાબા પડખા સમાન, નવમું (૯) ઔપપાતિક અંગ જમણી ભુજા સમાન, દસમું (૧૦)પ્રશ્નવ્યાકરણ અંગ ડાબી ભુજા સમ ન, અગીઆરમું (૧૧) વિપાકસૂત્ર ગરદન સમાન અને બારમું (૧૨) દૃષ્ટિવાદ મસ્તક સમાન છે.

## સુધર્મા સ્વામી ઔર જમ્બુસ્વામી કે પ્રશ્નોત્તર

દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને જે આશ્રય આપે. અથવા દુર્ગતિમાં પડેલા જીવોને ઉદ્ધાર કરીને જે શુભ સ્થાનમાં ધારણ કરે તેને 'ધર્મ' કહે છે. જે કથાઓમાં ધર્મની પ્રધાનતા હોય છે. તેને 'ધર્મ કથા' કહે છે. 'જ્ઞાતા'નો અર્થ ઉદાહરણ છે

એટલે જેમાં ઉદાહરણોની પ્રધાનતા હોય, તેને 'જ્ઞાતા–ધર્મકથા' કહે છે. અથવા સાતમા અંગના પ્રથમ શ્રુતસ્કન્ધમાં કહેલા ઓગણીસ અધ્યયનોને 'જ્ઞાત' કહે છે; અને બીજા શ્રુતસ્કધમાં જે કથાનક છે, તેને 'ધર્મકથા' કહે છે. એ પ્રમાણે બેઉ શ્રુતસ્કન્ધોના સમુદાયનું 'જ્ઞાતાધર્મકથા' એવું નામ છે. (એનો અર્થ ભગવાને નિરૂપ્યો છે)

સાધુઓની ઉપાસના (સેવા) કરનારા ઉપાસક કહેવાય છે. અહીં જોકે ઉપાસક પદ છે, તો પણ એકશેષ સમાસથી ઉપાસિકા (શ્રાવિકા) શબ્દનું પણ ગ્રહણ થાય છે એ ઉપાસક (અને ઉપાસિકા)ની દશા અર્થાત અણુવ્રત આદિ પ્રતિપાદન કરવાને માટે રચેલા શાસ્ત્રને 'ઉપાસકદશા' કહે છે. આમાં દસ અધ્યયન છે. એ ઘણાં અધ્યયનોને કારણે જ આ શાસ્ત્રને 'दशाः' એવી બહુવચનવાળી સંજ્ઞા આપવામાં આવી છે. અથવા ઉપાસકોની ધાર્મિક દશાઓ (અવસ્થાઓ)નું આમાં વર્ણન કર્યું છે, તેથી 'दशा' કહે છે.

જે વિનય આદિના ક્રમથી જણાય છે, અથવા જેનાથી જીવ આદિ પદાર્થોનું જ્ઞાન થાય છે. અથવા તીર્થંકર ગણધર મહારાજ આદિ દ્વારા પ્રરૂપિત અર્થની જેનાથી પ્રાપ્તિ થાય છે. અથવા જેને ભવ્ય જીવ મુકિતની કામનાપૂર્વક પઠન કરે છે. અથવા જેને શિષ્યસમુદાય ગુરૂદેવની સમીપે મોક્ષને અર્થે વિધિપૂર્વક ભણે છે. તેને અધ્યયન કહે છે. આ સૂત્રમાં એવાં દસ અધ્યયનો છેઃ–

"૧ આનંદ, (૨) કામદેવ, (૩) ગાથાપતિ-ચુલનીપિતા, (૪) સુરાદેવ (૫) ક્ષુદ્રશતક, (૬) ગાથાપતિ કુંડકૌલિક, (૭) સદ્દાલપુત્ર, (૮) મહાશતક, (૯) નંદિનીપિતા. (૧૦) શાલેયિકાપિતા,

આર્ય સુધર્મા સ્વામીએ ઉત્તર આપ્યા પછી પણ કોઈ વાતમાં જિજ્ઞાસા રહેવાથી શ્રી જંબૂસ્વામીએ ફરીથી પૂછયુંઃ "ભગવન્! જો શ્રમણ ભગવાન મહાવીરે સાતમા અંગ (ઉપાસકદશા)માં દસ અધ્યયનો નિરૂપ્યાં છે, તો તેમાંના પ્રથમ અધ્યયનનો કેવો અર્થ નિરૂપ્યો છે!" (૨)

આર્ય સુધર્મા સ્વામી ઉત્તર આપે છે:– **'एवं'** ઇત્યાદિ.

**મૂળનો અર્થ**–હે જમ્બૂ! તે કાળે અને તે સમયે વાણિજગ્રામ નામનું નગર હતું. (વર્ણક–એનું વર્ણન અન્ય સ્થાનેથી સમજવું) એ વણિજગ્રામ નગરની બહાર ઉત્તર–પૂર્વ દિશાના ભાગમાં (ઇશાન કોણમાં) દ્યુતિપલાશક નામનું ચૈત્ય હતું. એ વણિજગ્રામ નગરમાં જિતશત્રૂ નામે રાજા હતો (વર્ણક–રાજાનું વર્ણન અન્ય સ્થાનેથી સમજી લેવું). એ વણિજગ્રામ નગરમા આનંદ નામે ગાથાપતિ નિવાસ કરતે હતો. તે આઢય (સંપન્ન) અને ( યાવત્ ) અપિરભૂત ( માનનીય ) હતો.

## ટીકાનો અર્થ

હે જમ્બૂ! તે કાળે અને તે સમયે વણિજગ્રામ નામે નગર હતું. ષષ્ઠી તત્પુરૂષ સમાસથી વાણિજો અર્થાત વશ્યોનું ગ્રામ–વાણિજગ્રામ કહેવાય છે. પરંતુ અહીં વાણિજ–ગ્રામ એ નગરનું વિશેષણ છે, તેથી વ્યધિકરણ–બહુવ્રીહિ સમાસથી એનો ખરો અર્થ એ છે કે–જેમાં વાણિજો (વ્યાપારીઓ)નો ગ્રામ સમૂહ રહે, તેને વાણિજગ્રામ કહે છે એવો અમારો મત છે. એ નામનું નગર હતું. 'નગર' શબ્દની વ્યાખ્યા પહેલાં 'નગરી' શબ્દમાં કરી ગયા છીએ એનું વર્ણન પણ ચમ્પા નગરીના જેવું જ છે. વિશેષતા માત્ર એ છે કે 'નગરી'ના વશેષણો નારી જાતીમાં કહ્યા છે, પરંતુ નાન્યતર જાતિ (નપુંસક લિંગ)નો શબ્દ છે [અને હિંદીમાં નપુંસક લિંગ નહિ હોવાથી નરજાતિમાં એ શબ્દ વપરાય છે એટલે [ગુજરાતીમાં] તેને માટે નાન્યતર જાતિનાં વિશેષણો વાપર્યાં છે. એ વણિજગ્રામ નગરની બહાર ઉત્તર



–પૂર્વ દિશાના ભાગમાં અર્થાત ઇશાન કોણમાં દ્યુતિપલાશક નામે ઉદ્યાન હતું એ ભગવાન મહાવીર સ્વામીના સમવસરણનો વૃત્તાંત આગળ આપવામાં આવશે, તેથી અહીં એ ઉદ્યાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ વણિજગ્રામ નગરમાં જિતશત્રૂ રાજા હતો તેનું વર્ણન અન્ય સ્થાનેથી જાણી લેવું એ વણિજગ્રામમાં આનંદ નામનો ગાથાપતિ હતો. ધન–ધાન્ય સમૃદ્ધિથી યુકત હોવાને કારણે લોકો જેની પ્રશંસા કરે છે તેને ગાથાપતિ કહે છે. અથવા ધન–ધાન્ય અને પશુવંશની સમુન્નતિથી "અહો! આ ઘર સર્વ પ્રકારની સમૃદ્ધિથી ભરપૂર છે" એવી રીતે પ્રશંસિત થવાને લીધે જે પ્રતિષ્ઠાયુકત હોય, તે ગાથા (પ્રતિ.ષ્ઠ ઘર) અને તેનો જે પતિ–અધ્યક્ષ, તેને ગાથાપતિ કહે છે. તાત્પર્ય એ છે કે–ક્ષેત્ર, વાસ્તુ, સોનું, પશુ, દાસ, પૌરૂષ (પરાક્રમ) આદિથી શોભિત ગૃહસ્થને ગાથાપતિ કહે છે. એ આનંદ ગાથાપતિ વિશાળ સમૃદ્ધિથી યુકત હતો. 'જાવ' શબ્દથી 'આઢય'થી લઈ 'અપરિભૂત' સુધીનાં બધાં વિશેષણો જોડવાં; અર્થાત-તેજસ્વી, વિસ્તૃત અને વિપુલ (મોટું) ભવન, શયન, આસન (તખ્ત વગેરે), યાન (ગાડી વગેરે) વાહન (ઘોડા વગેરે) થી યુકત, ઘણા ધન (ગણિમ રૂપિયા પૈસા વગેરે) વાળો, ઘણા સોનાવાળો, ઘણા રૂપાવાળો, તથા નીતિયુકત વેપારથી ધન કમાનારો હતો. તેને ત્યાં ભોજન થઈ ગયા બાદ પણ ઘણું

અન્ન-પાન વધતું હતું, અર્થાત્ એટલી ઉદારતાથી રસોઇ કરવામાં આવતી હતી કે બધો પરિવાર જમી રહ્યા પછી પણ ઘણી રસોઇ વધતી હતી અને તેમાંથી અનેક ગરીબોનું પોષણ થતું હતું. તેના ઘરમાં ઘણા દાસ. દાસી, ગાય, બળદ ભેંશ પાડા, ઉરભ્ર (બકરા, બકરી, ગાડર) વગેરે હતાં. ઘણા માણસો પણ તેનો, (આનંદ ગાથા પતિનો) પરાભવ કરી શકતા નહીં, અર્થાત્ તે ઘણો શકિતશાળી અને માનનીય હતો.

'આઢય, દીપ્ત અને અપરિભૂત' એ ત્રણ વિશેષણોથી આનંદ ગાથાપતિમાં દીપકનું દૃષ્ટાંત અભિપ્રેત છે; તે આ પ્રમાણે;—જેમ દીપક, તેલ, દીવેટ અને શિખા (ઝ.ળ)થી યુકત થઇને વાયુરહિત સ્થાનમાં સુરક્ષિત રહી પ્રકાશિત થાય છે. તેમ આનંદ ગાથાપતિ, તેલ અને દીવેટની પેઠે આઢયતા અર્થાત્ ઋદ્ધિથી, શિખાની જગ્યાએ ઉદારતા ગંભીરતા આદિથી, અને દીપ્તિથી યુકત થઇને વાયુરહિત સ્થાનની સમાન મર્યાદાના પાલન અદિરૂપ સદાચારથી તથા પરાભવરહિતપણે અપરિભૂતતા, એ ત્રણેમાં રહેલો હેતુતાવચ્છેદક ધર્મ એક છે તે કારણથી તૃણા-રણિમણિ ન્યાયે પ્રત્યક્ષ; અનુમાન અને આગમ શબ્દોમાં પ્રમાણતાની પેઠે પ્રત્યેકને (માત્ર આઢયતા, માત્ર દીપ્તિ અથવા કેવળ અપરિભૂતતા-એ એકને) હેતુ માનવો નહીં ॥ ૩ ॥

### (મૂળ અને ટીકાનો અર્થ) तस्स णं ઇત્યાદિ—

એ આનંદ ગાથાપતિને ચાર કરોડ દીનારો[1] ખજાનામાં હતી; ચાર કરોડ દીનારો તેણે વેપારમાં રોકી હતી; ચાર કરોડ દીનારો ઘરસામગ્રીમાં રોકી હતી અને દસ-દસ હજાર ગાયોનાં ચાર ગોકુલો હતાં, અર્થાત્ આનંદ ગાથાપતિ પાસે બાર કરોડ દીનારો અને ચાલીસ હજાર ગોવર્ગના પશુઓની સંખ્યા હતી. ॥ ૪ ॥

### મૂલનો અર્થ-से णं आणंदे ઇત્યાદિ

એ આનંદ ગાથાપતિને, રાજા ઇશ્વર યાવત્ સાર્થવાહો તરફથી ઘણાં કાર્યોમાં, કારણો (ઉપાયો)માં, મંત્ર (સલાહ)માં, કુટુંબોમાં, ગુહ્યોમાં, રહસ્યોમાં, નિશ્ચયોમાં, અને વ્યવહારોમાં એકવાર પૂછવામાં અવાતું હતું, વારંવાર પણ પૂછવામાં આવતું હતું. અને તે પોતાના કુટુંબનો પણ મેધિ, પ્રમાણ, આધાર, આલંબન, ચક્ષુ, મેધિભૂત, યાવત્ બધાં કાર્યોને આગળ વધારનારો હતો. (૫)

**ટીકાનો અર્થ**-મૂળમાં 'રાઇસર' પછી 'જાવ' શબ્દથી 'રાજા, ઇશ્વર, તલવર, માંડવિક અથવા માડંબિક, કૌટુમ્બિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહ. એટલા શબ્દોનું ગ્રહણ થાય છે. માંડલિક નરેશને રાજા અને ઐશ્વર્યવાળાઓને ઇશ્વર કહે છે. રાજા સંતુષ્ટ થઇને જેને પટ્ટબંધ આપે છે. તે રાજાઓના જેવા પટ્ટબંધથી વિભૂષિત લોકો તરવર કહેવાય છે. જેની વસ્તી છિન્ન ભિન્ન હોય તેને મંડવ અને તેના અધિકારીને માંડવિક કહે છે. 'માડંબિય'ની છાયા જો 'માડ-મ્બિક' કરવામાં આવે તો 'માડમ્બિક'નો અર્થ 'પાંચસો ગામનો ધણી' એવો અર્થ થાય છે. અથવા અઢી-અઢી ગાઉને અંતરે ને જૂદાં-જૂદાં ગામો વસ્યાં હોય તેના ધણીને માડમ્બિક કહે છે. જે કુટુમ્બોનું પાલન-પોષણ કરે છે અથવા જેની દ્વારા ઘણાં કુટુંબોનું પાલન થાય છે, તેને કોટુમ્બિક કહે છે, 'ઇભ' નો અર્થ 'હાથી' છે, અને હાથીના જેટલું દ્રવ્ય જેની પાસે હોય, તેને ઇભ્ય કહે છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદે કરીને ઇભ્ય ત્રણ પ્રકારના છે. હાથીની બરાબર મણિ, મોતી, પરવાળાં, સોનું, ચાંદી આદિ દ્રવ્યના ઢગલાના

જે સ્વામી તેઓ જઘન્ય ઇભ્ય છે. હાથીની બરાબર હીરા અને માણેકના ઢગલાના જે સ્વામી હોય તેઓ મધ્યમ ઇભ્ય છે. હાથીની બરાબર કેવળ હીરાના ઢગલાના જે સ્વામી હોય તેઓ ઉત્કૃષ્ટ ઇભ્ય છે. જેમની ઉપર લક્ષ્મીની પૂરેપૂરી કૃપા હોય અને એ કૃપાને કારણે જેમની પાસે લાખોનો ખજાનો હોય; તથા જેમને માથે તેનુ સૂચન કરનારો ચાંદીનો વિલક્ષણ પટ્ટ શોભાયમાન થઈ રહ્યો હોય; જે નગરના મુખ્ય વ્યાપારી હોય, તેને શ્રેષ્ઠી કહે છે ચતુરંગ સેનાના સ્વામીને સેનાપતિ કહે છે. ગણિમ ધરિમ મેય અને પરિચ્છેદ્ય રૂપ ખરીદવા-વેચવા યોગ્ય વસ્તુઓ લઇને નફાને માટે દેશાંતર જનારાઓને જે સાથે લઇ જાય છે. યોગ (નવી વસ્તુની પ્રાપ્તિ) અને ક્ષેમ (પ્રાપ્ત વસ્તુનું રક્ષણ) ની દ્વારા તેમનું પાલન કરે છે. ગરીબોના ભલા માટે તેમને પૂંજી આપીને વેપાર દ્વારા ધનવાન બનાવે છે, તેમને સાર્થવાહ કહે છે. એક, બે. ત્રણ, ચાર આદિ સંખ્યાના હિસાબે જેની લેણ-દેણ થાય છે તેને ગણિમ કહે છે, જેમકે નાળીએર, સોપારી ઇત્યાદિ, ત્રાજવાથી તોલીને જેની લેણ-દેણ કરવામાં આવે છે તેને ધરિમ કહે છે, જેમકે ધાન્ય. જવ, મીઠું, સાકર ઇત્યાદિ પાલી કે પવાલું જેવા માપના વાસણથી માપીને જેની લેણ-દેણ કરવામાં આવે છે તેને મેય કહે છે, જેમકે દૂધ, ઘી, તેલ વગેરે કસોટી આદિથી પરીક્ષા કરીને જેની લેણદેણ કરવામાં આવે છે તેને પરિચ્છેદ્ય કહે છે, જેમકે મણિ, મોતી, પરવાળા, ઘરેણું વગેરે.

આનંદ ગાથાપતિને, એ રાજા, ઇશ્વર આદિ તરફથી ઘણાં કાર્યોમાં, કાર્યોને સિદ્ધ કરવા માટેના ઉપાયોમાં, કર્તવ્યને નિશ્ચિત કરવાના ગુપ્ત વિચારોમાં, બાધવોમાં, લજ્જાને કારણે ગુપ્ત રાખવામાં આવતા વિષયોમાં, એકાંતમાં કરવામાં આવતાં કાર્યોમાં, પૂર્ણ નિશ્ચયોમા, વ્યહારને માટે પૂછવા યોગ્ય કાર્યોમાં, અથવા બાંધવો તરફથી કરવામાં આવતા લોકાચારથી વિપરીત કાર્યોનાં પ્રાયશ્ચિત્તો (દંડો)માં અર્થાત્ એવાં બધાં પ્રકરણોમાં એક વાર તથા વારંવાર પૂછવામાં આવતું હતું.-એ બધી વાતોમાં રાજા વગેરે મોટા માણસો પણ આનંદની સંમતિ લેતા હતા.

**શંકા**-કાર્ય અને કારણ. એ બેઉમાંથી એકનુ ગ્રહણ કરવાથી જ બેઉનો બોધ થઇ જાય છે, કારણ કે કારણ વિના કાર્ય થતું નથી, અને કાર્ય વિના કારણનું શોધન કરવાની જરૂર હોતી નથી: તો પછી મૂળ પાઠમાં 'કાર્યોમાં' 'કારણોમાં' એ પ્રમાણે બેઉને જૂદા જૂદા ગણાવવાં એ વૃથા છે.

**સમાધાન**—એ કથન બીલકુલ બરાબર નથી, કારણ કે કોઇ કેવળ કાર્યની બાબતમાં જ પ્રશ્ન કરે છે, જેમકે—મહાશય! મારે કયો ધંધો કરવો જોઇએ? રાજા વગેરેની નોકરી કરૂં કે લેણદેણ (વેપાર) કરૂં? વગેરે. કોઇ કેવળ કારણની બાબતમાં જ પૂછે છે:-જેમકે,-'કેમ ભાઇ! હું રાજા આદિની સેવા કેવી રીતે કરૂં? અથવા લેણદેણનો વ્યવહાર કેવી રીતે કરૂં?, એ બધી વાતો જગતમાં જાણીતી છે.

**શંકા**—વારૂ, માની લ્યો કે કાર્ય-કારણની બાબતમાં જૂદા જૂદા પ્રશ્નો થઈ શકે છે; પરન્તુ 'મંત્રોમાં ગુહ્યોમાં, રહસ્યોમાં,' એ ત્રણ વિશેષણોને ગ્રહણ કરવાં એ તો અનુચિત જ છે, કારણ કે તેનો અર્થ એક જ થાય છે.

**સમાધાન**—ભાઇ ! એ ત્રણે વિશેષણોના અર્થો જૂદા જૂદા છે, તેથી તમારો પ્રશ્ન જ અનુચિત છે. ત્રણેને જૂદાં જૂદાં કહેવા અનુચિત નથી. જુઓ, દેશ અથવા રાજ્યનું હિત વિચારવાને માટે એકાંતમાં જે વિચાર કરવામાં આવે છે, તેને મંત્ર કહે છે. પરસ્ત્રીગમન આદિ ઘરનાં કલંકો દૂર કરવાને માટે એકાંતમાં કરવામાં આવતા વિચારને ગુહ્ય કહે છે. ભ્રૂણહત્યા આદિ ઘરનાં કલંકોને દૂર કરવાને માટે એકાંતમાં કરવામાં આવતા પરામર્શને રહસ્ય કહે છે. એ પ્રમાણે ત્રણે વિશેષણોમા પ્રકાશ અંધકાર અથવા આકાશ પાતાળ જેટલું મહાન્ અંતર છે. મૂળ પાઠમાં જેટલા 'च' તે છે બધા સમુચ્ચયના બોધક છે.

એ બધાં વિશેષણો વડે સૂત્રકારે એમ પ્રકટ કર્યું છે કે આનંદ ગાથાપતિને બધા લોકો માનતા હતા, તે અત્યંત વિશ્વાસપાત્ર હતો, વિશાળ બુદ્ધિથી યુક્ત હતો અને બધાને વાજબી જ સલાહ-સંમતિ આપતો હતો.

ધાન્ય, જવ, ઘઉં વગેરેને કણસલામાંથી છૂટાં કરવાને એક ખાડો ખોદી તેમાં એક લાકડાનો ખાંભો ખોડવામાં આવે છે અને પછી તેની ચારે બાજુએ એક સાથે કણસલાંને કચરવા માટે બળદ વગેરે ફર્યા કરે છે; એ ખાંભાને મેધિ કહે છે. બળદ વગેરે એ વખતે એ ખાંભાને આધારે જ ફર્યા કરે છે. જો એ ખાંભો ન હોય તો એક બળદ એક બાજુએ ચાલ્યો જાય અને બીજો બીજી બાજુએ ફરે, એ રીતે વ્યવસ્થાભંગ થઇ જાય ગાથાપતિ આનંદ પોતાના કુટુમ્બની મેધિ મધ્યસ્થ સ્થંભ જેવો હતો; અર્થાત્ કુટુંબ એને આધારે હતું, તેજ કુટુંબનો વ્યવસ્થાપક હતો મૂળ પાઠમાં वि ( अवि ) શબ્દ છે: તેનું તાત્પર્ય એ છે કે તે કેવળ કુટુંબના જ આધારરૂપ નહોતો; પરંતુ બધા લોકોના પણ આશ્રરૂપ હતો, કે જેમ ઉપર દર્શાવવામાં આવેલ છે. આગળ પણ જ્યાં જ્યાં वि (अपी પણ) આવ્યો છે, ત્યાં ત્યાં બધે એજ તાત્પર્ય સમજવાનું છે.

આનંદ ગાથાપતિ પોતાના કુટુંબના પણ પ્રમાણ રૂપ હતો, અર્થાત્ જેમ પ્રત્યક્ષ અનુમાન આદિ પ્રમાણ સંદેહ આદિને દૂર કરીને હેય (ત્યજવાયોગ્ય) પદાર્થોથી નિવૃત્તિ અને ઉપાદેય (ગ્રહણ કરવાયોગ્ય) પદાર્થોમાં પ્રવૃત્તિ કરાવતા તે; પદાર્થોને દર્શાવે છે, તેમ આનંદ પણ પોતાના કુટુંબીઓને બતાવતો હતો કે-અમુક કાર્ય કરવું યોગ્ય છે; અમુક કાર્ય કરવું યોગ્ય નથી, અમુક પદાર્થ ગ્રાહ્ય છે અમુક પદાર્થ અગ્રાહ્ય છે, ઇત્યાદિ.

આનંદ પોતાના કુટુંબનો પણ આધાર (આશ્રય) હતો, તથા આલંબન હતો, અર્થાતૂ વિપત્તિમાં પડેલા મનુષ્યને દોરડું અથવા થાંભલાના જેવા આધાર રૂપ હતો.

**શંકા**—આધાર અને આલંબનમાં શું અંતર છે.

**સમાધાન**—જે આશ્રયને કારણે મનુષ્ય :ઉન્નતિ કરે છે, અથવા જેવો ને તેવો કે જ્યાં ને ત્યાં બની રહે છે તેને આધાર અને જે નિમિત્તથી મનુષ્ય વિપત્તિમાંથી બચે છે તેને આલંબન કહે છે. એ બેઉમાં આટલું અંતર છે.

આનંદ પોતાના કુટુમ્બના ચક્ષુરૂપ હતો, અર્થાત જેમ ચક્ષુ માર્ગને પ્રકાશિત કરે છે. તેમ આનંદ સ્વકુટુંબીઓના પણ બધા અર્થોનો પ્રકાશક (સન્માર્ગદર્શક હતો.

બીજી વાર મેધીભૂત આદિ વિશેષણ સ્પષ્ટ બોધને માટે આપેલાં છે. 'જાવ' શબ્દથી પ્રમાણભૂત. આધારભૂત, આલંબનભૂત, ચક્ષુર્ભૂત, એ બધાનો સંગ્રહ થાય છે. અહીં સ્પષ્ટતાને માટે 'ભૂત' શબ્દ વધારે આપ્યો છે. એનું તાત્પર્ય એ છે કે આનંદ મેધિ અર્થાત મેધિની સમાન હતો. પ્રમાણ અર્થાત પ્રમાણની સમાન હતો, આધાર અર્થાત્ આધારની સમાન હતો, આલંબન અર્થાત્ આલબનની સમાન હતો અને ચક્ષુ અર્થાત ચક્ષુની સમાન હતો. આનંદ બધાં કાર્યોનું સંપાદન કરનારો પણ હતો. (૫)

## શિવાનન્દા કા વર્ણન

### મૂળનો અર્થ—'तस्स णं' ઇત્યાદિ (૬)

પૂર્વોકત આનંદ ગાથાપતિની શિવાનંદા નામની પત્ની હતી. તે અહીન યાવત સુંદરી હતી. આનંદ ગાથાપતિને તે પ્રિય હતી અને તે આનંદ ગાથા-પતિમાં અનુરકત હતી અને પતિને મનોનુકૂલ વ્યવહાર કરનારી હતી. શબ્દ–યાવત પાંચ પ્રકારનાં મનુષ્ય સંબંધી કામભોગોને ભોગવતી તે વિચરતી હતી. (૬)

### ટીકાનો અર્થ

આનંદ ગાથાપતિની શિવાનંદા પત્નીહતી તે શાન્તસ્વભાવવાળી અને આનદ સ્વભાવવાળી હતી, તેથી તે 'યથાનામ–તથાગુણ' હતી. 'અહીન' પછી જે 'જાવ યાવત્ શબ્દ છે તેથી આટલાં શબ્દોનો સંગ્રહ કર્યો છેઃ– अहीणपंचिंदियसरीरा, लक्जणवजणगुणोववेया, माणुम्माणपमाणपडिपुण्णसुजायसव्वंगसुंदरंगा, ससिसोमाकारा, कंता, पियदंसणा, सुरूवा એ વિશેષણો અન્યત્ર કહેલાં છે. તેથી તેનો જ અહીં સંગ્રહ છે. અર્થઃ–

अहीणपंचिंदियसरीरा–લક્ષણ અને સ્વરૂપથી પરિપૂર્ણ પાંચ ઇંદ્રિયો સહિત શરીરવાળી હતી, અર્થાત્ જેની આંખો વગેરે પાંચે ઇંદ્રિયો પોતપોતાનો વિષય ગ્રહણ કરવામાં પૂર્ણ સાધન તથા યથાયોગ્ય આકારવાળી હતી.

लकखणवंजणगुणोववेया–જેની દ્વારા પિછાણ થાય છે. તેને લક્ષણ (ચિન્હ) કહે છે, અથવા હાથ વગેરેમાંની :વિદ્યા, ધન જીવન આદિની રેખાઓને લક્ષણ કહે છે. જેની દ્વારા અભિવ્યકિત (પ્રકટતા) થાય છે તે તલ અને મસા આદિને વ્યંજન કહે છે. સુશીલતા, પાતિવ્રત્ય આદિ ગુણો છે. એ ત્રણેથી યુકત જે સ્ત્રી હોય તેને 'લક્ષણવ્યંજનગુણોપપેતા' કહે છે. અથવા લક્ષણોદ્વારા વ્યકત થનારા ગુણોને લક્ષણ–વ્યંજન–ગુણ કહે છે, અને તેથી યુકત સ્ત્રીને 'લક્ષણવ્યંજનગુણો-પપેતા' કહે છે. અથવા પૂર્વોકત લક્ષણો અને વ્યંજનોના ગુણોને લક્ષણવ્યંજનગુણ કહે છે અને તેથી યુકત સ્ત્રીને 'લક્ષણવ્યંજનગુણોપપેતા' કહે છે.

હાથની મુખ્ય મુખ્ય રેખાઓનાં લક્ષણ આ પ્રમાણે છેઃ—

"જેના હાથણાં ઘણી રેખાઓ હોય યા બીલકુલ રેખાઓ ન હોય તે અલ્પઆયુવાળો નિર્ધન અને દુઃખી થાય છે. એમ લક્ષણના જાણનારા વિદ્વાનોએ કહ્યું છે.

(૧) જે રેખા ટચલી આંગળીના મૂળથી નીકળે છે તે આયુષ્યની રેખા છે. એક-એક આંગળીમાં ૨૫-૨૫ વર્ષનું આયુષ્ય હોય છે, અર્થાત્ જો આયુષરેખા એક આંગળી સુધી હોય છે તો પચીસ વર્ષનું આયુષ્ય, બે આંગળી સુધી હોય તો પચાસ વર્ષનું આયુ ય એ હિસાબે આગળ સમજી લેવું (૨) ધનની રેખા ૧કરભથી નીકળે છે અને મણિબંધમાંથી પિતૃરેખા ફૂટે છે. જો એ બધી રેખાઓ પૂર્ણ હોય તો આયુષ્ય, ગોત્ર અને ધનનો લાભ થાય છે. (૩)"

माणुम्माणपमाणपडिपुण्णसुजायसव्वंगसुंदरंगा—જેની દ્વારા કોઈ પદાર્થને માપવામાં આવે તેને માન કહે છે, અર્થાત-ત્રાજવું, આંગળી, શેર, નવટાંક, આદિ દ્વારા તોલવું, અથવા કોઇ પુરૂષ આદિ જળથી ભરપૂર ભરેલા કુંડ આદિમાં પેસે અને તેના પેસવાથી જો એક દ્રોણ (પરિમાણવિશેષ) જળ બહાર નીકળી જાય તો એ પુરૂષ આદિને માનવાન્ (માનથી યુકત) કહે છે. માન શબ્દથી અહીં એ અર્થ ગ્રહણ કરવાનો છે. માનથી અધિક હોય તેને અથવા અર્ધભાર (એક પરિમાણ)ને ઉન્માન કહે છે. સર્વતોમાનને અથવા પોતાની આંગળી ૧૦૮ આંગળી ઉંચાઇને પ્રમાણ કહે છે. એ માન, ઉન્માન, અને પ્રમાણથી યુકત હોવાને કારણ યથાયોગ્ય અવયવોની રચનાવાળુ આખુ અંગ સુંદર કહેવાય છે. એવું સુંદર શરીર જે સ્ત્રીનું હોય તેને 'માનોન્માન-પ્રમાણપ્રતિપૂર્ણસુજાતસર્વાંગસુંદરા' કહે છે. જેની દ્વારા પ્રાણી વ્યકત થતો હોય-કોઇ આકૃતિના રૂપમાં દેખાતો હોય તેને-અર્થાત્ પગથી માંડીને મસ્તક સુધીના અવયવોને અંગ (શરીર) કહે છે.

ससिसेमाकारा શશ (સસલુ) જેનું ચિન્હ હોય તેને શશી (ચંદ્રમા) કહે છે. ચંદ્રમાના જેવું રમણીય જે સ્ત્રીનું સ્વરૂપ હોય તેને શશિસૌમ્યાકારા કહે છે.

कंता જે કમનીય (સુંદરી) હોય તે સ્ત્રીને કાંતા કહે છે.

पियदंसणा—જેનુ દર્શન (અવલોકન) જોનારાઓના મનમાં આહ્‌લાદ ઉત્પન્ન કરતુ હોય તે સ્ત્રીને પ્રિયદર્શના કહે છે. દર્શનની વ્યાખ્યા 'રૂપ' કરવી એ બરાબર નથી. કારણ કે તેમ કરવાથી પુનરૂકિતદોષ આવે અર્થાત્- આગળના વિશેષણમાં અને આમાં કાંઈ ભેદ રહે નહિ.

सुरूवा–શ્રેષ્ઠ રૂપ અને લાવણ્યવાળી સ્ત્રીને સુરૂપા કહે છે. શિવાનંદા પૂર્વોકત બધા પ્રશસ્ત ગુણોવાળી હોઇ સુરૂપા હતી.

**તે આનંદની ઈચ્છાને અનુકૂળ વર્તાવ કરતી હતી તેથી તેની વલ્લભા (પ્યારી) હતી. તે આનંદમાં અનુરકત (અત્યંત સ્નેહવાળી) હતી કહ્યું છે કે-**

**"જે સ્ત્રી ઘરના કામકાજમાં લાગી રહે છે. બધાનો સ્નેહ વધારનારી હોય છે, ચતુર હોય છે, પડછાયાની પેઠે પતિની અનુગામિની હોય છે. તેને અનુરકતા કહેવામાં આવે છે."**

તે અવિરકત હતી. અર્થાત પતિ જો કદાચ પ્રતિકૂળ થઇ જાય તો પણ મ્હોં ચડાવતી નહિ અને સદા પ્રસન્નમુખ રહેતી હતી. કહ્યું છે કે—'पडिकूले वि य' ઈત્યાદિ.

"પતિ પ્રતિકૂળ થાય તો પણ જે સ્ત્રી કદી જરા પણ રોષ કરતી નથી અને સદા મધુર વાણી બોલે છે તેને અવિરકતા કહે છે.

અને સદા મધુર પ્રિય વાણી બોલે છે તેને અવિરકતા કહે છે.” (૨)

શિવાનંદા અનુરકત હતી, અવિરકત હતી અને ઇંદ્રિય–મન ને આનંદ આપનારી સ્ત્રી હતી. તે શબ્દ, રૂપ, ગંધ રસ અને સ્પર્શ, એ પાંચે મનુષ્ય સંબંધી ભોગોને ભોગવતી વિચરતા હતી. (૬)

## કોલ્લાકસન્નિવેશ કા વર્ણન

### મૂળનો અર્થ

**तस्स णं वाणियगामस्स** ઇત્યાદિ (૭-૮)

તે વાણિજ ગ્રામ નગરની બહાર ઉત્તર–પૂર્વના દિગ્ભાગ (ઇશાન કોણ)માં કોલ્લાક નામે સન્નિવેશ હતો. તે ઋદ્ધ, સ્તિમિત, યાવત્ પ્રાસાદીય, દર્શનીય અભિરૂપ, અને પ્રતિરૂપ-ઘણોજ સુંદર હતો. તે કોલ્લાક સન્નિવેશમાં આનંદ ગાથાપતિના ઘણા મિત્રો જ્ઞાતિ (જાતિ), નિજક, સ્વજન, સંબંધી અને પરિજનો નિવાસ કરતા હતા, તેઓ આઢય યાવત્ અપરિભૂત હતા. (૭–૮)

### ટીકાનો અર્થ

**‘तस्स’** થી માંડીને **‘दिसीभाए’** સુધીનાં પદોનું વ્યાખ્યાન પહેલાં કરવામાં આવ્યું છે. एत्थ (अत्र)નો અર્થ છે ‘આ સમયમાં’ અથવા ‘પૂર્વ પ્રકરણથી આવેલામાં, इदम्, एतत् અને अदस् શબ્દ પ્રકાન્ત, પ્રસિદ્ધ અને અનુભૂત અર્થના વાચક છે, એ વાતને બધા ગ્રંથોx માને છે. તેથી વાણિજ ગ્રામ નગરની બહાર, પ્રકાન્ત અર્થાત્ પૂર્વપ્રકરણ નિર્દિષ્ટ ઇશાનકોણમાં લોકપ્રસિદ્ધ કોલ્લાક નામે એક સુંદર સન્નિવેશ (ગ્રામ) હતો. ‘खलु’ નો અર્થ ‘લોકપ્રસિદ્ધ’ છે. કોલ્લાક સન્નિવેશ લોકપ્રસિદ્ધ એટલા માટે હતો કે એ વ્યકત સ્વામી અને સુધર્મા સ્વામી ગણધરનું જન્મસ્થાન હતું, અને ભગવાન્ શ્રી મહાવીર સ્વામીને, ત્યાં રહેનારા બહુલ બ્રાહ્મણના ઘેરથી પહેલવહેલો ભિક્ષાલાભ થયો હતો. ‘જાવ’ શબ્દથી ‘ઋદ્ધ, સ્તિમિત અને સમૃદ્ધ’ ઇત્યાદિનો ઔપપાતિક સૂત્રોમાં કહેલો ક્રમ અહીં સમજવો. આમાં વિશેષતા કેવળ એટલી જ છે કે ત્યાં નગરીનું વર્ણન હોવાથી એ વિશેષણોનો નારીજાતિમાં ઉપયોગ કરવામાં આવ્યો

x જિજ્ઞાસુઓએ આ વિષય ‘કાવ્યપ્રકાશ’ના સાતમા સમુલ્લાસમાં, સાહિત્યદર્પણના સાતમા પરિચ્છેદમાં અને રસગંગાધર આદિ ગ્રંથોમાં સાવધાનતાથી જોઇ લેવો.

છે, પણ અહીં સન્નિવેશનું વર્ણન છે તેથી નરજાતિ સમજવાની છે. ધન જન ભવન આદિથી જે અત્યંત વૃદ્ધિને પ્રાપ્ત હોય તેને ઋદ્ધ કહે છે કપટી, ચોર, દુરાચારી, દુષ્ટ હિંસક મહાસાહસિક અને ડમર–ખંડ (રાજવિપ્લવ) આદિના ભયથી જે સર્વથા રહિત હોય તેને સ્તિમિત કહે છે. બાકીનાં વિશેષણોની વ્યાખ્યા ઔપપાતિક સૂત્રની પીયૂષવર્ષિણી ટીકામાંથી જાણી લેવી, જેથી મનને પ્રસન્નતા પ્રાપ્ત થાય, તેને પ્રાસાદીય કહે છે જેને જોવામાં આનંદ મળે ને જોવા યોગ્ય હોય તેને દર્શનીય કહે છે. જે મનોજ્ઞ હોય તેને અભિરૂપ અને જે એકદમ અસાધારણ--અનુપમ સુંદર હોય તેને પ્રતિરૂપ કહે છે. તાત્પર્ય એ છે કે કોલ્લાક સન્નિવેશ એ સમયે, ધન–જનમાં, સદાચારમાં, સુંદરતામા ખૂબ જ આગળ પધેલો હતો. (૭)

સદા–સર્વદા એકાંતહિતનો ઉપદેશ આપનાર સખાને મિત્ર કહે છે. સમાન આચાર–વિચારવાળા જાતિ–સમૂહને જ્ઞાતિ કહે છે. માતા, પિતા. પુત્ર કલત્ર વગેરેને નિજક કહે છે, ભાઈ. કાકા, મામા, આદિને સ્વજન કહે છે. સસરા, જમાઇ. સાળા, બનેવી વગેરેને સંબંધી કહે છે. મંત્રી. નોકર, દાસ, દાસી વગેરેને પરિજન કહે છે. મિત્ર આદિનાં લક્ષણો વિષે કહ્યું છે કે—

"મિત્ર એ છે કે જે સદા હિતની વાત બતાવે છે અને સદા હિત જ કરે છે. સમાન આચારવિચારવાળા સ્વજાતિવર્ગને જ્ઞાતિ, માતા પિતા પુત્ર પુત્રી આદિને નિજક, કાકા ભાઇ આદિને સ્વજન, સસરો સાળો આદિને સંબંધી અને દાસ આદિને **પરિજન કહે છે. (૧–૨)**

કોલ્લાક સન્નિવેશમાં આનંદ ગાથાપતિના ઘણા મિત્રો વગેરે વસતા હતા. તે બધા આઢય દીપ્ત આદિ પૂર્વોકત* વિશેષણોથી વિશિષ્ટ હતા. (૮)

## પરિષદ કા વર્ણન

### મૂળનો અર્થ—तेणं कालेणं ઇત્યાદિ (૯)

એ કાળ એ સમયે શ્રમણ ભગવાન્ મહાવીર પધાર્યા. પરિષદ્ (સભા) નીકળી. રાજા કૂણિકની પેઠે જિતશત્રૂ રાજા નીકળ્યા. નીકળીને યાવત પર્યુપાસના કરી (૯).

### ટીકાનો અર્થ

**'समणे भगवं महावीरे जाव समोसरिए' એ પદોનો અર્થ પહેલાંની પેઠે સમજવો. જેમાં ચારે બાજુએથી મનુષ્યો એકઠા થાય છે અથવા જાય છે. તેને પરિષદ (સભા) કહે છે. 'પરિષદ્' શબ્દથી જો કે કોઇ સ્થાનનો જ બોધ**

* જુઓ આનંદના વિશેષણો.

થાય, છે અને સ્થાન અજીવ હોવાથી નિષ્ક્રિય છે, તેથી તે નીકળી શકતું નથી, તો પણ અહીં સ્થાન અને સ્થાનમાં રહેનારા અર્થાત્ આધાર આધેયમાં ઉપચારથી અભેદ છે; તેથી પરિષદ્માં એકઠી થએલી બધી વ્યકિતઓના નીકળવાનો અભિપ્રાય છે. લોકોમાં પણ સ્થાનને પરિષદ્ કહેવામાં આવતી નથી, પરન્તુ સ્થાનવિશેષમાં એકઠી થયેલી વ્યકિતઓને પરિષદ્ કહે છે: તેથી આ કથન નિર્દોષ છે લોકોમાં કહેવાય છે કે–"પરિષદે આ ઠરાવને અનુમોદન આપ્યું છે" વગેરે.

પરિષદ્ ત્રણ પ્રકારની છે: (૧) જ્ઞા, (૨) અજ્ઞા, (૩) દુર્વિદગ્ધા. જેના ચિત્તમાં નિંદનીય મતનો સ્પર્શ સુદ્ધાં ન હોય, જે ગુણ–દોષનો વિચાર કરવામાં હંસી જેવી હોય અને સાધારણ વકતાના પણ કથનના સારને ગંભીર વિચાર કરીને પૂરી રીતે ગ્રહણ કરવામાં સમર્થ હોય તે જ્ઞા (સમજદાર)

પરિષદ કહેવાય છે. જે થોડા જ્ઞાન વાળી હોય, જ્ઞા પરિષદ્થી ભિન્ન સ્વભાવવાળી પરન્તુ સહજમાં ઉપદેશ માની લે તેવી હોય, તે અજ્ઞા પરિષદ્ કહેવાય છે. જે મિથ્યા અહંકારથી ગાંવતં હોય, અહીં તહીંનાં થોડાં-ઘણાં પદ શ્લોક વાકયને બોલી બતાવીને પોતાને બૃહસ્પતિનો અવતાર સમજતી હોય, વિદ્વાનોથી તિરસ્કૃત થયા છતાં પણ જેને જરા પણ લાજ ન આવતી હોય, જગતમાં પોતાની યોગ્યતાનો ઢઢેરો પીટાવવાને માટે સૌની પહેલાં બૂમાબૂમ કરીને બોલતી હોય, પ્રત્યેક વિષયમાં પલ્લવમાત્રગ્રાહિણી (ઉપર-ઉપરની પંડિતાઇવાળી) હોય, કોઈ થોડીક વાત પૂછે તો હવાથી ભરેલી ધમણની પેઠે શ્વાસ લેવા લાગી જાય; ઘમંડની મારી બીજાઓના હિતકારી ઉપદેશને પણ ગ્રહણ ન કરે, તે દુર્વિદગ્ધા પરિષદ્ કહેવાય છે. કહ્યું છે કેઃ-

"જ્ઞા પરિષદ્ સહજમાં ઉપદેશ માનનારી અને નિષ્કપટી હોય છે. અજ્ઞા પરિષદ્ પણ પ્રાયઃ એવીજ હોય છે; પરંતુ દુર્વિગ્ધા પરિષદ્ લાખ ઉપાય કર્યે પણ સમજતી નથી". (૧)

એ પ્રમાણે ત્રણ પ્રકારની પરિષદ્ પણ પુનઃ પ્રત્યેક બે પ્રકારની છેઃ-(૧) લૌકિકી અને (૨) લોકોત્તરા, જે પરિષદ્ની યોજના રાષ્ટ્ર, દેશ (પ્રાંત), સંઘ જાતિ, કુલ, નગર, ગ્રામ આદિના હિત-અહિત સંબંધી વિચાર કરવા માટે કરવામાં આવી હોય તે લૌકિકી પરિષદ્ છે. જેમાં કેવળ શ્રુતધર્મ અને ચારિત્ર્યધર્મનું શ્રવણ યા મનન થતું હોય તે લોકોત્તરા પરિષદ છે. કહ્યું છે કે-

"જે રાષ્ટ્રઆદિના હિતને માટે કરવામાં આવી હોય, તે પરિષદ લૌકિકી મનાય છે અને જે શ્રુત-ચરિત્ર ધર્મને માટે પરિષદ હોય તે લોકોત્તરા મનાય છે." (૧) પ્રકરણનું અનુસરણ કરતાં અહીં લોકોત્તર-પરિષદ્ ગ્રહણ કરવી જોઇએ. વિસ્તારભયથી આ વિષયને સામાપ્ત કરીએ છીએ.

## અભિગમન કા વર્ણન

એ પારિષદ્ નીકળી. જેવી રીતે અર્થાત્ જેવા ઠાઠમાઠથી કૂણિક મહારાજા ભગવાનને વંદન કરવા જવાને માટે નીકળ્યો તેવા જ ઠાઠમાઠથી જિતશત્રુ રાજા પણ નીકળ્યો. 'निग्गच्छित्ता' શબ્દની પછી જે 'जाव' શબ્દ છે. તેથી આટલો સંગ્રહ થાય છેઃ-"(તે) શ્રવણ ભગવાન્ મહાવીરની પાસે પાંચ પ્રકારનો અભિ ગમ (મર્યાદા) કરીને ગયો, તે આ પ્રમાણેઃ-(૩) સચિત્ત ( પાન ઇલાયચી, માલા આદિ ) દ્રવ્યોને ત્યજીને, (૨) અચિત્ત ( વસ્ત્ર આભૂષણ આદિ) દ્રવ્યોને ત્યજ્યા વિના, (૨) એકશાટિક ( વગર સાધાનું માત્ર એક વસ્ત્ર )નો ઉત્તરાસંગ કરીને, અર્થાત્ નિરવદ્યતાને માટે એક માત્ર વસ્ત્રને મુખપર રાખીને (૪) ભગવાન્ દૃષ્ટિએ પડતાં જ અંજલિ બાંધીને (હાથ જોડીને), (૫) મનને સ્થિર કરીને, જે બાજુએ શ્રમણ ભગવાન્ મહાવીર હતા તે બાજુએ તે ગયો ત્યાં જઇને ત્રણ વાર પોતાના મુખના જમણાભાગથી આરંભીને પ્રદક્ષિણાઓ કરી. પ્રદક્ષિણાઓ કરીને સ્તુતિ કરી, નમસ્કાર કર્યા રાજા જિતશત્રુએ શ્રમણ ભગવાન્ મહાવીરની આ પ્રમાણે સ્તુતિ કરી હતી.

## જિતસત્રુ દ્વારા કી ગઇ ભગવાન મહાવીર કી સ્તુતિ

હે ત્રિલોકના નાથ ! પામીને દર્શન તારૂ,
સફળ થયું ભગવાન્, આજ જીવતર મારૂં;
તવ મુખ ક્ષીરસમુદ્ર થકી શુભ પરમ મનોહર,
વિસ્મયકર ઉપદેશ–સુધા પીવાનો અવસર;
મળ્યો આજ મુજને પ્રભુ ! માનું જીવન ધન્ય છુ,
ફળ્યા મનોરથ માહરા. ભાગ્યવાન હું અનન્ય છું. ॥ ૧ ॥
તવ ઉદાર પાદારવિંદની રજ હે સ્વામી !
ગ્રહવાને મમ મન–મધુપ છે અતિશય કામી;
જે નિરવધિ આનંદ મળે છે મુજને તેથી,
વર્ણન તેનું શકું કરી નહી આ મુખેથી .
નાથ ! વૈખરી વાણી તે, વર્ણવવા અસમર્થ છે,
નવ સૂઝે કયમ હું સ્તવું, સ્વામી પરમ સમર્થને ॥ ૨ ॥
તારાં ચરણજહાજ હું પામ્યો છું આ ટાણે
આ ભવસાગર માનું નાનું ખાબોચિયું જાણે
કર્મોને હું શીઘ્ર વિદારી નાખીશ આજે,
મુક્તિ પામીને પછી ફરી હું આવું શાને !
નાથ મનોહર પદ–યુગલ, ત્યાં સુધી મુજ મનમા રહે,
જ્યાં સુધી આ દીન:દાસ એ પરમ મુકિતપદને ગ્રહે ॥ ૩ ॥

સ્તુતિ અને નમસ્કાર કરીને શ્રમણ ભગવાન મહાવીરથી ન બહુ નજીક અને બહુ દૂર શુશ્રુષા ( પ્રવચન સાંભળવાની ઇચ્છા ) કરતાં, નમસ્કાર કરતાં, અંજલિ બાંધીને સામે વિનયપૂર્વક પર્યુપાસના (સેવા) કરવા લાગ્યો.

## અભિગમન કા વિચાર

### ‘અભિગમ’ પર વિચાર.

આ સંગ્રહુથી વીતરાગ અરૂપી અર્હન્ત ભગવાનની મૂર્તિ બનાવીને તે ( ભગવાન )ને માટે સાક્ષાત ભગવાન દ્વારા નિષિદ્ધ, સચિત્ત, પુષ્પ, જળ, ઇલાયચી, લવલી ( લતાવિશેષ ), તાંબૂલ, પાન, ફળ, માળા, દ્રાક્ષ, ધૂપ આદિ સમર્પણ કરવાં તે સ્વયં જ નિષિદ્ધ થઇ ગયું. જ્યારે ભગવાન પોતે વિહાર કરી રહ્યા હતા, ત્યારે પણ તેમની સામે જતા રાજા જિતશત્રુએ પાંચ પ્રકારની મર્યાદા ધારણ કરીને બધાં સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કર્યો હતો, કારણ કે સર્વ વિષયોના ત્યાગી ભગવાને ઉપદેશરૂપી અમૃતની મૂશળધાર વૃષ્ટિ કરીને ભવ્ય જીવોને પણ સચિત્ત વસ્તુઓ, ત્યાગી જનોની પાસે લાવવાનો નિષેધ કર્યો હતો; તો પછી મુક્તિ પામેલા વીતરાગની કલ્પિત મૂર્તિ પર સાક્ષાત્ સચિત્ત પદાર્થો ચઢાવવા એ અતિસાહસનું અને અનુચિત કામ છે. લોકવ્યવહારમાં પણ એમ જ માલુમ

પડે છે કે જે વસ્તુ જેની પાસે લાવવી અકલ્પ્ય છે, તે વસ્તુ તેને પોતાને માટે કેવળ તો અકલ્પનીયજ છે. જેણે દારૂને શાસ્ત્રથી નિષિદ્ધ સમજીને ત્યજી દીધો હોય તે કોઇ ભકતે ભકિતપૂર્વક તેની પાસે આણેલો દારૂ નિર્દોષ સમજીને સ્વીકારી લે, એવો ત્યાગી કોઇ વિવેકી હોઇ શકે નહિ.

**શંકા**—જેવી રીતે સમવસરણમાં દેવતાઓ પુષ્પની વૃષ્ટિ કરે છે, તેવી રીતે અમે પણ ભગવાનની કલ્પિત મૂર્તિ પર પુષ્પ આદિ ચડાવીએ છીએ

**સમાધાન**—એ કથન અનુચિત છે. દેવતાઓએ કરેલી પુષ્પવૃષ્ટિ અચિત્ત હોવાને કારણે આપનું ઉદાહરણ વિષમ છે.

**શંકા**—અમે પણ સચિત્ત નહિ તો અચિત્ત દ્રવ્ય ભગવાનને ભકિત ભાવથી અર્પણ કરીએ તો શો વાંધો છે ?

**સમાધાન**—જો આપ એમ કહો છો તો પક્ષપાતની વાત છોડીને, આંખો જરા બંધ કરીને, બુદ્ધિમત્તાની સાથે સૂક્ષ્મદષ્ટિથી વિચાર કરો કે–જો કોઇ ભકત ભકિત રસમાં ડૂબી જઇને નિર્મળ અચિત્ત જળથી સ્નાન કરાવીને આપને અચિત્ત ગંધ આદિથી પૂજે, અને પોતે આણેલાં અચિત્ત ભોજન–પાન આદિ આપે, તો શું એ ભક્તની એ પ્રકારની ભકિતથી આપ (ત્યાગી) પ્રસન્ન થશો ? જો ના કહો, તો પછી એ બેઉ વાત સરખી જ થઇ. આપ આ પ્રકારના સચિત્ત અને અચિત્ત પદાર્થોને પોતાને માટે કલ્પનીય માનો છો, અને જે ભગવાન મુકિતલાભ કરી ગયા છે, પરમત્યાગી છે, વીતરાગ છે, એવા ભગવાનને માટે તે પદાર્થોની કલ્પનીયવિષયક અનુમોદના કરો છો !!! વાહ ! આપની એ વ્યામોહ–વિડંબનાને ધન્ય છે, કહ્યું છે કે—

"જે પરમત્યાગી વીતરાગની સાવદ્ય પૂજા કરે છે.
તે અવિવેકી ઘણા કાલ સુધી સંસારમાં ભટકે છે."

માટે તે અત્યંત નિઃસાર અને કપોલકલ્પિત કથનને રહેવા દો. (સૂ. ૯)

**મૂલનો અર્થ— तए णं से आणंदे** ઇત્યાદિ (૧૦)

જ્યારે આનંદ ગાથાપતિને ખબર પડી કે રાજા જિતશત્રુ ભગવાનની પર્યુપાસના કરી રહ્યો છે, ત્યારે તેણે મનમાં એ પ્રમાણે વિચાર્યું 'શ્રમણ ભગવાન મહાવીર યાવત વિચરી રહ્યા છે, અર્થાત સમવસ્રત થયા છે, એ મહાન ફળપ્રદ છે, માટે હું જઉં યાવત પર્યુપાસના (સેવા) કરૂં.' એ પ્રમાણે વિચારીને, સ્નાન કરીને, શુદ્ધ અને સભાને યોગ્ય માંગલિક વસ્ત્ર ધારણ કરીને, અલ્પ પરન્તુ મૂલ્યવાન ભૂષણોથી શરીરને ભૂષિત કરીને પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને કુરંટના પુષ્પોની માળાથી યુકત, દાસ આદિએ ધરેલા છત્ર સહિત જનસમુદાયથી ઘેરાએલો આનંદ પગે ચાલતો ચાલતો વાણિજગ્રામની વચ્ચોવચ્ચ થઇને નીકળ્યો. નીકળીને જ્યાં દ્રુતિપલાશ ચૈત્ય હતું અને (તેમાં) જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર હતા ત્યાં તે આવ્યો. આવીને ત્રણવાર પોતાના મુખના જમણા ભાગથી આરંભીને પ્રદક્ષિણાપૂર્વક વંદના નમસ્કાર યાવત્ પર્યુપાસના (સેવા) કરી. (૧૦)

**ટીકાનો અર્થ**—જ્યારે આનંદ ગાથાપતિએ રાજા જિતશત્રુની પર્યુપાસના કરવાની વાત સાંભળી ત્યારે દ્રુતિપલાશ ચૈત્યમાં ભગવાન્ પધાર્યા હોવાની વાતનો આશય દૂત આદિથી સમજીને તે એમ વિચાર કરવા લાગ્યો કે: "આ પ્રમાણે શ્રમણ ભગવાન્ મહાવીર, આદિકર–ધર્મની આદિ કરનારા, તીર્થંકર–સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકારૂપ તીર્થના કરનારા, ઇત્યાદિ યાવત્ સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત થનારા, પૂર્વ તીર્થંકરોની પરિપાટીનું પરિપાલન કરતાં, ક્રમશઃ એક પછી બીજા ગ્રામમાં વિચરતાં, અકસ્માત્ જ આ નગરની બહાર દ્રુતિપલાશ ચૈત્યમાં પધાર્યા છે, એટલુંજ નહિ; પણ ત્યાં તેઓશ્રી બિરાજ્યા પણ છે, અને દેવ મનુષ્યોની પરિષદ્‌માં ભવ્ય જીવોને ઉપદેશ આપવાને માટે સમવસૃત થયા (સમોસર્યા) છે. સંયમીઓની મર્યાદાને અનુસરીને ઉદ્યાનપાલ પાસેથી નિવાસ કરવાની આજ્ઞા લઇને, સત્તર પ્રકારના સંયમ અને બાર પ્રકારના તપથી આત્માને ભાવતા બિરાજમાન છે. એ પ્રકારના અરિહંત ભગવાનનાં નામ–ગોત્ર સાંભળવાથી પણ મહાફળ થાય છે તો પછી તેમની સમક્ષ જવાની અને વંદન–નમસ્કાર–વાર્તાલાપ અને સેવા કરવાની તો વાતજ શી ? માટે હું પણ ત્યાં જાઉં અને 'યાવત' અર્થાત્– 'શ્રમણ ભગવાન મહાવીરને વંદના નમસ્કાર કરૂં, અભ્યુત્થાન આદિ નિરવદ્ય ક્રિયાઓ કરીને સત્કાર કરૂં, મનોયોગપૂર્વક અર્હન્ત ભગવાનનું યોગ્ય વાકયપ્રયોગ આદિ વડે સંમાન કરૂં, કર્મજન્ય બધી ઉપાધિઓ, વ્યાધિઓ, પીડાઓથી રહિત હોઇને મોક્ષને પ્રાપ્ત કરાવનાર, અથવા જ્ઞાનાદિ–રત્નત્રયરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને સંસારી જીવોને જન્મ જરા આદિ રોગોથી મુકત કરનાર–(कल्लाणं) કલ્યાણરૂપ, સમસ્ત હિતરૂપ હોવાથી સંસારસાગરથી પાર ઉતારનાર હોવાથી અથવા અજરતા અમરતા આદિ ગુણોથી ભૂષિત કરનારા–મોક્ષને

આપવવાળા હોવાથી (मंगलं) મંગલરૂપ, (देवयं) આરાધ્ય દેવ અને (चेइयं)* વિશિષ્ટ જ્ઞાનવાન્ (ભગવાન) ની હું વિનયપૂર્વક પર્યુપાસના (સેવા) કરૂં."

ગાથાપતિ આનંદે આ પ્રમાણે વિચાર કર્યો. પછી તેણે સ્નાન કર્યું અને અંતઃકરણને નિર્મળ કરીને તેણે સભામાં પહેરવા યોગ્ય શુદ્ધ, યથોચિત મંગળ સૂચક વસ્ત્રો ધારણ કર્યા. થોડા ભારવાળાં પરન્તુ મૂલ્યવાન્ ભૂષણોથી તેણે શરીરને ભૂષિત કર્યું અને પછી તે પોતાને ઘેરથી નીકળ્યો. નીકળીને કુરંટનાં ફૂલની માલા સહિત અને નોકરના હાથમાં ધારણ કરાયલા છત્રથી યુક્ત થઇ, જનસમુદાયથી ઘેરાયલો, પગપાળો, વાણિજગ્રામ નગરની વચ્ચે થઇને નીકળ્યો. નીકળીને દૂતિપલાશ ચૈત્યની તરફ જ્યાં ભગવાન્ બિરાજમાન હતા ત્યાં તે આવ્યો આવીને પ્રદક્ષિણા આદિ પૂર્વોકત બધો વિધિ કર્યો અને પર્યુપાસના (સેવા) કરવા લાગ્યો. (૧૦)

**મૂળનો અર્થ**—तए णं समणे ઇત્યાદિ. (૧૧) ત્યારબાદ શ્રમણ ભગવાન્ મહાવીરે આનંદ ગાથાપતિને માટે એ અતિ વિશાળ પરિષદ્‌માં (યાવત્) ધર્મકથા કહી. પરિષદ્ પાછી ફરી અને રાજા પણ પાછો ફર્યો. (૧૧)

## ભગવાન સે ધર્મ કથા કા શ્રવણ

ટીકાનો અર્થ— પછી એ અતિ વિશાળ પરિષદ્‌ની વચ્ચે ભગવાને અદ્‌ભુત (અલૌકિક– અશ્રુતપૂર્વ) સમ્યક્ ઉપદેશ આપ્યો તે ઉપદેશ સમ્યક્ શા માટે હતો ? તો કહેછે જે પ્રકારે જીવો કર્મોથી બંધાય છે, જે પ્રકારે મુક્ત થાય છે અને જે પ્રકારે સંકલેશ પામે છે, તે બધું ભગવાને યથાર્થ નિરૂપણ કર્યું તેથી તેમનો ઉપદેશ સમ્યક્ હતો.

ભગવાન જેનો ઉપદેશ આપે છે તે ધર્મ કેટલા પ્રકારનો છે ? એનું કેવું સ્વરૂપ છે. ? અથવા ભગવાને ઉપદેશેલી ધર્મકથા કેવા પ્રકારની છે ? એ જિજ્ઞાસા ઓનું વિસ્તારપૂર્વક સમાધાન ઔપપાતિક સૂત્રથી સમજી લેવું. એ વાતનો સંકેત કરવાને માટે જ મૂળમાં **ધર્મકથા** પદ આપેલું છે,

## લોકાલોકસ્વરૂપ કા વર્ણન

*ધર્મકથાનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં આ પ્રમાણે છે.

**ધર્મકથા.**

લોક છે. જે અવલોકી શકાય તેને લોક કહે છે.

**શંકા**—'લોક' પદનો અર્થ શો ? જો કોઇએ કોઇ એક ગામને અવલોકયું (જોયું) તો શું એટલો જ લોક છે ?

**સમાધાન**—એમ ન કહો, કેમકે બીજો એનાથી પણ વધારે ગામો જુએ છે.

**શંકા**—તો શું જેટલાં ગામ આદિ આપણે જોઇએ છીએ તેવડોજ લોક છે ?

**શંકા**—ત્યારે તો અલોક પણ લોક થઇ ગયો ! કારણ કે સર્વજ્ઞ ભગવાન્ તેને પણ જુએ છે.

**સમાધાન**—નહીં, ધર્માસ્તિકાય આદિના આધારભૂત જે આકાશવિશેષને સર્વજ્ઞ દેખે છે તે લોક છે. અમારા કથનનું એજ તાત્પર્ય છે.

એ લોક બેઉ હાથ કમર પર રાખીને તથા પગ પસારીને ઉભેલા પુરૂષની સમાન અથવા નાચતા ભૈરવના ઉપાસક (ભુવા)ની આકૃતિની સમાન છે. ઉર્ધ્વ, મધ્ય અને અધઃ (નીચેના)ના ભેદથી તેના ત્રણ ભેદ છે. ચૌદ રજ્જુ પ્રમાણ-વાળો તથા અસંખ્યાત પ્રદેશી છે. અલોક, લોકથી વિપરીત છે.

**શંકા**—જીવ પુદ્ગલ આદિ આધાર વિના રહી શકતા નથી, એનું કારણ એનો આધારભૂત લોક તો હોઈ શકે છે, પરંતુ અલોકનું અસ્તિત્વ સ્વીકારી શકાતું નથી, કારણ કે તેને આપ અમૂર્ત માનો છો; તેથી તે ઇંદ્રિયોથી જાણી શકાતો નથી. માટે અલોકને સિદ્ધ કરનારૂં કોઈ પ્રમાણ નથી. બાકી રહ્યું મન, પણ બાહ્ય વસ્તુમાં મનની પ્રવૃત્તિ ત્યારે જ થાય છે કે જ્યારે ઇંદ્રિયો દ્વારા પદાર્થને જાણી લેવામાં આવે; અલોકને જ્યારે ઇંદ્રિયો દ્વારા નથી જાણી શકાતો, તો મનદ્વારા પણ નથી જાણી શકાતો; તો પછી અલોક કેવી રીતે માનો છો ?

**સમાધાન**—આ શંકા બરાબર નથી. ઇંદ્રિય અને મનની દ્વારા ન જાણી શકવાને કારણે અલોકના અસ્તિત્વનું ખંડન કરી શકાતું નથી; નહિં તો મરણ પામેલા દાદા, વડદાદા આદિનો પણ અભાવ માનવો પડશે, કારણ કે તેમને પણ ઇંદ્રિયોથી નથી જાણી શકાતા, તો આપના કથનાનુસાર મનથી પણ નથી જાણી શકાતા; પરંન્તુ જેમ દાદા આદિનું અસ્તિત્વ એવા અનુમા-નથી સિદ્ધ કરવામાં આવે છે કે 'દાદા આદિ પૂર્વે હતા, કારણ કે તેમના વિના અમારૂં શરીર ઉત્પન્ન થઇ શકત નહિં;' તેમ "લોક સપ્રતિપક્ષ છે, કારણ કે તે વ્યુત્પત્તિવાળા શુદ્ધ પદનો વાચ્ય છે જે વ્યુત્પત્તિવાળા શુદ્ધ પદનો વાચ્ય હોય છે તે સપ્રતિપક્ષ હોય છે, જેમ કે ઘટ" અને લોકનો પ્રતિપક્ષ સત્તાવાન અલોકજ છે, કારણ કે પ્રતિપક્ષ એજ હોય છે કે જેનામાં સત્તા રહેલી હોય છે. તાત્પર્ય એ છે કે 'લોક' શબ્દની 'लोक्यते इति लोकः' એવી વ્યુત્પત્તિ છે. તે માટે એ 'લોક' શબ્દ વ્યુત્પત્તિવાળો છે. વળી 'લોક' શબ્દમાં સમાસ નથી-અનેક પદોને મેળવીને 'લોક' શબ્દ બનાવ્યો નથી પરંતુ તે સ્વતંત્ર એક શબ્દ છે. તે માટે તે શુદ્ધ એકજ પદ છે. એવો નિયમ છે કે જે પદાર્થ વ્યુત્પત્તિવાળા શુદ્ધ પદનાં વાચ્ય હોય છે, તેનો પ્રતિપક્ષ અર્થાત્ વિરોધી (ઉલટો) પણ અવશ્ય હોય છે, જેમ કે ઘટનો વિરોધી અઘટ (ઘટથી ભિન્ન તેના જેવો બીજો કોઇ પદાર્થ પણ અવશ્ય છે, આ સર્વસંમત નિયમાનુસાર લોકનો વિરોધી પણ તેના જેવો કોઇ પદાર્થ અવશ્ય હોવો જોઇએ. બસ, એનો જે વિરોધી અને એના જેવો-આકાશવિશેષ-છે તે જ અલોક છે. તે અલોક પણ અસ્તિત્વવાન્ છે, કારણ કે વ્યુત્પત્તિવાળા શુદ્ધ પદનો વિરોધી અસ્તિત્વવાન્ હોય છે. એ પ્રમાણે અલોક સિદ્ધ થાય છે.

## જીવાજીવાદિસ્વરૂપ કા વર્ણન

જે જીવિત હતો, જીવિત છે અને જીવિત રહેશે, તે જીવ છે; અર્થાત્ સંસાર અવસ્થા અને મુકત અવસ્થા–બેઉ અવસ્થાઓમાં ( સદા સર્વદા ) જે ઉપયોગથી યુકત રહે તેને જીવ કહે છે. કહ્યું છે કે–" જીવ; ઉપયોગ સ્વભાવવાળો છે." ઇત્યાદિ જીવત-ત્વનું વિશેષ કથન મારા બનાવેલા ' તત્વપ્રદીપ ' ગ્રંથમાં જોઇ લેવું.

જીવથી વિપરીત સ્વભાવવાળો અજીવ છે;–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય પુદ્‌ગલાસ્તિકાય તથા કાલ એ બધા અજીવ છે.

જેની દ્વારા પરતંત્ર થઈ જાય–બંધાય–તેને બંધ કહે છે. અથવા અભીષ્ટ સ્થાનપર પહોંચવામાં બધા પહોંચાડનાર, લોઢાના ગોળા અને અગ્નિની સમાન આત્મા અને કર્મને એકમેક કરી દેનાર બંધ છે.

આત્માનું મુકત–સ્વતંત્ર–થઈ જવું એ મોક્ષ છે. તે બે પ્રકારનો છે; (૧) દ્રવ્યથી, અને (૨) ભાવથી બેડી વગેરેથી છૂટી જવું તે દ્રવ્યમોક્ષ છે અને જ્ઞાનાવરણુ આદિ આઠ કર્મોથી છટી જવું એ ભાવમોક્ષ છે.

જે ભલું કરે અથવા આત્માને પવિત્ર બનાવે તે પુણ્ય છે. અથવા જેના નિમિત્તથી આત્મા પવિત્ર થાય તેને પુણ્ય કહે છે. તાત્પર્ય એ છે કે–પુણ્ય સંસારરૂપી સમુદ્રથી પાર ઉતરવાને માટે તરણિ (નાવ) ની સમાન છે.

જે આત્માને શુભ પરિણામોથી દૂર કરી નાખે તે પાપ છે. અથવા જે આત્માને અશુભ સ્થાન (પરિણામ)ની રક્ષા કરે છે તે પાપ તાત્પર્ય એ છે કે જે આત્મામાં મલિનતા ઉત્પન્ન કરવાનું કારણ છે તે પાપ છે.

બંધથી લઇને પુણ્ય સુધીનાં ત્રણ તત્વોનું વિસ્તારપૂર્વક કથન મારી બનાવેલી દશવૈકાલિક સૂત્રની 'આચારમણિમંજુષા' નામની ટીકાના ચોથા અધ્યયનમા જોઇ લેવું, અને પાપ તત્વનું કથન શ્રમણસૂત્રનાં 'મુનિતોષણી' ટીકામાં જોઇ લેવું.

જેની દ્વારા જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારનાં કર્મ આત્મામાં બધી બાજુએથી પ્રવેશ કરે છે તેને આસ્રવ કહે છે. 'आसवे' ની છાયા જો 'आश्रवः' કરવામાં આવે તો તેનું તાત્પર્ય એ છે કે જેની દ્વારા કર્મોનું ઉપાર્જન થાય તેને આસ્રવ કહે છે. તાત્પર્ય એ છે. કે જીવરૂપી તળાવણાં કર્મરૂપી જળના પ્રવેશને માટે જે નળીની સમાન થાય તે આસ્રવ છે,

## સંવરાદિ કે સ્વરૂપ કા વર્ણન

જેની દ્વાર:; આવેલાં કર્મો રોકાઇ જાય તેને સંવર કહે છે. એ બે પ્રકારનો છેઃ (૧) દ્રવ્યસંવર અને (૨) ભાવસંવર. ચીકણી માટી આદિ દ્વારા નાવ આદિનાં છિદ્રનું બંધ થઇ જવું કે જે છિદ્રદ્વારા હંમેશાં જળ અંદર દાખલ થતું રહેતું હોય, તે દ્રવ્યસંવર છે. આત્મારૂપી નાવમાં આવનારા કર્મોનું સમિતિ ગુપ્તિ આદિ દ્વારા રોકાઇ જવું તે ભાવસંવર છે, અહીં ભાવસંવરનું જ પ્રકરણ છે, માટે તેનું ગ્રહણ સમજવું.

આબાધાકાલની સ્થિતિ પૂર્ણ કરીને અથવા ઉદીરણા કરીને, ઉદયમાં આવેલાં કર્મોનો અનુભવ કરવો એ વેદના* છે. કોઈ આચાર્યના મતાનુસાર સુખ, દુ:ખ, અનુભવ અને સ્વભાવ જેની દ્વારા વેદાય (ભોગવાય) તે વેદના છે. એ વેદના વિપાકોદયિકી, પ્રદેશોદયિકી, અભ્યુપગમિકી, ઓપક્રમિકી આદિ અનેક પ્રકારની છે, એનો વિસ્તાર અન્ય ગ્રંથોમાં જોઈ લેવો.

એક દેશથી અર્થાત કોઈ કર્મોનું આત્માથી ક્ષીણ થઈ જવું તે નિર્જરા છે. નિર્જરા અને મોક્ષમાં એટલો ભેદ છે કે–કેટલાંક કર્મોનું ક્ષીણ થવું એ નિર્જરા છે અને બધાં કર્મોનું ક્ષીણ થવું એ મોક્ષ છે.

+ કર્મોનો ઉદય બે પ્રકારે થાય છે : (૧) આબાધાકાલ (બંધ થયા પછી અને ઉદય થયા પૂર્વ સુધીનો સમય) પૂરો થતાં કર્મ પોતે જ ઉદયમાં આવે છે. (૨) આબાધા-કાલની સ્થિતિ પૂર્ણ થયા પહેલાં જ તીવ્ર તપશ્ચરણ આદિ નિમિત્તોથી કર્મ ઉદયમાં આવે છે, તેને ઉદીરણા કહે છે.

## નરકાદિ કે સ્વરૂપ કા વર્ણન

જે સિદ્ધિપદ પ્રાપ્ત કરવાને અર્હ (યોગ્ય) થઈ ગયા છે તે અર્હન્ત છે. 'અર્હન્ત' ની વિસ્તૃત વ્યાખ્યા મારી બનાવેલી શ્રમણસૂત્રની 'મુનિતોષણી' ટીકામાં પૂર્ણ રીતે જોઈ લેવી.

જે છ ખંડવાળા ભરત ક્ષેત્રના પૂર્ણ સ્વામી હોય તે ચક્રવર્તી છે. ભરત આદિ બાર ચક્રવર્તી ( આ અવસર્પિણી કાળના ) છે. બળદેવ પ્રસિદ્ધ છે. ભરતક્ષેત્રના ત્રણ ખંડોના સ્વામીને વાસુદેવ કહે છે.

વિવિધ પ્રકારની યાતનાઓ આપીને જીવો પાસે જે કકળાટ ( હાહાકાર ) કરાવ છે, અથવા યાતાનાઓ પામેલા જીવો જયાં હાહાકાર મચાવે છે, તે નરક છે. આર્થાત્ પાપી જીવોની યાતનાઓનાં સ્થાન રત્નપ્રભા આદિને નરક કહે છે.

જેઓમાંથી શુભ ફળ નીકળી ગયું હોય તેને ' નિરય ' અને નિરયોમાં ઉત્પન્ન થનારા જીવોને નૈરયિક ( નારકી ) કહે છે.

દેવ મનુષ્ય અને નારકથી ભિન્ન–એકેંદ્રિય આદિ જીવોને તિર્યગ્યોનિર ( તિર્યંચ ) કહે છે. જે તિર્યંચ સ્ત્રી હોય તે તિર્યગ્યોનિ છે.

માતા અને પિતા પ્રસિદ્ધ છે. જેઓ ષડજીવનિકાયને આત્માની સમાન માને છે, અથવા જેઓ મોક્ષમાર્ગમાં ( વિશેષ ) પ્રવૃત્તિ કરે છે, તેમને ઋષિ કહે છે. પુણ્યથી પ્રાપ્ત થનારી અલૌકિક ક્રીડાને ભોગવનારા ભવનપતિ આદિ દેવ ( દેવતા ) કહેવાય છે. દેવોનાં સૌધર્મ અશાન આદિ સ્થાનોને દેવલોક કહે છે.

જેને પ્રાપ્ત કરીને સિદ્ધ (કૃતકૃત્ય) થાય છે તેને સિદ્ધિ કહે છે. જેઓ કૃતકૃત્ય થઈ ચૂકયા છે તેને સિદ્ધ કહે છે, અથવા પુનરાગમનથી રહિત થઈને જે લોકોના અગ્ર ભાગને પ્રાપ્ત થઈ ચૂકયા છે તેને સિદ્ધ કહે છે. એ સિદ્ધ ચરમ શરીરથી તૃતીય ભાગહીન, જઘન્ય આઠ આંગળ અધિક એક રત્નિ અવગાહનાવાળા, તથા ઉત્કૃષ્ટ બત્રીસ આંગળ અધિક ત્રણસો તેત્રીસ ધનુષ અવગાહનાવાળા હોય છે. બધાં કર્મોના સર્વથા ક્ષયથી ઉત્પન્ન આત્યન્તિક સુખને પરિનિર્વાણ કહે છે. પુનરાગમનથી તથા સંસારસંબંધી બધા સંતાપના સમૂહથી રહિત જે હોય તેને પરિનિર્વૃત કહે છે.

ઉચ્છ્વાસ નિ:શ્વાસ આદિ પ્રણોનો અતિપાત–પ્રાણીથી વિયોગ કરવો એ પ્રાણાતિપાત અથવા હિંસા છે. કહ્યું છે કે—

## પ્રાણાતિપાતાદિ કે સ્વરૂપ કા વર્ણન

" પાંચ ઇંદ્રિયો, ત્રણ બળ ( મન, વચન, કાય ) ઉચ્છ્વાસ–નિશ્વાસ (શ્વાસોચ્છવાસ) અને આયુ, એ પ્રમાણે દસ પ્રાણ ભગવાને નિરૂપ્યા છે, અને એનો વિયોગ કરવો તેને હિંસા કહી છે. " (૧)

અસત્ય ભાષણ કરવું તેને મૃષાવાદ કહ્યો છે. દેવ, ગુરૂ, રાજા ગાથાપતિ અને સાધર્મીની આજ્ઞા વિના કોઇ વસ્તુને ગ્રહણ કરવી તે અદત્તાદાન છે. મિથુન (સ્ત્રી–પુરૂષ) દ્વારા કરાતા કર્મને અર્થાત્ કામક્રીડાને મૈથુન કહે છે. જેના દ્વારા આત્માને, જન્મ જરા મરણ આદિનાં દુઃખોથી ગૃહીત (યુક્ત) કરવામાં આવે છે અથવા મમતારૂપ પરિણામોથી ગૃહણ કરવામાં આવે છે. તેને પરિગ્રહ કહે છે.

ક્રોધ–મોહનીય કર્મના ઉદયથી સ્વ અને પરના ચિત્તમાં વિકાર કરનારા આત્માના પરિણામવિશેષને ક્રોધ કહે છે. જેને લીધે મનુષ્ય બીજાને પોતા કરતાં હીન–તુચ્છ માને છે, તે માનમોહનીયના ઉદયથી ઉત્પન્ન થનારા પરિણામવિશેષને માન કહે છે. માયા–મોહનીયના ઉદયથી ઉત્પન્ન થનારા વંચના (ઠગાઇ) રૂપ આત્માના પરિણામને માયા કહે છે, અર્થાત્ સ્વ–પરમાં વ્યામોહ પેદા કરનારા આત્માના આચરણવિશેષને માયા કહે છે. લોભપ્રકૃતિના ઉદયથી થનારા દ્રવ્ય આદિની અભિલાષારૂપ આત્મપરિણામને લોભ કહે છે.

અહીં જે ' જાવ ' (યાવત્) શબ્દ છે, તેથી. રાગ, દ્વેષ. કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ રતિ–અરતિ, માયા–મૃષા, મિથ્યાદર્શનશલ્યનું ગ્રહણ કરવું.

આત્મા જેનાથી રકત–અનુરંજિત થાય, તે રાગ છે. અર્થાત્ આત્માના મૂર્ચ્છારૂપ પરિણામને રાગ કહે છે : રાગ બે પ્રકારનો છે : એક પ્રશસ્ત અને બીજો અપ્રશસ્ત દેવ, ગુરુ, ધર્મના વિષયમાં અથવા અનુકંપા–દાન આદિના વિષયમાં થતો રાગ પ્રશસ્ત રાગ છે, અને સ્ત્રી આદિ વિષયક રાગ અપ્રશસ્ત રાગ છે, કહ્યું છે કે–

## રાગાદિ કે સ્વરૂપ કા વર્ણન

" શાસ્ત્રમાં બે પ્રકારનો રાગ કહ્યો છે: એક પ્રશસ્ત અને બીજો અપ્રશસ્ત દેવ આદિ વિષયક પ્રશસ્ત અને સ્ત્રીઆદિ વિષયક અપ્રશસ્ત રાગ છે." (૧)

પરંતુ એ બેઉ ભેદોમાંથી પ્રકરણવશ અને દ્વેષની સાથે રહેવાને કારણે સ્ત્રીઆદિ વિષયક અપ્રશસ્ત રાગનું જ અહીં ગ્રહણ કરવાનું છે.

આત્માના અપ્રીતિરૂપ પરિણામને દ્વેષ કહે છે. કલ (આનંદ)ની જે હ=હત્યા (નાશ) કરે તે વાગ્યુદ્ધને કલહ કહે છે. ખુલ્લી રીતે જૂઠો દોષ લગાડવો તે અભ્યાખ્યાન છે. બીજાના ગુણો ન સહી શકવાને કારણે એના દોષ પ્રકટ કરવા તે પૈશુન્ય છે. કાકુ (વક્રોકિત) અર્થાત્ કટાક્ષકથન આદિ દ્વારા બીજાઓનો દોષ શોધવો એ પરપરિવાદ છે. વિષયસંબંધી અભિરૂચિને રતિ કહે છે. સંયમ આદિ વિષયક અભિલાષા

ન હોવી તેને અરતિ કહે છે. વસ્તુતઃ 'અરતિ રતિ' એક જ પદ છે. તેથી મોહના ઉદયથી થતા ચિત્તના ઉદ્વેગને અરતિ અને વિષયોમાં થતી રૂચિને રતિ કહે છે. માયાસહિત મૃષા, અથવા માયા અને મૃષાને અર્થાત્ કપટપૂર્વક અસત્ય ભાષણને માયામૃષા કહે છે. મિથ્યાદર્શન રૂપ શલ્યને મિથ્યાદર્શનશલ્ય કહે છે. તીરની અણિ શલ્ય જેમ દુઃખદાયી હોય, તેમ મિથ્યાદર્શન પણ દુઃખદાયી છે. તેથી મિથ્યાદર્શનને શલ્ય કહ્યું છે.

**સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ શ્રદ્ધાનપૂર્વક પૂર્વોક્ત પ્રાણાતિપાતનો ત્યાગ કરવો એ પ્રાણાતિપાતવિરમણ છે.**

## માયામૃષાદિ કે સ્વરૂપ કા વર્ણન

**અહીંના 'જાવ' ( યાવત્ ) શબ્દથી–મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ,** ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પશુન્ય, પરપરિવાદ, રત્યરતિ, માયા–મૃષા, સુધીનો સંગ્રહ કરેલો છે. તેથી 'જાવ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે:– "મૃષાવાદ આદિથી લઈને મિથ્યાદર્શનરૂપ પૂર્વોક્ત શલ્યથી પૃથક્ (જૂદા) થવું" તેનો ત્યાગ કરવો–મિથ્યાદર્શન શલ્યવિવેક છે. એ પ્રમાણે 'યાવત' શબ્દથી ગૃહીત મૃષાવાદ આદિથી તથા મિથ્યાદર્શનશલ્યથી પૃથક્ થવું (રહિત થવું) એ અર્થ નીકળે છે.

સત્તારૂપ ક્રિયાથી સહિત ભાવને વસ્તુસત્ત્વ કહે છે અર્થાત–"જીવ છે, અજીવ છે, પુણ્ય છે. પાપ છે" ઇત્યાદિ રૂપે વસ્તુના યથાર્થ સ્વરૂપનું નિરૂપણ કરવું એ અસ્તિભાવ કહેવાય છે. આ 'અસ્તિ'ની અપેક્ષાએ જ કહેવાય છે કે "જીવત્વ હોવાથી જીવ છે, અજીવત્વ હોવાથી અજીવ છે" ઇત્યાદિ.

## સુચીર્ણકર્માદિ કે સ્વરૂપ કા વર્ણન

'अजीवत्वे अजीवः, अपटत्वे–अपटः' એ પ્રકારના ભાવને નાસ્તિભાવ કહે છે.

પ્રશસ્તરૂપ સંપાદિત કર્મ અર્થાત્ દાન આદિ શુભકર્મ શુભફળ દેનારાં હોય છે અને દુષ્કર્મ દુષ્ફળ દેનારાં હોય છે. શુભક્રિયાઓથી પુણ્ય બંધાય છે અને અશુભક્રિયાઓ પાપકર્મ બંધાય છે.

**શંકા**—શરીરની સાથે જીવનો પણ નાશ થઈ જાય છે, તો પછી પુણ્યપાપ કોણ બાંધે છે ?

**સમાધાન**—બધા જીવો પુનઃ પુનઃ જન્મ મરણ કરે છે, શરીરની સાથે નષ્ટ થતા નથી. આ કથનથી ચાર્વાકનો એ મત ખંડિત થાય છે કે–"જ્યાં સુધી જીવવું છે, ત્યાં સુધી સુખે જીવો, (ગાંઠે પૈસા ન હોય તો) દેવું કરીને પણ ઘી પીઓ, કારણકે આ દેહની જ્યારે ભસ્મ થઈ જશે તો પછી પાછા આવવાનું કેવી રીતે બનશે ? (૧) જેની જેવી ઇચ્છા થાય તેમ તેણે સ્વચ્છન્દતાપૂર્વક આનંદથી આચરણ કરવું. દેહ આદિથી જૂદો કોઈ તાત્વિક આત્મા જ નથી (૨) જેમ અનેક ઔષધોના મિશ્રણથી એક વિશિષ્ટ ગુણવાળો પદાર્થ તૈયાર થાય છે પૃથિવી તેમ જળ આદિના મિશ્રણથી ચૈતન્ય બની જાય છે. (૩)"

ઇન્દ્રિય, પ્રાણ અપાન, નિમેષ, ઉન્મેષ જીવન આદિ ગુણોથી, સુખદુ:ખયુકતપણાથી, બાળકનું પણ શરીર કોઇ અન્ય શરીરથી જ ઉત્પન્ન થાય છે; તેથી સ્વપ્નઆદિના દૃષ્ટાન્તથી અને જીર્ણ વસ્ત્રને ત્યજીને નવું વસ્ત્ર ધારણ કરવાના ન્યાયથી નિર્વિવાદ પુનર્જન્મ સિદ્ધ થાય છે.

## ચાર્વાક મતવિચાર

### ચાર્વાક (નાસ્તિક) મત-વિચાર.

**ચાર્વાક**—જેમ ભિન્ન ભિન્ન ગુણવાળી અનેક ઔષધિઓને એકઠી કરવાથી એક વિલક્ષણ જ ગુણ ઉત્પન્ન થાય છે, અથવા જમીન પર પડેલા દહીં અને છાણ આદિના અચેતન સમૂહથી ચેતન–વીંછી આદિની ઉત્પત્તિ થાય છે, અથવા ધાતકીપુષ્પ, ગોળ અને જળ આદિના સંયોગથી મદ્ય–દારૂ બને છે, તેમજ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતોથી પ્રત્યેક શરીરમા નવા નવા ચેતનપર્યાય (ચૈતન્ય) ઉત્પન્ન થાય છે, પરન્તુ એક જ આત્મા જૂદા જૂદા શરીરોમા પ્રવેશ કરતો નથી

તેમજ, "જે પદાર્થોના એક અવયવમાં જે શક્તિ નથી હોતી, તે શકિત એમના મિશ્રણથી પણ ઉત્પન્ન નથી થઇ શકતી. જેમ વેળુના એક કણમાં તેલ આપવાની શકિત નથી, તેથી વેળુની હજાર ખાંડીનો સમૂહ પણ તેલ આપવા અસમર્થ છે, તે ન્યાયે જો અલગ અલગ પૃથ્વી આદિ ભૂતોમાં ચૈતન્ય ઉપલબ્ધ થતું નથી, તો તેના સમૂહમાં પણ એ ઉપલબ્ધ થઇ શકતું નથી," આ કથન પણ બરાબર નથી, કારણકે એથી વિપરીત દૃષ્ટાન્ત પણ પ્રત્યક્ષ જોવામાં આવે છે, તે એ પ્રમાણે કે-જેમ એક તલમાં તેલ આપવાની શક્તિ છે તેથી તેના સો ખાંડીના સમૂહમાં પણ તેલ આપવાની શકિત છે; તે પ્રમાણે પ્રત્યેક પૃથ્વી આદિ ભૂતમાં ચૈતન્ય અવ્યકતરૂપે મોજૂદ રહે છે. એજ (ચતન્ય) એના સમૂહમાં વ્યકત થઇ જાય છે. એવી અમારી માન્યતા છે.

આ કથન નાસ્તિકોના અજ્ઞાનનું ફળ છે, કારણ કે દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકની સમાનતા નથી જો ચતન્યને પૃથિવી આ પાંચ ભૂતોનો ધર્મ માનવામાં આવે તો મૃત શરીર (મુડદા)માં પણ ચૈતન્ય માનવું પડશે, કારણ કે મુડદામાં પણ ભૂતોના ગુણ વિદ્યમાન હોય છે, પરંતુ એથી સર્વથા વિપરીત, મુડદાના દૃષ્ટાન્તથી પૃથ્વી આદિમાં ચૈતન્યની બીનમોજૂદગીનો જ નિશ્ચય થાય છે. જો મુડદામાં ચૈતન્ય હોય તો અવશ્ય ઉપલબ્ધ થાત, પરન્તુ ઉપલબ્ધ થતું નથી. તેથી તેનો ત્યાં અભાવ જ સિદ્ધ થાય છે, સસલા યા ઘોડાનાં શિંગડાંની પેઠે.

મુંડદામાં વાયુ અને તેજ વિદ્યમાન હોતું નથી, તેથી ચૈતન્ય પણ વિદ્યામાન હોતું નથી તેથી આપે બતાવેલો દોષ બરાબર નથી." એ કથન પણ બરાબર નથી, કારણકે નળી દ્વારા યા ફૂંક મારીને વાયુનો પ્રવેશ કરાવવાથી અને અગ્નિનો પણ સંયોગ કરાવવાથી ચૈતન્યની ઉપલબ્ધિ નથી થતી, એ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે. જો એમ કહો કે—"વિશિષ્ટ વાયુ અને તેજનો તેમાં અભાવ છે, તેથી મુડદામાં ચૈતન્ય માલુમ પડતું નથી." તેથી તો અમારો જ મત સિદ્ધ થયો, કારણ કે આપ જે વિશિષ્ટતા કહો છો, તે પંચ ભૂતોથી જૂદી આત્માની જ હોઇ શકે છે, બીજા કશાની અર્થાત્ ભૂતોની નહિ, કારણકે ભૂત તો મોજૂદ જ છે.

બીજી વાત એ છે કે–જેમ કર્તા ( ક્રિયા કરનારા–સુથાર ) વિના વાંસલો કે

કરવત આદિ કરણ (સાધન) કાષ્ઠને છેદવામાં અકિંચિત્કર છે, તેમ શરીરથી ભિન્ન આત્મારૂપ કર્તા ઇન્દ્રિયોરૂપી કરણ-શયન, આસન (બેસવું), ભોજન આદિ કાર્યો કરવામાં સર્વથા અસમર્થ છે. એ અનુમાનથી પણ આત્માની સિદ્ધિ થાય છે. અને તલ-તેલનું દ્રષ્ટાંત તો તમારા જેવાને જ શોભે છે, કે જેમણે અધ્યાત્મતત્ત્વનો વિવેક કદી સાંભળ્યો કે જોયો નથી. બધા માણસો સારી પેઠે જાણે છે કે પૃથ્વી આદિ મહાભૂત જડ છે, તેથી તેમાના એકકેમાં પણ ચૈતન્ય નથી. અસ્તુ. એ નિસ્સાર વાતોને અમે વધારે લંબાવવા ઇચ્છતા નથી.

હવે પ્રસ્તુત પ્રકરણ પર આવીએ છીએ. જ્યારે ઉકત પ્રકારે એ સિદ્ધ થઇ ચૂકયું કે જીવ નવા નવા પર્યાયોમાં ઉત્પન્ન થાય છે, તો પુણ્ય અને પાપ પણ સફળ સિદ્ધ થયાં. તાત્પર્ય એ છે ક પુણ્ય-પાપનાં શુભ-અશુભ ફળ જીવ ભોગવ છે. જીવ જન્માન્તરને ધારણ કરે છે અને પૂર્વ જન્મનાં પુણ્ય-પાપ એ જન્માંતમાં પણ શુભ અશુભ ફળ આપે છે; તેથી તે નિષ્ફળ નથી, સફળ જ છે.

પુનઃ વિસ્તારપૂર્વક ધર્મની વ્યાખ્યા કરીએ છીએ:—

## નિગ્રંથ પ્રવચન મહિમા કા વર્ણન

લોકપ્રસિદ્ધ અથવા હમણાં તમે મારા મુખથી જે સાંભળ્યું છે તે બાહ્યાભ્યન્તર પરિગ્રહથી રહિત નિર્ગ્રન્થોનું પ્રવચન (શ્રેષ્ઠ વચન) સત્ય છે-અર્થાત પ્રાણીઓને પદાર્થોને અને મુનિઓને હિતકારક છે, અથવા જીવ આદિ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ ચિંતન કરવાથી મુનિ આદિને માટે સાધુ (કલ્યાણકારી) છે. અથવા સત્ અર્થાત્ જીવાદિના સ્વરૂપને દ્રવ્યગુણ અને પર્યાયરૂપે યથાર્થ પ્રતિપાદન કરનારૂં છે. એ નિર્ગ્રન્થ પ્રવચન સર્વથી શ્રેષ્ઠ છે, કેવળી ભગવાને ઉપદેશેલું છે, નિર્મળ છે, પ્રતિપૂર્ણ છે; અર્થાત્ સૂત્રમાં માત્રા કે મીંડું લગાડવાની જરૂર નથી અને અર્થમાં કાંઇ આકાંક્ષા કે અધ્યાહારની લેશ માત્ર અપેક્ષા રહેતી નથી ન્યાયથી યુકત્ છે, માયા આદિ • શલ્યોને છેદનારૂં છે, હિતની પ્રાપ્તિનુ સાધન છે, મોક્ષનો માર્ગ અથવા કારણ છે, નિર્વાણ-બધાં કર્મોના સમૂળા નાશથી ઉત્પન્ન થનારા પારમાર્થિક સુખનુ કારણ છે, નિર્યાણ-સદાને માટે સંસારમાથી

• 'શલ્ય' શબ્દની વિસ્તૃત વ્યાખ્યા શ્રમણસૂત્રની મુનિતોષણી નામની ટીકામાં જોઇ લેવી.

પ્રસ્થાન કરવાનો માર્ગ છે. ત્રિકાળમાં અબાધિત છે. કદી વિચ્છિન્ન ન થનારૂં છે, અને બધાં દુઃખોના નાશનો માર્ગ છે.

આ-પ્રવચનોક્ત—પ્રકારે રહેનારા અર્થાત્ એનું પાલન કરનારા પ્રાણી, અણિમા આદિ સિદ્ધિઓને, અથવા મોક્ષગતિરૂપ સિદ્ધિને પ્રાપ્ત કરે છે, કેવળ જ્ઞાની (સર્વજ્ઞ) થાય છે, કર્મોથી મુક્ત થાય છે, પારમાર્થિક સુખશી સંપન્ન થાય છે, કારણકે એનો બધો કર્મજન્ય સંતાપ દૂર થઇ જાય છે. એથી શું થાય છે ? તે બધાં દુઃખોનો અંત કરે છે. અને એકભવાવતારી કેટલાક ભદન્ત અર્થાત નિર્ગ્રન્થ પ્રવચનના આરાધક મહાપુરૂષો, પૂર્વભવનાં ઉપાર્જિત કર્મો અવશેષ રહી જવાથી એજ ભવમાં મુકત નથી થતા, પરન્તુ દેવલોકમાં જઇને વૈમાનિક દેવ થાય છે. અને પછી એક વાર મનુષ્ય-જન્મ ધારણ કરી મુકત થઇ જાય છે. આ વાતને હવે વિશેષ સ્પષ્ટ કરે છે કે-તેઓ વિમાન પરિવાર આદિથી મહાન્ ઋદ્ધિવાળા, ('જાવ' શબ્દથી) મહાન્ દ્યુતિવાળા, મહાન્ બળવાળા. મહાન્ યશવાળા, અને મહાન્ અનુભાગવાળા, તથા જ્યાં કષાયો ઉપશાન્ત થઇ જવાને કારણે મનની સમાધિરૂપ વિપુલ સુખવાળા અને ઘણા સાગરોની સ્થિતિવાળા, અનુત્તર વિમાન આદિમાં ઉત્પન્ન થાય છે, એટલે તેઓ મહાન્

ઋદ્ધિવાળા, મહાદ્યુતિવાળા, મહાબળવાળા, મહાયશવાળા મહાનુભાગ, અને દૂરગતિક (અનુત્તરદેવ) થાય છે. એમના વક્ષસ્થળમાં મોતી આદિની માળાઓ શોભે છે, એમની ભુજાઓ કડાં અને બાહુબંધ (બાહુ પર બાંધવાનાં ઘરેણાં)થી સ્તંભિત સરખી થઇ છે. તેઓ અંગદ (ભુજબંધ), કુંડલ, અર્ધગંડપાલ (ગોકૂળ નામક આભૂષણવિશેષ), કર્ણ-નિપીડ (કાનનું ઘરેણું-કર્ણફૂલ)ને ધારણ કરે છે, હાથમાં ચિત્ર-વિચિત્ર પ્રકારનાં ઘરેણાં પહેરે છે, દિવ્ય સંઘાત (શરીરની રચના), દિવ્ય સંસ્થાન (શરીરની આકૃતિ), દિવ્ય ઋદ્ધિ, દિવ્ય કાન્તિ, દિવ્ય છાયા, દિવ્ય દીપ્તિ દિવ્ય લેશ્યાથી દશે દિશાઓને ઉદ્યોતયુકત કરનારા, પ્રકાશિત (પ્રભાયુકત) કરનારા, ઇંદ્ર સામાનિક ત્રાયસ્ત્રિંશ આદિના વ્યવહારને અનુકૂળ આચરણ કરનારા વૈમાનિક દેવ થાય છે. દેવ ગતિ જ કલ્યાણરૂપ છે, અથવા દેવગતિથી એમનું કલ્યાણ થાય છે. તેઓ અનુત્તર વિમાનોમાં ઉત્કૃષ્ટ તેત્રીસ સુધી સ્થિત રહી શકે છે, તેથી તેઓ સ્થિતિકલ્યાણ છે, ભવિષ્ય કાળમાં ભદ્ર (કલ્યાણ)ને પ્રાપ્ત કરે છે, તથા પ્રાસાદીય, દર્શનીય. અભિરૂપ અને પ્રતિરૂપ છે.

## નરકાદિ ગતિપ્રાપ્તિસ્થાન કા નિરૂપણ

હવે બીજી રીતે ધર્મનું વ્યાખ્યાન કરીએ છીએ:—

ચાર સ્થાનોથી જીવ નરકનું આયુકર્મ બાંધે છે અને કાળ કરીને નારકીમાં ઉત્પન્ન થાય છે. તે ચાર સ્થાન આ પ્રમાણેઃ—(૧) મહાઆરંભ કરવાથી-જેમાં પંચેં-દ્રિય આદિનો વધ થતો હોય એવાં તલાવ સુકાવવાં વગેરેથી, (૨) મહાપરિગ્રહ રાખવાથી અર્થાત્ ધન ધાન્ય આદિમાં તીવ્રતર લાલસા રાખવાથી, (૩) મનુષ્ય તિર્યંચ આદિ પંચેંદ્રિયનો વધ કરવાથી, (૪) માંસ ભક્ષણ કરવાથી.

આ પ્રમાણે ચાર સ્થાનોથી જીવ તિર્યંચ-આયુકર્મ બાંધે છે અને કાળ કરીને તિર્યંચ થાય છે. તે ચાર સ્થાન આ પ્રમાણે છેઃ-(૧) માયાવી થઇને અર્થાત્ બીજા ઓને ઠગવાની બુદ્ધિ રાખીને માયાને છુપાવવાને પુનઃ માયાચાર કરવાથી, (૨) મૃષાવાદ બોલવાથી, (૩) લાંચ લેવાથી, (૪) વંચના-છેતરપીંડી કરવાથી. કોઇ કોઇ સ્થળે "માયા, ગૂઢ માયા, અસત્ય બોલવું અને ખોટા તોલ-માપ કરવાં" એ પ્રમાણે પણ ચાર સ્થાન માલુમ પડે છે.

એ પ્રમાણે ચાર સ્થાનોથી જીવ મનુષ્ય-આયુકર્મ બાંધે છે અને કાળ કરીને મનુષ્ય થાય છે. તે ચાર સ્થાન આ પ્રમાણેઃ-સ્વભાવે ભદ્ર (સરલ) રહેવાથી, (૨) સ્વભાવથી વિનીત રહેવાથી, (૩) પ્રાણીઓ ઉપર અનુકંપાયુકત રહેવાથી, (૪) બીજાના ભલામાં દ્વેષ ન કરવાથી તથા બીજાના ગુણોના ગ્રાહી થવાથી.

એ પ્રમાણે ચાર સ્થાનોથી જીવ-આયુકર્મ બાંધે છે અને કાળ કરીને દેવપ-ર્યાયમા ઉત્પન્ન થાય છે. એ ચાર સ્થાન આ પ્રમાણે છેઃ-(૧) સરાગ સંયમથી અર્થાત્ આસકિત (કષાય) યુકત ચારિત્રથી, (૨) દેશ-વિરતિ (શ્રાવકપણા)થી, (૩) અકામ નિર્જરાથી-ઇચ્છા વિના (જબરદસ્તીથી) ભૂખ આદિને સહન કરવાથી, (૪) બાળ-તપસ્યાથી-મિથ્યાત્વયુકત થઇને તપસ્યા કરવાથી.

## નરકાદિગતિ કે સ્વરૂપ કા નિરૂપણ

પુનઃ ધર્મનું કથન કરે છેઃ—

નારકી જીવ નરકમાં જે પ્રમાણે શરદી–ગરમી આદિના દસ પ્રકારની ક્ષેત્રવેદના ભોગવે છે, તિર્યંચ ગતિમાં તિર્યંચ જે પ્રકારનાં શારીરિક અને માનસિક કષ્ટો પામે છે, એ બધાનું કથન ભગવાન્, દેવ અને મનુષ્યોની પરિષદ્‌માં કરે છે. ભગવાન્ એવી પણ પ્રરૂપણા કરે છે કે આ મનુષ્યપર્યાયમાં પણ જે જ્વર આદિ વ્યધિઓ, વૃદ્ધાવસ્થા, મૃત્યુ, આદિ વેદના થાય છે તે સ્પષ્ટ જ છે. એ મનુષ્યપર્યાય ક્ષણવિનાશી છે. ભગવાન્ દેવ, દેવલોક, દેવોની ઋદ્ધિ, દેવોનાં સુખ, એજ પ્રમાણે નરક–નરકાવાસ, મનુષ્યભવ, દેવલોક, સિદ્ધ, સિદ્ધક્ષેત્ર અને ષટ્કાયના જીવોનું પણ કથન કરે છે, જે પ્રકારે જીવ કર્મોથી બંધાય છે, જે પ્રકારે જીવ કર્મોથી મુક્ત થાય છે, જે પ્રકારે અત્યન્ત કલેશ પામે છે, એનું કથન કરે છે. બધા જીવો કેટલા છે, કેટલા જીવ પ્રતિબંધરહિત થઈને શારીરિક આદિ દુઃખોનો અંત કરે છે. જે પ્રકારે જીવ દુઃખી થઇને ચંચળ થાય છે અથવા આર્તધ્યાનથી ખિન્ન–મન, યા પીડાઓને કારણે દુઃખી અને વિચલિતચિત્ત થાય છે, જે પ્રકારે જીવ દુઃખોના સમુદ્રમાં ડૂબે છે, જે પ્રકારે જીવ વૈરાગ્ય પ્રાપ્ત કરીને કર્મોના સમૂહનો નાશ કરી નાંખે છે, જે પ્રકારે રાગથી ઉપાર્જિત કર્મ પાપરૂપ ફળ આપે છે. જે પ્રકારે બધાં કર્મોથી રહિત સિદ્ધ ભગવાન્ સિદ્ધગતિને પ્રાપ્ત થાય છે, ભગવાન્ એ બધાનું વર્ણન કરે છે.

ભગવાન્ પૂર્વોક્ત ધર્મને બે પ્રકારનો નિરૂપે છેઃ–એક અગાર–ધર્મ, બીજો અનગાર–ધર્મ.

## અગાર ધર્મ કે સ્વરૂપ કા વર્ણન

જે ગમન ન કરે તેને અગ (વૃક્ષ) કહે છે. વૃક્ષમાં પુષ્પતપણું, ફલિતપણું, વગેરે હોય છે, એ સરખાપણાને કારણે જ ઘરને પણ અગાર કરે છે; અથવા જેમાં રહીને મનુષ્ય નિવાસ આદિનાં કષ્ટોને પામતો નથી, તેને અગાર (ઘર) કહે છે. ઘર આધાર છે, અને તેમાં નિવાસ કરનાર આધેય છે. અહીં આધાર અને આધેયનો ઉપચારથી અભેદ છે, તેથી અગાર (ઘર)માં રહેનારાને પણ અગાર કહેવામાં આવ્યા છે. જેમ ક્યાંય–ક્યાંય સ્રીને જ 'ગૃહ' કહેવામાં આવે છે અથવા 'અગાર (ઘર) છે જેને' એવી વ્યુત્પત્તિ થઇ ચૂકે છે. અસ્તુ. ગૃહસ્થોના ધર્મને અગાર–ધર્મ કહે છે.

જેને અગાર નથી એને અનગાર કહે છે, અર્થાત્ સાધુ. સાધુઓના ધર્મને અનગાર–ધર્મ કરે છે.

'સૂચી–કટાહ' ન્યાયે કરીને પહેલાં અનગાર–ધર્મનું કથન કરીએ છીએ કારણકે એનું વર્ણન થોડું છે

### અનગાર–ધર્મનું સ્વરૂપ

મૂળમાં સવ્વઓ અને સવ્વત્તાઓ એવાં બે પદ છે. સવ્વઓનો અર્થ છે સર્વથા. જો કેવળ સવ્વઓ કહેત તો અર્થ 'માત્ર દ્રવ્યથી યા માત્ર ભાવથી સર્વથા' એમ કરી શકાત, પરંતુ એ ઇષ્ટ નથી. તેથી એ અનિષ્ટ અર્થને રોકવાને માટે બીજું પદ સવ્વત્તાઓ આપવામાં આવ્યું છે. સવ્વત્તાઓ નો અર્થ છે–સર્વ રૂપથી–અર્થાત્ દ્રવ્યથી

પણ અને ભાવથી પણ અથવા સત્ત્વઓનો અર્થ 'દ્રવ્યથી' એમ કરવો જોઇએ અને સત્ત્વત્તાઓનો અર્થ 'ભાવથી' એમ કરવો જોઇએ.

દ્રવ્યથી મસ્તકના કેશોને દૂર કરવા અને ભાવથી રાગદ્વેષને દૂર કરવા, એ મુંડન કહેવાય છે. એ પ્રમાણે મુંડિત થઇને ઘરનો ત્યાગ કરી જે સાધુપણું સ્વીકારે છે–પ્રવ્રજ્યા ધારણ કરે છે અને પ્રવ્રજ્યા પછી જે ધર્મનું પાલન કરે છે તે સાધુધર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ સૂત્રકાર પ્રતિપાદન કરે છે.

હે આયુષ્મન્! ત્રણ કરણ, ત્રણ યોગથી એકેન્દ્રિય આદિ બધા પ્રાણીઓની હિંસાથી નિવૃત્ત થઈ જવું (૧), ત્રણ કરણ ત્રણ યોગે મૃષાવાદથી નિવૃત્ત થવું (૨), ત્રણ કરણ ત્રણ યોગે દેવ, ગુરૂ, રાજા, ગાથાપાત અને સાધર્મી દ્વારા ન અપાયલા પદાર્થનું ગ્રહણ કરવું એવા અદત્તાદાનથી વિરત થવું (૩) ત્રણ કરણ ત્રણ યોગે મૈથુનથી નિવૃત્ત થવું (૪), જેના નિમિત્તથી આત્મા જન્મ જરા મરણાદિ દુઃખોથી વ્યાપ્ત થાય છે, અથવા જેને જીવ મમત્વ–પરિણામે કરીને ગ્રહણ કરે છે, તેને પરિગ્રહ કહે છે. ધર્મનાં ઉપકરણો સિવાયના બધા પદાર્થો પરિગ્રહ છે. એ પરિગ્રહથી ત્રણ કરણ ત્રણ યોગે નિવૃ· થઈ જવું. (૫), ત્રણ કરણ ત્રણ રાત્રિભોજનથી વિરત થવું (૬), એ બધો અનગાર ધર. ભગવાને પ્રતિપાદન કર્યો છે. જે સાધુ યા સાધ્વી એ ભગવત્પ્રણીત ધર્મનું પાલન કરવામાં સદા ઉદ્યોગશીલ રહીને વિચરે છે તે (સાધુ–સાધ્વી) સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાનાં આરાધક છે.

એ પ્રમાણે અનગાર ધર્મનું નિરૂપણ કરીને હવે અગાર ધર્મ (શ્રાવક ધર્મ) બતાવે છેઃ—

## સામાન્ય અગાર (ગૃહસ્થ) ધર્મ કે સ્વરૂપ કા વર્ણન

અગાર ધર્મ બે પ્રકારનો છે :– (૧) સામાન્ય રૂપ અને (૨) વિશેષરૂપ. સર્વ સાધારણ લોકોને અનુષ્ઠાન કરવા યોગ્ય ધર્મને સામાન્ય ધર્મ કહે છે. તે આ પ્રમાણે :–

### સામાન્ય અગાર (ગૃહસ્થ) ધર્મનું સ્વરૂપ

વસર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં ઉઠીને નમસ્કાર–મન્ત્રોચ્ચારણ–પૂર્વક ધર્મજાગરણા કરે તે આ પ્રમાણે—

"અહા! આ ઇંદ્રિયોના વિષયો સર્વથા નિસ્સાર છે; વિષ સરખાં છે. મારૂં મન તેની તરફ કેમ આકર્ષાય છે? આ મનુષ્ય–જન્મ પામીને મેં તેને વ્યર્થ ગુમાવી દીધો જેટલો એ બાકી રહ્યો છે તેમાં શું કરવું જોઇએ!

× સૂર્યોદય પહેલાં ચાર ઘડીમાંથી પહેલી બે ઘડીને સર્વાર્થસિધ્ધ મુહૂર્ત કહે છે.

(૧) એ સમય કયા કર્તવ્યમાં ગાળવો જોઇએ! મૃત્યુ અનિવાર્ય છે અને તે સદા પડછાયાની પેઠે મારી પાછળ પાછળ લાગી રહ્યું છે. (૨) બંધુ–બાંધવ, ધન–ધાન્ય, કલત્ર–પુત્ર અને મિત્ર. કોઈ પણ સાથે આવનારૂં નથી. જેણે જેવું કર્મરૂપી વૃક્ષ વાવ્યું છે, તેને તેવા જ વૃક્ષનાં ફળનો રસ ભોગવવો પડે છે. (૩) માટે બધી બાહ્ય વસ્તુઓનો પરિત્યાગ કરીને સત્ય, નિત્ય, સર્વ સુખોનો સમૂહ, અનંત જ્ઞાન–દર્શનના ધારક કેવળ આત્માનો સાક્ષાત્કાર કરો (૪)."

એ પ્રકારની ધર્મજાગરણા કરે, માતાપિતાનાં ચરણોમાં મસ્તક નમાવે, ગુરૂઓ–મુનિઓનું દર્શન કરે, ધર્મનો ઉપદેશ સાંભળે, દેવ, ગુરૂ અને ધર્મ પર પરમ પ્રતીતિ રાખે, શકિત પ્રમાણે સદા દાનશીલ રહે, સત્સંગતિ કરે, વ્રતધારીઓ અને વૃધ્ધ જનોની સેવા–શુશ્રૂષા કરે, દીન–હીન પ્રાણીઓની રક્ષા કરે, નોકર—ચાકરો સાથે પ્રેમમય વ્યવહાર કરે; અભયદાન સુપાત્રદાન અને કરૂણાદાન દે, આશ્રિત જનોનું પોતાની પેઠે પાલનપોષણ કરે, દ્રવ્યક્ષેત્રકાળભાવને જોઇને પ્રવૃત્તિ કરે, ધર્મશાસ્ત્રનો સ્વાધ્યાય કરે, નીતિશાસ્ત્રનું અવલોકન કરે, ગુરૂજનેની સન્મુખ વિનયપૂર્વક વર્તન કરે, વિપત્તિ આવતાં ધૈર્ય ધારણ કરે, સંપત્તિ પ્રાપ્ત થતાં અભિમાન ન કરે, શુભ કાર્યોમાં બીજાઓને સહાયતા આપે, ઈંદ્રિયોને વશ રાખે, જેવું ભોજન–પાન પ્રાપ્ત થઇ જાય તેને પ્રસન્નચિત્ત થઇને ખાય, જે નગર આદિમાં સાધુ યા વિશેષજ્ઞ–વિદ્વાન્ શ્રાવકો નિવાસ કરતા હોય તે નગર આદિમાં નિવાસ કરે, રસ્તો જોઇને ચાલે, આડમ્બરનો વેશ (શોખીનોનો ઠાઠમાઠ) ન રાખે, કર્તવ્યનું પાલન મનથી કરે, સૌની સાથે મિત્રના રાખે, બીજાના દુઃખે દુઃખી અને સુખે સુખી થાય. ભક્ષ્ય–અભક્ષ્યનો વિચાર રાખે, પોતાના દેશનો ધર્મનો અને જાતિનો પ્રાચીન વેશ ધારણ કરે, જે ઘેર આવે તેનો સત્કાર કરે, સત્ય ધર્મનું પાલન કરે, પ્રાણીમાત્ર પર અનુકંપા રાખે, પવિત્રતાપૂર્વક પ્રવૃત્તિ કરે, સદા કોમળ વાણી બોલે કંજુસ ન બને, રાત્રિભોજન ન કરે, વૃથા બકવાદ ન કરે, અણગળ પાણી ન પીએ મિથ્યા ભાષણ ન કરે; કોઇ વસ્તુમાં આસકત ન થાય, સૂતેલાને ન જગાડે, પરનો અભ્યુદય જોઇ દુઃખી ન થાય, નિંદનીય કાર્યોથી દૂર રહે, અસમયે અને વિનાભૂખે ભોજન ન કરે, આવકથી વધારે ખર્ચ ન કરે, ધર્મ વિરૂધ્ધ આચરણ ન કરે, મળમૂત્રને ન રોકે, મળમૂત્ર પર મળમૂત્રનો ત્યાગ ન કરે, મિત્રનાં સાથે કપટ ન કરે, વિશેષ વિચાર કર્યા વિના કોઇ પણ કાર્ય ન કરે, ક્રોધ, માન, રૂક્ષતા અને અકર્તવ્યથી દૂર રહે, કરવા યોગ્ય કાર્યમાં પ્રમાદ ન કરે, બંધુવર્ગ તથા મહાન્ જનો સાથે વેર–વિરોધ ન બાંધે, અયોગ્ય વિવાહ, અપરાધ, રાજદ્રોહ જુગાર–માંસભક્ષણ–મદિરાપાન –ચોરી–વેશ્યાગમન–પાપર્ધ્ધિ (શિકાર)–પરસ્ત્રીસેવન–રૂપ સાત વ્યસન, સ્વાદીલાપણું, દિવસે ઉંઘ, પરનિંદા, પરધનની તૃષ્ણા, અપરિચિત અને કૌલિક (કુલપરંપરાથી ઉતરેલા ચેપના) રોગોની સાથે વિવાહાદિ—સંબંધનો પરિત્યાગ કરે, પ્રિય સત્ય જ બોલે, વિના પૂછયે ઉત્તર ન દે. કોઇ વાતચીત કરતા હોય તેના વચ્ચે ન બોલે, ઘરના છિદ્રની વાત કોઇને ન કહે, ઓળખ્યા વિના અને પરીક્ષા કર્યા વિના કોઇ વસ્તુનો વ્યવહાર ન કરે, કોઇની પ્રતિપત્તિમાં હાથ ન ઘાલે, વિશ્વાસઘાત ન કરે, ગ્રામ નગર આદિના યોગક્ષેમમાં (અલબ્ધ વસ્તુનો લાભ કરવામાં અને લબ્ધ વસ્તુની રક્ષા કરવામાં) વિઘ્ન ન નાંખે, વહેંચ્યા વિના (પાસે રહેલાઓને ભાગ અપ્યા વિના) કદાપિ કોઇ વસ્તુ ન ખાય, અન્યાયથી ધનોપાર્જન ન કરે, ઇહલોક પરલોકથી પ્રતિકૂળ કાર્ય ન કરે, પરસ્ત્રીની સાથે એકલો ન જાય, ન બોલે અને ન એકાંતમાં નિવાસ કરે, લાંચ ન લે. સવાર–સાંજ ઘર સાફ કરે, થોડી પૂંજીથી મોટો વેપાર ન ખેડે, પ્રાણ પર સંકટ આવતાં પણ અનીતિનો આશ્રય ન લે, મહાઆરંભ મહાપરિગ્રહવાળું કામ ન કરે, અન્યાયીનો પક્ષ ન લે, પ્રયોજન વિના કોઇના ઘરમાં પ્રવેશ ન કરે, વિકટ માર્ગમાં એકલો ન જાય, ભુજાઓથી નદી–તળાવ આદિમાં ન તરે, બાલક વૃદ્ધ રોગી ગર્ભવતી ચાકર અને આશ્રિતને સંતુષ્ટ કર્યા વિના ભોજન ન કરે, કોઇને કલંકિત ન કરે, ગુરૂ અને ધર્મની સાથે દ્રોહ કરવાની ઇચ્છા પણ ન કરે, બીડી તંબાકુ અને ભાંગ આદિ વ્યસનનો સર્વથા ત્યાગ કરે–ઇત્યાદિ.

સામાન્યરૂપ અગારધર્મનું ભગવાને એ પ્રમાણે વર્ણન કર્યું છે. હવે વિશેષરૂપ અગારધર્મ વર્ણન કરે છે:—

## વિશેષરૂપ-અગાર (શ્રાવક) ધર્મ

સમ્યગ્દર્શન અને અણુવ્રત આદિને વિશેષ અગારધર્મ કહે છે. પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિકયરૂપ આત્મપરિણામને અથવા તત્ત્વાર્થના અર્થાત્ જીવ આદિ નવ તત્ત્વોના તથા સાચા દેવ ગુરૂ અને ધર્મના યથાર્થબુદ્ધિપૂર્વક શ્રદ્ધાને સમ્યગ્દર્શન (સમકિત) કહે છે. જીવતત્ત્વનું વ્યાખ્યાન પહેલાં કરી ગયા છીએ, અને પુણ્યથી મોક્ષ સુધીનાં તત્ત્વોનું સ્વરૂપ પણ પહેલાં લખી ગયા છીએ, બાકી રહ્યું અજીવ તત્ત્વ; જેમાં જીવ ન હોય તે અજીવ છે અજીવ પાંચ પ્રકારના છેઃ (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશસ્તિકાય, (૪) કાલ અને (૫) પુદ્ગલાસ્તિકાય.

(૧) **ધર્માસ્તિકાય**—ચાલનારા જીવો અને પુદ્ગલોને જે ચાલવામાં સહાયતા કરે છે તેને ધર્માસ્તિકાય અથવા ધર્મદ્રવ્ય કહે છે, જેમકે જળમાં ચાલનારી માછલીને ચાલવા-ફરવામાં જળ સહાયક થાય છે. ધર્માસ્તિકાય-અરૂપી (અમૂર્તિક) અને સમસ્ત લોકાકાશમાં વ્યાપક છે, અને જીવ-પુદ્ગલોની ગતિમાં નિમિત્ત-કારણ છે.

**અધર્માસ્તિકાય**—જેમ ચાલતો મુસાફર જો થોભવા ઇચ્છે તો વૃક્ષની છાયા તેના થોભવામાં ઉદાસીન કારણ બને છે, તેમ સ્થિતિમાન જીવો અને પુદ્ગલોની સ્થિતિમાં જે સહાયક બને છે તેને અધર્માસ્તિકાય અથવા અધર્મ દ્રવ્ય કહે છે. અધર્મ દ્રવ્ય થોભનારને થોભવામાં સહાયકમાત્ર બને છે. પ્રેરણા કરીને થોભાવતુ નથી. એ પણ ધર્માસ્તિકાયની પેઠે અરૂપી અને સમસ્ત લોકાશવ્યાપીછે. ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય, લોકાકાશ અને અલોકાકાશની મર્યાદાના કારણ છે. જયા એ દ્રવ્ય છે, તે લોકકાશ અને જ્યાં એનો સદ્ભાવ નથી તે અલોકકાશ કહેવાય છે.

(૩) **આકાશાસ્તિકાય**—જીવ આદિ દ્રવ્યોને જે અવકાશ આપે છે તે આકાશાસ્તિકાય અથવા આકાશ દ્રવ્ય છે આકાશદ્રવ્ય અનંતપ્રદેશી છે, અમૂર્તિક છે અને લોક તથા અલોકમાં વ્યાપ્ત છે

(૪) **કાલ**—કાલદ્રવ્ય અમૂર્તિક છે અને દ્રવ્યની પર્યાયોના પરિવર્તનનું કારણ છે. મનુષ્ય આદિમાં બાળક, યુવા અને વૃદ્ધ અવસ્થા કાલના જ પ્રભાવથી થાય છે. એ જૂનાને નવું અને નવાને જૂનું કરે છે, અને અપ્રદેશી દ્રવ્ય છે. એના પ્રદેશો થતા નથી.

(૫) **પુદ્ગલાસ્તિકાય**—પરમાણુથી લઇને ઘટ પટ આદિ બધા દેખતા પદાર્થો પુદ્ગલાસ્તિકાય અથવા પુદ્ગલદ્રવ્ય જ છે. જેમાં રૂપ, સ્પર્શ રસ. ગંધ,

માલુમ પડે તે પુદ્ગલ છે, એક પદાર્થથી વિભકત થઇને બીજા પદાર્થની પૂર્તિ કરતા હોવાથી એને પુદ્ગલ કહે છે.

જેનો બીજો અંશ ન થઇ શકે એવા, પુદ્ગલના સૌથી સૂક્ષ્મ અંશને પરમાણુ કહે છે. એક પરમાણુ જ્યાં સુધી બીજા પરમાણુની સાથે મળી રહે છે; ત્યાં સુધી તેને પ્રદેશ કહે છે. જ્યારે તે બે, ત્રણ, ચાર આદિ અધિક પરમાણુઓ યા પ્રદેશોની સાથે મળી જાય છે, ત્યારે સ્કન્ધ કહેવાય છે.

જેમ પટના પ્રદેશો પટ (વસ્ત્ર)થી પૃથક્ હોય છે, તેમ ધર્મદ્રવ્ય અધર્મદ્રવ્ય આકાશદ્રવ્ય અને જીવદ્રવ્યના પ્રદેશો પૃથક્ કરી શકાતા નથી. તે અત્યંત ઘનીભૂત—અખંડપિંડરૂપ થઇને રહે છે.

**પ્રશ્ન**—ધર્મ આદિની સાથે જે 'અસ્તિકાય' લગાડયો છે તેનો અભિપ્રાય શો છે? અને કાલની સાથે 'અસ્તિકાય કેમ નથી લગાડયો?

**ઉત્તર**—'અસ્તિ'નો અર્થ છે પ્રદેશ, અને 'કાય'નો અર્થ છે સમૂહ; તેથી અસ્તિકાયનો અર્થ 'પ્રદેશોનો સમૂહ એવો થયો. ધર્માસ્તિકાયનો અર્થ નીકળ્યો 'ધર્મરૂપ પ્રદેશોનો સમૂહ' એ પ્રમાણે અધર્માસ્તિકાય આદિના વિષયમાં પણ સમજી લેવું. પરન્તુ કાલના પ્રદેશો નથી, કારણ કે અતીત (વીતી ગએલો) કાલ નષ્ટ થઇ ચૂકયો છે અને ભવિષ્યકાળ અત્યારે વિદ્યમાન નથી. માત્ર વર્તમાનકાળ સમયમાત્ર શેષ રહી જાય છે, તેથી તેને અસ્તિકાય નથી કહેતા, એમાંથી ધર્મ, અધર્મ અને એક જીવદ્રવ્ય એ અસંખ્યાત પ્રદેશવાળા છે, અને આકાશ અનંતપ્રદેશી છે. વિશેષતા એ છે કે આકાશમાં પણ લોકાકાશ તો અસંખ્યાતપ્રદેશી છે, પરન્તુ અલોકાકાશ અનંતપ્રદેશી છે.

## શ્રાવક ધર્મ નિરૂપણ કે દેવ સ્વરૂપ કા નિરૂપણ

### દેવનું સ્વરૂપ.

**દેવ**—જે દોષોથી સર્વથા મુકત હોય, અનંત ચતુષ્ટયથી યુકત હોય, લોક અલોકના યથાર્થ સ્વરૂપનો ઇપદેશક હોય, પ્રમાણ નય સ્યાદ્વાદની પ્રરૂપણા કરનારો હોય વીતરાગ અને ત્યાગી હોય તે સાચો દેવ છે. કહ્યું છે કે—

"જે નિર્દોષ, અનંત ચતુષ્ટથી યુકત, લોકાલોકના યથાર્થ સ્વરૂપનો પ્રરૂપક, પ્રમાણ નય સ્યાદ્વાદનો ઉપદેશક, વીતરાગ અને પરમત્યાગી તેને જૈનશાસનમાં દેવ માનેલો છે. (૧)

અહીં દોષથી દાનાન્તરાય આદિ અઢાર દોષોનું ગ્રહણ છે. એનું કથન મારા રચેલા 'તત્વ પ્રદીપ' નામના ગ્રંથમાં જોવું. અનંત ચતુષ્ટયનો અર્થ અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ અને અનંત શકિત છે. લોક અને અલોકનું સ્વરૂપ પહેલાં બતાવી ગયા છીએ. જેથી કરીને પદાર્થોનું યથાર્થ જ્ઞાન થાય તેને પ્રમાણ કહે છે, અર્થાત્ સંશય વિપર્યય અને અનધ્યવસાયથી ભિન્ન જ્ઞાન અથવા સમ્યગ્જ્ઞાન જ પ્રમાણ છે. સમ્યગ્જ્ઞાન (પ્રમાણ) મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનના ભેદે કરીને પાંચ પ્રકારનું છે. એનું વિસ્તૃતવર્ણન 'તત્ત્વ-પ્રદીપ'માં કરેલું છે.

## (૭) નયોનું પ્રરૂપણ.

પદાર્થમાં અનંતધર્મ માલુમ પડે છે, એ સર્વ ધર્મોનો સમુદાય એ પદાર્થ છે. એ અનંત ધર્મોમાંથી કોઈ એક વિવક્ષિત ધર્મને મુખ્યત્વે કરીને અને શેષ ધર્મોને ગૌણત્વે કરીને અર્થાત્ એ મુખ્ય ધર્મનું આલંબન લઈને જે પદાર્થનું જ્ઞાન કરાવે તેને 'નય' કહે છે. અથવા જેની દ્વારા અનંતધર્માત્મક પદાર્થનો એક ધર્મ જાણવામાં આવે તેને નય કહે છે. અથવા ઘટ પટ આદિ બધા પદાર્થો પોતપોતાના મૂલદ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે, પરન્તુ ઘટપટ આદિ પર્યાયોની અપેક્ષાએ અનિત્ય પણ છે. અર્થાત્ ઘટ (ઘડો) પુદ્ગલરૂપ છે. જ્યારે ઘટના પુદ્ગલો, ઘટ બન્યા પહેલાં માટીના રૂપમાં હતાં, ત્યારે પણ એ પુદ્ગલો હતા. જ્યારે તે ઘટની આકૃતિમાં આવ્યા ત્યારે પણ પુદ્ગલ જ છે; અગર જો કોઇ ઘટને પછાડીને ટુકડે-ટુકડા કરી નાંખે ત્યારે પણ તે ટુકડ પુદ્ગલ જ રહેશે; જો કોઇ એ ટુકડાને ખાંડી-દળીને માટીમાં મેળવી દઇ ફરી એમાંથી ઘટ બનાવે ત્યારે પણ એ પુદ્ગલ જ રહેશે, એ પ્રમાણે એ પુદ્ગલોનું પુદ્ગલપણું કદાપિ નષ્ટ થતું નથી, તે કારણથી તે દ્રવ્યદષ્ટિએ કરીને નિત્ય છે. પરન્તુ તે સદા એક જ અવસ્થામાં રહેતા નથી-કોઇવાર માટીના રૂપમાં, કોઇવાર ઘટના રૂપમાં કોઇવાર ટુકડાના રૂપમાં અને કોઈવાર સૂક્ષ્મ રજના રૂપમાં આવે છે. એ બધાં રૂપ દ્રવ્યના પર્યાય-દ્રષ્ટિએ કરીને પદાર્થ અનિત્ય છે. જે કોઈ અપેક્ષાએ નિત્ય અને કોઈ અપેક્ષાએ અનિત્ય માને છે, તેને નય કહે છે નય બે પ્રકારના છે: (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.

જે ભુતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં હશે, તેને દ્રવ્ય કહે છે. જે નય દ્રવ્યને અર્થ (વિષય) કરે તેને દ્રવ્યથિંક નય કહે છે.

જે ઉત્પત્તિ અને વિનાશને પ્રાપ્ત થાય છે તેને પર્યાય કહે છે. જે નય પર્યાયને વિષય કરે છે તેને પર્યાયર્થિક નય કહે છે.

દ્રવ્યાર્થિક નયના ત્રણ ભેદો છે:-(૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર. જે અનેક પ્રકારે જ્ઞાન કરાવે છે, અથવા જે સર્વદા (ત્રિકાળસંબંધી) વાતને જાણવામાં કુશળ હોય તેને નૈગમનય કહે છે. જેમકે-જો કે ભગવાન્ મહાવીર સ્વામી નિર્વાણ પામી ચૂકયા છે તથાપિ એ નય ભૂતની વિવક્ષાએ કરીને પ્રત્યેક વર્ષની ચૈત્ર સુદ તેરશે મહાવીર સ્વામીના જન્મની તિથિ માને છે, અને તેના પ્રધાનત્વે કરીને લોકો કહે છે કે 'આજે ભગવાન્‌ની જયંતી છે.' એજ રીતે વર્તમાન અને ભવિષ્યકાળનાં ઉદાહરણો પણ સમજી લેવાં.

જે નય વિશેષની અપેક્ષા ન કરતાં સામાન્યને ગ્રહણ કરે છે તે સંગ્રહનય છે, અર્થાત્ સામાન્યના કથન કરીને એ સામાન્ય ધર્મવાળા બધા પદાર્થોનું સમ્યક્ પ્રકારે ગ્રહણ કરનારો સંગ્રહનય છે. જેમકે-'જીવનું લક્ષણ ચેતના છે, એમ કહેવાથી બધા જીવોનું ગ્રહણ થાય છે.

સત્ત્વ, દ્રવ્યત્વ આદિ સામાન્ય ધર્મોને કારણે સંગ્રહ નયની દ્વારા સંગ્રહરૂપે ગ્રહણ કરેલા પદાર્થોમાં વિશેષ ધર્મોદ્વારા વિભાગ કરીને જે ગ્રહણ કરે છે તે વ્યવહારનય છે

તાત્પર્ય એ છે કે–પદાર્થોમાં સામાન્ય ધર્મ પણ છે, અને વિશેષ ધર્મ પણ છે. દૂધ અને જલ બેઉમાં દ્રવત્વ (પ્રવાહિત્વ) સમાન છે, પરન્તુ તેના બીજા ગુણોમાં ભેદ છે. 'સત્ત્વ' ગુણ બધા પદાર્થોમાં છે, તેથી સંગ્રહ નય એ ગુણની અપેક્ષાએ બધા પદાર્થોને એક માને છે. પરંતુ વ્યવહાર નય કહે છે કે બધા પદાર્થો એક નથી હોઇ શકતા, કારણ કે કોઇ-કોઇમાં જીવત્વ ગુણ છે, કોઇ-કોઇમાં જીવત્વ ગુણ નથી, તો બેઉ એક કેવી રીતે હોઇ શકે ? સંગ્રહ કહે છે કે જીવત્વ ગુણ એક છે અને એ ગુણ જેમાં જેમાં માલૂમ પડે તે બધા એક દ્રવ્ય છે. વ્યવહાર નય કહે છે કે કોઇ જીવ સંસારી છે, કોઇ મુકત છે, માટે બેઉ ભિન્ન ભિન્ન છે. સંગ્રહ કહે છે કે જેમાં જેમાં સંસારીપણું માલૂમ પડે તે બધા એક છે. વ્યવહાર કહે છે કે કોઇ ત્રસ છે કોઇ સ્થાવર છે, માટે બેઉ એક નથી. સંગ્રહ કહે છે કે–જેમાં જેમાં ત્રસપણું હોય તે બધા એક છે. વ્યવહાર કહે છે કે–કોઇ બેઇંદ્રિય, કોઇ ત્રીન્દ્રિય, કોઈ ચતુરિન્દ્રિય અને કોઈ પંચેન્દ્રિય હોય છે, માટે તેઓ ભિન્ન છે. તાત્પર્ય એ છે કે સંગ્રહનય સામાન્ય ધર્મપર દ્રષ્ટિ રાખે છે અન વ્યવહાર નય વિશેષ (ભિન્ન) ધર્મો પર દ્રષ્ટિ રાખે છે.

એક નય બીજાનો વિરોધ નથી કરતો. નય એ ત્યાં સુધી જ સુનય છે કે જ્યાં સુધી તે બીજા નયનો વિરોધ ન કરતા બીજા નયને ઉદાસીનતા પૂર્વક જોઇ રહી પોતાના વિષયને જાણે છે. જ્યારે કોઇ નય અન્ય નયની અપેક્ષા ન રાખતાં સ્વતંત્ર બની જાય છે ત્યારે તે અનેકાંતવાદથી વિપરીત એકાન્તાવાદને આશ્રય આપવાને કારણે મિથ્યાનય બની જાય છે. સૌગતોનો અનિત્યતાવાદ ઋજુસૂત્ર નયે કરીને સંગત છે. પરન્તુ એ બૌદ્ધ સિદ્ધાન્તમાં અન્ય નયોએ કરીને નિરપેક્ષ હોવાને કારણે મિથ્યા ઋજુસૂત્ર થઈ ગયો છે. એજ વાત અન્ય નયોની બાબતમાં પણ જાણી લેવી. સંગ્રહ અને વ્યવહારની જે વિષય–વિભિન્નતા ઉપર બતાવવામા આવી છે તે પણ એ પ્રમાણે જ સમજવી, અર્થાત્ સંગ્રહ નય સામાન્યનું પ્રતિવાદન કરે છે અને વિશેષને ગૌણ કરીને એની વિવક્ષા કરતો નથી, પરન્તુ વિરોધ પણ કરતો નથી, એજ પ્રમાણે વ્યવહાર નય પોતાના વિષયનું પ્રતિવાદન કરે છે, સંગ્રહના વિષયનો વિરોધ કરતો નથી. સંક્ષેપમાં કહી શકાય કે નય સાહેલીઓની પેઠે રહે છે, ઇર્ષ્યાળુ શોકયની પેઠે નહિ.

પર્યાયાર્થિક નયના ચાર ભેદ છેઃ–(૧) ઋજુસૂત્ર, (૨) શબ્દ, (૩) સમભિરૂઢ, (૪) એવંભૂત.

(૧) દ્રવ્ય જો કે વિદ્યમાન છે, તો પણ તેને ગૌણ ( અપ્રધાન ) કરીને એની વિવક્ષા ન કરતાં જે નય વર્તમાન ક્ષણમાં વિદ્યમાન પર્યાયનો જ પ્રધાનતાએ કરીને બોધ કરાવે છે, ઋજુસૂત્ર નય છે. જેમકે–'આ સમયે સુખ છે.' આ પ્રમાણે આ નય વિદ્યામાન દ્રવ્યને ગૌણ કરી દે છે–તેનો બોધ નથી કરાવતો, પરન્તુ ક્ષણસ્થાયી વર્તમાનકાલીન સુખ–પર્યાયને જ પ્રધાન કરીને એનું સૂચત કરે છે.

(૨) જે બોલાવવામાં આવે છે એને શબ્દ કહે છે. અર્થાત્ લિંગ, કારક, કાલ, પુરૂષ અને ઉપસર્ગ ( પ્ર, વિ, આદિ ) આદિનો ભેદ હોવા છતાં પણ જે પદાર્થમાં ભેદ નથી માનતો તે શબ્દ નય છે. જેમકે, શુનાસીર, વાસવ, ઇંદ્ર, પુરૂહૂત, પુરંદર, ઇત્યાદિ પર્યાયવાચક શબ્દોએ કરીને એક જ ઇંદ્ર અર્થનો બોધ થાય છે તાત્પર્ય એ

છે કે ચાહે શુનાસીર કહો ચાહે વાસન યા ઇંદ્ર કહો ચાહે પુરૂહૂત બોલો કે પુરંદર બોલો, શબ્દનયની દૃષ્ટિમાં એના ભિન્ન ભિન્ન અર્થો નથી, કારણ કે એ બધા શબ્દોથી ઇંદ્ર અર્થ જ પ્રતીત થાય છે.

**(૩) જે નય પ્રત્યેક શબ્દનો અર્થ ભિન્ન ભિન્ન માને છે તે સમભિરૂઢ નય છે.** તાત્પર્ય એ છે કે–શબ્દ ધાતુમાંથી બને છે અને એક ધાતુમાં એક જ ગુણનો બોધ કરાવવાની શક્તિ હોય છે, તેથી તેમાંથી બનેલો શબ્દ પણ એક જ ગુણનું પ્રતિપાદન કરે છે; તેથી કરીને શબ્દોનો અર્થ એક નથી થઇ શકતો, જેમકે પુરંદરનો અર્થ છે પુરનું દારણ કરનારો, અને ઇંદ્રનો અર્થ છે પરમ ઐશ્વર્યથી દીપાયમાન થનારો, જ્યારે કોઇ વકતા પુરંદરરૂપ સંજ્ઞાની વિવક્ષા કરે છે, ત્યારે ઇંદ્ર આદિ સંજ્ઞાની અપેક્ષા ન રાખતા કોઇ–કોઇવાર થનારી પુરદારણરૂપી ક્રિયાના યોગથી પુરંદરરૂપ સંજ્ઞાનો બોધ કરાવે છે. એ સમભિરૂઢ નય છે. નયની અપેક્ષાએ કરીને शब्दभेदादर्थभेदोऽर्थभेदाच्छब्दभेदः' અર્થાત્ શબ્દના ભેદથી અર્થનો ભેદ અને અર્થના ભેદથી શબ્દનો ભેદ થાય છે, એ નિયમ સંગત બને છે. આ નયની અપેક્ષાએ 'પુરંદર' શબ્દનો વાચ્ય પુરંદરના પર્યાયવાચક 'ઇંદ્ર' શબ્દના વાચ્યથી ભિન્ન છે; કારણકે શબ્દોનો સંબંધ કોઇ–કોઇવાર થનારા ગુણ ક્રિયાની સાથે હોય છે, જેમકે પુરનું દારણ કરવાના નિમિત્તે કરીને પુરંદર કહેવાય છે, તેજ કારણે ઘટ અને પટ આદિ પદાર્થોમાં પરસ્પર ભેદ હોય છે. જો ગુણ અને ક્રિયાએ કરીને પદાર્થોનાં ભેદની કલ્પના ન કરવામાં આવે તો પદાર્થોમાં પરસ્પર ભેદ ન રહે. તાત્પર્ય એ છે કે જળ ધારણ કરવું આદિની શકિત જેમાં હોય છે તેને ઘટ કહે છે, અને ટાઢ નિવારવા વગેરેની શકિત જેમાં હોય છે તેને પટ કહે છે. જો એ બેઉની આ ભિન્ન શકિત (ગુણ) નો ખ્યાલ ન કરવામાં આવે તો ઘટ અને પટ એ બેઉમાં ભેદ જ શો રહે? તેથી ગુણ અને ક્રિયાના ભેદે કરીને વાચ્ય પદાર્થોમાં પણ ભેદ કરવામાં આવે છે. બસ, એજ નિયમાનુસાર પુરંદર શબ્દમાં જે શકિત છે અને તેથી જે ક્રિયાનું ભાન થાય છે, તે શકિત (ગુણ) અને ક્રિયા જેમાં માલુમ પડે છે તેને પુરંદર શબ્દનો વાચ્ય કહે છે; તેમજ, ઇંદ્ર શબ્દમાં જે શકિત માલુમ પડે છે અને તેથી જે ક્રિયાનું ભાન થાય છે, તે શકિત અને ક્રિયા જેમાં માલુમ પડે છે તેને ઇંદ્ર શબ્દનો વાચ્ય કહે છે. એથી એમ માલુમ પડે છે કે 'પુરંદર' શબ્દનો વાચ્ય (અર્થ)અને 'ઇંદ્ર' શબ્દનો વાચ્ય એક નથી–જૂદા જૂદા છે, કારણકે બેઉ શબ્દોની શકિત અને તેથી ભાસિત થનારી ક્રિયા જૂદી જૂદી છે, પ્રવૃત્તિનિમિત્તનો ભેદ છે. એ પ્રમાણે બીજા શબ્દોની શકિત અને ક્રિયાઓમાં પણ ભેદ હોય છે, તેથી એ બધા વસ્તુતઃ ભિન્ન અર્થના બોધક છે. આ નિયમનો સ્વીકાર કરવાથી ઘટ–પટ આદિમાં સંશય થતો નથી, વિપર્યય થતો નથી, સંક્રમ થતો નથી અને બેઉ એક થતા નથી. શબ્દોની પ્રવૃત્તિનું નિમિત્ત એ છે કે જે વાચ્ય (શબ્દાર્થ) હોય અને એમાં રહેનારો હોય તથા પ્રત્યેક શબ્દના પોતપોતાના જેટલા અર્થો થતા હોય તેમાં વિશેષણ થઇને રહે. ઉકત સ્થળે પુરંદર શબ્દનો અર્થ છે 'પુરંદરત્વ ધર્મવાળો', તેમાં પુરંદરત્વ પ્રવૃત્તિનિમિત્ત છે, અર્થાત્ જેમાં પુરંદરત્વ ધર્મ જોવામાં આવશે તેને કથન કરવાને માટે પુરંદર શબ્દની પ્રવૃત્તિ થશે, કારણકે 'પુરંદરત્વ' પુરંદર શબ્દનો વાચ્ય (અર્થ) પણ છે, અને 'પુરંદરત્વ ધર્મવાળો' એટલો જે વાચ્ય (અર્થ) એમાં રહેનારો પણ છે, તથા ઉકત શબ્દાર્થમાં વિશેષણ રૂપે કરીને પણ છે. આ પ્રમાણે વાસવ શબ્દમાં વાસવત્વ ઇંદ્ર શબ્દમાં ઇન્દ્રત્વ, ઘટમાં ઘટત્વ, પટમાં પટત્વ, આદિને પ્રવૃત્તિનિમિત્ત સમજવા

જોઇએ. ઉકત ઉદાહરણ ખૂબ પ્રસિદ્ધ હોવાને કારણે આપવામાં આવ્યું છે, અને તુરગ વિહગ, ભુજગ, પંકજ, ગો આદિ પોતાની મેળે જાણી લેવા.

સમભિરૂઢ નયને બરાબર સમજવા માટે એક વધુ ઉદાહરણ લઇએ :—

મહીરૂહ અને પાદપ એ બેઉ શબ્દોનો અર્થ વૃક્ષ સમજવામાં આવે છે. પરંતુ સમભિરૂઢ નય કહે છે કે–મહીરૂહનો ખરો અર્થ છે મહી (પૃથ્વી) પર ઉગરનારૂં અને પાદપનો અર્થ છે પાદ (પગ અર્થાત્ મૂળ) થી પાણી આદિ પોતાનો ખોરાક ચૂસનારૂં. કયાં પૃથ્વીપર ઉગનારૂં અને કયાં પોતાના મૂળદ્વારા ખોરાક ગ્રહમ કરનારૂં ! જો આ બેઉ શબ્દોનો વાચ્ય (અર્થ) એક જ માની લેવામાં આવે તો મોટો ગોટાળો (વૈષમ્ય) થઇ જાય. જૂદી જૂદી ભાષાઓમાં જેટલા શબ્દો ઉપલબ્ધ થાય છે તે બધાનો અર્થ એક જ માનવો પડશે એવી સ્થિતિમાં જો કોઇ દીપક માંગશે તો બીજો તુરત તેની પાસે કલમ લાવી મૂકશે, અને કોઇ કલમ માંગશે તો બીજો તેની સામે દીવો લાવીને મૂકશે જો પૃથ્વી પર ઊગવું અને મૂળદ્વારા ખોરાક લેવો એ બેઉ એક થઇ જાય તો દીપક અને કલમનું એક થઇ જવું શું અનુચિત છે ?

જો એવી શંકા ઉઠાવવામાં આવે કે કલમ અને દીપકમાં તો આકાશ પાતાળ જેટલું અંતર છે. કલમ લખવાના કામમાં આવે છે અને દીપક પ્રકાશને માટે ઉપયોગમાં આવે છે; માટે તે બેઉ એક નથી.

સમભિરૂઢ નય કહે છે કે–ઠીક કહો છો. અમે પણ એજ કહીએ છીએ– મહીરૂહ પૃથ્વીપર ઉગે છે અને પાદપ મૂળ વાડે ખોરાક લે છે, બેઉમાં આકાશ–પાતાલ જેટલું અંતર છે, તો પછી એ બેઉ શબ્દનો અર્થ એક જ કેવી રીતે થઇ શકે ? છેવટે ગુણ અને ક્રિયાએ કરીને પદાર્થો ( વાચ્યો )માં ભેદ માનવો જ પડશે, અને જો એમ માન્યા વિના છૂટકો નથી, તો ગુણ અને ક્રિયાના ભેદને પર્યાયવાચક શબ્દોના અર્થોમાં પણ લાગુ કરવા જોઇશે. કલમ અને દીપકમાં જયારે ગરબડ થાય છે, ત્યારે તો ગુણ અને ક્રિયાને આગળ લઇ આવો છો, અને જયારે પર્યાયવાચક શબ્દોનો વારો આવે છે ત્યારે ગુણ અને ક્રિયાને છુપાવી દો છો, એ કયાંનો ન્યાય ? જો ગુણ–ક્રિયાના ભેદે કરીને શબ્દના વાચ્યમાં ભેદ માન્યો, તો પર્યાયવાચક શબ્દોમાં પણ ગુણ–ક્રિયાના ભેદે કરીને ભેદ માનો.

એવો સમભિરૂઢનો મત છે. તે નથી ઇચ્છતો કે–ભૂપતિ ( ધરતીનો માલિક ) અને નરપતિ ( મનુષ્યોનો માલિક )નો એકજ અર્થ મનાય. તે કહે છે કે–જો ભૂપતિ અને નરપતિ એક છે તો ભૂપતિ, ખગપાત ( ગરૂડ ), સુરપતિ ( ઇંદ્ર ), પશુપતિ ( મહાદેવ ), લખપતિ, કરોડપતિ, એ બધા એક જ હોવા જોઇએ. જો એ બધા એક નથી, તો ભૂપતિ અને નરપતિ પણ એક નથી.

(૪) **એવમ્ભૂત**—શકન, પુરદારણ અને આખંડન આ ક્રિયાઓ તથા વાસવત્વ આદિ ગુણોને, અથવા વર્તમાન ક્ષણમાં માલુમ પડતી ક્રિયા અને ગુણને જે પ્રાપ્ત થાય, તે એવમ્ભૂત નય છે એ નયનો આશય આ પ્રમાણે છેઃ–શબ્દનો અને અર્થનો પરસ્પર અન્વય–વ્યતિરેક છે, માટે ‘ શક્ર ’ આદિ શબ્દ બોલવાની ક્ષણે જે પદાર્થમાં શકન ક્રિયા માલુમ પડે, એ ક્ષણે એને શક્ર શબ્દનો વાચ્ય માનવો જોઇએ, બીજે સમયે નહીં. માટે આ નયની અપેક્ષાએ કરીને ઘટ જયારે જળને ધારણ કરી રહ્યો હોય, પણીહારીના માથા પર રહયો હોય. એ પ્રકારની ઘટના ( ચેષ્ટા )થી યુક્ત હોય, ત્યારે જ એને ઘટ કહી શકાય છે. એનું ઉદાહરણ પણ એજ છે.

તાત્પર્ય એ છે કે સમભિરૂઢ નયને મતે શકન ક્રિયાથી યુકત પદાર્થને શક્ર કહી શકાય છે, ચાહે તે એ ક્રિયાથી કોઇ સમયે યુકત હોય યા કોઇ સમયે રહિત હોય, બેઉ અવસ્થાઓમાં એક શક્ર શબ્દનો વાચ્ય છે, પરંતુ એવમ્ભૂત નય તેથી પણ વધારે સૂક્ષ્મ છે. એને મતે શકન શકિત મૌજૂદ હોવાથી જ કોઇને પણ શક્ર ન કહી શકાય, બલ્કે જે સમયે શકન ક્રિયાનો ઉપયોગ કરી રહયો હોય, તે સમયે એ શક્ર શબ્દનો વાચ્ય છે. અન્ય ક્ષણે નહીં માટે અધ્યાપક જે સમયે અધ્યાપન કરાવી રહયા હોય, ત્યારે જ તેને અધ્યાપક કહી શકાય છે. ખેડૂતને ખેડુત ત્યારે જ કહી શકાય છે કે જયારે તે ખેતી કરી રહયો હોય, જે ક્ષણે તે ખેતી ન કરતો હોય તે ક્ષણે તેને ખેડૂત ન કહી શકાય.

## શ્રાવકધર્મ નિરૂપણમે સ્યાદ્વાદકી પ્રરૂપણા

### [ સ્યાદ્વાદનું નિરૂપણ ]

'સ્યદ્વાદ' શબ્દના બે ભાગ છે. એક 'સ્યાત્' અને બીજો 'વાદ' 'સ્યાત્' અવ્યય છે અને અનેકાન્ત ( કથચિત્ ) અર્થનો દ્યોતક છે. 'વાદ' નો અર્થ સ્વીકાર કરવો યા કહેવું. અર્થાત્ ઘટ–પટ આદિ બધા પદાર્થ દ્રવ્ય–પર્યાયરૂપ હોવાથી કથંચિત્ નિત્ય છે. કથચિત્ અનિત્ય છે. કથંચિત્ નિત્યાનિત્ય છે, એ પ્રકારના સિદ્ધાન્તને સ્યાદ્ધ દકહે છે.

તાત્પર્ય એ છે કે–પ્રત્યેક પદાર્થ દ્રવ્યરૂપ પણ છે અને પર્યાયરૂપ પણ છે. દ્રવ્યરૂપ હોવાથી પ્રત્યેક પદાથ' નિત્ય છે, પર્યાયરૂપ હોવાથી અનિત્ય છે અને ઉભય-રૂપ હોવાથી નિત્યાનિત્ય તે. પદાર્થની નિત્યતા અને અનિત્યતાને નયના પ્રકરણમાં ઉદાહરણ આપીને સ્પષ્ટ કરી ચૂકયા છીએ, તો પણ બરાબર સમજાવવા માટે બીજુ ઉદાહરણ આ પ્રમાણે છે:—

સોનું પુદ્ગલ દ્રવ્ય છે, એ દ્રવ્યરૂપે સદા પુદ્ગલ જ બની રહે છે, અને બની રહેશે, માટે નિત્ય છે. પરંતુ એ સોનું સદા સમાન અવસ્થામાં રહેતું નથી; કોઇવાર તે કડારૂપ પર્યાય ધારણ કરે છે, કોઈવાર કુંડલરૂપ પર્યાય ધારણ કરે તે, માટે પર્યાયની અપેક્ષાએ તે અનિત્ય પણ છે. તેથી એમ નથી કહી શકાતું કે એ સુવર્ણ દ્રવ્ય સર્વથા નિત્ય છે, અને એમ કહેવું પણ યુકત નથી કે એ સર્વથા અનિત્ય છે, સિદ્ધાન્ત એ છે કે સત્ (અસ્તિત્વવાન્) છે તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ અવશ્ય થાય છે. અને ઉત્પાદ તથા વ્યય પર્યાયદૃષ્ટિએ કરીને થાય છે, માટે એ દૃષ્ટિએ પદાર્થ અનિત્ય તથા ધ્રૌવ્ય દ્રવ્યદૃષ્ટિએ કરીને થાય છે, માટે એ દૃષ્ટિએ પદાર્થ નિત્ય છે. એ વાત પહેલાં બતાવી ચૂકયા છીએ. અન્યત્ર પણ કહ્યુ' છે કે સુવર્ણ પહેલાં લગડીના આકારમાં રહે છે; પછી લગડીના રૂપમાંથી પરિવર્તિત (વ્યય) થઈને હાર (કઠના ઘરેણા)ના રૂપમા ઉત્પન્ન થાય છે, પછી હારમાંથી પરિવર્તિત થઇને સ્વસ્તિકના રૂપમાં ઉત્પન્ન થાય છે, સ્વસ્તિક રૂપમાંથી બદલાઇને તે કર્ણફૂલના રૂપમાં ઉત્પન્ન થાય છે, પછી એજ સુવર્ણ અનેકાનેક આકારોને ધારણ કરતાં કરતાં ચમકતાં કુંડલોનારૂપમાં આવી જાય છે, પરંતુ એ બધી અવસ્થાએમાં સુવર્ણ એજ રહે છે કે જે પહેલાં લગડીના રૂપમાં હતું. માત્ર આકાર જ બદલાતો રહે છે. જો એ સુવર્ણને કોઇપણ અકૃતિના રૂપમા ન જોતાં શુદ્ધ રૂપથી જોવામાં આવે, તો એ માત્ર દ્રવ્ય જ છે. વળી કહ્યું છે કે—

"એક રાજા પોતાની પુત્રીને રમવાનો સુવર્ણનો ઘડો તોડાવીને પુત્રને માટે રમવાનો દડો બનાવરાવી આપે છે. એ જોઇને પુત્રી શોક કરે છે અને પુત્ર દડો મલવાથી હર્ષ પામે છે. સોનાનો ઘડો નાશ પામ્યો અને દડો બન્યો, પણ સોનું તો જેમનું તેમ રહ્યું છે, તે જોઇને રાજાને નથી હર્ષ થતો કે નથી વિષાદ થતો. (૨)"

એજ વાત ઘટાકાશ–પટાકાશ આદિમાં સમજવાની છે. અર્થાત્ કાલ સુધી કોઇ સ્થાને ઘટ રાખ્યો હતો, આજે તે સ્થળેથી ઘટ ઉઠાવી લીધો અને એ સ્થાને પટ (વસ્ત્ર) મૂકી દીધું. જ્યાં સુધી ઘટ રાખ્યો હતો ત્યાં સુધી ત્યાંનું આકાશ ઘટાકશ હતું, હવે પટ રાખવાથી પટાકાશ બની ગયું. એ પ્રમાણે ઘટાનાશનો નાશ થઇ ગયો, પટાકાશનો ઉત્પાદ થઇ ગયો, પણ આકાશ તો ધ્રુવ છે. ( જેમનું તેમજ છે. )

**પ્રશ્ન**—આકાશ આદિ પદાર્થોમાં ધ્રૌવ્ય જ ઉપલબ્ધ થાય છે—નથી ઉત્પાદ માલુમ પડતો કે નથી વ્યય પણ માલુમ પડતો. તો પછી આપ પ્રત્યેક પદાર્થ ને નિત્ય અને અનિત્ય કેમ કહો છો !

**ઉત્તર**—સાંભળો જીવ યા પુદ્ગલ આકાશમાં રહે છે, જ્યારે કોઇ જીવ યા પુદ્ગલ એક આકાશ–પ્રદેશથી નીકળીને બીજા આકાશ પ્રદેશમાં ચાલ્યો ગયો, ત્યારે પહેલાં આકાશ પ્રદેશથી તેનો વિભાગ થયો, અને બીજા આકાશ પ્રદેશ સાથે તેનો સંયોગ થયો, અર્થાત્ અત્યાર સુધી જે પ્રદેશમાં સંયોગ હતો તેમાં વિભાગ થઇ ગયો અને જેમાં વિભાગ હતો તેમાં સંયોગ થઇ ગયો. એ પ્રમાણે બેઉ પ્રદેશોમાં સંયોગ—વિભાગ થયા. સંયોગ અને વિભાગ આપસ–આપસમાં વિરોધી ધર્મ છે. તાત્પર્ય એ છે કે–સંયોગ–વિશિષ્ટ આકાશ નષ્ટ થયું અને વિભાગ–વિશિષ્ટ આકાશ ઉત્પન્ન થયું. એ પ્રમાણે બીજું વિભાગ–વિશિષ્ટ આકાશ નષ્ટ થયું અને સંયોગ–વિશિષ્ટ આકાશ ઉત્પન્ન થયું. આપે પોતે માન્યું છે કે વિરોધી ધર્મને પ્રાપ્ત થવું એ જ ભેદનું કારણ છે. હા, આકાશ રૂપે કરીને ધ્રુવ રહ્યું, ન નષ્ટ થયું કે ન ઉત્પન્ન થયું ; તેથી સિદ્ધ થયું કે આકાશ આદિ પદાર્થ, ઉત્પાદ, વ્યય રૂપ પણ છે. તેથી કરીને તે કથંચિત્ અનિત્ય પણ છે. અનિત્યતાના અભિપ્રાયે કરીને જ પટાકાશ ઘટાકાશ આદિ લોકવ્યવહાર થાય છે. અને દ્રવ્યની અપેક્ષાએ આકાશની નિત્યતા માનવી નિર્દોષજ છે, કારણ કે ઉત્પત્તિ વિનાશ ( અવસ્થાઓમાં ) થતા રહેવા છતાં પણ અન્વિત રૂપે પદાર્થનુ સ્થિત રહેવું એ નિત્યતાનું લક્ષણ છે, તે આકાશ દ્રવ્યમાં ઘટે છે.

**પ્રશ્ન**—એક પદાર્થમાં પરસ્પર–વિરોધી ધર્મોનું હોવું કયાંય જોવામાં આવ્યું નથી, તો પછી આપ નિત્યતા અને અનિત્યતા જેવા વિરોધી ધર્મો (ગુણો)ને એકજ પદાર્થમાં કેવી રીતે ઘટાવો છો ?

**ઉત્તર**—એમ ન કહો. સિંહનો આકાર અને નરનો આકાર બેઉ પરસ્પર વિરોધી છે, તો પણ તે એક જ નરસિંહમાં જોવામાં આવે છે. જો એક જગ્યાએ વિરોધી ધર્મ માલુમ પડી શકે છે તો બીજી જગ્યાએ કેમ ન માલુમ પડે ?

જો એમ કહો કે–વિરોધી ધમ એ હોય છે કે જે એક વસ્તુમાં ન હોય. 'अनुपलम्भसाध्यो हि विरोधः' અર્થાત જેની એકત્ર ઉપલબ્ધિ ન થાય તે જ વિરોધી ગણાય છે. નર અને સિંહના આકારની એક સ્થાને ઉપલબ્ધિ છે માટે તેમાં વિરોધ નથી. તો એનું સમાધાન એ છે કે–વિરોધના એ લક્ષણે કરીને નિત્યતા–અનિત્યતા આદિ વસ્તુગત ધર્મોમાં પરસ્પર વિરોધ ઘટતો નથી, કારણકે એ ધર્મો અપેક્ષાએ કરીને એકજ વસ્તુમાં માલૂમ પડે છે. જો એમાં વિરોધ હોત તો એ એકત્ર ઉપલબ્ધ જ ન થાત.

**પ્રશ્ન**—જે દ્રવ્ય નિત્ય હોય છે તે પરમાણુરૂપ છે અને જે અનિત્ય હોય છે તે કાર્યરૂપ દ્રવ્ય ( સ્કંધ ) છે. અર્થાત–પરમાણુદ્રવ્યમાં નિત્યતા અને કાર્ય દ્રવ્યમાં અનિત્યતા માલુમ પડે છે. બેઉ ગુણોનાં આધારભૂત દ્રવ્ય ભિન્ન–ભિન્ન છે. તો પછી આપ એકજ દ્રવ્ય ( ધર્મી )માં નિત્ય અને અનિત્યતા કેમ બતાવો છો ?

**ઉત્તર**—પહેલાં અમે આકાશ અને સુવર્ણનું ઉદાહરણ આપીને બતાવી ગયા છીએ કે–ભિન્ન ભિન્ન પર્યાયોમાં એક જ દ્રવ્ય રહે છે. એ વાત સ્પષ્ટ પ્રતીત થાય છે. જો પૂર્વ પૂર્વ પર્યાયના નાશ અને ઉત્તર ઉત્તર પર્યાયના ઉત્પાદને કારણે જ દ્રવ્યમાં ભેદ માનશો તો એક મનુષ્ય જ્યારે બાલ્યાવસ્થાને ત્યજીને યુવાવસ્થામાં આવશે, ત્યારે તેને પણ બીજો મનુષ્ય માનવો પડશે, અને જ્યારે યુવાવસ્થાનો પરિત્યાગ કરીને વૃદ્ધવસ્થામાં આવશે, ત્યારે તેને જ ત્રીજો મનુષ્ય માનવો પડશે. એમ માનવાથી બધો લોકવ્યવહાર નષ્ટ થઇ જશે. (યજ્ઞદત્તનો પુત્ર દેવદત્ત બાલ્યાવસ્થાને ઉલ્લંઘીને જ્યારે જુવાન થશે ત્યારે તે તેનો પુત્ર નહિ રહે, બીજો જ થઇ જશે અને યજ્ઞદત્ત દેવદત્તનો પિતા પણ રહેશે નહિ. જુવાનીમાં નોકરી કર્યા બાદ ઘડપણમાં જ્યારે પેન્શન લેવાનો વખત આવશે ત્યારે સરકાર કહેશે કે નોકરી કરનાર બીજો હતો, તમારી અવસ્થા બદલાઇ ગઇ છે, માટે તમે નોકરી કરનાર રહ્યા નથી, તો તમને પેન્શન શા માટે આપીએ ? બિચારા યજ્ઞદત્તની કેવી દુર્દશા થશે ? આ બાજુએ તેનું પિતાપણું નષ્ટ થઈ ગયું અને પેલી બાજુએ પેન્શન પર ધાડ આવી !

એક માણસ જુવાનીમાં લાખોનું કરજ કરશે અને જ્યારે ઘડપણમાં તેની ઉપર કોઇ દાવો કરશે ત્યારે ન્યાયાલયમાં જઇને કહી દેશે કે કરજ લેનાર બીજો હતો, હું બીજો છું. મારી અવસ્થા બદલાઇ ગઇ છે માટે કરજ લેનાર હું નથી. જેણે કરજ લીધું હોય તેની પાસેથી વસૂલ કરો. તાત્પર્ય એ છે કે અવસ્થા ( પર્યાય )ના પરિવર્તનથી જો અવસ્થાવાન્ ( દ્રવ્ય )માં પરિવર્તન થવાનું સ્વીકારવામાં આવે તો બધો વ્યવહાર નષ્ટ થઇ જાય. માટે પર્યાયોનું પરિવર્તન થવા છતાં પણ દ્રવ્યમાં પરિવર્તન માનવું અયુક્ત તો છે જ, તે સાથે વ્યવહારનું લોપક પણ છે. )

## [ સપ્તભંગી ]

વસ્તુમાં જે અનન્ત ધર્મો માલુમ પડે છે, એ બધા ધર્મોની અનન્ત સપ્તભંગીએ બને છે. અર્થાત્ અનેકાન્ત સિદ્ધાન્તને અનુસરી વસ્તુના ધર્મોનું વિશ્લેષણ કરવાથી પ્રત્યેક ધર્મના સાત ભંગ ( ભાંગા ) થાય છે. એ ધર્મોમાં પ્રત્યક્ષ આદિ કોઈ પ્રમાણથી બાધા આવતી નથી. કયાંક કેવળ વિધિ થાય છે, કયાંય કેવળ નિષેધ થાય છે, અને કયાંય બેઉ ક્રમશઃ સંમિલિત થાય છે, ક્યાંક યુગપત ( એકી સાથે ) સંમિલિત થાય છે. એ સાતે ભાંગાની પહેલાં, સ્પષ્ટતાને માટે પ્રાયઃ 'સ્યાત્' અવ્યય લગાડવામાં આવે છે. અસ્તિત્વ ધર્મના સાત ભાંગા આ પ્રમાણે છેઃ—

(૧) **स्यादस्त्येव सर्वम्**—અર્થાત પ્રત્યેક પદાર્થ, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવની અપેક્ષાએ છે. આ ભાંગામાં કેવળ વિધિની કલ્પના કરવામાં આવી છે.

(૨) **स्यान्नास्त्येव सर्वम्**—અર્થાત્ પ્રત્યેક પદાર્થ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવની અપેક્ષાએ નથી. આ ભાંગામાં માત્ર નિષેધની કલ્પના છે.

(૩) **स्यादस्त्येव स्यान्नास्त्येव सर्वम्**—અર્થાત પ્રત્યેક પદાર્થ, સ્વદ્રવ્યાદિ—ચતુષ્ટયની અપેક્ષાએ છે, પરદ્રવ્યાદિ–ચતુષ્ટયની અપેક્ષાએ નથી. આ ભાંગામાં વિધિ અને નિષેધ એ બેઉની ક્રમશઃ કલ્પના કરી છે.

(૪) **स्यादवक्तव्यमेव सर्वम्**—અર્થાત્ પ્રત્યેક પદાર્થ કોઇ અપેક્ષાએ અવકતવ્ય ( વચનને અગોચર ) છે. અહીં વિધિ અને નિષેધની એકી સાથે કલ્પના કરી છે, એક સમયે એક જ ધર્મનું કથન થઇ શકે છે, અનેક ધર્મોનું નથી થઇ શકતું. અહીં એકી સાથે બે ધર્મોની વિવક્ષા છે, અને બેઉનુ એકી સાથે કથન નથી થઇ શકતું, માટે એ અપેક્ષાએ પદાર્થ અવકતવ્ય છે.

(૫) **स्यादस्त्यवक्तव्यमेव सर्वम्**—અર્થાત્ પ્રત્યેક પદાર્થ અસ્તિત્વવાન્ હોવા સાથે અવકતવ્ય છે. આ ભાંગો પહેલા અને ચોથા ભાંગાના સંમેલનથી બન્યો છે, એમાં કેવળ વિધિ અને યુગપદ્ વિધિ–નિષેધની વિવક્ષા છે.

(૬) **स्यान्नास्त्यवक्तव्यमेव सर्वम्**—અર્થાત્ પ્રત્યેક પદાર્થ નાસ્તિત્વવાન્ હોવા સાથે અવકતવ્ય છે. આ ભાંગો બીજા અને ચોથા ભાંગાના મિશ્રણથી બન્યો છે. એમાં કેવળ નિષેધ અને યુગપદ્ વિધિ–નિષેધની વિવાક્ષા છે.

(૭) **स्यादस्ति नास्ति–अवक्तव्यमेवसर्वम्**—અર્થાત્ પ્રત્યેક પદાર્થ અસ્તિત્વવાન્ તથા નાસ્તિત્વવાન્ હોવા સાથે અવકતવ્ય છે. આ ભાંગો ત્રીજા અને ચોથા ભાંગાના મિશ્રણથી બન્યો છે. એમાં ક્રમશઃ વિધિ–નિષેધ અને યુગપદ્ વિધિ–નિષેધની વિવાક્ષા છે.

## [ સાતે ભાંગાનું સ્પષ્ટીકરણ ]

(૧) જ્યારે આપણે કહીએ છીએ કે "ઘડો છે", ત્યારે ઘટવિષયક દ્રવ્યાદિ–ચતુષ્ટયની અપેક્ષાએ જ કહીએ છીએ. અર્થાત્–જો ઘડો માટીરૂપ દ્રવ્યનો બન્યો છે તો એ માટીરૂપ દ્રવ્યની અપેક્ષાએ કરીને જ છે, જો બનારસનો છે તો બનારસ ક્ષેત્રની અપેક્ષાએ કરીને છે, ગ્રીષ્મ આદિ જે કાળમાં છે એ કાળની અપેક્ષાએ કરીને છે, લાલાશ આદિ જે જે ગુણ એમાં માલૂમ પડે છે, એ ગુણો ( ભાવો )ની અપેક્ષાએ કરીને છેઃ તાત્પર્ય ( મતલબ ) એ છે કે 'ઘડો છે' એ કથનનો આશય

એ છે કે ઘડો પોતાના નિયત દ્રવ્ય આદિની અપેક્ષાએ કરીને છે. જો પોતાના દ્રવ્યાદિ-ચતુષ્ટયે કરીને ઘડાનું અસ્તિત્વ ન માનવામાં આવે તો તે ગધેડાનાં શીંગડાની પેઠે અસત્ થઈ જશે, માટે સ્વચતુષ્ટયે કરીને પ્રત્યેક પદાર્થમાં અસ્તિત્વ અવશ્ય માનવું જોઇએ.

(૨) જ્યારે આપણે કહીએ છીએ કે "ઘડો નથી', ત્યારે ઘટથી ભિન્ન દ્રવ્ય આદિની અપેક્ષાએ કરીને કહીએ છીએ. અર્થાત્ ઘડો જો માટીનો બન્યો છે તો તે જલદ્રવ્યની અપેક્ષાએ કરીને નથી, બનારસમાં છે તો તે પટણાક્ષેત્રની અપેક્ષાએ કરીને નથી. ગ્રીષ્મ આદિ જે કાળમાં છે તો તેથી ભિન્ન કાળમાં નથી, લાલાશ આદિ ગુણ જો એમાં માલૂમ પડે છે તો લીલાશ આદિ ભાવોની અપેક્ષાએ નથી. જો બીજા દ્રવ્ય આદિની પણ અપેક્ષાએ ઘટનું અસ્તિત્વ માનવામાં આવે તો ઘટનું નિયત સ્વરૂપ નથી બની શકતું. અર્થાત્ ઘટમાં જો અન્ય સ્વરૂપાદિએ કરીને નાસ્તિત્વ ન માનવામાં આવે તો ઘટ-પટ આદિ ભેદ જ પદાર્થોમાં ન રહે માટે ઘટમાં પરચતુષ્ટયે કરીને નાસ્તિત્વ રહેલું છે. આ બીજા ભાંગાનો આશય છે.

(૩) જ્યારે આપણે કહીએ છીએ કે ઘટ છે પણ ખરો અને નથી પણ ખરો, ત્યારે ઉપર કહેલા પહેલા અને બીજા ભાંગામાં બતાવેલા સ્વદ્રવ્યક્ષેત્ર આદિ તથા પરદ્રવ્ય આદિ બેઉની ક્રમશઃ વિવાક્ષાએ કરીને કહીએ છીએ. એ ક્રમવાર વચનપ્રકાર ત્રીજો ભાંગો છે.

(૪) જેમકે પહેલાં કહી ગયા છીએ કે, ઘટમાં આપેક્ષિક અસ્તિત્વ નાસ્તિત્વનું કથન ક્રમિક થઇ શકે છે. પરંત એકી સાથે અસ્તિત્વ નાસ્તિત્વ બેઉ ધર્મો વચનદ્વારા નથી કહી શકાતા. 'છે' કહીએ તો તેથી 'નથી' નું કથન નથી થતું. અને 'નથી' કહીએ તો તેથી 'છે' નું કથન નથી થતું. તે સિવાયનો એવો કોઇ પણ શબ્દ નથી કે જેનાથી અનેક ધર્મોનું એકી સાથે પ્રતિપાદન કરી શકાય, એ અપેક્ષાએ ઘટને અવકતવ્ય કહ્યો છે. અહીં અસ્તિત્વ અને નાસ્તિત્વ એ બેઉ ધર્મની યુગપત વિવક્ષા છે. એ ચોથા ભાંગનો આશય છે.

આ ચાર ભાંગામાંથી કેવળ વિધિ-પ્રતિપાદક પહેલો અને કેવળ નિષેધ-પ્રતિપાદક બીજો ભાંગો જ મૂળ ભાંગા છે. ત્રીજો અને ચોથો ભાંગો એ બેઉને ક્રમશઃ અને યુગપત મેળવવાથી બન્યા છે.

(૫) સ્વ-દ્રવ્યક્ષેત્રકાલભાવથી વસ્તુ (ઘટ) સત છે અને યુગપત્ વિધિ-નિષેધની સાથે વિવક્ષિત થવાથી અવકતવ્ય રૂપ થાય છે. આ પાંચમો ભાંગો છે.

(૬) બીજા ભાગામાં પર દ્રવ્યાદિ-ચતુષ્ટયની અપેક્ષાએ પદાર્થમાં નાસ્તિત્વ બતાવ્યુ છે, એની સાથે જ યુગપત્ વિધિ-નિષેધની કલ્પના કરવાથી અવકતવ્યતા પણ મેળવી શકાય છે એ 'નાસ્તિ-અવકતવ્ય' રૂપ છઠ્ઠો ભાંગો છે.

(૭) સ્વ-દ્રવ્ય આદિની અપેક્ષાએ સત અને પર-દ્રવ્યાદિની અપેક્ષાએ અસત્ વસ્તુ, યુગપત્ વિધિનિષેધની કલ્પના કરવાથી અવકતવ્ય પણ છે. એ 'અસ્તિ-નાસ્તિ-અવકતવ્ય' રૂપ સાતમા ભાંગોનો આશય છે.

અહીં દિશાસૂચનને માટે કેવળ 'અસ્તિત્વ' ધર્મને જ ઉદાહરણ બનાવી સાત ભાંગા ઘટાવ્યા છે એ પ્રમાણે નિત્યત્વ આદિ પ્રત્યેક ધર્મ પર સાત-સાત ભાંગા પોતાની મેળે ઘટાવી લેવા આ બધાંની પ્રરૂપણા કરવાવાળે, અને-જેનો રાગ નષ્ટ થઇ ગયો હોય એટલે વીતરાગ હોય તે દેવ કહેવાય છે. 'રાગ' પદ દ્વેષનું ઉપલક્ષણ છે, માટે તે વડે દ્વેષનો નાશ પણ સમજવો.

**શંકા**—જો દેવ, રાગ અને દ્વેષથી રહિત છે, તો તેની ઉપાસના કરવી વૃથા છે. તેની ઉપાસના કરવાથી કોઇ પ્રયોજન સિદ્ધ થઇ શકતું નથી; કારણકે આપના કથનાનુસાર એ (દેવ) પોતાની ઉપાસના કરનારાઓ પર રાગ નહીં કરે અને ઉપાસના ન કરનાર પર દ્વેષ નહિ કરે. એવી સ્થિતિમાં ઉપાસના કરવાથી પણ તેની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાતી નથી, માટે તેની ઉપાસના કરવી વ્યર્થ છે.

**સમાધાન**—એ તમારી ભૂલ છે. અમારી ઉપાસના ભગવાન્‌ને પ્રસન્ન (ખુશ) કરવાને માટે નથી પરન્તુ પોતપોતાના આત્માને શુદ્ધ કરીને સર્વથા નિર્વિકાર બનાવવા માટે છે. મોહ આદિથી ઉત્પન્ન થનારી વિષયભોગની લોલુપતા જ આત્માનો વિકાર ( કલંક ) છે. તેનો નાશ રાગદ્વેષનો નાશ થયા વિના થઇ શકતો નથી. જળ લીલા, પીળા અને રાતા વર્ણ આદિના સંયોગથી પોતાની સ્વચ્છતાનો ગુણ ત્યજીને લીલું પીળું કે લાલ થઇ જાય છે. ધીરે ધીરે એની મલિનતા એટલી વધી જાય છે કે તે માત્ર દેડકાંઓના કામનું જ રહે છે, એ પ્રમાણે રાગ-દ્વેષવાળો આત્મા, પોતાની સ્ફટિક સરખી નિર્મળતાને ત્યજીને મલીન બનાવનારા વિષયોના સંસર્ગથી ક્રમશઃ અધિકાધિક મલીન થતાં છેવટે દુર્ગતિનુ પાત્ર બની જાય છે. માટે સમસ્ત દુર્ગતિનાં મૂળ કારણ રાગ-દ્વેષ છે. ભવ્ય જીવોએ પ્રયત્ન કરીને તેમને દૂર કરવાં જોઇએ. એને દૂર (નષ્ટ) કરવાને માટે રાગદ્વેષ રહિત દેવની ઉપાસના કરવી જોઇએ. એ વાત લોકમાં જોવામાં આવે છે. રોગી નીરોગ કરનાર વૈદ્યની ઉપાસના કરે છે. શત્રુઓથી તિરસ્કાર પામનારી નિર્બળ વ્યકિત સબળ રાજા આદિની ઉપાસના કરે છે, નાની દુકાનવાળો મોટી દુકાનવાળા શેઠ આદિનો આશ્રય લે છે, અને ટાઢથી થરથરતો માણસ સૂર્ય આદિ ગરમ વસ્તુઓનું શરણું લે છે અને સફળ થાય છે. એ પ્રમાણે અનંત શકિતના આગર; સર્વથા નિષ્કલંક ભગવાન્‌ની નિર્દોષ ઉપાસનાથી ચિત્તમાં એકાગ્રતા ઉત્પન્ન થાય છે, અને એ એકાગ્રતાથી આત્માનું વીતરાગ અવસ્થામાં પરિણમન થાય છે. જ્યારે આત્મા વીતરાગ અવસ્થામાં આવે છે, ત્યારે રાગદ્વેષનો વિનાશ થઇ જાય છે. રાગદ્વેષનો વિનાશ થવાથી શુદ્ધિ થાય છે. આત્મશુદ્ધિ થવાથી તે પોતાના શુદ્ધ સહજ સ્વભાવમાં સ્થિર થઇ જાય છે. આત્માનું શુદ્ધ સ્વભાવમાં સ્થિર થઇ જવું એજ સર્વોત્કૃષ્ટ સુખ છે. એજ સુખ અવિનાશી છે. માટે રાગદ્વેષનો વિનાશજ સર્વશ્રેષ્ટ શાશ્વત સુખનું સાધન છે, અને એ સુખની પ્રાપ્તિને માટે વીતરાગ દેવની ઉપાસના કરવી નિતાન્ત આવશ્યક છે. અહીં ( આ ઉપાસનામાં ) દેવનો રાગ નથી કે દ્વેષ નથી. પરંતુ જે રાગદ્વેષનો ત્યાગ કરવા ઇચ્છે તે એની ઉપાસના કરીને સફળ-મનોરથ થાય છે. જેમકે-લોકમાં જે અંધકારને દૂર કરવા ઇચ્છે છે તે પોતે પ્રકાશનુ શરણ લેવાથી જ સફળ થાય છે, નહિ કે પ્રકાશ પોતે તેની પાસે દોડી જાય છે. એથી સાવદ્ય ઉપાસનાનું ખંડન થઇ

ગયું, કારણકે સાવદ્ય-ઉપાસનાથી જીવહિંસારૂપ આરંભ થાય છે, અરંભથી કર્મબંધ થાય છે અને કર્મબંધથી સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. કહ્યું છે કે—

"સાવદ્ય ઉપાસનાથી જીવહિંસારૂપ આરંભ થાય છે, તેથી કર્મબંધ થાય છે અને કર્મબંધથી સંસારરૂપી ચક્રમાં ઘૂમવું પડે છે" (૧)

બીજા દોષોનું પ્રતિપાદન પહેલાં કરવામાં આવ્યું છે, એટલે અહીં આટલું કથન જ પૂરતું છે.

## ગુરૂ કે સ્વરૂપ કા વર્ણન

### ગુરૂનું સ્વરૂપ

જે મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે તે ગુરૂ છે. એ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ પાંચ મહાવ્રતોના ધારણ કરનારા, રાત્રિભોજનના ત્યાગી, પાંચ આસ્રવોના નિવારક, પાંચ સંવરોના આરાધક, પાંચે ઇન્દ્રિયોનો નિગ્રહ કરનારા પાંચ સમિતિ ત્રણ ગુપ્તિના પાલક, ષટ્કાયના રક્ષક, સપ્ત વ્યસન અને આઠ મદોના ત્યાગી ગુપ્તબ્રહ્મચારી, દસ યતિધર્મોના ધારક, તપ સંયમ આદિ વિવિધ ગુણોથી યુકત હાથી, ઘોડા, ગાડી, પાલખી, રેલ, સાયકલ, મોટર, હવાઇ વિમાન, ટ્રામ્વે આદિ કોઇ પણ વાહનપર સવાર ન થનારા, પગપાળો વિહાર કરનારા, છત્ર, પાદુકા, જોડા, મોજાં વગેરેના ત્યાગી, નિર્દોષ આહારના ગ્રાહક, સચિત્ત જળના ત્યાગી, ભક્તિભાવે સાથે ચાલનારા ગૃહસ્થોનો અને પોતાને માટે બનાવવામાં આવેલો આહાર ન લેનારા હોય છે. તેઓ પોતાને માટે ભોજન બનાવરાવતા નથી, માથા પરના કેશનો લોચ કરે છે, વાયુકાય આદિની રક્ષાને માટે મુખપર સદૈવ દોરા સાથેની મુખવસ્ત્રિકા બાંધી રાખે છે જીવોની રક્ષાને માટે રજોહરણ અને પૂંજણી રાખે છે, સ્ત્રીઓનો સ્પર્શ કરતા નથી, સ્ત્રીઓના સંપર્કવાળા સ્થાનમાં રાત્રીને સમય નિવાસ કરતા નથી, સ્ત્રી–પશુ–પંડકવાળી વસ્તીમાં રહેતા નથી, સ્ત્રીઓની સભામાં ઉપદેશ આપતા નથી, બોધવાન્ અને તત્ત્વજ્ઞાતા થઇને અહિંસા ધર્મનો ઉપદેશ આપે છે. આ વિષયને સંગ્રહ કરવાવાળી ગાથાઓ આ પ્રમાણે છે—

આનો અર્થ પૂર્વોકત પ્રમાણેજ છે.

## ધર્મનું સ્વરૂપ

પહેલાં ધર્મનું વ્યાખ્યાન કરી ગયા છીએ. જે પૂર્ણ દયામય પ્રવૃત્તિરૂપ હોઇને અહિંસામૂલક અને તીર્થંકર ભગવાન્ દ્વારા ઉપદિષ્ટ છે, તેજ ધર્મ છે.

એ ધર્મ બાર પ્રકારનો છે. જેથી સદ્ગતિની પ્રાપ્તિ થાય તે વ્રત કહેવાય છે. જે મહાવ્રતોથી નાનું વ્રત હોય તેને અણુવ્રત કહે છે. અણુવ્રતો પાંચ છે, તે આ પ્રમાણેઃ—

### (૧) અણુવ્રત.

(૧) સ્થૂલપ્રાણાતિપાતવિરમણ–સ્થૂલ હિંસાથી નિવૃત્ત થવું તે. તાત્પર્ય એ છે કે–જીવ બે પ્રકારના છેઃ (૧) સ્થૂલ અને (૨) સૂક્ષ્મ. બેઇંદ્રિય. ત્રીંદ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવ સ્થૂલ છે તથા એકેન્દ્રિય જીવ સૂક્ષ્મ છે. સૂક્ષ્મ-જીવોને તત્ત્વદર્શી તથા શાસ્ત્રમર્મજ્ઞ જ જાણી શકે છે, તેથી ગૃહસ્થો એ જીવોની હિંસાનો ત્યાગ કરી શકતા નથી સૂક્ષ્મ જીવો ( એકેન્દ્રિય જીવો ) ની હિંસાનો ત્યાગ સાધુ જ કરે છે. તાત્પર્ય એ છે કે બેઇંદ્રિય આદિ જીવોની હિંસા સ્થૂલ હિંસા છે અને એકેન્દ્રિય જીવોની હિંસા સૂક્ષ્મ હિંસા છે સ્થૂલ હિંસા બે પ્રકારની છેઃ-(૧) સંકલ્પજા અને (૨) આરંભજા. માંસ, નખ, વાળ, ચામડું અને હાડકાં આદિને માટે નિરપરાધી પ્રાણીઓનો ઇચ્છાપૂર્વક ઘાત કરવો એ સંકલ્પજા હિંસા છે. રથનાં પૈડાં અથવા રથ અને ચાક આદિ ચાલવાથી, અને હળ તથા કોદાળી આદિ વડે જમીન ખોદવાથી, કીડી–મકોડી આદિનો ઇચ્છાવિના ઘાત થઇ જાય એ આરંભક હિંસા છે, શ્રાવકો બેઉ પ્રકારની હિંસામાંથી આજીવનને માટે સંકલ્પજા હિંસાનો ત્યાગ કરે છે ? હા, કરણ અને યોગની મર્યાદા એની ઇચ્છા પર નિર્ભર છે, અર્થાત્ કોઇ શ્રાવક એક કરણ એક યોગથી, કોઇ બે કરણ બે યોગથી અથવા ઇચ્છાને અનુસરી અન્ય પ્રકારની મર્યાદાએ કરીને ત્યાગ કરે છે, પરન્તુ શ્રાવક આરંભજા હિંસાનો ત્યાગ કરી શકતો નથી. ઘર બનાવ્યા વિના અને ખેતી-વાડી આદી કાર્ય કર્યા વિના ગૃહસ્થ જીવનનો નિર્વાહ થવો અસંભવિત છે અને એ કાર્યોમાં હિંસા અનિવાર્ય છે– અવશ્ય થાય છે.

**શંકા**—જો સંકલ્પજા હિંસાનો ત્યાગ કરવાથી જ હિંસાના ત્યાગી થઇ શકાય છે, તો શ્રાવકને સ્થૂલ પ્રાણીઓની હિંસાનો ત્યાગી કેમ કહો છો ? તે ઇચ્છાપૂર્વક સૂક્ષ્મ પ્રાણીઓની પણ હિંસા નથી કરતો, માટે સ્થૂલ સૂક્ષ્મ બધાં પ્રાણીઓની હિંસાનો ત્યાગી માનવો જોઇએ. તો પછી પહેલા વ્રતમાં ‘ સ્થૂલ ’ પદની શી જરૂર હતી ?

**સમાધાન**—સાભળો. ગૃહસ્થ–પૃથ્વીકાય, હરિતકાય આદિને ઇચ્છાપૂર્વક જ ભોગવે છે, માટે તે સૂક્ષ્મ સંકલ્પજા હિંસાથી બચી શકતો નથી. એ વાત પહેલાં કહી ગયા છીએ. ॥ ૧ ॥

## (૨) બીજા વ્રતનું વર્ણન

સ્થૂલ મૃષાવાદથી વિરમણ થવું એ બીજું અણુવ્રત છે. મૃષાવાદ પણ બે પ્રકારનો છે: (૧) સૂક્ષ્મ અને (૨) સ્થૂલ. મિત્ર આદિની સાથે મનોરંજનને માટે અસત્ય ભાષણ કરવું અથવા કોઇ માણસ દિવસે બેઠો બેઠો ઉંઘ લઇ રહ્યો હોય અને બીજો તેને સાવધાન કરવાને માટે કહે કે "કેમ ભાઇ ! કવેળાએ પણ ઉંઘો છો કે ?" તો એ ઉત્તર આપે છે "ના, ઉંઘતો નથી.', એ પ્રકારનું ભાષણ સૂક્ષ્મ મૃષાવાદ છે, સ્થૂલ વસ્તુમાં ખોટાં પરિણામોથી અસત્ય બોલવું એ સ્થૂલ મૃષાવાદ છે. એ પાંચ પ્રકારનો છે: (૧) કન્યા-સંબંધી, (૨) ભૂમિ-સંબંધી, (૩) ગાય વગેરે સંબંધી, (૪) થાપણ-સંબંધી, (૫) જૂઠી સાક્ષી આપવી.

(૧) કુલ, શીલ, રૂપ, આદિથી યુકત નિર્દોષ કન્યાને દૂષિત ઠરાવવી, અને કુલ આદિથી રહિત દૂષિત કન્યાને નિર્દોષ કહેવી તે કન્યાલીક છે. અહીં કન્યા શબ્દથી મનુષ્ય માત્રનું, ઉપલક્ષણે કરીને ગ્રહણ થાય છે.

(૨) કસદાર ( સારો પાક ઉગી શકે તેવી ) જમીનને કસ વિનાની કહેવી અને બીનકસદાર જમીનને કસદાર કહેવી, ઓછા મૂલ્યવાળીને મોંઘા મૂલ્યવાળી કહેવી અને મોંઘા મૂલ્યવાળીને ઓછા મૂલ્યવાળી કહેવી, એ ભૂમિ-અલીક છે. અહીં ભૂમિશબ્દ પણ ઉપલક્ષણ છે, માટે ભૂમિ શબ્દથી સચિત્ત ફળ આદિનું અને અચિત્ત સુવર્ણ આદિનું ગ્રહણ કરવું.

(૩) ગાય, ઘોડા, ભેંશ આદિ ચોપગામાં જે પ્રશસ્ત ( સારાં ) હોય તેમને અપ્રશસ્ત ( નઠારાં ) કહેવાં અને જે અપ્રશસ્ત હોય તેમને પ્રશસ્ત કહેવાં, તથા પહેલાં મુજબ ઓછા મૂલ્યવાળાંને મોંઘા મૂલ્યવાળાં અને મોંઘા મૂલ્યવાળાંને ઓછા મૂલ્યવાળાં કહેવાં, અથવા વધારે દૂધ દેનારી ગાયને ઓછું દૂધ દેનારી કહેવી અને ઓછું દૂધ દેનારીને વધુ દૂધ દેનારી કહેવી એ ગો-અલીક છે.

(૪) કોઇ વિશ્વાસપાત્ર પુરૂષની પાસે મહોરો, રૂપિયા, સોનું, રૂપું, વસ્ત્ર, ધાન્ય આદિ અનામત મૂકવાં એ થાપણ કહેવાય છે. તેના સંબંધમાં મિથ્યાભાષણ કરવું એ ન્યાય-અલીક ( થાપણ મોસો ) છે. જેમકે-"મને તારી વસ્તુની ખબર નથી, તેં મને કયારે આપી હતી ? કહે, કોણ તેનો સાક્ષી છે ?" ઇત્યાદિ.

(૫) "હું એ વખતે ત્યાં હાજર હતો; એ બધી વાતો સાચી કહે છે; મારી સામે એ બધી વાતો થઇ હતી" એ પ્રમાણે કોઇનો અપકાર કરવાના હેતુથી, અથવા લાંચ લઇને જૂઠી જુબાની આપવી તે જૂઠી સાક્ષી છે. અથવા "એ એવો જ અપરાધી છે, હું એનાં બધાં કરતૂત જાણું છું, એણે એવું કામ કર્યું છે કે જે કોઇ પણ રીતે ન કરવું જોઇએ." એ પ્રમાણે જૂઠું બોલવું એ કૂટ-સાક્ષી (કુડી શાખ) છે.

આ સ્થૂલ મૃષાવાદનો બે કરણ અને ત્રણ યોગે કરીને ત્યાગ કરવો એ સ્થૂલમૃષાવાદવિમરણ વ્રત કહેવાય છે. ॥ ૨ ॥

## ધર્મ કથા મેં અસ્તેયવ્રત કા વર્ણન

### ત્રીજા વ્રતનું વર્ણન

જે વસ્તુનો જે માલીક છે, તેણે આપ્યા વિના તે વસ્તુ ગ્રહણ કરી લેવી એ અદત્તદાન છે; તેનાથી નિવૃત્ત થવું એ અદત્તાદાનવિરમણ વ્રત છે. અદત્તાદાન પણ સૂક્ષ્મ અને સ્થૂલના ભેદે કરીને બે પ્રકારનું છે. જેનો કોઈ માલીક નથી એવું ઘાસ, કાંકરા; વગેરેને ખરાબ હેતુ વિના ગ્રહણ કરવાં એ સૂક્ષ્મ અદત્તાદાન છે, અને જે ગ્રહણ કરવાથી ચોરીનો અપરાધ લાગે, એવું બીજા કોઈનું સોનું વગેરે પદાર્થોનું ગ્રહણ કરવું, એ સ્થૂલ અદત્તાદાન છે. એ બે પ્રકારનું છે: (૧) સંભાળતાં, યા ન સંભાળતાં, ભૂલાઈ ( ખોવાઈ ) ગએલાં યા ટોળામાં આવેલાં ગાય–ભેંશ આદિ સચિત્ત પદાર્થોનું અપહરણ કરવું સચિત્ત અદત્તાદાન છે. (૨) સંભાળીને રાખેલાં કે સંભાળ્યા વિના રાખેલાં, ખોવાઈ ગએલાં, વસ્ત્ર, રથ, સુવર્ણ આદિ અચિત્ત પદાર્થોનું અપહરણ કરવું એ અચિત્ત અદત્તાદાન છે. એ સચિત્ત અને અચિત્ત અદત્તાદાનનો બે કરણ ત્રણ યોગે કરીને ત્યાગ કરવો એ સ્થૂલ–અદત્તાદાન–વિમરણવ્રત છે. ॥ ૩ ॥

## ધર્મ કથા મેં સ્વદારસંતોષવ્રત કા વર્ણન

### (૪) ચોથા વ્રતનું વર્ણન

પતિની સાથે સંબંધ જોડીને, પિતા ભાઈ આદિના સંબંધને જે દારણ કરી નાંખે છે, તેને દાર કહે છે. વિધિપૂર્વક વિવાહિત સ્ત્રીને સ્વદાર કહે છે. સ્વદારમાં જ સંતોષ રાખવો એ સ્વદાર–સંતોષ કહેવાય છે અર્થાત્ પરસ્ત્રી–વેશ્યા થવું અને ધર્મપત્નીમાં જ સંતોષ રાખવો, એ સ્વદારસંતોષ વ્રત છે.

**શંકા**—કીંમત આપીને ખરીદેલી વેશ્યા કન્યા આદી પણ સ્વદાર છે. કારણકે તેને પોતાને અધીન કરી લેવામાં આવી હોય છે; માટે એને પણ પત્ની માનવી જોઈએ.

**સમાધાન**—દિલગીરીની વાત છે કે તમને ભ્રમ થઈ ગયો છે. તમે આંખો મીંચીને શીંગડાં–પૂછડાને એક કરી રહ્યા છો અને ભગવાનના અભિપ્રાયનો વિચાર કરતા નથી. પહેલાં દાર શબ્દની જે વ્યુત્પત્તિ કરી છે, તેથી સિદ્ધ થાય છે કે દાર શબ્દનો પ્રયોગ વિધિપૂર્વક વિવાહિતા સ્ત્રીને માટે જ થાય છે. બધાં કાવ્યો+ તથા કોષો આદિમાં પણ એવોજ પ્રયોગ માલૂમ પડે છે માટે 'દાર' શબ્દે કરીને વિધિપૂર્વક વિવાહિત પત્નીનું ગ્રહણ થાય છે, તેથી વેશ્યા અને કન્યાનો નિષેધ સમજવો જોઈએ. વળી 'સ્વ' શબ્દથી પોતાની પત્નીનું જ ગ્રહણ થાય છે, માટે યથાવિધિ વિવાહિત થયા છતાં પણ પરસ્ત્રીનો નિષેધ સિદ્ધ થાય છે. એને પરિસંખ્યા કહે છે. કહ્યું છે કે—

"જે અર્થ કોઈ વાકયમાંથી પ્રાપ્ત ન થતો હોય અર્થાત્ જેનું કયાંય પહેલાં વિધાન ન કરવામાં આવ્યું હોય ત્યારે વિધિ થાય છે જો પક્ષમાં (વિકલ્પ રૂપે કરીને)

+ કાવ્ય કોષ આદિના નામ સંસ્કૃત ટીકામાં જોઈ લેવા.

પ્રાપ્ત થાય તો નિયમ થાય છે. જો એક સ્થાનપર પ્રાપ્ત થાય અને તે સાથે અન્યત્ર પ્રાપ્ત થાય તો પરિસંખ્યા થાય છે."

'જો એક અર્થ અનેક સ્થળોએ પ્રાપ્ત થાય તો અનેક સ્થળોથી નિવૃત્ત કરીને પછી એક સ્થળે જ એનું વિધાન કરવું એ પરિસંખ્યા છે.' એ એનું લક્ષણ છે. પ્રકરણમાં આ પ્રમાણે સમજવું:-એક વિષય-ભોગ, સ્વસ્ત્રી—પરસ્ત્રી આદિ અનેક સ્થળોમાં પ્રાપ્ત હોય, માટે બીજાં પરસ્ત્રી આદિ સ્થળોથી નિવૃત્ત કરવાને માટે એક સ્થાન અર્થાત્ વિધિપૂર્વક વિવાહિત સ્વધર્મપત્નીમાં 'સ્વદાર' પદે કરીને વિધાન કરવું, એ પરિસંખ્યા છે. જેમકે—

"વીતરાગ ભગવાનની ભકિત કરવી જોઇએ. એમનું દર્શન કરવું જોઇએ, જ્ઞાન આદિ પ્રાપ્ત કરવાં જોઇએ અને એમનાં વચનો સાંભળવા જોઇએ."

આ વાકયમાં વીતરાગની ભકિત આદિનું વિધાન છે, માટે તેનાથી ભિન્ન સરાગીની ભકિતના નિષેધનું તાત્પર્ય પ્રકટ થાય છે. હવે મૂળ વાત એ છે કે—

પરસ્ત્રી બે પ્રકારની છે. (૧) ઔદારિક શરીરવાળી અને (૨) ઔદારિક શરીરવાળીથી ભિન્ન. મનુષ્ય અને તિર્યંચોનાં શરીરને ધારણ કરનારી ઔદારિકશરીરધારિણી છે અને દેવશરીરને ધારણ કરનારી વૈક્રિયશરીરધારિણી છે. ભાવાર્થ એ છે કે—એ બધાનો પરિત્યાગ કરીને કેવળ સ્વપત્નીમાં સંતોષ રાખવો એ સ્વદારસન્તોષ—પરદારવિરમણ—વ્રત છે.

## ધર્મ કથા મેં ઇચ્છાપરિણામવ્રત કા વર્ણન

### (૫) પાંચમા વ્રતનું વર્ણન

ધનધાન્ય આદિ નવ પ્રકારના પરિગ્રહોની મર્યાદા કરવી એ ઇચ્છાપરિમાણ વ્રત છે. મનુષ્ય, હાથી, ગાય, ઘોડા, ભેંશ આદિ સચેતન, અને વસ્ત્ર, રત્ન, સોનું, રૂપુ. વગેરે અચેત પદાર્થોને મમત્વભાવપૂર્વક ગ્રહણ કરીને તેના રક્ષણને માટે એ પ્રકારની મર્યાદા કરવી એ ઇચ્છા-પરિમાણ છે, જેમકે- "હું આટલા મનુષ્ય ગજ અશ્વ આદિ રાખીશ, તેથી વધારે નહિ, આટલાં વસ્ત્ર રત્ન હિરણ્ય આદિ રાખીશ, એથી વધારે નહીં." કેટલી મર્યાદા કરવી એ શ્રાવકોની ઇચ્છા પર આધાર રાખે છે, એટલે સૌ કોઇ પોતાની શકિત અને રૂચિને અનુસરીને મર્યાદા કરી શકે છે, પરન્તુ એટલું ધ્યાનમાં રાખવાનું છે કે મર્યાદાનું પ્રયોજન તૃષ્ણાને ઓછી કરવાનું છે, માટે એવી મર્યાદા કરવી જોઇએ કે જેથી તૃષ્ણા ઓછી થાય એવું આ વ્રતનું તાત્પર્ય છે. કહ્યું છે કે—

"લોભ જેમ જેમ ઓછો થતો જાય છે, તેમ તેમ પરિગ્રહ અને આરંભ ઓછા થતા જાય છે, સુખ વધતું જાય છે અને કર્મોની નિર્જરા થાય છે. (૧) બધા અનર્થોનું મૂળ પરિગ્રહ છે. જે એનો ભાવપૂર્વક ત્યાગ કરીને ધર્મરૂપી સુંદર ઉદ્યાનમાં રમણ કરે છે, તે મહાપુરુષને ધન્ય છે." (૨).

## ગુણવ્રત (૩)

### (૬) છઠ્ઠા વ્રતનું વર્ણન- (પહેલું ગુણવ્રત)

**અન્ય વ્રતોનું પાલન કરવામાં જે સહાય કરે છે; તેને ગુણવ્રત કહે છે. ગુણવ્રત** ત્રણ છે. +ઔપપાતિક સૂત્રના ક્રમાનુસાર તેનું વર્ણન કરીએ છીએ:—

**(૧) અનર્થદંડવિરમણ-વ્રત—ક્ષેત્ર, ધન, ગૃહ, શરીર, કુળ, દાસી, દાસ, દારા, (સ્ત્રી) આદિને માટે અર્થાત્ પ્રયોજનને માટે જે દંડ દેવામાં આવે છે તે છે તે અર્થદંડ છે અને નિષ્પ્રયોજન દંડને અનર્થદંડ કહે છે; અર્થાત્ પ્રયોજન વિના જ કોઇ જીવને સંક્લેશ પહોંચાડવો એ અનર્થદંડ છે. એ અનર્થદંડ ચાર પ્રકારનો** છે: (૧) અપધ્યાનાચરિત, (૨) પ્રમાદાચરિત. (૩) હિંસાપ્રદાન, (૪) પાપકર્મોપદેશ. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને વશ થઈને પ્રાણીને નિષ્પ્રયોજન સંક્લેશ પહોંચાડવો એ અપધ્યાનાચરિત છે. (૧) પ્રમાદને વશ થઇને વ્યર્થ ખરાબ (કષ્ટપ્રદ) વચનો બોલવાં વગેરે, અથવા પ્રમાદવશ ઘી તેલ આદિનાં વાસણોને ઉઘાડાં રાખવાં એ પ્રમાદાચરિત છે. (૨) પ્રયોજન વિના તલવાર,શૂળી, ભાલા, આદિ હિંસાનાં સાધનભૂત શસ્ત્રોને કોઈના હાથમાં આપવાં, ઉપલક્ષણે કરીને પોતાના હાથમાં રાખવાં એ પણ હિંસાપ્રદાન અનર્થદંડ છે. (૩) પાપની પ્રધાનતાવાળો અથવા પાપને પેદા કરનારો અર્થાત્ સાવદ્ય-ઉપદેશ આપવો એ પાપકર્મોપદેશ અનર્થદંડ છે. (૪) એ ચારે પ્રકારના અનર્થદંડથી વિરત થઇ જવું તે અનર્થદંડવિરમણ વ્રત છે.

## દિગ્વ્રત કા વર્ણન

### સાતમા વ્રતનું વર્ણન.-(બીજું ગુણવ્રત)

**(૨) દિગ્વ્રત—"પૂર્વ પશ્ચિમ આદિ દિશાઓમાં, હું આટલે દૂર સુધી જ જઇશ, એથી આગળ નહિ જઉં' એ પ્રમાણે દિશાઓની યા દિશાઓમાં મર્યાદા કરી લેવી એ દિગ્વ્રત છે. એ વ્રત ત્રણ પ્રકારનું છે: (૧) ઊર્ધ્વ, (૨) અધઃ, અને (૩) તિર્યક્દિશાસંબંધી.**

**ઊર્ધ્વ દિશામાં આ પ્રકારની મર્યાદા કરી લેવી કે 'પર્વતના અમુક ભાગ સુધી જ હું ચઢીશ, એથી વધારે ઉપર નહીં' એ ઊર્ધ્વ-દિગ્વ્રત છે. વાવ, કુવા,** તળાવ, ભોંયરાં આદિમાં પ્રવેશ કરવાની મર્યાદાનો નિયમ કરવો એ અધોદિગ્વ્રત છે, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશાઓમાં તથા વાયવ્ય, નૈર્ઋત્ય, ઈશાન, અને આગ્નેય ખુણાઓમાં મર્યાદાનો નિયમ કરવો કે 'અમુક દિશામાં એથી આગળ હુ નહિ જઉં' એ તિર્યગ્ દિગ્વ્રત છે.

## આઠમા વ્રતનું વર્ણન-(ત્રીજુ ગુણવ્રત)

(૩) **ઉપભોગ-પરિભોગ-પરિમાણુ વ્રત**-ઉપભોગ અને પરિભોગની વ્યાખ્યા પહેલાં કરી ગયા છીએ. એની મર્યાદા કરવી એ ઉપભોગ-પરિભોગ પરિમાણુ વ્રત છે, એ વ્રત પ્રકારનું છે;(૧) ભોજનથી અને (૨) કર્મથી. ૧ આર્દ્રનયનિકા, ૨ દંતધાવન, ૩ ફળ, ૪ અભ્યંજન, ૫ ઉદ્વર્તન, ૬ મજ્જન, ૭ વસ્ત્ર, ૮ વિલેપન, ૯ પુષ્પ, ૧૦ આભરણુ, ૧૧ ધૂપ, ૧૨ પેય, ૧૩ ભક્ષણ, ૧૪ ઓદન, ૧૫ સૂપ, ૧૬ વિકૃતિ, ૧૭ શાક, ૧૮ મધુરક, ૧૯ જમણુ; ૨૦ પાની, ૨૧ મુખવાસ, ૨૨ વાહન, ૨૩ ઉપાનત્ ૨૪ શાયન, ૨૫ સચિત્ત, ૨૬ દ્રવ્ય, એ ઉપભોગ-પરિભોગ યોગ્ય પદાર્થોમાં મર્યાદા કરવી, તે ભોજનથી-ઉપભોગ-પરિભોગ-પરિમાણુ વ્રત છે. તે આ પ્રમાણેઃ—

(૧) સ્નાન કરવાથી ભીંજાયલું શરીર લૂછવાને માટે વસ્ત્રો (અંગૂહા)ની મર્યાદા કરવી તે આર્દ્રનયનિકાવિધિપરિમાણુ છે. (૨) દાંતનો મેલ દૂર કરવાને દાતણુ આદિની મર્યાદા કરવી એ દંતધાવનવિધિપરિમાણુ છે. (૩) સ્નાન કર્યા પહેલાં મસ્તક આદિ પર લેપ કરવાને આંબળાં આદિ ફળોની મર્યાદા કરવી તે ફલવિધિપરિમાણુ છે. (૪) સ્નાન પહેલાં શરીર પર માલીસ કરવાને શતપાક સહસ્રપાક આદિ તેલોની મર્યાદા કરવી એ અભ્યંજનવિધિપરિમાણુ છે. (૫) સ્નાન પહેલાં શરીરનો મેલ દૂર કરવાને પીઠી આદિની મર્યાદા કરવી એ ઉદ્વર્ત્તનવિધિપરિમાણુ છે. (૬) સ્નાનને માટે જળની મર્યાદા કરવી એ મજ્જનવિધિપરિમાણુ છે. (૭) પહેરવા ઓઢવા વગેરેને માટે વસ્ત્રોની મર્યાદા કરવી એ વસ્ત્રવિધિપરિમાણુ છે (૮) ચંદન, કુંકુમ, કેસર આદિની મર્યાદા કરવી એ વિલેપનવિધિપરિમાણુ છે. (૯) શરીર પર ધારણુ કરવાને પુષ્પોની મર્યાદા કરવી એ પુષ્પવિધિપરિમાણુ છે. (૧૦) શરીરની શોભા વધારવાને કડાં, કુંડલ, કેયૂર આદિ આભૂષણોની મર્યાદા કરવી એ આભરણુવિધિપરિમાણુ છે. (૧૧) વસ્ત્ર અને શરીરને સુગંધિત કરવાને ધૂપ દેવાના પદાર્થોની મર્યાદા કરવી એ ધૂપવિધિપરિમાણુ છે. (૧૨) પીવા યોગ્ય કવાથ, (કાઢા) ઔષધ તથા શરબત આદિ વસ્તુઓની મર્યાદા કરવી એ પેયવિધિપરિમાણુ છે. (૧૩) પકવાનોની મર્યાદા કરવી એ ભક્ષણુવિધિપરિમાણુ છે. (૧૪) કમોદ આદિ જાતિના ચોખાની મર્યાદા કરવી એ ઓદનવિધિપરિમાણુ છે. (૧૫) ચોખા આદિમાં મેળવીને ખાવા માટેની દાળોની મર્યાદા કરવી એ સૂપવિધિ-પરિમાણુ છે. (૧૬) ઘી દૂધ આદિની મર્યાદા કરવી એ વિકૃતિવિધિપરિમાણુ છે. (૧૭) ભાજી આદિ શાકોની મર્યાદા કરવી એ શાકવિધિપરિમાણુ છે. (૧૮) પાકાં, સ્વાદિષ્ટ, મીઠાં કેળાં, કેરી, ફણુસ આદિ ફળોની મર્યાદા કરવી એ માધુરકવિધિ-કરવી એ માધુરકવિધિપરિમાણુ છે. (૧૯) સેવ, પૂડા, ભજીયાં, પકોડી આદિની મર્યાદા કરવી એ જમણુવિધિપરિમાણુ છે. મુખને સુવાસિત કરવાને લવાંગ, કપૂર મર્યાદ વસ્તુઓની મર્યાદા કરવી એ મુખવાસવિધિપરિમાણુ છે. (૨૨) વાહન ચાર પ્રકારના બતાવ્યા છે— (૧) ચાલવાવાળા-ઘોડા, ઊંટ, હાથી, બળદ વિગેરે. (૨) ફરવાવાળા-ગાડી, મોટર, બગી ટ્રામ, સાઇકલ, રથ વિગેરે. (૩) તરવાવાળા-સ્ટીમર, વહાણુ, હોડી વિગેરે. (૪) ઉડવાવાળા-હવાઇ જહાજ, બલુન વિગેરે. આ ચાર પ્રકારના વાહનોની જવા - આવવા કે ફરવા માટે મર્યાદા કરવી એ

વાહનવિધિપરિમાણુ છે. (૨૩) પગની રક્ષાને માટે પગરખાં મોજાં વગેરેની મર્યાદા કરવી એ ઉપાનદ્‌વિધિપરિમાણુ છે. (૨૪) સૂવાને માટે ખાટ ખાટલા આદિની મર્યાદા કરવી એ શયનવિધિપરિમાણુ છે. (૫) ઇલાયચી, તાંબૂલ, આદિ સચિત્ત વસ્તુઓની મર્યાદા કરવી એ સચિત્તવિધિપરિમાણુ છે. (૨૬) ખાદિમ સ્વાદિમ આદિ દ્રવ્યોની બાબતમાં એક બે આદિ સંખ્યાની મર્યાદા કરવી એ દ્રવ્યવિધિપરિમાણુ છે.

તાત્પર્ય એ છે કે—જે ઉત્કૃષ્ટ વ્રતધારી છે તેણે ચારે પ્રકારના પ્રાસુક આહાર જ ગ્રહણ કરવા જોઇએ, જો પ્રાસુક ન ગ્રહણ કરે તો સચિત્તનો ત્યાગ કરવો જોઇએ, જો સચિત્તનો પણ ત્યાગ ન કરે તો અનંતકાય અને બહુબીજનો ત્યાગ તો કરવો જ જોઇએ. એ બધું ન કરી શકે તો ૧ સચિત્ત, ૨ દ્રવ્ય (ખદ્ય પદાર્થોની સંખ્યા), ૩ વિકૃતિ (વિગઇ—દૂધ વિગેરે) ૪ ઉપાનત્‌ (પગરખાં મોજાં), ૫ તાંબૂલ, ૬ વસ્ત્ર, ૭ પુષ્પ, ૮ વાહન, ૯ શયન (પાટ-પલંગ વગેરે), ૧૦ વિલેપન (ચંદનાદિ), ૧૧ બ્રહ્મચર્ય, ૧૨ દિશા, ૧૩ સ્નાન અને ૧૪ ભકત (ભોજન), એટલી બાબતોમાં મર્યાદા કરવા રૂપ ચૌદ નિયમો તો શ્રાવકે યથાશકિત પ્રતિદિન અવશ્ય કરવા જોઇએ.

હવે કર્મથી ઉપભોગ—પરિભોગ—પરિમાણુ—વ્રતનું વ્યાખ્યાન કરીએ છીએ:—

ઉપભોગ—પરિભોગને યોગ્ય પદાર્થોની પ્રાપ્તિનું સાધન દ્રવ્ય છે. એટલે એ દ્રવ્યને ઉપાર્જન કરવાને માટે કરવામાં આવતો વ્યાપાર પણ ઉપભોગ — પરિભોગ શબ્દથી જ કહેવામાં આવે છે, તેથી એનો અર્થ એ થયો કે ઉપભોગ—પરિભોગની પ્રાપ્તિને માટે અત્યંત સાવદ્ય વ્યાપારનો પરિત્યાગ કરીને (વ્યાપારની) મર્યાદા કરી લેવી એ કર્મથી—ઉપભોગ—પરિભોગ—પરિમાણુ વ્રત છે.

## શિક્ષાવ્રત (૪)

પરમ પદને પ્રાપ્ત કરવાની કારણભૂત ક્રિયાને શિક્ષા કહે છે. શિક્ષાને માટે વ્રત યા શિક્ષાપ્રધાન વ્રત એ શિક્ષાવ્રત કહેવાય છે. અર્થાત્‌ શિક્ષાવ્રત એ છે કે જેને વારંવાર સેવન કરવું પડે છે. શિક્ષાવ્રત ચાર છે: (૧) સામાયિક, (૨) દેશાવકાશિક, (૩) પોષધોપવાસ, અને (૪) અતિથિસંવિભાગ.

## (૯-નવમા વ્રતનું વર્ણન)

**(૧) સામાયિક**—સમભાવની આય (પ્રાપ્તિ) થવી એ સમાય છે, અને સમાયને માટે કરવામાં આવતી ક્રિયાને સામાયિક કહે છે. બધાં સુખોના સાધનભૂત અને પ્રાણીમાત્રને પોતાની સમાન જોનારા એવા સમતાભાવની પ્રાપ્તિ માટે સામાયિક વ્રતનું અનુષ્ઠાન કરવામાં આવે છે. એમાં સાવદ્ય-યોગનો ત્યાગ અને નિરવદ્ય—યોગનું સેવન કરવું આવશ્યક છે. મન, વચન અને કાયાના પાપજનક વ્યાપારોની કાળની મર્યાદા કરીને ત્યાગ કરવો એ સાવદ્યયોગ—પરિત્યાગ છે અને શુદ્ધ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવી એ નિરવદ્ય—યોગનું પ્રતિસેવન છે. સમતાભાવની પ્રાપ્તિ કરવાને એ બેઉ સરખી રીતે ઉપયોગી છે, માટે સાવદ્યયોગનો ત્યાગ કરવાની પેઠે નિરવદ્ય—યોગમાં પ્રવૃત્તિ કરવાનો પણ પ્રયત્ન કરવો જોઇએ.

વ્રતના આચરણની વિધિ આ પ્રમાણે છે:—

મુનિની સમીપે, પૌષધશાળામાં, ઉદ્યાનમાં યા પારકા કે પોતાનાં ઘરમાં અર્થાત્ જ્યાં મનમાં સંકલ્પ-વિકલ્પ ન ઉઠે અને ચિત્ત સ્થિર રહે, એવા કોઇ પણ એકાન્ત સ્થાનમાં મુક્તૈકદેશ થઇને અર્થાત્ ધોતીયાની પાટલી છૂટી કરીને ઉત્તરાસણ (એસ) ઓઢીને પૂંજણીથી પૂંજેલી ભૂમિમાં બિછાવેલા આસન પર બેસીને, પડિલેહણ કરીને, દોરાસહિત મુખવસ્ત્રિકા મુખ પર બાંધીને, 'ણમોક્કાર' મંત્ર બોલીને જો સાધુજી હોય તો તેમને વંદના કરીને અને ન હોય તો શ્રી વર્ધમાન સ્વામીને વંદના કરીને અને તેમની પાસેથી સામાયિકની આજ્ઞા લઇને શ્રાવક, ક્રમે કરીને ઐર્યાપથિક કાયોત્સર્ગ પાલન કરે, પછી 'લોગસ્સ'નો પાઠ કરે, પછી સાધુજી પાસેથી યા વિદ્વાન્ શ્રાવક પાસેથી અથવા પોતાના જ મુખવડે **'करेमि भंते'**ના પાઠ દ્વારા બે કરણ ત્રણ યોગે કરીને ઇચ્છાનુસાર એક બે ત્રણ આદિ સામાયિક લઇ લે. ત્યારપછી **'नमोत्थु णं'**નો બે વાર પાઠ કરે. પછી શ્રમણ (સાધુ) યા શ્રી મહાવીર સ્વામીને વંદના કરીને, નીચે લખેલી વિધિ પ્રમાણે પાંચસમિતિ ત્રણ ગુપ્તિની આરાધના કરતાં મુનિની પેઠે અપ્રમાદી થઇને વિચરે. અર્થાત્-સ્વાધ્યાય, ધ્યાન, ધર્માચર્ચા આદિ કરતાં વારંવાર નિર્દોષ સામાયિકમાં રહે.

સામાયિકમાં મન-વચન-કાયા-સંબંધી બત્રીસ દોષ હોય છે તે આ પ્રમાણે—

## સામાયિક વ્રત કા વર્ણન

### સામાયિકમાં મનના દસ દોષ—

(૧) વિવેક વિના સામાયિક કરે તો 'અવિવેક' દોષ
(૨) યશકીર્તિને માટે સામાયિક કરે તો 'યશોવાંછા' દોષ.
(૩) ધનાદિકના લાભની ઇચ્છાથી સામાયિક કરે તો 'લાભવાંછા' દોષ.
(૪) ગર્વ-અહંકાર સહિત સામાયિક કરે તો 'ગર્વ' દોષ.
(૫) રાજાદિકના ભયથી સામાયિક કરે તો 'ભય' દોષ.
(૬) સામાયિકમાં નિયાણું (નિદાન) કરે તો 'નિદાન' દોષ.
(૭) ફળમાં સંદેહ રાખીને સામાયિક કરે તો 'સંશય' દોષ.
(૮) સામાયિકમાં ક્રોધ, માન, માયા, લોભ કરે તો 'રોષ' દોષ.
(૯) વિનયપૂર્વક સામાયિક ન કરે, તથા સામાયકમાં દેવ ગુરુ ધર્મનો અવિનય-અશાતના કરે તો 'અવિનય' દોષ.
(૧૦) બહુમાન-ભક્તિ ભાવપૂર્વક સામાયિક ન કરતાં વેઠ સમજી સામાયિક કરે તો 'અબહુમાન' દોષ.

### વચનના દસ દોષ—

(૧) કુત્સિત વચન બોલે તો 'કુવચન' દોષ.
(૨) વિના વિચાર્યે બોલે તો 'સહસાકાર' દોષ.
(૩) સામાયિકમાં રાગ ઉત્પન્ન કરનારાં સંસારસંબંધી ગીત ખ્યાલ આદિ ગાણાં ગાય તો 'સ્વચ્છંદ' દોષ.

(૪) સામાયિકમાં પાઠ અને વાકયને ટુંકા કરીને બોલે તો 'સંક્ષેપ' દોષ.
(૫) સામાયિકમાં કલેશનું વચન બોલે તો 'કલહ' દોષ.
(૬) 'રાજકથા, દેશકથા, સ્ત્રીકથા, ભોજન કથા' એ ચાર કથાઓમાંથી કોઇ કથા કરે તો 'વિકથા' દોષ.
(૭) સામાયિકમાં હાંસી, મશ્કરી, ઠઠ્ઠો, ચાળા કરે તો 'હાસ્ય' દોષ.
(૮) સામાયિકમાં ગરબડ કરીને ઉતાવળે-ઉતાવળે બોલે અને અશુદ્ધ બોલે તો 'અશુદ્ધ' દોષ.
(૯) સામાયિકમાં ઉપયોગ વિના બોલે તો 'નિરપેક્ષા' દોષ.
(૧૦) સામાયિકમાં સ્પષ્ટ ઉચ્ચારણ ન કરતાં ગુણ-ગુણ બોલે તો 'મુણમુણ' દોષ

## કાયાના —બારદોષ

(૧) સામાયિકમાં અયોગ્ય આસને બેસે જેમકે પગ બાંધીને બેસે, પગ પર પગ ચડાવીને બેસે, ઉંચા આસને પલાંઠી મારીને બેસે, ઈત્યાદિ અભિમાનના આસને બેસે તો 'કુઆસણ' દોષ.
(૨) સામાયિકમાં સ્થિર આસન ન રાખે (એકને એક જગ્યાએ આસન ન રાખે, આસન બદલે, ચપલતા કરે) તો 'ચલાસન' દોષ.
(૩) સામાંયિકમાં દૃષ્ટિ સ્થિર ન રાખે, આમ તેમ દૃષ્ટિ ફેરવે તો 'ચલદષ્ટિ' દોષ.
(૪) સામાયિકમાં શરીરે કાંઇપણ સાવદ્ય ક્રિયા કરે, ઘરનું રખવાળું કરે, શરીરથી ઇશારા કરે તો 'સાવદ્ય ક્રિયા' દોષ. પણ કોઇ જીવ બળતો હોય, પડતો હોય, ઇત્યાદિ કષ્ટમાં પડયો હોય તેની પર દયા કરીને તેને બચાવવામાં દોષ નથી, કારણ કે તેમાં સાવદ્યક્રિયાનો નિષેધ છે, નિરવદ્યનો નહિ.
(૫) સામાયિકમાં ભીંત આદિનો આધાર લે તો 'આલંબન' દોષ.
(૬) સામયિકમાં પ્રયોજન વિના હાથ-પગને સંકોચે પસારે તો 'આકુંચન પસારણ' દોષ.
(૭) સામાયિકમાં અંગ મરડે તો 'આલસ' દોષ.
(૮) સામયિકમાં હાથપગના ટાચકા ફોડે તો 'મોટન દોષ.
(૯) સામાયિકમાં મેલ ઉતારે તો 'મલ' દોષ
(૧૦) ગળામાં તથા ગાલ પર હાથ લગાડીને શોકાસને બેસે તો 'વિમાસણ' દોષ.
(૧૧) સામાયિકમાં ઉંઘ લે તો 'નિદ્રા' દોષ.
(૧૨) સામાયિકમાં ખાસ કારણ વિના બીજા પાસે વૈયાવચ્ચ કરાવે તો 'વૈયાવૃત્ય' દોષ.

એ બત્રીસ દોષ સામાયિકના છે, તે ટાળીને શુદ્ધ નિર્દોષ સામાયિક કરવી જોઇએ.

અહીં એ તાત્પર્ય સમજવાનું છે કે–ગૃહસ્થાશ્રમનું કામ કરનારા શ્રાવકોથી અનુમોદનદ્વારા બધાં સાવદ્ય–કર્મોનો પરિત્યાગ કરવાનું કઠણ છે, એટલે સામયિકને અમયે સાધુઓની સમાન રહેવા છતાં પણ તે બે કરણ ત્રણ યોગે કરીને સાવદ્ય-યોગનો ત્યાગ કરે છે. એક સામાયિકનો કાલ એક મુહૂર્ત–બે ઘડી–અથવા અડતાળીસ મિનિટનો છે.

## દેશાવકાશિકવ્રત કા વર્ણન

### (૧૦) દસમા વ્રતનું વર્ણન.

**(૨) દેશાવકાશિક વ્રત**—દિગવ્રતમાં જે દિશાઓની મર્યાદા કરી છે, એ મર્યાદાને પણ પ્રતિદિન ઓછી કરી લેવી એ દેશાવકાશિક વ્રત છે. કોઇ કોઇનો એવો મત છે કે–પહેલાંનાં બધાં વ્રતોમાં કરેલી મર્યાદાનો સંકોચ કરવો એ દેશાવકાશિક વ્રત છે. તાત્પર્ય એ છે કે–જેણે આજીવન, વર્ષ યા ચોમાસામાં એવી મર્યાદા કરી લીધી હોય કે– “હું આટલે દૂર સુધી જ જઇશ, તેથી આગળ નહિ જઉં” તેણે એ દિશાની મર્યાદામાં એક દિન યા પાંચ પહોર આદિને માટે વધારો ઘટાડો કરી લેવો એ દેશાવકાશિક વ્રત છે. પૂર્વોક્ત બધાં વ્રતોનું એ ઉપલક્ષણ છે, એટલે દિગ્વ્રત ઉપરાંત સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ આદિ વ્રતોમાં સંક્ષેપ કરવો એ પણ દેશાવકાશિત વ્રત છે, એ વાત પોતે ધારી લેવી જોઇએ, જેમકે, જેણે અપરાધીને ન મારવાની પ્રાતજ્ઞા લીધી ન હોય અને તે એક દિન કે પહોરને માટે અપરાધીને પણ તાડન ન કરવાની પ્રતિજ્ઞા લે, તો તે પણ દેશાવકાશિક વ્રત છે, ઇત્યાદિ.

આ વ્રતનો આશય એ છે કે–મર્યાદા કરેલા સ્થાનથી બહાર ગમનાગમનની નિવૃત્તિ થઇ જાય છે, એટલે ત્યાં પ્રાણીઓનું ઉપમર્દન થતું નથી, તથાપિ બીજા માણુસ દ્વારા બહારનાં કામ કરાવવાથી વ્રતની રક્ષા સારી રીતે થતી નથી. કારણ કે ત્યાં એવા આગારનો અભાવ છે. દિગ્વ્રતને સંકુચિત કરીને પ્રેષ્ય–પ્રયોગ આદિ, તથા પ્રાણાતિપતવિરમણ આદિને સંકુચિત કરીને વધબન્ધ આદિ અતિચાર જ થાય છે. એ પ્રમાણે દિગ્વ્રતનો સંક્ષેપ કરવો એ સાક્ષાત્ દેશાવકાશિક વ્રત છે, તેથી ભિન્ન નથી.

## (૧૧) અગીઆરમું વ્રત

**(૩) પોષધોપવાસ વ્રત**—જે પોષણને ધારણ કરે, અર્થાત પોષણ કરે તેને પોષધ વ્રત કહે છે, અને પોષધ-ઉપવાસને પોષધોપવાસ કહે છે. અથવા એ વ્યુત્પત્તિને અનુસરીને આઠમ આદિ પર્વતિથિને પણ પોષધ કહે છે. એ તિથિઓમાં આહાર આદિના ત્યાગરૂપ ગુણને ધારણ કરીને નિવાસ કરવો એ પોષધોપવાસ છે. એ અર્થ તો વ્યુત્પત્તિજન્ય છે, એનો પ્રવૃત્તિ-અર્થ છે આહાર-આદિ-ચતુષ્ટયનો પરિત્યાગ કરવો તે. તાત્પર્ય એ છે કે આઠમ, ચૌદશ, અમાસ અને પૂનમ, એ પર્વદિનોમાં એ વ્રતનું આચરણ કરવાથી ધર્મની અધિક પુષ્ટિ થાય છે, માટે એ દિવસોમાં ઉપવાસ કરવો એ પોષધોપવાસ છે. એ ચાર પ્રકારનો છે:- (૧) આહાર-ત્યાગ, (૨) શરીર-સત્કાર-ત્યાગ, (૩) બ્રહ્મચર્ય અને (૪) અવ્યાપાર. એ ચારેના પુનઃ બબ્બે ભેદ છે,-એકદેશે કરીને અને સર્વદેશે કરીને. (૧) અયંબિલ આદિ કરવું એ દેશ-આહાર-ત્યાગ-પોષધોપવાસ છે, અને એક દિવસ-રાતને માટે ચાર પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવો એ સર્વ-આહાર-ત્યાગ-પોષધોપવાસ છે. (૨) ઉદ્વર્ત્તન, અભ્યંગન, સ્નાન, અનુલેપન. ગન્ધ, તાંબૂલ, આદિ પદાર્થોમાંથી એકનો યા અધિકનો ત્યાગ કરવો એ દેશતઃ શરીર-સત્કાર-ત્યાગ-પોષધોપવાસ છે, અને અહોરાત્રને માટે એ બધાંનો સર્વથા ત્યાગ કરવો એ સર્વતઃ-શરીર-સત્કાર-ત્યાગ પોષધોપવાસ છે. (૩) એ પ્રમાણે કેવળ રાત્રિમાં યા કેવળ દિવસમાં કુશીલનો ત્યાગ કરવો એ દેશતઃ બ્રહ્મચર્ય-પોષધોપવાસ છે, અને દિવસ-રાતને માટે સર્વથા કુશીલનો ત્યાગ કરવો એ સર્વતઃ બ્રહ્મચર્ય-પોષધોપવાસ છે. (૪) અમુક વ્યાપાર કરીશ. અમુક નહિ કરૂં ' એ પ્રમાણે વ્યાપારોમાંથી કોઈ કોઈનો ત્યાગ કરવો એ દેશતઃ અવ્યાપાર-પોષધોપવાસ છે, અને બધા વ્યાપારોનો અહોરાત્રને માટે સર્વથા ત્યાગ કરવો એ સર્વતઃ અવ્યાપાર-પોષધોપવાસ વ્રત છે.

ઉપલક્ષણથી-સાધર્મી, બન્ધુ, મિત્ર આદિની સાથે ખૂબ અશનાદિ કરીને આઠમ આદિ તિથિઓમાં એક કરણ એક યોગ આદિએ કરીને સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી અહોરાત્ર વ્યતીત કરવી એ પણ પોષધવ્રત કહેવાય છે, જો કે 'દયા' યા 'છકાયા'ના નામથી તે પ્રસિદ્ધ છે.

એ ગ્રહણ કરવાની વિધિ એવી જ છે કે-જેવી સામાયિકની વિધિ છે, કાંઈ વિશેષતા નથી.

## અતિથિસંવિભાગવ્રત કા વર્ણન

### (૧૨) બારસું વ્રત

**(૪) અતિથિ સંવિભાગ વ્રત**—જેની તિથિ નિશ્ચિત ન હોય તેને અતિથિ અર્થાત્ સાધુ કહે છે. પ્રાકૃત જનની પેઠે તિથિ આદિની અપેક્ષા ન રાખતાં ભોજનને સમયે ગૃહસ્થને ઘેર પહોંચનારા સાધુને ન્યાયથી ઉપાર્જિત કલ્પનીય અન્ન-પાન આદિ, દેશ, કાલ, શ્રદ્ધા અને સત્કાર આદિએ કરીને આત્મકલ્યાણની ભાવનાથી સમર્પણ કરવાં એ અતિથિસંવિભાગવ્રત છે.

ઇતિ શ્રાવકના બાર વ્રત સમાપ્ત

## સંલેખના વર્ણન

એ પ્રમાણે પૂર્વોકત બાર વ્રતોને વિધિપૂર્વક ધારણ કરીને શ્રાવકે દીક્ષિત થઇ જવું જોઇએ. જો એટલું સામર્થ્ય ન હોય તો મૃત્યુકાળે 'સંસ્તાર-શ્રવણત્વ'નું અવલંબન કરવું જોઇએ. એ હવે દર્શાવીએ છીએ:—

### સંલેખના વિધિ

જેનો કોઇ નિયત સમય ન હોય, જે મૃત્યુકાળે કરવામાં આવતી હોય એવી સલેખનાને 'અપશ્ચિમ-મારણાન્તિકી સંલેખના' કહે છે. એનું સેવન કરવું ત જોષણા કહેવાય છે. તાત્પર્ય એ છે કે-સૌથી પહેલાં શ્રાવક પોતાના શરીરને અને કષાયોને જઘન્ય છ માસ અને ઉત્કૃષ્ટ બાર વર્ષ દુર્બળ કરે, પછી પૌષધશાળા, ઉદ્યાન ગ્રહ, યા અન્ય કોઇ એકાન્ત સ્થળે જઇને એ સ્થાનને વિધિ-પૂર્વક પડિલેહણ કરે તથા પૂંજે, કુશ આદિના આસન પર પૂર્વ દિશા યા ઉત્તર દિશાની તરફ મ્હોં કરી દોરાસહિત મુખવસ્ત્રિકા મ્હોં પર બાંધીને પદ્માસન આદિ આસન બસ, ભગવાન્ સિદ્ધ, અર્હન્ત, અને ધર્માચાર્યને નમસ્કાર કરી, ત્રણ કરણ ત્રણ યોગે ચાર પ્રકારના આહારનો તથા અઢાર પાપોનો પરિત્યાગ કરે. બાકીનો સમય ધ્યાનમાં વ્યતીત કરે. જો વચ્ચે કાંઇ ઉપસર્ગ આવે તો સાગાર સંથારો કરી લેવો જોઇએ. એની વિધિ આ પ્રમાણે છે:-

પૂંજેલી ભૂમિમાં પદ્માસન આદિ કોઈ સુખાસને બેસી, પૂર્વ યા ઉત્તર દિશાની તરફ મ્હો કરી, ભગવાન્ અર્હન્ત, સિદ્ધ અને ધર્માચાર્યને નમસ્કાર કરી ચાર પ્રકારનો આહાર, અઢાર, પાપ, અને શરીર આદિ વિષયક મમત્વનો અગાર રાખી ત્યાગ કરે. જ્યાંસુધી ઉપસર્ગ રહે, ત્યાંસુધી એ ત્યાગ રહે છે. જો ઉપસર્ગની શાન્તિ નહિ થાય તો આજીવન ત્યાગ થઇ જાય છે.

ગૃહસ્થ ધર્મનું યથાર્થ વ્યાખ્યાન કરીને શિષ્યને સાવધાન કરતાં કહે છે— બસ, એજ ગૃહસ્થનો ધર્મ છે. એમાં ઉદ્યમવાન્ શ્રાવક યા શ્રાવિકા ભગવાનની આજ્ઞાનાં આરાધક થાય છે. (સૂ૦ ૧૧)

ઇતિ સંલેખના.

ઇતિ સામાન્ય-વિશેષાત્મક અગારધર્મ સમાપ્ત.

ઇતિ ધર્મકથા.

❁

## આનંદ શ્રાવકકે વ્રત કા અંગીકાર (સ્વીકાર) કા વર્ણન

'तेणं से आणंदे' ઈત્યાદિ તે પછી ગાથાપતિ આનંદ, શ્રમણ ભગવાન્ મહાવીરની સમીપે ધર્મનું (વ્યખ્યાન) સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થઈ આ પ્રમાણે બોલ્યોઃ "હે ભદન્ત! નિર્ગ્રન્થ પ્રવચન પર હું શ્રદ્ધા કરૂં છું. હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચન પર પ્રત્યય (વિશ્વાસ) કરૂં છું. હે ભદન્ત! હું નિર્ગ્રન્થ પ્રવચન પર રૂચિ કરૂં છું. હે ભદન્ત! એ પ્રવચન જેવું આપે કહ્યું તેવું જ છે. હે ભદન્ત! એ તથ્ય છે, અવિતથ છે. હે ભદન્ત! એ ઇષ્ટ છે અને અત્યંત ઈષ્ટ છે. હે ભદન્ત! એ ઇષ્ટ-અતિ-ઇષ્ટ છે. એ આપના કથાનાનુસાર જ છે. આપ દેવાનુપ્રિયની સમીપે ઘણા રાજાઓ. ઈશ્વર, તલવર, માંડંબિક, કૌટુંબિક, શ્રેષ્ઠી. સેનાપતિ, સાર્થવાહ આદિ મુંડિત થઇને ગૃહસ્થમાંથી સાધુ બન્યા છે, પરંતુ મારામાં એવી શકિત નથી કે જેથી હું મુંડિત થઇ સાધુ-દીક્ષા ધારણ કરૂં. હું આપ દેવાનુપ્રિયની સમીપે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત એ પ્રમાણે બાર પ્રકારના ગૃહસ્થ-ધર્મનો સ્વીકાર કરીશ." એ પ્રમાણે આનંદની પ્રાર્થના સાંભળી ભગવાન્ બોલ્યાઃ "હે દેવાનુપ્રિય! તમને જેથી સુખ પ્રાપ્ત થાય, તેમજ કરો, વિલંબ ન કરો." (૧૨)

## આનંદ શ્રાવક કે અણુવ્રત કા વર્ણન

**टीकार्थ-'तए णं से आणंदे'** ઈત્યાદિ ત્યારબાદ આનંદ ગાથાપતિએ શ્રમણ ભગવાન મહાવીરની સમીપે, બધાં વ્રતોમાં પ્રધાન હોવાને કારણે પહેલાં એવા સ્થૂલ-પ્રાણાતિપાતનું બે કરણ ત્રણ યોગે કરીને પ્રત્યાખ્યાન કર્યું કે- યાવજજીવન (જાવજીવ) મન વચન કાયાએ કરીને સ્થૂલ પ્રાણાતિપાત કરીશ નહીં, કરાવીશ નહીં (૧૩). ત્યારબાદ તેણે બે કરણ ત્રણ યોગે કરીને સ્થૂલ મૃષાવાદનું પ્રત્યાખ્યાન કર્યું કે-મન વચન કાયાએ કરીને સ્થૂલ મૃષાવાદ કરીશ નહીં, કરાવીશ નહીં. (૧૪) ત્યારપછી તેણે બે કરણ ત્રણ યોગે કરીને સ્થૂલ અદત્તાદાનનું પ્રત્યાખ્યાન કર્યું કે-બે કરણ ત્રણ યોગે કરીને સ્થૂલ અદત્તાદાન કરીશ નહીં કરાવીશ નહીં (૧૫) ત્યારપછી તેણે સ્વદારસંતોષ વ્રતની મર્યાદા કરી કે- વિધિપૂર્વક વિવાહિત શિવાનંદા ભાર્યા સિવાય, અન્યત્ર (વિવાહિત પણ બીજી સ્ત્રી સંબંધી આદિ) સમસ્ત મૈથુનવિધિનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૧૬)

ટીકાર્થ **'तयाणंतरं च'** ઈત્યાદિ ત્યારપછી (આનંદ ગાથાપતિએ) ઇચ્છાવિધિનું પરિમાણ કરતાં હિરણ્યસુવર્ણનું પરિમાણ કર્યું કે ખજાનામાં રાખેલી ચાર કરોડ હિરણ્યો (મહોરો), વ્યાપારમા રોકેલી ચાર કરોડ મહોરો, ઘર સંબંધી ઉપકરણોમાં રોકાયલી ચાર કરોડ મહોરો, સિવાય (ના કરતાં વધારે) બીજા બધા (સુવર્ણ)નું પ્રત્યાખ્યાન કરૂં છું (૧૭) પછી તેણે ચોપગાં જાનવરોનું પરિમાણ કર્યું કે- દસ હજાર ગાયોના એક એક ગોકુળને હિસાબે ચાર ગોકુળો (૪૦૦૦૦ ગોવર્ગીં જાનવરો) સિવાય અન્ય ચોપગાંનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૧૮).

પછી તેણે ક્ષેત્ર–વાસ્તુનું પરિમાણ કર્યું કે એક હળથી સો વાઘા (દસ હાથ વાંસના દંડથી ચોરસ વીસ વાંસ માપવાળી ભૂમીને વીઘું કહે છે.) ભૂમિને હિસાબે પાંચસો હળની અર્થાત પાંચ હજાર વીઘાં જમીન સિવાય બીજી બધી ભૂમિનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૧૯). પછી તેણે શકટનું ગાડાં વગેરેનું) પરિમાણ કર્યું કે– યાત્રા સંબંધી અને પાંચસો ગ્રહોપકરણાદિ (માલ–સામગ્રી) વહેવા (લાવવા લઇ જવા)નાં શકટો સિવાય બીજાં બધાં શકટોનું પ્રત્યાખ્યાન કરૂંછું. (૨૦). ત્યારપછી તેણે વાહનનું પરિમાણ કર્યું કે– ચાર યાત્રાનાં વાહન અને ચાર માલ લઇ જવાનાં વાહન સિવાય બીજાં બધાં વાહનોનું હું પ્રત્યાખ્યાન કરૂં છું. (૨૧).

## આનંદ શ્રાવક કે ઉપભોગપરિભોગ વ્રત કા વર્ણન

**टीकार्थ– "तयाणंतरं च णं उपभोगे – इत्यादि"** ત્યારપછી આનંદ ગાથાપતિએ ઉપભોગ – પરિભોગ વિધિનું પ્રત્યાખ્યાન કરતાં આર્દ્રનયનિકા (શરીર લૂછવાન. અંગૂછ નું પ્રત્યાખ્યાન કર્યું કે– ભીંજાયલા શરીરને લૂછવા માટે એક સુગંધિત અને કાષાય આર્દ્રનયનિકા સિવાય બીજા બધાનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૨૨). પછી દાતણનું પરિમાણ કર્યું કે–લીલી યષ્ટિમધુ (જેઠીમધની સાંઠી) સિવાય બીજા બધા દાતણનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૨૩). પછી ફળવિધિનું પરિમાણ કર્યું કે એક મીઠાં આંબળા સિવાય બીજાં ફળોનો પરિત્યાગ કરૂં છું. (૨૪). પછી અભ્યંજન વિધિનું પરિમાણ કર્યું કે–શતપાક તથા સહસ્ર-પાક તેલો સિવાય બીજા બધાં અભ્યંજનનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૨૫). પછી ઉદ્વર્ત્તન વિધિનું પરિમાણ કર્યું કે–રમણીય ઘઉં આદિના એક આટા સિવાય બીજા બધા ઉદ્વર્ત્તનનો (ઉવટણાં–પીઠી)નું પ્રત્યાખ્યાન કરૂં છું. (૨૬). પછી તેણે મજ્જન વિધિનું પરિમાણ કર્યું કે ઉંટના આકારની અર્થાત્ રહેંટની ઘડીના આકારની લાંબી ઘડી કે જેમાંના પાણીથી મોટો ઘડો ભરાઈ જાય, એવા મોટા લોટાના આકારના નાના આઠ કળશીયા ભરાય તેટલા પાણી સિવાય બાકી બધાનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૨૭) પછી વસ્ત્ર વિધિનું પરિમાણ કર્યું કે પહેરવા–ઓઢવા માટે એક જોડી ક્ષૌમ વસ્ત્ર સિવાય અને ઉપચારે કરીને કપાસ આદિ વસ્ત્રના જોટા સિવાય બીજાં બધાં વસ્ત્રોનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૨૮). પછી વિલેપન વિધિનું પ્રત્યાખ્યાન કર્યું કે–અગર, કુંકમ અને ચંદન આદિ સિવાય બીજા બધાં વિલેપન વિધિનું પ્રત્યાખ્યાય કરૂં છું. (૨૯). પછી પુષ્પવિધિનું પરિમાણ કર્યું કે એક શુદ્ધ કમળ અને માલતીનાં પુષ્પોની માળા સિવાય બીજાં બધાં પુષ્પોનુ પ્રત્યાખ્યાન કરૂં છું. (૩૦). પછી આભરણવિધિનું પરિમાણ કર્યું કે– ઉજ્જવળ કુંડલો અને પોતાના નામની વીંટી સિવાય બીજા બધાં આભરણોનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૩૧). પછી ધૂપન વિધિનુ પરિમાણ કર્યું કે અગર લોબાન અને ધૂપ આદિ સિવાયના બાકી બધા ધૂપન વિધિનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૩૨). પછી ભોજનવિધિનું પરિમાણ કરતાં પેય-વિધિનું પરિમાણ કર્યું કે– એક મગ આદિનું ઓસામણ અથવા ઘીમાં ભુંજેલા (સેકેલા) ચોખાની કાંજી સિવાય બાકીના બધાં પેય પદાર્થોનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૩૩). પછી ભક્ષ્ય વિધિનું પરિમાણ કર્યું કે એક ઘેવર અથવા ખાજા સિવાય બાકીના ભક્ષ્યવિધિનું પ્રત્યાખ્યાત કરૂં છું. (૩૪) પછી ઓદન–વિધિનુ પરિમાણ કર્યું કે–કલમ નામના ચોખાના ભાત સિવાય બીજા

બધા ભાતનું પ્રત્યાખ્યાન કરૂં છું (૩૫). પછી સૂપ–વિધિનું પરિમાણ કર્યું કે વટાણા, મગ અને અડદની દાળ સિવાય બાકી બધી દાળોનું પ્રત્યાખ્યાન કરૂં છું (૩૬) પછી ઘૃત–વિધિનું પરિમાણ કર્યું કે શરદ ઋતુમાં થતાં ગોઘૃતમંડ (ગાયના ઘી સાથે દહીં–છાશ અથવા તાવેલા ઘી) સિવાય બીજી ઘૃત–વિધિનુ પ્રત્યાખ્યાન કરૂં છું. (૩૭) પછી શાક–વિધિનું પરિમાણ કર્યું કે વાસ્તુક (વથુઆ), ચૂચ્ચુ, દૂધિ, સૌવસ્તિક અને મંડૂકિક શાક સિવાયના બાકીનાં બધાં શાકોનું પ્રત્યાખ્યાન કરૂં છું (૩૮). પછી માધુરક–વિધિનું પરિમાણ કર્યું કે–પાલંગ ( પૂર્વદેશમાં જાણીતાં, વેલે થતાં ફળ અથવા કેરી ) માધુરક સિવાય બાકી બધા માધુરક-વિધિનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૩૯) પછી જમણ–વિધિનુ પારમાણ કર્યું કે દાળનાં બનાવેલાં અને ખૂબ ખટાશમાં નાખેલાં (જેવાં કે દહીંવડાં) પદાર્થ સિવાય બીજા બધા જમણ–વિધિનું પ્રત્યાખ્યાન કરૂં છું (૪૦). પછી પાનીય–વિધિનું પરિમાણ કર્યું કે– આકાશમાંથી વાસણ વગેરેમાં પડેલા પાણી સિવાય બાકી બધા પાણીનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૪૧). પછી મુખવાસ–વિધિનું પરિમાણ કર્યું કે–પાંચ સુગંધિયુકત તાંબુલો સિવાયના બધા. મુખવાસવિધિનું પ્રત્યાખ્યાન કરૂં છું. (૪૨).

**टीकार्थ–'तयाणंतर'** ઈત્યાદિ પછી આનંદ ગાથાપતિએ કહ્યું– ભદન્ત ! હું અપધ્યાનાચરિત, પ્રમાદા– ચરિત, હિંસાપ્રદાન અને પાપકર્મોપદેશ, એ ચારે પ્રકારના અનર્થદંડનું પ્રત્યાખ્યાન કરૂં છું. અનર્થદંડના સ્વરૂપનું વ્યાખ્યાન પહેલાં કરવામાં આવી ગયું છે. (૪૩).

**टीकार्थ–"इह खलु"** ઇત્યાદિ શ્રમણ ભગવાન્ મહાવીરે આનંદ શ્રાવકને આ પ્રમાણે કહ્યું: "હે આનંદ જીવ–અજીવનાં સ્વરૂપોને જાણનારા યાવત્ અનતિક્રમણીય શ્રાવકે પૂર્વોકત સમ્યકૂત્વના પાંચ પ્રધાન અતિચારો જાણવા જોઇએ, પણ આચરવા ન જોઇએ તે અતિચાર આ પ્રમાણે છેઃ– (૧) શંકા, (૨) કાંક્ષા, (૩) વિચિકિત્સા, (૪) પરપાખંડપ્રશંસા, (૫) પરપાખંડસંસ્તવ. સર્વજ્ઞ ભગવાને કહેલાં તત્ત્વોમાં થોડી કે વધુ અસત્યતાની શંકા કરવી એ શંકા – અતિચાર છે. (૧) એક દેશે કરીને અથવા સર્વ દેશે કરીને મિથ્યાદર્શનની અભિલાષા કરવી એ કાંક્ષા અતિચાર છે. (૨). 'આ મહાન્ દાન અથવા તપનું ફળ મળશે કે નહિ' એ પ્રમાણે સંશય કરવો એ વિચિકિત્સા–અતિચાર છે. (૩). સર્વજ્ઞે ન કરેલા ધર્મની પ્રશંસા કરવી એ પરપાખંડપ્રશંસા–અતિચાર છે. (૪). સર્વજ્ઞે ન કરેલા ધર્મનો પરિચય કરવો એ પરપાખંડસંસ્તવ–અતિચાર છે. (૫).

શંકા આદિનું સ્વરૂપ બીજી રીતે પણ કહેલું છે.–(ગા૦ ૧–૫)। એ ગાથાઓનો અર્થ ઉપર આવી ગયો છે. (૪૪).

**टीकार्थ–तयाणंतरं चेत्यादि** ત્યારપછી શ્રાવકે સ્થૂલપ્રાણાતિપાતવિરમણ વ્રતના પાંચ પ્રધાન અતિચાર જાણવા જોઇએ પણ આચરવા ન જોઇએ, તે આ પ્રમાણેછેઃ (૧) બંધ, (૨) વધ, (૩) છવિચ્છેદ, (૪) અતિભાર અને (૫) ભકતપાનવ્યવચ્છેદ.

કોઇ જીવને દોરડા વગેરેથી બાંધવો તે બંધ છે. કોરડા વગેરેથી મારવો એ વધ છે. શસ્ત્ર આદિથી તેનાં અવયવોને કાપવાં તે છવિચ્છેદ છે. ખાંધ અથવા પીઠ પર પરિમાણથી વધુ ભાર લાદવો એ અતિભાર છે, અને અન્ન પાણી ન આપવાં અથવા બીજો દેતો હોય તેમાં અન્તરાય કરવો એ ભકત–પાન વ્યવચ્છેદ અતિચાર છે.

પ્રાચીન આચાર્યોને મતે બંધ બે પ્રકારનો છેઃ દ્વિપદબંધ અને ચતુષ્પદબંધ. મનુષ્ય આદિને બાંધવા તે દ્વિપદબંધ છે અને પશુઓને બાંધવા તે ચતુષ્પદબંધ છે. બીજી રીતે પણ બંધના બે ભેદ છેઃ (૧) અર્થબંધ (૨) અનર્થબંધ. પ્રયોજન માટે બાંધવા તે અર્થબંધ છે અને વિનાપ્રયોજને બાંધવા તે અનર્થબંધ છે. અર્થબંધ પણ બે પ્રકારના છેઃ (૧) સાપેક્ષબંધ અને (૨) બીજો નિરપેક્ષબંધ. કોમળ દોરડા વગેરેથી એવી રીતે બાંધવા કે આગ લાગવા વગેરેનો ભય ઉપસ્થિત થતાં તેમને ઝડપથી અને સહેલાઇથી છોડી દઇ શકાય તે સાપેક્ષબંધ છે. એ અતિચાર નથી, કેવળ બાંધ્યા વિના બરાબર ન રહે તેવાં પ્રાણીઓને માટે તે છે તાત્પર્ય એ છે કે ભણતર આદિ સમ્બન્ધી આજ્ઞા ન માનતાં હોય તેવાં બાળકોને, અન્ય અપરાધીઓને તથા દાસ–દાસી--ચોર આદિને. અગ્નિ આદિના ભયથી તેમની રક્ષાનું લક્ષ રાખીને કેવળ શિક્ષા કરવા માટે બાંધવા એ સાપેક્ષબંધ છે. મનુષ્ય પશુ આદિને નિર્દયતાપૂર્વક બાંધવાં એ નિરપેક્ષબંધ છે. એ બંધ અતિચારરૂપ છે, શ્રાવકોએ તેનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

## અહિંસાવ્રતાતિચાર કા વર્ણન

વધ આદિનું સ્વરૂપ અને વિધિ બંધનની પેઠે જ છે. એમાં પણ નિર્દયતાપૂર્વક કોઈને તાડન કરવું એ અતિચાર છે અને અવસર આવ્યે પ્રાણોની રક્ષાનું ધ્યાન રાખીને મર્મસ્થાનો પર ચોટ ન લાગે એવી રીતે સાપેક્ષ તાડન કરવું એ અતિચાર નથી. (૨). એજ પ્રકારે કાન નાક હાથ પગ આદિ અંગોને નિર્દયતાપૂર્વક કાપવાં એ છવિચ્છેદ અતિચાર છે. પ્રાણીની રક્ષાને માટે ઘા અથવા ફોલ્લા વગેરેને ચીરવા–કાપવા એ અતિચાર નથી. (૩). અતિભારમાં, ગાડે જોડાનારા બળદ આદિની શકિતની દરકાર રાખ્યા વિના પરિમાણથી વધારે બોજો લાદવો, અથવા ગાડા સાથે સળંગ વધુ વખત સુધી તેમને જોડી રાખવા એ અતિચાર છે. શકિત પ્રમાણે અથવા થોડો વખત જોડવા એ અતિચાર નથી. હાં, એ ધ્યાનમાં રાખવું જોઇએ કે– આજીવિકાનું બીજું સાધન હોવા છતાં શ્રાવકે બોજો લાદવાનો ધંધો કરી આજીવિકા ચલાવવી એ નીંદનીય છે. (૪) ભકતપાનવ્યવચ્છેદમાં કોઇ ભૂખ્યા–તરસ્યાને વિના કારણે અન્નપાણી ન આપવાં તે અતિચાર છે, પરંતુ રોગ આદિ કારણે અથવા બીજા કોઇ ઉપદ્રવને લીધે અન્ન–પાણી ન આપવાં એ અતિચાર નથી. (૫). બંધન આદિ અતિચારોના વિષયમાં કોઇ કોઇ આચાર્ય એમ કહે છે કે ક્રોધિત થઇને બંધન આદિ ન કરવાં જોઈએ. સંગ્રહ ગાથાઓનો અર્થ પણ એજ છે. (૪૫).

## સત્યાવ્રતાતિચાર કા વર્ણન

**ટીકાર્થ–तयाणंतरं चेत्यादि** ત્યારપછી સ્થૂલમૃષાવાદવિરમણ વ્રતના પાંચ અતિચાર જાણવા જોઇએ, પણ આચરવા જોઇએ નહિ, તે આ પ્રમાણે:– (૧) સહસાભ્યાખ્યાન, (૨) રહોભ્યાખ્યાન, સ્વદાર–મંત્રભેદ, (૪) મૃષોપદેશ, (૫) કૂટલેખકરણ.

વિચાર કર્યા વિનાજ આવેશમાં આવી જઇને ઝટપટ કોઇની ઉપર મિથ્યા આરોપ લગાડી દેવો એ સહસાભ્યાખ્યાન છે. જેમકે–"તું ચોર છે, જારપુત્ર–ગોલો છે, એ તો ડાકણ જેવી જણાય છે" ઇત્યાદિ. (૧). લોકો એકાંતમાં બેસીને કાંઇ ગુપ્ત પરામર્શ કરી રહ્યા હોય તો તેમની ઉપર મિથ્યાદોષ લગાડવો એ રહોભ્યાખ્યાન છે. જેમકે " એ લોકો માંહોમાંહે રાજાની વિરુદ્ધ સલાહ કરી રહ્યા હતા ' ઇત્યાદિ.

જો વ્રતની દરકાર રાખ્યા વિના એ સહસાભ્યાખ્યાન અને રહોભ્યાખ્યાન જાણી બૂજીને સેવવામાં આવે તો અનાચાર (વ્રતભંગ) થાય છે અને જો અસાવધાનતાથી એ દોષોનું સેવન થઇ જાય તો તે અતિચાર થાય છે. (૨).

પોતાની પત્નીની સાથે એકાન્તમાં કરેલાં કામવિલાસ આદિ તથા ગુપ્ત વાર્તાલાપ આદિ બીજાને કહી દેવાં એ સ્વદાર–મંત્રભેદ છે. 'સ્વદાર' શબ્દ અહીં ઉપલક્ષણ છે, તેથી પોતાના મિત્ર આદિનું પણ ગ્રહણ થાય છે, અર્થાત્ મિત્ર આદિએ

જે ગુપ્ત વાત એકાન્તમાં કહી હોય તે પ્રકટ કરી દેવી એ પણ અતિચાર છે.

**શંકા**—પોતાની પત્નીની ગુપ્ત વાત કહેનાર યથાર્થ (સાચું) બોલે છે, તો પછી મૃષાવાદી કયી રીતે થયો ? અને એવી વાત કહેવી એ અતિચારોમાં કેમ દાખલ કરી ?

**સમાધાન**—ઠીક છે; પરન્તુ ગુપ્ત વાત પ્રકટ થઈ જવાથી લજ્જા આદિને કારણે ક્રોધ અને આવેશ આવી જાય છે. તેથી સ્ત્રી આદિ, સ્વ-પરના પ્રાણોનો ઘાત આદિ અનર્થ કરી બેસે છે, તેથી તેને અતિચાર કહ્યો છે. (૩)

મિથ્યાત્વનો યા મિથ્યા ઉપદેશ દેવો એ મૃષોપદેશ છે. ઇહ-પરલોક-સંબંધી ઉન્નતિના વિષયમાં કોઇને સંદેહ હોય અને બીજાને પૂછે, પરન્તુ તે વાસ્તવિકતા ન જાણતો હોવાથી હિંસા આદિથી યુક્ત ઉલટો ઉપદેશ આપે તો તે ઉપદેશ મૃષોપદેશ છે. અગર જાણી-બૂજીને જૂઠો ઉપદેશ આપે તો તે અનાચાર છે અને અજાણતાં આપે તો અતિચાર છે એમાં એટલો ભેદ પોતાની મેળે કરી લેવો.(૪) જૂઠો લેખ લખવો અર્થાત્ બીજાનો સહી-સીક્કો કરવો, હાથની સફાઇથી બીજાના અક્ષરોની હુબહૂ નકલ કરવી અને એની ઢબે લખાણુ કરવું, એ કૂટ-લેખક્રિયા છે. એ પણ પહેલાંની પેઠે બુદ્ધિપૂર્વક થાય તો અનાચારછે અને બુદ્ધિપૂર્વક ન થઈ હોય તો અતિચાર છે. (૫) સંગ્રહ ગાથાઓનો અર્થ પણ એજ છે. (૪૬).

## અસ્તેયવ્રતાતિચાર કા વર્ણન

ટીકાર્થ–'**तयाणंतरं चेत्यादि**' ત્યારપછી સ્થૂલ-અદત્તાદાન-વિરમણ વ્રતના પાંચ અતિચાર જાણવા જોઇએ, પણ આચરવા ન જોઇએ. એ અતિચાર આ પ્રમાણે છે:- (૧) સ્તેનાહૃત, (૨) તસ્કરપ્રયોગ, (૩) વિરૂદ્ધ રાજ્યાતિક્રમ, (૪) કૂટ-તુલા-કૂટ માન, (૫) તત્પ્રતિરૂપક વ્યવહાર.

સ્તેન અર્થાત્ ચોરદ્વારા આહૃત અર્થાત ચોરી કરીને લાવેલા સોના-ચાંદી આદિ પદાર્થોને લોભ વશ થઇ અલ્પમૂલ્યમાં લેવાં એ સ્તેનાહૃત અતિ ૧ ચોરોને ચોરી કરવાની પ્રેરણા કરવી યા ઉત્સાહ આપવો તે તસ્કરપ્રયોગ અતિચાર છે; જેમકે "હા તમે પરધન ચોરી જાઓ" ઇત્યાદિ (૨). જે રાજાના રાજ્યમાં નિવાસ કરતા હોઇએ તેની આજ્ઞા વિના તેના વિરોધી રાજ્યમાં પ્રવેશ આદિ કરવો, અર્થાત શત્રુ રાજ્યમાં પેસી જવું. રાજ્યકર અર્થાત દાણની ચોરી કરવી, એ વિરૂદ્ધરાજ્યાતિક્રમ છે. (૩). ખોટું તોલવું અને ખોટું માપવું અર્થાત્ કપટ કરીને ત્રાજવું નમાવવું અથવા આંગળી કે હથેળી વડે છૂપી રીતે ચાલાકી કરી ઓછું આપવું અને વધારે લેવું, એ કૂટતુલા-કૂટમાન અતિચાર છે. (૪). કોઇ વસ્તુમાં એના જેવા બીજી વસ્તુ મેળવવી અને અસલ વસ્તુના રૂપમાં તેનો વ્યવહાર કરવો, અર્થાત્ બહુમૂલ્યવાળી વસ્તુના જેવી અલ્પ મૂલ્યવાળી વસ્તુ તમાં મેળવીને બહુ-મૂલ્યવાળી વસ્તુને ભાવે તેને વેચવી તે તત્પ્રતિરૂપક વ્યવહાર છે. (૫). એ અતિચાર બે પ્રકારનો છે. (૧) અલ્પમૂલ્યની એકસરખી વસ્તુ મેળવવી અને (૨) અલ્પ-મૂલ્યની બીજી જાતની વસ્તુ મેળવવી. રંગરૂપ અને શીકાશમાં ઘીના જેવી ચરબી, બટાટા આદિ મેળવવા અને ઘીની કીંમતે તે વેચવાં એ પહેલો ભેદ છે: અને રંગ-રૂપમાં કાંઇ ફેરફાર હોય પણ ઉંચી કીંમતના ચોખા આદિમાં ઓછી કીંમતના ચોખા મેળવી ઉચી કીંમત લેવી એ બીજો ભેદ છે. (૫). સંગ્રહ ગાથાઓનો પણ એજ અર્થ છે. (૪૭).

ટીકાર્થ–'**तयाणंतरं चे**'–ત્યાદિ પછી સ્વદારસંતોષ વ્રતના પાંચ અતિચાર જાણવા જોઇએ પણ આચરવા ન જોઇએ. તે આ પ્રમાણે છેઃ–(૧) ઇત્વરિકપરિગૃહીતાગમન,(૨) (૩) અનંગક્રીડા, (૪) પરવિવાહકરણ, (૫) કામભોગતીવ્રભિલાષ.

(૧) પરપુરુષગામિની સ્ત્રીને ઇત્વરિકા કહે છે, અથવા 'ઇત્વર'નો અર્થ છે થોડો સમય, એટલે થોડા સમયને માટે સ્વીકાર કરેલી સ્ત્રી ઇત્વરિકપરિગૃહીતા કહેવાય છે. તાત્પર્ય એ છે કે–ભાડું યા બક્ષીસ આપીને પરસ્ત્રીનું સેવન કરવું એ ઇત્વરિકપરિગૃહિતાગમન છે. પરન્તુ વસ્તુતઃ 'ઇત્વર' શબ્દ અલ્પ અને અલ્પકાલીન અર્થનો વાચક છે, એટલે ઇત્વરિકપરિગૃહીતાનો અર્થ એ થયો કે– અલ્પકાળ સુધી અથવા અલ્પકાળવાળી સ્વીકાર કરેલી અર્થાત્ વાગ્દત્તા (જેની સાથે વાગ્દાન–સગાઇ થઇ હોય), એ વાગ્દત્તાની સાથે ગમન કરવું એ ઇત્વરિકપરિગૃહીતાગમન અતિચાર છે. એથી 'અપરિગૃહીતા' વિશેષણ પણ સાર્થક સિદ્ધ થાયછે. એ ઇત્વરિકપરિગૃહીતા-ગમન જ્યારે અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારની સીમા સુધી રહે છે ત્યાં સુધી તે અતિચાર છે, તેથી ઉપર જતાં તે અનાચાર થઇ જાય છે.

કોઇ દૂષિત કાર્ય કરવાનો સંકલ્પ થાય તે અતિક્રમ છે. સંકલ્પ કરેલા કાર્યની સિદ્ધિને માટે સાધન યોજવું એ વ્યતિક્રમ છે. સાધન યોજ્યા પછી એ દૂષિત કાર્યનો આરંભ કરવો એ અતિચાર છે અને એ કાર્યને પૂરું કરવું એ અનાચાર છે.

(૨) પાણિગ્રહણ કરેલી પત્નીથી જૂદી વેશ્યા, કન્યા, વિધવા આદિની સાથે ગમન કરવું એ અપરિતાગૃહીતાગમન છે. કોઇ કોઇ અપરિગૃહીતાનો અર્થ વાગ્દત્તા માને છે. એમાં પણ અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર સુધી અતિચાર છે, અને તેથી આગળ જતાં અનાચાર થઇ જાય છે.

(૩) વિષયભોગને માટે જે સ્વાભાવિક અંગ છે તેથી ભિન્ન કાષ્ઠ, ચામડું યા રબ્બરની બનાવેલી કૃત્રિમ યોનિ આદિ અથવા મુખ આદિમાં કામાન્ધ બનીને વિષયભોગ કરવો એ અનંગક્રીડા અતિચાર છે.

(૪) પોતાના સંતાનો સિવાય અન્યનો, સ્નેહ આદિથી વશ થઇને, વિવાહ કરાવવો એ પરવિવાહકરણ અતિચાર છે.

(૫) શબ્દ રૂપ ગંધ રસ સ્પર્શ આદિ વિષયોની અત્યંત તીવ્ર લાલસા રાખવી, એ કામભોગ તીવ્રભિલાષ અતિચાર છે. સ્વપત્નિની સાથે પણ સદૈવ સુખ–ભોગની ઇચ્છા રાખવી એ આ અતિચારમાં ગણાય છે. કામના વેગને વધારનારા વાજીકરણ આદિના સેવનથી ઘા ઉપર મીઠું છાંટવાની પેઠે કામવર્ધક થવાનું કારણ હોવાથી આત્માની મલીનતાનું કારણ છે. (૪૮).

## ઇચ્છાપરિણામવ્રતાતિચાર કા વર્ણન

**टीकार्थ–'तयाणंतरं चे'**–ત્યાદિ પછી શ્રમણોપાસકે ઇચ્છાપરિમાણ વ્રતના પાંચ અતિચાર જાણવા જોઇએ, પણ સેવવા ન જોઇએ તે આ પ્રમાણે છેઃ–(૧) ક્ષેત્રવાસ્તુપ્રમાણાતિક્રમ, (૨) હિરણ્યસુવર્ણપ્રમાણાતિક્રમ, (૩) ધનધાન્યપ્રમાણાતિક્રમ, (૪) દ્વિપદ-ચતુષ્પદપ્રમાણાતિક્રમ, (૫) કુપ્યપ્રમાણાતિક્રમ.

વરસાદ કે નદી આદિનું પાણી સીંચીને ધાન્યને ઉત્પન્ન કરનારી ભૂમિને ક્ષેત્ર કહે છે. એક મજલાવાળા અને અનેક મજલાવાળા–બેઉ પ્રકારનાં ગૃહોને વાસ્તુ કહે છે. એની જેટલી મર્યાદા કરી હોય તેનું ઉલ્લંઘન કરવું એ ક્ષેત્ર–વાસ્તુપ્રમાણાતિક્રમ છે.

(૨) સોના મહોરો તથા આભૂષણરૂપ અર્થાત્ ઘડેલાં કે નહીં ઘડેલાં સોના–ચાંદીની નિશ્ચિત મર્યાદાનું– ઉલ્લંઘન કરવું એ બીજો અતિચાર છે.

(૩) ઘી, દૂધ, દહીં. ગોળ, સાકર આદિ ધન અને ચોખા, ઘઉં, મગ, અડદ, જવ, મકાઇ આદિ ધાન્ય કહેવાય છે. એ બેઉની જેટલી મર્યાદા કરી હોય તેનું ઉલ્લંઘન કરવું એ ત્રીજો અતિચાર છે.

(૪) દાસી, દાસ, આદિ મનુષ્ય તથા હંસ, મોર આદિ પક્ષી દ્વિપદ, અને હાથી, ઘોડા, ગાય, બળદ, ભેંસ આદિ ચતુષ્પદ કહેવાય છે. એ સંબંધે કરેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું એ ચોથો અતિચાર છે.

(૫) શય્યા, આસન, વસ્ત્ર, વાસણ આદિ કુપ્ય કહેવાય છે. એ સંબંધી કરેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું એ પાચમો અતિચાર છે. સંગ્રહ ગાથાઓનો પણ એજ અર્થ છે. (૪૯).

## દિગ્વ્રતાતિચાર કા નિરૂપણ

**टीकार्थ–'तयाणंतरं' चे**-ત્યાદિ ત્યારપછી દિગ્વ્રતના પાંચ અતિચાર જાણવા જાઇએ પણ સેવવા ન જોઇએ. તે આ પ્રમાણે:– (૧) ઊર્ધ્વદિક્પ્રમાણાતિક્રમ-ઉંચી દિશાના પ્રમાણનું ઉલ્લંઘન કરવું, (૨) અધોદિક્પ્રમાણાતિક્રમ–નીચી દિશાની સીમાનો ભંગ કરવો, (૩) તિર્યગ્દિક્પ્રમાણાતિક્રમ–તિર્છી પૂર્વ આદિ દિશાઓની મર્યાદાનું ઉલ્લંઘન કરવું, (૪) ક્ષેત્રવૃદ્ધિ–પૂર્વાદિ દિશાઓમાં જવા–આવવાને માટે નક્કી કરેલા ક્ષેત્રમાંનો કાંઇક ભાગ જરુર પડતાં બીજી દિશામાં મેળવીને વધારો કરી લેવો, (૫) સ્મૃત્યન્તર્ધાન–નિયત મર્યાદાને ભૂલી જવી તે. એમાંના પહેલા ત્રણ અતિચાર બુદ્ધિપૂર્વક ન હોય તો અતિચાર કહેવાય છે; જાણી–બૂઝીને કોઇ ઊર્ધ્વ આદિ દિશાનું ઉલ્લંઘન કર્યું હોય તો તે અનાચાર થાય છે. ચોથો અતિચાર પણ જ્યાં સુધી વ્રતની અપેક્ષા રાખતો હોય ત્યાં સુધીજ તે અતિચાર રહે છે, આગળ જતાં તે પણ અનાચાર થઇ જાય છે. સંગ્રહ ગાથાઓ ગતાર્થ છે. (૫૦).

## ઉપભોગપરિભોગવ્રતાતિચાર કા વર્ણન

**ટીકાર્થ–' तयाणंतरं' चे**–ત્યાદિ ત્યારપછી ઉપભોગપરિભોગપરિમાણ વ્રત છે, જે બે પ્રકારનું છે– (૧) ભોજનથી અને (૨) કર્મથી. પહેલાં ભોજનથી શ્રમણોપાસકે પાંચ અતિચાર જાણવા જોઇએ, સેવવા ન જોઇએ; તે આ પ્રમાણે છે:–(૧) સચિત્તાહાર, (૨) સચિત્તપ્રતિબદ્ધાહાર, (૩) અપકવ ઔષધિ (વનસ્પતિ) ખાવી તે, (૪) અધકાચી (મુશ્કેલીથી પાકનાર) ઔષધી ખાવી તે (૫) તુચ્છ ઔષધી ખાવી તે.

કર્મથી શ્રાવકે પંદર કર્માદાન જાણવાં જોઇએ પણ સેવવાં ન જોઇએ, તે આ પ્રમાણેઃ-(૧) ઇંગાલકર્મ, (૨) વનકર્મ, (૩) શાકટિકકર્મ, (૪) ભાટીકર્મ (૫) સ્ફોટી-કર્મ, (૬) દન્તવાણિજ્ય, (૭) લાક્ષાવાણિજ્ય, (૮) રસવાણિજ્ય, (૯) વિષવાણિજ્ય, (૧૦) કેશવાણિજ્ય, (૧૧) યંત્રપીડનકર્મ, (૧૨) નિર્લાંછનકર્મ, (૧૩) દવાગ્નિદાપન, (૧૪) સરોહ્રદતડાગશોષણ, (૧૫) અસતીજનપોષણ.

પ્રથમ ભોજનથી ઉપભોગપરિભોગપરિમાણવ્રતના અતિચાર કહે છે–

(૧) સચિત્તાહ,ર—સચિત્ત પદાર્થોના ત્યાગી અથવા મર્યાદા કરનારા દ્વારા પરિમાણથી વધારે સચિત્ત આહાર ખવાઇ જવો તે.

(૨) સચિત્તપ્રતિબદ્ધાહાર—સચિત વૃક્ષ આદિની સાથે મળેલો ગુંદર, પાકાં ફળ, આદિનું ભોજન કરવું તે, અથવા "ગોટલી સચિત્ત છે તે ફેંકી દઇશ અને રસ–રસ ચૂસી લઇશ" એમ વિચારીને કેરી આદિ ખાવી તે બીજો અતિચાર છે.

(૩) અપકવૌષધિભક્ષણુતા–અપકવ અર્થાત્ થોડી પાકેલી વનસ્પતિનું ભક્ષણ કરવું તે ત્રીજો અતિચાર છે. બેઉ (કાચાં–પાકાં) રૂપ મળેલાં હોવાથી પાકેલાંનો સંદેહ થતં ઇષત્પક્વનું પણ ભક્ષણ થઇ શકે છે, ત માટે આ અતિચારની સંભાવના છે.

(૪) દુષ્પકવૌષધિભક્ષણુતા—લાંબે વખતે અગ્નિની આંચથી રંધાતી દૂધી (તુંબી), ચોળાની શીંગ આદિનું ભક્ષણ કરવું તે. એમાં આરંભ અધિક છે અને મિશ્ર હોવાનો સંદેહ રહે છે, તેથી તે અતિચાર છે.

(૫) તુચ્છૌષધિભક્ષણુતા—જેમાં વિરાધના વધારે અને તૃપ્તિ ઓછી હોય તેવી વનસ્પતિને તુચ્છ વનસ્પતિ કહે છે, જેમકે મગફળી, સીતાફળ વગેરે, તેનું ભક્ષણ કરવું એ તુચ્છૌષધિભક્ષણ છે.

એ પણ જો અબુદ્ધિપૂર્વક થાય તો અતિચાર છે, અને જો બુદ્ધિપૂર્વક થાય તો અનાચાર છે. સગ્રહ ગાથાઓનો અર્થ એજ છે.

હવે કર્મથી ઉપભોગપરિભોગપરિમાણવ્રતના અતિચાર (પંદર કર્માદાન) કહે છે–

(૧) ઇંગાલકર્મ—લાકડાં બાળીને તેના બનાવેલા કોયલાનો વેપાર કરવો તેમાં ષટ્કાયની બહુ હિંસા થાય છે, તેથી તે અતિચાર છે, આગળ પણ એજ અતિચાર સમજવા.

(૨) વનકર્મ—જંગલ કાપીને લાકડાં વેચવાં.

(૩) શાકટિકકર્મ—ગાડીઓ બનાવી–બનાવીને તે પર આજીવિકા ચલાવવી.

(૪) ભાટીકર્મ—ભાડું લઇને પશુઓ આદિ દ્વારા આજીવિકાનો નિર્વાહ કરવો.

(૫) સ્ફોટીકર્મ—જમીન ખોદીને અને પત્થર આદિ ફોડીને આજીવિકા ચલાવવી

(૬) દંતવાણિજ્ય—દાંતનો વેપાર કરીને આજીવિકા ચલાવવી. એમ કરવાથી લોભી ભીલ વગેરે હાથી આદિને મારવામાં ઉત્સાહિત થાય છે, તેથી તેને અતિચાર કહ્યો છે.

(૭) લાક્ષાવાણિજ્ય—લાખનો વેપાર કરીને આજીવિકા ચલાવવી. લાખ ઉપલક્ષણ છે, તેથી મનસીલ, સાબુ, સાજીખાર, ટંકણખાર, વગેરે પણ તેમાંજ ગણવાં. લાખ વગેરેના વર્ણવાળા કંથવા આદિ જીવોની હિંસા થાય છે, તેથી તેને અતિચાર કહ્યો છે.

(૮) રસવાણિજ્ય—દારૂ આદિ રસોના વેપાર કરીને આજીવિકા ચલાવવી તે રસવાણિજ્ય છે, એ વધ બંધ આદિ અનર્થોને ઉત્પન્ન કરે છે, તેથી અતિચાર છે.

(૯) વિષવાણિજ્ય—શૃંગક સોમલ આદિ વિષોનો વેપાર કરીને આજીવિકા ચલાવવી તે, એ સાક્ષાત્ પ્રાણનાશનું કારણ છે, તેથી તેને અતિચાર કહ્યો છે.

(૧૦) કેશવાણિજ્ય—કેશનો અર્થ છે કેશવાળા લક્ષણાએ કરીને દાસ-દાસી આદિ બે પગાંનો તેમાં સમાવેશ થાય છે; તેનો વેપાર કરવો એ કેશવાણિજ્ય છે. આમાં ચમરીગાય આદિ પશુઓના વાળ, મોર આદિ પક્ષિઓના પીંછા વિગેરેના વ્યાપારનો પણ સમાવેશ થાયછે. દાસી આદિની પરાધીનતા બંધ અને હિંસા આદિનો હેતુ હોવાથી તેને અતિચાર કહે છે.

(૧૧) યંત્રપીડનકર્મ—યંત્ર (કોલૂ ઘાણી વગેરે) દ્વારા તલ, સરસવ આદિ પીલવાનો વપાર કરવો.

(૧૨) નિર્લાછનકર્મ—બળદ, પાડા, બકરા આદિને નપુંસક બનાવવા (ખસી કરવા) તે તેથી બળદ વગેરેને અત્યંત પીડા થાય છે તેથી તે અતિચાર છે.

(૧૩) દવાગ્નિદાપન—જમીનને કસવાળી બનાવવા માટે દવાગ્નિ સળગાવવો ત્રસ-સ્થાવર જીવોની હિંસાનું કારણ હોવાથી તેને અતિચાર કહ્યો છે.

(૧૪) સરોહ્રદતડાગશોષણ— ધાન્ય આદિ વાવવાને માટે, યા વાવેલાં ધાન્યોને પુષ્ટ કરવાને માટે સરોવર, ધરા, તળાવ વગેરેમાંથી જળ કાઢી ને તેને સુકવી દેવાં તે એ સાક્ષાત્ ત્રસ-સ્થાવર જીવોની હિંસાનું કારણ છે, તેથી તેને અતિચાર કહ્યો છે.

(૧૫) અસતીજનપોષણ—આજીવિકાનો નિર્વાહ કરવાને કુલટા સ્ત્રીઓને ભાડું આપીને રાખવી એ બધા અનર્થોનું મૂળ અને બ્રહ્મચર્યનું નાશક છે, તેથી તેને અતિચાર કહ્યો છે.

આ પંદર કર્માદાન કહેવાય છે, જેણે કરીને કઠીન કર્મોનો બંધ થાય છે, યા કઠોર કર્મોનું આદાન-ગ્રહણ થાય છે, તેને કર્માદાન કહે છે. એ કર્માદાનો શ્રાવક પોતે કરતા નથી, બીજા પાસે કરાવતા નથી અને કરનારની અનુમોદન કરતા નથી. ભગવતી સૂત્રમાં કહ્યું છે કે-

"જે શ્રાવક છે તેને પંદર કર્માદાન પોતે કરવાં, કરાવવાં, કે બીજો કરતો હોય તેને ભલાં જાણવાં કલ્પતાં નથી." ગાથાઓનો અર્થ એજ છે. (૫૧).

**ટીકાર્થ-'तयाणंतर' चे-**ત્યાદિ પછી **શ્રમણોપાસકે અનર્થદંડવિરમણ વ્રતનાં પાંચ અતિચાર જાણવા જોઈએ પણ સેવવા ન જોઇએ; તે આ પ્રમાણે છે:- (૧) કન્દર્પ, (૨) કૌકુચ્ય, (૩) મૌખર્ય, (૪) સંયુકતાધિકરણ, (૫) ઉપભોગપરિભોગાતિરેક.**

(૧) કન્દર્પ—કન્દર્પ કામને કહે છે. કામનું ઉદ્દીપક વચન પણ ઉપચારે કરીને કંદર્પ કહેવાય છે, તાત્પર્ય એ છે કે-કામના વેગથી પરવશ થઇને કામ-વર્ધક વચન બોલવું એ કન્દર્પ અતિચાર છે એ પ્રમાદાચરિત અનર્થદંડવિરમણનો અતિચાર છે.

(૨) કૌકુચ્ય—ભાંડાની ચેષ્ટાની પેઠે મ્હોં, નાક, ભમ્મર, આંખ આદિ-અંગોને બગાડી (વાંકા-ચૂંકા કરી) હસાવવું એ કૌકુચ્ય છે. એ પણ બીજા ભેદ (પ્રમાદાચરિત)નો અથવા અપધ્યાનાચરિતનો અતિચાર છે.

(૩) મૌખર્ય—ઉટપટાંગ, કુત્સિત, અથવા ચપળતાને કારણે ઉતાવળે-વિના વિચારે બોલનાર મુખર અને એવું બોલવું તે મૌખર્ય કહેવાય છે. એ પાપ-કર્મોપદેશનો અતિચાર છે.

(૪) સંયુકતાધિકરણ—જેથી આત્મા દુર્ગતિનો અધિકારી બને તેને અધિકરણ કહે છે, અર્થાત ઉખલ (ખાંડણી) મૂશળ, વાંસલો, કુહાડી વગેરેને મેળવી રાખવાં. એકલા ઉખલ આદિ કાંઇ પણ કામ કરી શકતા નથી પરન્તુ મૂશળ આદિના સંયોગથી જ કરી શકે છે, એજ રીતે એકલો વાંસલો કે કુહાડી પણ કામ કરી શકતાં નથી, તે પણ દાંડા-હાથા આદિના સંયોગથી કામ કરી શકે છે; તેથી તે સંયુકતાધિકરણ છે. એજ રીતે ગોળી આદિ ભરીને બંદૂક વગેરે રાખવાં એ પણ સંયુકતાધિકરણ છે. એ સંયુકત અધિકરણ હિંસાનું કારણ છે, તેથી ઉપચારે કરીને અતિચાર છે. એ હિંસાપ્રદાનનો અતિચાર છે.

(૫) ઉપભોગપરિભોગાતિરેક— ખાન - પાન આદિ પદાર્થોને ભોગવવાની અધિકતાને, અથવા એકવાર ભોગવવામાં ઉપયોગી થાય તેવાં અન્ન-પાન માળા ચંદન આદિ પદાર્થો ઉપભોગ કહેવાય છે; અને વારંવાર ભોગવવામાં ઉપયોગી થાય તેવાં મકાન આસન વગેરે પરિભોગ કહેવાય છે; એ બેઉની અધિકતાને ઉપભોગ-પરિભોગાતિરેક કહે છે. તાત્પર્ય એ છે કે પોતાની અને પોતાના સંબંધીઓની વસ્તુઓને જરૂરીયાત કરતાં વધારે ભોગવવી એ ઉપભોગ-પરિભોગાતિરેક છે. સંગ્રહ ગાથાઓ સુગમ છે. (૫૨).

## સામાયિકવ્રતાતિચાર કા વર્ણન

**टीकार्थ– 'तयाणंतरं चे'त्यादि** ત્યારપછી શ્રાવકે સામાયિકના પાંચ અતિચાર જાણવા જોઈએ પણ સેવવા ન જોઈએ. તે આ પ્રમાણે છેઃ—(૧) મનોદુષ્પ્રણિધાન, (૨) વચોદુષ્પ્રણિધાન. (૩) કાયદુષ્પ્રણિધાન, (૪) સામાયિકનું સ્મૃત્યકરણ, (૫) અનવસ્થિતસામાયિકકરણ.

(૧) મનોદુષ્પ્રણિધાન—મનની ખોટી પ્રવૃત્તિ કરવી અર્થાત્ સામાયિકને સમયે ગૃહસ્થી સંબંધી સારું-માઠું વિચારવું. (૨) વચોદુષ્પ્રણિધાન–સામાયિકને સમયે કઠોર અને સાવદ્ય ભાષા બોલવી. (૩) કાયદુષ્પ્રણિધાન–કાયાની ખોટી પ્રવૃત્તિ કરવી અર્થાત પૂંજ્યા વિનાની કે જોયા વિનાની જગ્યામાં હાથ–પગ પસારવા. (૪) સામાયકનુ સ્મૃત્યકરણ– 'અમુક સમયે મેં સામાયિક કરી હતી, અમુક સમયે કરવી જોઈએ, અમુક સમયે કરીશ.' એ પ્રમાણે સામાયિકનો નિશ્ચિત સમય ભૂલી જવો. (૫) અનવસ્થિત સામાયિકકરણ– સામાયક સંબંધી વ્યવસ્થા ન રાખવી, અર્થાત્ કોઈવાર કરવી, કોઈવાર ન કરવી, અને કોઈવાર સમય પૂરો થયા પહેલાં સામાયિક પારી લેવી. સંગ્રહ ગાથાઓનો એજ અર્થ છે. (૫૩).

## દેશાવકાશિતવ્રતાતિચાર કા વર્ણન

**टीकार्थ– 'तयाणंतरं चे'**–ત્યાદિ પછી શ્રાવકે દેશાવકાશિક વ્રતના પાંચ અતિચાર જાણવા જોઈએ પણ સેવવા ન જોઈએ, તે પાંચ અતિચાર આ પ્રમાણેછેઃ– (૧) આનયનપ્રયોગ, (૨) પેષ્યપ્રયોગ, (૩) શબ્દાનુપાત, (૪) રૂપાનુપાત, (૫) બહિઃપુદ્ગલપ્રક્ષેપ.

(૧) આનયનપ્રયોગ–પોતાના ગમનાગમન માટે મર્યાદિત કરેલા ક્ષેત્રની બહારના પદાર્થો બીજાની મારફતે પોતા પાસે મંગાવવા. (૨) પ્રેષ્યપ્રયોગ–મર્યાદિત ક્ષેત્રની બહારનાં કાર્યોને સંપાદન કરવા માટે નોકર–ચાકર મોકલવા, (૩) શબ્દાનુપાત –નિયત ક્ષેત્રથી બહારનું કાર્ય આવી પડતાં છીંકીને, ખોંખારીને યા બીજા કોઈ શબ્દ કરીને પાડોશી આદિને ઇશારો કરી કાર્ય કરાવવા પ્રયત્ન કરવો, ઉપલક્ષણે કરીને તાર–ટેલીફોન વગેરે પણ સમજી લેવાં. (૪) રૂપાનુપાત–નિયત ક્ષેત્રની બહારનું કામ કરવાને બીજાને હાથ વગેરે બતાવીને તે કામ સિદ્ધ કરવાની ચેષ્ટા કરવી. ઉપ-લક્ષણો કરીને ટેલીફોન દ્વારા સ્વરૂપ પ્રેષણને પણ સમજી લેવું કારણ કે આજકાલ ટેલીફોન દ્વારા વાતચીત કરનારનો ફોટો પણ સામેથી ખેંચી શકાય છે. (૫) બહિઃ-પુદ્ગલપ્રક્ષેપ–નિયતક્ષેત્રથી બહારનું પ્રયોજન ઉપસ્થિત થતાં તેને સિદ્ધ કરવા માટે કાંકરો, પત્થર, વગેરે ફેંકીને બીજાને સંકેત(ઇશારો)કરવો. સંગ્રહ ગાથાઓનો અર્થ એજ છે.(૫૪).

## પોષધોપવાસવ્રતાતિચાર કા વર્ણન

**टीकार्थ–'तयाणंतरं चे'त्यादि** તે પછી શ્રમણોપાસકે પોષધોપવાસ વ્રતના પાંચ અતિચાર જાણવા પરન્તુ સેવવા નહિ. તે આ પ્રમાણેઃ—(૧) અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત શય્યાસંસ્તાર (૨) અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત–શય્યાસંસ્તાર, (૩) અપ્રતિલેખિત – દુષ્પ્રતિલેખિત – ઉચ્ચાર – પ્રસ્રવણ – ભૂમિ, (૪) અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિતઉચ્ચાર–પ્રસ્રવણ–ભૂમિ, (૫) પોષધોપવાસનું સમ્યક્ અનનુપાલન.

૧ શય્યા સંથારા આદિની પડિલેહણા ન કરવી, યા અસાવધાનીથી પડિલેહણા કરવી એ પ્રથમ અતિચાર છે. (૨) શય્યા સંથારા આદિને ન પૂંજવા યા અસાવધાનીથી પૂંજવાં એ બીજો અતિચાર છે. ૩ ઉચ્ચાર પ્રસ્રવણ (મલમુત્ર)ની ભૂમિની પડિલેહણા ન કરવી એ ત્રીજો અતિચાર છે. (૪) ઉચ્ચાર–પ્રસ્રવણની ભૂમિને ન પૂંજવી યા અસાવધાનીથી પૂંજવી એ ચોથો અતિચાર છે. (૫) શાસ્ત્રોક્ત–વિધિથી પોષધોપવાસનું સમ્યક્રૂપે પાલન ન કરવું અને પોસામાં રહીને, આહાર, શરીરસત્કાર, મૈથુન આદિ અનેક પ્રકારના વ્યાપારોનો વિચાર કરવો એ પાંચમો અતિચાર છે. ગાથાઓનો અર્થ સ્પષ્ટ છે. (૫૫).

## અતિથિ સંવિભાગવ્રતાતિચાર કા વર્ણન

**टीकार्थ– 'तयाणंतरं चे'–त्यादि** પછી શ્રાવકે અતિથિસંવિભાગ વ્રતના પાંચ અતિચાર જાણવા જોઈએ પરન્તુ સેવવા ન જોઈએ. તે આ પ્રમાણેઃ–(૧) સચિત્ત-નિક્ષેપણ, (૨) સચિત્તપિધાન, (૩) કાલાતિક્રમ, (૪) પરવ્યપદેશ. (૫) મત્સરિતા.

(૧) સચિત્તનિક્ષેપણ–દાન ન દેવાના હેતુથી અચિત્ત વસ્તુઓને સચિત્ત ધાન્ય આદિમાં મેળવી દેવી; અથવા અકલ્પનીય વસ્તુઓમાં સચિત્ત વસ્તુઓ મેળવી દેવી એ સચિત્તનિક્ષેપણ છે. તાત્પર્ય એ છે કે "સચિત્ત શાલિ આદિમાં જો અચિત્ત મેળવી દઈશું, યા અચિત્ત અન્નાદિમાં સચિત્ત શાલિ આદિ મેળવી દઈશું, તો સાધુ તે ગ્રહણ નહિ કરે" એવી ભાવનાઓ કરીને સચિત્તમાં અચિત્ત અને અચિત્તમાં સચિત્ત પદાર્થો મેળવી દેવા, એ સચિત્તનિક્ષેપણ અતિચાર છે.

(૨) સચિત્તપિધાન—એજ પ્રમાણે પૂર્વોક્ત ભાવનાથી સચિત્ત વસ્તુથી અચિત્તને અને અચિત્તથી સચિત્તને ઢાંકી દેવી એ સચિત્તપિધાન અતિચાર છે.

(૩) કાલાતિક્રમ—અર્થાત સમયનું ઉલ્લંઘ કરવું. 'સાધુનો સત્કાર પણ થઈ જાય અને આહાર પણ ન દેવો પડે' એવી ભાવનાથી સાધુના ભોજનના સમયને ટાળીને ભિક્ષા દેવાને તૈયાર થવું એ કાલાતિક્રમ છે.

(૪) પરવ્યપદેશ—અર્થાત્ બીજાનો કહી દેવું ભિક્ષા ન આપવાના હેતુથી 'આ આહાર આદિ બીજાનો છે–મારો નથી' એમ કહેવું, અથવા પોતે સૂઝતો (આહારાદિ વોરાવી શકે તેવો) હોવા છતાં પણ આહાર દેવા માટે બીજાને કહેવું, એ પરવ્યપદેશ અતિચાર છે.

(૫) મત્સરિતા—બીજાના ભલામાં દ્વેષ કરવો એ મત્સર છે. અહીં ઉપચારે કરીને મત્સરનો અર્થ ઈર્ષ્યા છે. 'એણે સાધુને આ આપ્યું છે, હું શું તેનાથી કમ છું કે એ પદાર્થ ન આપું ?' એ પ્રમાણે ઈર્ષ્યા કરવી એ માત્સર્ય છે. અથવા દાન આપવામાં કંજૂસાઇ કરવી એ માત્સર્ય અતિચાર છે. કોઇ કોઈ કહે છે કે 'મત્સરનો અર્થ ક્રોધ છે.' તેમને મતે ક્રોધપૂર્વક સાધુને ભિક્ષા આપવી એ માત્સર્ય અતિચાર છે.

એ પાંચે અતિચાર જ છે, કેમકે એ બધામાં કોઈ ને કોઇ રૂપમાં દાન દેવાનો સદ્ભાવ માલુમ પડે છે. તેથી એ હોવા છતાં વ્રતભંગ થતો નથી. જો દાન આપે નહિ અને આપનારને રોકે, અથવા આપીને પશ્ચાત્તાપ કરે તો વ્રતભંગ સમજવો કહ્યું છે કે.

"પોતે ન દે, બીજો આપે તેને નિષેધ કરે, અથવા આપીને પશ્ચાત્તાપ કરે, એવો જે કૃપણનો ભાવ થાય છે તેથી આ બારમા વ્રતનો ભંગ થાય છે."

અહીં 'યથા, પદ અભ્યાગત દીન હીન આદિનું પણ ઉપલક્ષણ છે. શાસ્ત્રોમાં સર્વત્ર એમજ જોવામાં આવે છે. (૫૬).

## સંલેખનાવિચાર કા વર્ણન

**ટીકાર્થ–'तयाणंरं चे'**–ત્યાદિ ત્યાર પછી અપશ્ચિમ–મારણાંતિક–સંખેલના જોષણા–આરાધનના પાંચ અતિચાર જાણવા જોઈએ. તે આ પ્રમાણે:–

(૧) ઇહલોકાશંસા–પ્રયોગ, (૨) પરલોકાશંસા–પ્રયોગ, (૩) જીવિતાશંસા–પ્રયોગ, (૪) મરણાશંસા–પ્રયોગ, (૫) કામાભોગાશંસા–પ્રયોગ.

(૧) ઈહલોકાશંસા–પ્રયોગ—સંથારો (અનશન) ગ્રહણ કર્યા પછી 'મરીને હું મનુષ્યલોકમાં ચક્રવર્તી થઉં, રાજા થઉં, રાજમંત્રી થઉં' ઈત્યાદિ અભિલાષા કરવી.

(૨) પરલોકાશંકા–પ્રયોગ—'મૃત્યુ પછી ઇન્દ્ર થઉં, દેવતા થઉં' ઇત્યાદિ પરલોક સંબંધી અભિલાષા કરવી.

(૩) જીવિતશંસા–પ્રયોગ—'હું જીવતો રહી જઉં,' 'મારી પ્રશંસા થશે.' એવી ઇચ્છા કરવી.

(૪) મરણાશંસા–પ્રયોગ—કર્કશ ક્ષેત્ર આદિમાં નિવાસ દ્વારા થનારાં કષ્ટથી, ભૂખ આદિની પીડાથી પીડિત થવાથી અને સંમાન ન થવાથી 'હું હવે ક્યારે મરી જઉં' એ પ્રમાણે મરવાની ઈચ્છા કરવી.

(૫) કામભોગાશંસા–પ્રયોગ—કામ (શબ્દ અને રૂપ) તથા ભોગ (ગંધ, રસ, સ્પર્શની અભિલાષા કરવી, અર્થાત્ મનગમતા વિષયોની લાલસા રાખવી. સંગ્રહ ગાથાઓનો અર્થ એજ છે. (૫૭).

**ટીકાર્થ–'तए णं से'** ઇત્યાદિ ત્યારપછી આનંદ ગાથાપતિ શ્રમણ ભગવાન મહાવીરની સમીપે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત એ પ્રમાણે બાર પ્રકારનો શ્રાવક ધર્મ સ્વીકારે છે, શ્રમણ ભગવાન મહાવીરને વંદના–નમસ્કાર કરે છે, વંદના નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે:–

"ભગવન્ આજથી, વીતરાગ સંઘથી ભિન્ન સંઘવાળાઓને, વીતરાગ સંઘથી ભિન્ન દેવને, અન્ય યૂથિકોએ સ્વીકારેલા અર્થાત્ અન્યતીર્થિક સાધુઓમાં મળેલા અરિહંત ચૈત્ય (જિન સાધુઓ)ને તથા ઉપલક્ષણે કરીને અવસન્ન પાર્શ્વસ્થ આદિને પણ વંદના–નમસ્કાર કરવાનું મને કલ્પતું નથી. પહેલાં તેઓ બોલ્યા વિના તેમની સાથે બોલવાનું યા પુનઃ પુનઃ વાતચીત કરવાનું, તેમને ગુરૂબુદ્ધિથી અશન પાન ખાદ્ય સ્વાદ્ય આદિ એકવાર યા વારંવાર દેવાનું કલ્પતું નથી. પરન્તુ તેમાં એ આગાર છે કે–રાજાના અભિયોગ (આગ્રહ)થી, ગણ (સંઘ)ના અભિયોગથી, બળવાન્‌ના અભિયોગથી, દેવતાના અભિયોગથી, ગુરૂ અર્થાત્ માતાપિતા આદિના નિગ્રહ (પરવશતા)થી અને વૃત્તિકાન્તાર (આજીવિકાનિર્વાહના અભાવ)થી અર્થાત્ એ કારણો હોય તો દેવાનું કલ્પે છે.

નિર્ગ્રન્થ શ્રમણોને પ્રાસુક એષણીય અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, વસ્ત્ર, કંબળ, પ્રતિગ્રહ (પાત્ર), પાદપ્રોંછન, પીઠ, ફલક, શય્યા, સંસ્તાર, ઔષધ, ભૈષજ, પ્રતિલાભ કરાવતાં વિચરવું મને કલ્પે છે."

એ પ્રમાણે કરીને તેણે તેનો અભિગ્રહ લીધો, ફરીથી પ્રશ્નો પૂછ્યા, પ્રશ્ન પૂછીને અર્થ ગ્રહણ કર્યો, પછી શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર વંદના કરી. વંદના કર્યા પછી શ્રમણ ભગવાન્ મહાવીરની સમીપેથી દ્યુતિપલાશ ચૈત્યની બહાર નીકળ્યો. નીકળીને જ્યાં વાણિજગ્રામ નગર અને જ્યાં તેનું ઘર હતું ત્યાં તે આવ્યો. આવીને પોતાની પત્ની શિવાનંદાને કહેવા લાગ્યો: 'હે દેવાનુપ્રિયે! મેં શ્રમણ ભગવાન્ મહાવીરની સમીપે ધર્મ સાંભળ્યો અને એ ધર્મ મને ઇષ્ટ છે, બહુજ ઇષ્ટ છે, મને રૂચ્યો છે. હે દેવાનુપ્રિયે! તેથી તમે પણ જાઓ, શ્રમણ ભગવાન મહાવીરને વંદના કરો યાવત્ પર્યુપાસના કરો અને શ્રમણ ભગવાન્ મહાવીર પાસેથી પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત, એ પ્રમાણે બાર પ્રકારના ગૃહસ્થધર્મનો સ્વીકાર કરો."

**'अन्नउत्थियपरिग्गहियाणि अरिहंतचेइयाइं'** એ મૂળ વાક્યમાં નપુંસક લિંગ છે, તે પ્રાકૃત હોવાને કારણે એમ થયું છે. કહ્યું છે કે–"લિંગ સ્વતંત્ર હોય છે તે લોક વ્યવહાર પર નિર્ભર છે." અર્થાત્ પ્રત્યેક ભાષાના ધુરંધર વિદ્વાનો જે જે શબ્દનો જે જે જગ્યાએ જે જે લિંગમાં વ્યવહાર કરતા આવ્યા છે, તે તે શબ્દમાં તે તે જગ્યાએ તે તે લિંગનો વ્યવહાર કરવો જોઇએ; એટલે અહીં તે સમયના પ્રાકૃત વ્યવહાર મુજબ નપુંસક લિંગ છે. **'ચૈત્ય'** શબ્દનો અર્થ **'સાધુ'** થાય છે. બૃહત્કલ્પ ભાષ્યના છઠ્ઠા ઉદ્દેશામાં **'आहा आधयकम्मे०'** ગાથાની વ્યાખ્યામાં ક્ષેમકીર્તિ સૂરિએ **'चैत्योद्देशिकस्य'**નો "સાધુઓને ઉદ્દેશીને બનાવેલા અશનાદિ" એ પ્રમાણે અર્થ કર્યો છે. તેથી સિદ્ધ થાય છે કે **'ચૈત્ય'**નો અર્થ **'સાધુ'** છે.

## 'અરિહંત ચેઇય' શબ્દનો અર્થ

**'अरिहंतचेइयाइं' નો અર્થ 'અર્હન્તની પ્રતિમા' એમ કરવો તે અસંગત છે, કારણ કે પ્રકરણ બરાબર બંધ બેસતું નથી. એનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે:—**

÷ પહેલાં એ વાત બતાવી છે કે આનંદ ગાથાપતિએ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. હવે અવસરથી પ્રાપ્ત થતાં દેવ અને ગુરૂ સંબંધી પ્રતિજ્ઞા બતાવી છે. એ બેઉને વંદના નમસ્કાર કરવાની બાબતમાં ક્રમે કરીને 'અન્યયૂથિક અને અન્યયૂથિક-પરિગૃહીત' એ બેઉને નિષિદ્ધ બતાવ્યા છે, તેથી સ્વયંસિદ્ધ થાય છે કે સ્વયૂથિક દેવ તથા સ્વયૂથિકપરિગૃહીત શાસ્ત્રોક્તાચારી અર્હન્તના સાધુઓને વંદના —નમસ્કાર કરવાં મને કલ્પે છે. તેથી આનંદ ગાથાપતિની પ્રતિજ્ઞા પૂરી થાય છે. જો અહીં 'ચૈત્ય' શબ્દનો અર્થ **પ્રતિમા** માનવામાં આવે તો 'अन्ययूथिकदेवतानि' એ પદે કરીને પુનરૂક્તિદોષ અનિવાર્ય થશે; કારણ કે પ્રતિમાને

**+ સમકિત આપતી વખતે દેવ અરિહંત, ગુરૂ નિર્ગ્રંથ, ધર્મ કેવલિભાષિત દયામય, એનું શ્રદ્ધાન કરવું ઇત્યાદિ સમજાવવામાં આવે છે; એટલે આનંદ શ્રાવકે પહેલાં ધર્મને સમજીને સ્વીકાર્યો એ વાત બતાવી; હવે દેવ ગુરૂ કેવા પ્રકારના માનવા જોઇએ તે અહીં શાસ્ત્રકારે બતાવ્યું છે.**

વંદન અને નમસ્કાર પોતે દેવની ભાવનાથી જ કરી શકે છે, અન્યથા નહિ. તેથી 'ચૈત્ય'નો અર્થ પણ પોતાને મતે કરીને દેવજ થયો. તાત્પર્ય એ છે કે અન્યયૂથિક દેવોને વંદના આદિ કરવાનું કલ્પતુ નથી, એ કથનથી જ એ વાત સિદ્ધ થઈ ચૂકી હતી કે સ્વયૂથિક દેવને વંદના કરવી કલ્પે છે. પછી અન્યયૂથિક ચૈત્યને વંદના કરવી કલ્પતી નથી, એ કથનમાં તે ચૈત્યનો અર્થ પ્રતિમા કરીને અન્યયૂથિક દેવતાનો પણ નિષેધ કરે છે, કારણકે પ્રતિમાને વંદના આદિ દેવબુદ્ધિથી જ પોતે કરે છે. એવી સ્થિતિમાં બેઉ શબ્દોનો એક જ અર્થ થાય છે, તેથી પુનરૂક્તિ દોષ આવે છે.

બીજી વાત એ છે કે જો ચૈત્યનો અર્થ પ્રતિમા કરીએ તો **'पुव्विं अणालत्तेणं—०'** ઇત્યાદિ આગળના વાકયાંશ સાથે બરાબર સંબંધ બેસતો નથી, કારણ કે પ્રતિમાની સાથે આલાપ-સંલાપ કરી શકતો નથી કે તેને કદાપિ અશન-પાન આદિ આપવામાં આવતાં નથી. આલાપ આદિ ચેતનનો ધર્મ છે અને પ્રતિમાઓમાં એવો સંભવ નથી. જો એમ કહો કે **"पुव्विं अणालत्तेणं—०"** ઇત્યાદિનો સંબંધ માત્ર

"अन्नउत्थिए"ની સાથે જ છે, બીજાઓની સાથે નથી તો એમ કહેવું એ પણ બરાબર નથી, કારણકે સમુદિત વાકયના શેષ (અંત)માં રહેવાને કારણે "पुव्विं अणालत्तेणं–०" આદિનો "अरिहंतचेइयाइं" ની સાથે સંબંધ થવો એ નિતાન્ત આવશ્યક છે અને સૂત્રકારનો આશય પણ એજ છે; અન્યથા "अरिहंतचेइयाइं" નો પ્રયોગ અંતમાં ન કરતાં સૂત્રકાર એ જગ્યાએ "अन्नउत्थिए" નો પ્રયોગ જ કરત. હવે રહ્યો અન્યતીર્થિકોનો નિષેધ, તે તો જો અન્યતૈર્થિક પરિગૃહીત અર્હત્સાધુઓની સાથે પહેલાં આલાપાદિનો નિષેધ કર્યો છે, તો પછી ખાસ અન્યતૈર્થિકોનું તો કહેવું જ શું ? એ રીતે તેમનો તો અર્થાપત્તિથી જ વિષેધ થઇ જશે. એટલે આગળ આવેલા 'तेसिं' પદની સાથે પણ વિરોધ આવતો નથી કારણ કે 'तत्' શબ્દ અવ્યવહિત પૂર્વને જ પકડનારો છે વ્યવહિતને નહિ. તે અવ્યવહિત જે 'अरिहंतचेइयाइं' છે, તેનો અર્થ આપ મૂર્તિ કરશો તો તેનો અશન પાન આદિની સાથે સંબંધ અસંભવિત બની જશે.

ત્રીજી વાત એ છે કે અહીં જો 'ચૈત્ય' શબ્દનો અર્થ સાધુ ન લેવામાં આવે તો અન્યયૂથિકો (અન્ય મતના સાધુઓ)માં સંમિલિત થએલા જૈન સાધુ તથા પાસત્થા આદિને વંદના–નમસ્કાર કરવાનો નિષેધ સિદ્ધ નહિ થાય,–એટલે તેમને પણ વંદના કરવાનો પ્રસંગ આવશે, અને એમ કરવું ઇષ્ટ નથી. તે રીતે 'આ બાજુએ કુવો અને આ બાજુએ ખાઇ'વાળી કહેવત ચરિતાર્થ થાય છે. એટલે'अर्हच्चैत्यानि' નો अर्हन्त–प्रतिमा' એવો અર્થ કરવો તે આગળ–પાછળનો સંબધનહિ બેસતો હોવાને કારણે બરાબર નથી.

શબ્દાર્થનો નિયમ કરનારૂ પ્રકરણ હોય છે. એ વિષય ન્યાય વ્યાકરણ આદિમાં વિસ્તારથી આપ્યું છે. કહ્યું છે કે—"शक्तिग्रहं व्याकरणो–" ઇત્યાદિ, તથા—

"अर्थः प्रकरणं लिङ्गम्" ઇત્યાદિ

એ રીતે ભગવાને વિસ્તારપૂર્વક શ્રવકધર્મના કથનમાં પ્રતિમાપૂજનનો ઉપદેશ આપ્યો નથી, તેમજ સમ્યકત્વ યા વ્રતોના અતિચારોની પેઠે પ્રતિમાપૂજનના અતિચારો પણ બતાવ્યા નથી.

એ ઉપરાંત "ચૈત્ય" શબ્દનો અર્થ "પ્રતિમા" કોઇ પણ શાસ્ત્ર વ્યાકરણ, કોશ, કાવ્ય આદિમાં જોવામાં આવતો નથી. પ્રમાણ આ રહ્યાં:–

પૂર્વોકત બૃહત્કલ્પ ભાષ્યની ટીકામાં ક્ષેમકીર્તિએ કહ્યું છે કે चैत्योद्देशिकस्य' અર્થાત્ સાધુને માટે તૈયાર કરેલા અશનાદિનો. એમજ અભિધાન રાજેન્દ્ર કોષમાં પણ કહેલું છે. સુત્રકૃનાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથા ઉપાસક–દશા, અંતકૃદશા, અનુત્તરોપપાસિક દશા, પ્રશ્ન–વ્યાકરણ, અને વિપાક–સૂત્રમાં ચૈત્યનો અર્થ વ્યન્તરાયતન કરેલો છે. "पुण्यमद्दे चेइए, गुणसिलए चेइए, छत्तपलासए चेइए, पुप्फचेइए, दूइपलासए चेइए, बहुसालए चेइए, कोट्ठए चेइए" ઇત્યાદિ પદાર્થોમાં ચૈત્યનો અર્થ ઉદ્યાન કર્યો છે, રાજપ્રશ્નીય સૂત્રની વ્યાખ્યામાં મલયગિરિએ ચત્યનો અર્થ સાક્ષાત જિન ભગવાન કહ્યો છે, અને કારણ એવું

આપ્યો નથી, તેમજ સમ્યકત્વ યા વ્રતોના અતિચારોની પેઠે પ્રતિમાપૂજનના અતિચારો પણ બતાવ્યા નથી.

એ ઉપરાંત **"ચૈત્ય"** શબ્દનો અર્થ **"પ્રતિમા"** કોઈ પણ શાસ્ત્ર વ્યાકરણ, કોશ, કાવ્ય આદિમાં જોવામાં આવતો નથી. પ્રમાણ આ રહ્યાં:-

પૂર્વોકત બૃહત્કલ્પ ભાષ્યની ટીકામાં ક્ષેમકીર્તિએ કહ્યું છે કે **चैत्योद्देशिकस्य'** અર્થાત્ સાધુને માટે તૈયાર કરેલા અશનાદિનો. એમજ અભિધાન રાજેન્દ્ર કોષમાં પણ કહેલું છે. સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથા ઉપાસક-દશા, અંતકૃદશા, અનુત્તરોપપાસિક દશા, પ્રશ્ન-વ્યાકરણ, અને વિપાક-સૂત્રમાં ચૈત્યનો અર્થ વ્યન્તરાયતન કરેલો છે. **"पुण्यमद्दे चेइए, गुणसिलए चेइए, छत्तपलासए चेइए, पुप्फचेइए, दूइपलासए चेइए, बहुसालए चेइए, कोट्ठए चेइए"** ઇત્યાદિ પદાર્થોમાં ચૈત્યનો અર્થ ઉદ્યાન કર્યો છે, રાજપ્રશ્નીય સૂત્રની વ્યાખ્યામાં મલયગિરિએ ચત્યનો અર્થ સાક્ષાત જિન ભગવાન કહ્યો છે, અને કારણ એવું

નિવાસનું વૃક્ષ, ચિતાનું ચિન્હ, જન-સભા, યજ્ઞસ્થાન, મનુષ્યોએ શોભવાનું સ્થાન (ધર્મશાળા સરાઈ આદિ), બિમ્બ [લાહોરનો પદ્મચંદ્ર કોશ], ચિતા સ્તૂપ [મહાભારત ૨-૩-૧૨ તથા ૯-૩-૪૦]; પીપળાનું વૃક્ષ [હરિવંશ બાણોત્પાત]; આયતન તથા ચોકમાંનું વૃક્ષ [વાલ્મીકીય તથા અધ્યાત્મ રામાયણ-સુંદર કાંડ]; પરમાત્મા [ભાગવત ૩-૨૯]

અહીં અન્ય મતના ગ્રંથોનું પ્રમાણ આપવાનું તાત્પર્ય એ છે કે જો 'ચૈત્ય' શબ્દનો 'પ્રતિમા' અર્થ સંસ્કૃત ગ્રંથોમાં હોત તો તેના ધર્મગ્રંથોમાંથી અવશ્ય મળત, પરંતુ એવો અર્થ તેમાં કયાંયથી મળતો નથી અને શાસ્ત્રોમાંથી પણ મળતો નથી, એટલે "ચૈત્ય"નો અર્થ "પ્રતિમા" કરવો એ બરાબર નથી.

**શંકા**—કોષ આદિમાં બિમ્બ અર્થ તો મળે છે, અને બિમ્બ જ પ્રતિમા છે, તેથી ચૈત્યનો અર્થ પ્રતિમા થયો.

**સમાધાન**—એ બરાબર નથી, કારણ કે કોષ આદિમા 'બિમ્બ' વસ્તુના યથાર્થ સ્વરૂપને કહે છે, પ્રતિમાને નહિ. પ્રતિમા અર્થમાં તો પ્રતિબિમ્બ શબ્દનો પ્રયોગ થાય છે, બિમ્બ શબ્દનો નહિ. અમરકોશ શૂદ્ર વર્ગ શ્લોક ૩૯માં કહ્યું છે કે-"પ્રતિમાન, પ્રતિબિમ્બ, પ્રતિમા, પ્રતિયાતના, પ્રતિચ્છાયા, પ્રતિકૃતિ" એ બધાં પ્રતિકૃતિનાં નામ છે. એટલે જેમ ધ્વનિ અને પ્રતિધ્વનિ, માન અને પ્રતિમાન, મા અને પ્રતિમા, યાતના અને પ્રતિયાતના, છાયા અને પ્રતિછાયા, કૃતિ અને પ્રતિકૃતિના અર્થમાં ભેદ છે, તેમ બિમ્બ અને પ્રતિબિમ્બના અર્થમાં પણ અંતર છે. વસ્તુના

યથાર્થ સ્વરૂપમાં જ બિમ્બ શબ્દનો પ્રયોગ સર્વત્ર જોવામાં પણ આવે છે. તે આ પ્રમાણેઃ–

"ચંદ્રનું બિમ્બ પ્રકાશિત થયું" [ પંડિતરાજ જગન્નાથ ]; "સમુદ્રના ફીણની છટાથી યુકત, અસ્તાચલના શિખર પર એ ચંદ્રબિંબ વિરાજે છે" [ વિશ્વનાથ કવિ ]. '( એ શૂલ ) સૂર્યના બિંબની પેઠે ચમકતો આકાશમાંથી પડયો' [ માર્કંડેય પુરાણ ]. એ પ્રમાણે બીજા ગ્રંથોમાં પણ સમજી લેવું. યથાર્થ સૂર્ય ચંદ્રને જ 'સૂર્યબિંબ' અને 'ચંદ્રબિંબ' કહેવામાં આવે છે.

એમ માનવાથી જ અલંકારશાસ્ત્રીઓએ માનેલો દૃષ્ટાંતાલંકાર બની શકે છે. નિરપેક્ષ વાકયાંતરે કરીને ગૃહીત પ્રકૃત વસ્તુની સાથે, નિરપેક્ષ વાકયાંતરે કરીને ગૃહીત તેના સમાન ધર્મ (ગુણવાળી વસ્તુનો, બિંબ–પ્રતિબિંબભાવ હોવો (દૃષ્ટાંતરૂપે જોડવો) એ દૃષ્ટાન્તાલંકાર છે. જેમકે—

"ઉત્તમ કવિઓની વાણીના ગુણોને કોઇ ભલે ન જાણે, પરંતુ તે કાનમાં તો મધુની ધારા વહાવે છે જ. જેમ કોઇ માલતીમાલાની સુગંધને ન જાણે, પણ નેત્રોને તો તે હરી લે છે જ." [ સાહિત્યદર્પણ ]

અથવા જેમ ( કોઇ કવિ કોઇ રાજાને કહે છે કે ) "હે રાજન્! આપ સાહસ કરીને જ્યાં હાથે તલવાર પકડવા જાઓ છો, ત્યાં તો આપના બધા શત્રુઓ વીખરાઇ જાય છે; બરાબર છે, કારણ કે પવન વહેવા લાગે છે ત્યારે ધૂળ કાંઇ સ્થિર રહી શકે છે ભલા ? કદાપિ નહિ." [ કાવ્યપ્રકાશ ]

અહીં કાવ્યપ્રકાશની "**दृष्टान्तः पुनरेतेषां सर्वेषां प्रतिबिम्बनम्**" એ કારિકાને અનુસરીને, તેની સારબોધિની અને સુધાસાગર ટીકાઓમાં "બિંબ–પ્રતિબિંબભાવ" શબ્દની વ્યાખ્યા, પ્રમાણરૂપે કુવલયાનન્દકાર અપ્પયદીક્ષિતના સિદ્ધાન્તને લઇને કરી છે કે "વસ્તુતઃ ભિન્ન ભિન્ન ઉપમાનત્વ અને ઉપમેયત્વનું, પરસ્પરની તુલનાને કારણે અભિન્ન માનીને અલગ–અલગ કથન કરવું–એ બિંબ–પ્રતિબિંબભાવ છે."

એ ઉપરાંત કાવ્યપ્રકાશની ઉપર કહેલી કારિકામાં જે '**प्रतिबिम्बन**' શબ્દ આવ્યો છે એ પ્રતિક (અંશ)ને લઇને વામનાચાર્યે કહ્યું છે કે– પ્રતિબિંબનનો અર્થ બિંબ–પ્રતિબિંબ ભાવ , એ બેઉની એકતા નહિ. બિંબ શરીર છે અને પ્રતિબિંબ શરીરની પ્રતિછાયા છે; એ બેઉ બિંબ–પ્રતિબિંબ બને છે. અસ્તુ. બહુ દૂર જવાથી શો લાભ ? એ તો સિદ્ધ થઇ ચૂકયું જ છે કે વસ્તુનું યથાર્થ સ્વરૂપ બિંબ છે અને વસ્તુના આકારની નકલ એ પ્રતિબિંબ છે. એથી આચાર્ય મલયગિરિએ રાયપસેણી સૂત્રની ટીકામાં "**तं गच्छामि णं–०**" ઇત્યાદિ પદોની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે "કલ્યાણકારી હોવાથી કલ્યાણ, પાપોના નાશક હોવાથી મંગલ, ત્રણ લોકના સ્વામી હોવાથી દેવ અને સુપ્રશસ્ત મનના કારણ હોવાથી ભગવાન ચૈત્ય છે" આ કથનથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે–મલયગિરિ આચાર્યે પણ સાક્ષાત્ ભગવાન્‌ને જ ચૈત્ય કહ્યા છે, એમની પ્રતિમાને નથી કહ્યા.

**શંકા**—બસ, ચૈત્યનો અર્થ થયો જિનેન્દ્ર, અને જિનેન્દ્રની સમાન તેમની પ્રતિકૃતિને પણ ચૈત્ય કહી શકાય છે, કારણ કે વ્યાકરણના નિયમાનુસાર **'इवे प्रतिकृतौ'** ( ૫-૩-૯૬ ), એ સૂત્રથી વિધાન કરેલા **'कन्'** પ્રત્યયનો **'जीविकार्थे चापण्ये'** (૫-૩-૯૯), સૂત્રથી લોપ થઇને **ચૈત્ય** બની જશે. જેમકે-વાસુદેવની પ્રતિકૃતિને વાસુદેવ કહે છે.

**સમાધાન**—આપ ખરા અભિપ્રાયને ભૂલી ગયા છો. **'जीविकार्थे चापण्ये'** એ સૂત્રથી જે પ્રતિમા જીવિકાને માટે હોય, પરન્તુ વેચવાની ન હોય, એ અર્થમાં **कन्** પ્રત્યયનો લોપ થાય છે. બીજા કોઇ પણ અર્થમાં લોપ નહિ થાય. એ વાત એ સૂત્રની ટીકામાં સિદ્ધાન્તકૌમુદીકારે સ્પષ્ટ કરી છે કે-**"देवलकानां जीविकार्थासु देवप्रतिकृतिष्विदम्"** અર્થાત્- દેવલકો (દેવળના પૂજારિયો)ની જીવિકાને માટે બનાવેલી દેવપ્રતિમાઓના સંબંધમાં છે. અન્યથા ("ચૈત્યની પ્રતિમા" એ અર્થમાં) "ચૈત્યક" થશે, પરન્તુ "ચૈત્ય" નહિ. એ સ્થિતિમાં શું એ પ્રતિમા જીવિકાનિર્વાહને માટે માનવામા આવે છે, કે જેથી **कन** પ્રત્યયનો લોપ કરો છો ?

**શંકા**—જેમાં જેમાં સાક્ષાત્ યા પરંપરાથી ચયન ક્રિયાનો યોગ છે, એ સર્વ યજ્ઞ-સ્થાન આદિનું ચૈત્ય શબ્દથી ગ્રહણ થાય છે, પરંતુ આપના કથનાનુસાર "સાધુ" શબ્દનું ગ્રહણ નથી થઇ શકતું.

**સમાધાન**—તો પ્રતિમાનું ગ્રહણ કેવી રીતે થાય છે, તે આપ વિચારી જુઓ; અને પહેલાં આપેલાં પ્રમાણોને લક્ષ્યમાં લઇને વ્યાકરણની તરફ ધ્યાન આપો કે "ચૈત્ય" શબ્દ કેવળ **"चिञ् चयने"** ધાતુથી જ બનતો નથી, પરંતુ **"चिती सञ्ज्ञाने"** ધાતુથી પણ બને છે. "શબ્દોની વ્યુત્પત્તિ અર્થને અનુસરીને થવી જોઇએ." એ માન્યતાનુસાર અર્થને ધ્યાનમાં રાખીને વ્યુત્પત્તિ કરવી જોઇએ, એટલે અહીં **"चिती सञ्ज्ञाने"** એ ધાતુમાંથી જ એ "ચૈત્ય" શબ્દ બનાવવો જોઇએ, **"चिञ् चयने"** ધાતુમાંથી નહિ, કારણ કે સંજ્ઞાનનો અર્થ સમ્યગ્જ્ઞાન યા ચૈતન્ય થાય છે. અથવા **चिञ् चयने"** ધાતુમાંથી પણ બનાવીએ, તો તેનો અર્થ એવો થશે કે "જેની દ્વારા જ્ઞાનાદિ ગુણોનું ચયન થાય છે તેને ચૈત્ય કહે છે." કલ્પનાને અનુસરીને વ્યુત્પત્તિમાં ભેદ થયા કરે છે, અને અનેકાર્થકોનુ પ્રવૃત્તિ-નિમિત્ત પણ જૂદું જૂદું હોય છે. એટલે અહીં 'જ્ઞાનવત્ત્વ' એ પ્રવૃત્તિ-નિમિત્તને લઇને 'સાધુ' અર્થમાં ચૈત્ય શબ્દની પ્રવૃત્તિ થાય છે, અથવા જે રૂઢ શબ્દોની સાસ્નાદિમાં જે અર્થમાં પ્રસિદ્ધિ છે તે પ્રસિદ્ધિ એનું પ્રવૃત્તિ-નિમિત્ત છે. જો એમ ન

માનવામાં આવે તો "ગો, ગવય, કુશલ, શંખ, શંઢ" આદિ શબ્દોમાં અર્થ ઉલટ-પાલટ થઇ જશે અને આપ તેને ત્રણ કાળમાં રોકી નહિ શકો. 'ગો'નો અર્થ જે ગમન કરે તે, ગવયનો અર્થ છે ગોની પ્રાપ્તિ, 'કુશલ'નો અર્થ છે કુશ (ડાભ)ને લાવનાર, 'શંખ' અને 'શંઢ'નો અર્થ છે શમન કરનાર; એમાં પ્રવૃત્તિ-નિમિત્ત ઘટતું-બંધ બેસતું નથી. જો પ્રવૃતિ-નિમિત્તથી જ વ્યવહાર માનવામાં આવે તો ગાય જે સમયે ગમન ન કરતી હોય-સૂતી હોય, તે સમયે તેને 'ગો' ન કહેવી જોઇએ, પરંતુ સાસ્નાદિમત્વ (ગળામાં લટકતી કમ્બલ આદિ)ને કારણે તેને તે સમયે પણ ગો કહે છે, તેથી શાસ્ત્ર, કોષ આદિમાં જે અર્થ પ્રસિદ્ધ થઈ ગયો છે તેજ રૂઢ શબ્દોનું પ્રવૃત્તિ-નિમિત્ત માનવું જોઇએ. એક બીજી વાત પણ એ છે કે-એમ માનવાથી પૂર્વોકત બૃહત્કલ્પ ભાષ્ય પણ બરાબર બંધ બેસે છે, જેમાં લખ્યું છે કે-"ચૈત્યને ઉદ્દેશ કરીને" અર્થાત્-સાધુઓને માટે તૈયાર કરવામાં આવેલા અશનાદિનું. જો ચૈત્યનો અર્થ સાધુ નહિ માનો તો એ ભાષ્ય અસંગ થઇ જશે. બસ, હવે વધુ વિસ્તાર કરતા નથી.

અહીં મૂળ પાઠમાં અન્યયૂથિકોને અન્ન-પાનના દાનને નિષિદ્ધ બતાવેલું છે, તેનું કારણ એ છે કે અહીં લોકોત્તર ધર્મનું વ્યાખ્યાન છે. એટલે ગુરૂબુદ્ધિના અભિપ્રાયે કરીને જ અહીં નિષેધ છે. કરૂણાભાવથી દાનનો નિષેધ નથી. કરૂણાદાનમાં પાત્ર-અપાત્રનો વિચાર નથી થતો, તે બધાં પ્રાણીઓને આપવા યોગ્ય છે કહ્યું છે કે-

## શિવાનન્દ કા ધર્મ સ્વીકાર ઔર ગૌતમ કા પ્રશ્ન

"અનુકંપાદાનને જિનેન્દ્ર ભગવાને કયાંય કયારે પણ નિષિદ્ધ નથી બતાવ્યુ" (૧)
બાકી બધાં સૂત્રોનો અર્થ પહેલાં આવી ગયો છે. (૫૮),

**ટીકાર્થ-'तए णं सा'** ઇત્યાદિ આનંદ શ્રાવકનું કથન સાંભળીને ભાર્યા શિવાનંદા હૃષ્ટપુષ્ટ થઈ અને કૌટુંબિક પુરૂષોને બોલાવીને કહ્યું - લઘુકરણ - હલકાં ઉપકરણોવાળો (રથ) યાવત્ પર્યુપાસના કરી. 'जाव' (યાવત્) શબ્દથી જેટલો અર્થ સંગૃહીત કર્યો છે તે સાતમા અધ્યયનમાં સ્પષ્ટ કરવામાં આવશે. (૫૯)

**ટીકાર્થ- 'तए णं समणे'** ઇત્યાદિ ત્યારપછી શ્રમણ ભગવાન્ મહાવીરે શિવાનંદાને માટે મોટી પરિષદમાં યાવત્ ધર્મનુ કથન કર્યું (૬૦). એટલે શિવાનંદા શ્રમણ ભગવાન્ મહાવીરની સમીપે ધર્મને શ્રવણ કરીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટતુષ્ટ થઇ યાવત્ એણે ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો. ગૃહસ્થધર્મ સ્વીકારીને તે ધાર્મિક ઉત્તમ રથમાં બેઠી. બેસીને જે બાજુએથી આવી હતી તે બાજુએ ચાલી ગઇ. (૬૧).

**ટીકાર્થ-'भंते-त्ति'** ઇત્યાદિ 'ભગવન્!' એ પ્રમાણે ભગવાન્ ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદના કરી, નમસ્કાર કર્યા અને વંદના-નમસ્કાર કરીને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ- 'હે ભગવન્! આનંદ શ્રાવક દેવાનુપ્રિયની સમીપે પ્રવ્રજિત થવાને શું સમર્થ છે?" (ભગવાને કહ્યુંઃ-) "હે ગૌતમ! એમ નથી, આનંદ શ્રાવક ઘણાં વર્ષો સુધી શ્રાવકપણું પાળશે અને પાળીને સૌધર્મકલ્પના અરૂણાભ વિમાનમાં દેવતારૂપે ઉત્પન્ન થશે. ત્યાં કેટલાએક દેવતાઓની સ્થિતિ ચાર પલ્યોપમની કહી છે, તદનુસાર આનંદ શ્રાવકની પણ ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે (થશે)" (૬૨).

**ટીકાર્થ– 'तए णं समणे'**–ઇત્યાદિ પછી કોઇ સમયે શ્રમણ ભગવાન મહાવીર બહિ (બહાર) યાવત્ વિહાર કરી રહ્યા હતા. (૬૩). તે આનંદ શ્રાવક થઇ ગયો હતો જીવ અજીવને જાણનારો યાવત પ્રતિલાભ (દાન) કરી રહ્યો હતો (૬૪). તેની ભાર્યા શિવાનંદ પણ શ્રાવિકા થઇ ગઇ હતી. જીવ–અજીવને જાણનારી યાવત પ્રતિલાભ (દાન) કરતી રહેતી હતી. (૬૫). આનંદ શ્રાવકને અનેક પ્રકારે શીલવ્રત, ગુણવ્રત, વિરમણ (વૈરાગ્ય), પ્રત્યાખ્યાન, પૌષધોપવાસથી આત્માને સંસ્કારયુક્ત કરતાં ચૌદ વર્ષ વ્યતીત થઇ ગયાં. જ્યારે પંદરમું વર્ષ ચાલતું હતું ત્યારે એક સમયે પૂર્વ રાત્રિના ઉત્તરાર્ધ સમયમાં ધર્મનું અનુષ્ઠાન કરતાં કરતાં આત્માના વિષયમાં એ પ્રકારનો માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે "હું વાણિજગ્રામ નગરમાં ઘણા રાજા, ઇશ્વર યાવત આત્મીય જનોનો પણ આધાર છું, એ વ્યગ્રતાને કારણે હું શ્રમણ ભગવાન્ મહાવીર સમીપેની ધર્મપ્રજ્ઞપ્તિને સ્વીકારીને વિચરવામાં સમર્થ નથી. તેથી એજ સારૂં છે કે–સૂર્યોદય થતાં ખૂબ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય (સંબંધી વગેરેને જમાડીને) પૂરણ શ્રાવકની પેઠે યાવત્ જ્યેષ્ઠ પુત્રને કુટુંબમાં સ્થાપિત કરી મિત્રો યાવત્ જ્યેષ્ઠ પુત્રને પૂછી કોલ્લાક સંનિવેશમાં જ્ઞાતકુલની પૌષધશાળાનું પ્રતિલેખન કરી શ્રમણ ભગવાન્ મહાવીરની સમીપની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારી હું વિચરૂં." તેણે એવો વિચાર કર્યો. વિચારીને બીજે દિવસે મિત્ર આદિને ખૂબ અશન પાન ખાદ્ય સ્વાદ્ય જમાડી પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલા અને અલંકારોથી એમનો સત્કાર કર્યો, સમ્માન કર્યું. સત્કાર–સમ્માન કરીને એ મિત્રો આદિની સમક્ષ પોતાના જ્યેષ્ઠ પુત્રને બોલાવ્યો અને કહ્યું: "પુત્ર! હું વાણિજગ્રામ નગરમાં ઘણા રાજા ઇશ્વર આદિનો આધાર છું, યાવત્ હું આવો વિચાર કરી રહેવા ચાહું છું. માટે મારે માટે એજ સારૂં છે કે હું હવે તમને આપણા કુટુંબનો ભાર સોંપીને વિચરૂં." (૬૬). ત્યારે આનંદ શ્રમણોપાસકના એ કથનને વડા પુત્રે 'તથેતિ' (જેવી આપની ઇચ્છા) એમ કહીને વિનયપૂર્વક સ્વીકારી લીધું. (૬૭) પછી આનંદ શ્રાવકે એ મિત્ર આદિની સમક્ષ જ પોતાના વડા પુત્રને કુટુંબમાં સ્થાપિત કર્યો અને બધાને એ પ્રમાણે કહ્યું કે–હે દેવાનુપ્રિય! આજથી તમે બધા કોઇ પણ કાર્યમાં મને એક વાર કે વારંવાર ન પૂછશો, અને મારે માટે અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય પણ ન બનાવશો કે ન તેને મારે માટે મારી પાસે લાવશો, (૬૮)

## આનન્દ પ્રતિમા (પડિમા) કા નિરૂપણ

**टीकार्थ–'तए णं से आणंदे'** ઇત્યાદિ ત્યારપછી આનંદ શ્રાવકે વડા પુત્ર પાસેથી, મિત્રો પાસેથી અને જ્ઞાતિ પાસેથી આજ્ઞા લીધી. અને પોતાના ઘેરથી નીકળ્યો. ઘેરથી નીકળીને વાણિજગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઇ નીકળ્યો. નીકળીને જે બાજુએ કોલ્લાક સંનિવેશ, જે બાજુએ જ્ઞાતકુલ અને જે બાજુએ પોષધશાળા હતી તે બાજુએ ગયો ત્યાં પહોંચીને પોષધશાળાને પૂંજી, પૂંજીને ઉચ્ચાર–પ્રસ્રવણ ભૂમિ (મળ–મૂત્ર કરવાનુ સ્થાન)ની પડિલેહણા કરી. પછી (દર્ભ) ડાભનો સંથારો (આસન) બીછાવ્યો, અને સંથારાપર બેઠો. બેસીને પોષધશાળામાં પોષધ-યુકત થઇ ડાભના સંથારા પર બેઠાંબેઠાં જ શ્રમણ ભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિને સ્વીકારી વિચરવા (રહેવા) લાગ્યો. (૬૯).

પછી આનંદ શ્રાવકે શ્રાવકની અગીઆર પ્રતિમાઓ (પડિમાઓ) નો સ્વીકાર કર્યો. એમાંની પહેલી પડિમાને સૂત્રાનુસાર, પડિમા સંબંધી કલ્પને અનુસાર, માર્ગ (ક્ષાયોપશમિક ભાવ) અનુસાર, તત્ત્વ ( દર્શન પ્રતિમા શબ્દના અર્થ )ને અનુસાર–સમ્યક્રૂપે કાયદ્વારા ગ્રહણ કરી, ઉપયોગપૂર્વક રક્ષણ કરી, અતિચારોનો ત્યાગ કરીને વિશુદ્ધ કરી, પ્રત્યાખ્યાનનો સમય સમાપ્ત થતાં પણ થોડો વધુ સમય સ્થિત રહીને પૂરી કરી. "જે કરવા યોગ્ય હતું તે મેં ક્રમશઃ કર્યું છે." એવો તેણે વિચાર કર્યો અને સારી રીતે આરાધિત કર્યો (૭૦). ત્યારબાદ આનંદ શ્રમણોપાસકે બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી અને અગીઆરમી પડિમાને યાવત્ આરાધિત કરી.

શ્રાવકની અગીઆર પડિમાઓની વિસ્તારપૂર્વક વ્યાખ્યા મારી બનાવેલી શ્રમણસૂત્રની મુનિતોષિણી ટીકામાંથી જાણી લેવી. (૭૧).

## આનન્દ શ્રાવક કી સંલેખના કા વર્ણન

**टीकार्थ–'तए णं से आणंदे'** ઇત્યાદિ પછી આનંદ શ્રાવક એ ઉદાર અને વિપુલ પ્રયત્ન (કર્તવ્યને પાલન કરવાથી, તથા તપસ્યા કરવાને કારણે સુકાઇ ગયો. યાવત એના શરીરની નસેનસ દેખાવા લાગી (૭૨). પછી આનંદ શ્રાવકને કોઇ સમયે પૂર્વરાત્રિના ઉત્તરાર્ધ ભાગમાં યાવત ધર્મજાગરણ કરતાં આ આધ્યાત્મિક આદિ (વિચાર) ઉત્પન્ન થયાઃ– "હું આ કર્તવ્યથી હાડકાનું પાંજરૂં માત્ર રહ્યો છું, તોપણ અત્યારે મારામાં ઉત્થાન (શરીરની ચેષ્ટા કરવી) કર્મ (ગમનાદિ ક્રિયા), બળ (શારીરિક શકિત), વીર્ય (આત્મતેજ), પુરૂષકાર (ઉત્સાહ), પરાક્રમ (ઇચ્છિત કાર્ય કરવાની શકિત), શ્રદ્ધા (ચિત્તનો શુભ પરિણામ), ધૃતિ (ધૈર્ય) અને સંવેગ

(વિષયોની ઉદાસિનતા) છે, એટલે જ્યાંસુધી એ ઉત્થાન આદિ મારામાં છે અને જ્યાંસુધી મારા ધર્માચાર્ય ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર જિન સુહસ્તી ધરાવે છે, ત્યાંસુધી (ઉત્થાન આદિની તથા ભગવાનની ઉપસ્થિતિમાં જ) કાલ સૂર્યોદય થતાં અપશ્ચિમ મારણાંતિક સંલેખના જોષણા (સેવના)થી જોષિત (યુકત) થઇને ભકતપાનનું પ્રત્યાખ્યાન કરીને મૃત્યુની આકાંક્ષા ન કરતાં વિચરવું (રહેવું) એજ મારે માટે શ્રેયસ્કર છે. (૭૩).

## આનન્દ શ્રાવક કી અવધિજ્ઞાન કા વર્ણન

**टीकार्थ–'तए णं तस्स'** પછી આનંદ શ્રાવકને કોઇ સમયે શુભ અધ્યવસાય (પહેલાંનો માનસિક વિચાર)થી. શુભ પરિણામ (પછીનો માનસિક વિચાર)થી અને વિશુદ્ધ થતી લેશ્યાઓ (અંતિમ મનોભાવો)થી, અવધિજ્ઞાનને આવરણ કરનાર (ઢાંકનાર) કર્મોનો ક્ષયોપશમ થવાથી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. (તેથી તે–આનંદ) પૂર્વ દિશામાં લવણસમુદ્રની અંદર પાંચસો યોજન ક્ષેત્ર જાણવા અને જોવ લાગ્યો; એજ પ્રમાણે દક્ષિણ પશ્ચિમમાં પણ જોવા લાગ્યો ઉત્તર દિશામાં ક્ષુલ્લ હિમવંત વર્ષધર પર્વતને જાણવા અને જોવા લાગ્યો. ઊર્ધ્વ દિશામાં સૌધર્મકલ્પ સુધી જાણવા અને જોવા લાગ્યો. અધોદિશામાં ચોરાસી હજાર સ્થિતિવાળા લોલુપાચ્યુત નરક સુધી જાણવા અને જોવા લાગ્યો. (૭૪).

## ઔર આનન્દ ગૌતમ કા પ્રશ્નોત્તર

**टीकार्थ– 'तेणं कालेणं'** ઇત્યાદિ એ કાળે અને એ સમયે શ્રમણ ભગવાન મહાવીર સમોસર્યા. પરિષદ્ નીકળી યાવત્ પછી ચાલી ગઇ(૭૫). એ કાળે એ સમયે શ્રમણ ભગવાન મહાવીરના ગૌતમ–ગોત્રીય જ્યેષ્ઠ શિષ્ય ઇંદ્રભૂતિ સાત હાથની અવગાહના વાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, વજ્રર્ષભનારાચસંઘયણવાળા, સુવર્ણ, પુલક, નિકષ અને પદ્મની સમાન ગોરા, ઉગ્ર તપસ્વી, દીપ્ત તપવાળા, ઘોર તપવાળા, મહા તપસ્વી, ઘોર બ્રહ્મચારી, ઉત્સૃષ્ટ શરીરવાળા અર્થાત્ શરીરસંસ્કાર ન કરનારા, સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યાધારી, છઠ–છઠ ભકત (બેલું) આદિના નિરંતર તપકર્મથી, સંયમથી અને અનશનાદિ બાર પ્રકારની તપસ્યાથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા (૭૬). ત્યારે ભગવાન ગૌતમે છઠ્ઠ ખમણના પારણાને દિને પહેલી પોરસીમાં સ્વાધ્યાય કર્યો, બીજી પોરસીમાં ધ્યાન કર્યું અને ત્રીજી પોરસીમાં ધીરે ધીરે; ચપળતા ન કરતાં અસંભ્રાન્ત થઇને (એકાગ્રતાથી) મુખવસ્ત્રિકાની પડિલેહણા કરી, પાત્રો અને વસ્ત્રોની પડિલેહણા કરી, વસ્ત્ર પાત્રોની પ્રમાર્જના કરી, પાત્રોની પ્રમાર્જના કરી, પાત્રોને ગ્રહણ કર્યાં, અને જે સ્થળે શ્રમણ ભગવાન મહાવીર હતા તે સ્થળે પહોંચ્યા. પછી શ્રમણ ભગવાન મહાવીરને વંદના–નમસ્કાર કર્યા, અને આ પ્રમાણે કહેવા

લાગ્યાઃ "ભગવન! આપની આજ્ઞા મળે તો છઠ ખમણના પારણાને માટે વાણિજગ્રામ નગરમાં ધનવાન, ગરીબ અને સાધારણ બધાં ઘરોમાં સમુદાની (ક્રમે આવતાં કોઇ ઘરને ન છોડતાં કરવામાં આવતી) ભિક્ષાચર્યાને માટે જવા ઇચ્છું છું" ભગવાને કહ્યુંઃ "જેમ સુખ થાય તેમ કરો." (૭૭). એટલે ભગવાન ગૌતમ શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા લઇને શ્રમણ ભગવાન મહાવીરની સમીપેથી દુતિપલાશ ચૈત્યમાંથી બહાર નીકળ્યા અને ધીરે ધીરે ચપળતા ન કરતાં સાવધાનીથી ધૂસરા પ્રમાણ પૃથ્વીને જોતા જોતા, સામે ઇર્યા શોધતા શોધતા જ્યાં વાણિજગ્રામ નગર હતું ત્યાં ગયા, જઇને વાણિજગ્રામ નગરમાં પ્રતિષ્ઠિત, અપ્રતિષ્ઠિત અને મધ્યમ કુળોમાં યથાક્રમ ભિક્ષાચર્યાને માટે ભ્રમણ કરવા લાગ્યા (૭૮). ભગવાન ગૌતમે વાણિજગ્રામ નગરમાં કલ્પને અનુસરીને ભિક્ષાચર્યાને માટે ભ્રમણ કરતાં જેટલું પર્યાપ્ત થાય તેટલું ભકત-પાન ગ્રહણ કર્યું. પછી વાણિજગ્રામ નગરમાંથી નીકળીને કોલ્લાક સન્નિવેશની સમીપે જ્યારે તે જઈ રહ્યા હતા, ત્યારે ઘણા માણસોનો શબ્દ તેમણે સાંભળ્યો. ઘણા માણસો માંહોમાંહે એક બીજાને કહી રહ્યા હતા કે- "દેવાનુપ્રિયો! શ્રમણ ભગવાન મહાવીરના શિષ્ય આનંદ શ્રાવક પોષશાળામાં અપશ્ચિમ યાવત મૃત્યુની આકાંક્ષા ન કરતાં વિચરે છે (૭૯) ઘણા માણસોનું એવું બોલવું સાંભળીને અને મનમાં વિચારીને ગૌતમને આ પ્રકારનો આધ્યાત્મિક આદિ (વિચાર) ઉત્પન્ન થયોઃ "જઉં અને આનંદ શ્રાવકને જોઈ આવું." એમ વિચારીને કોલ્લાક સંનિવેશ, આનંદ શ્રાવક અને પોષધશાળા જે બાજુએ હતાં એ બાજુએ તે પહોંચ્યા (૮૦). આનંદ શ્રાવકે ભગવાન ગૌતમને આવતા જોઇ (જાવ) હૃષ્ટ-તુષ્ટ હૃદય થઇને ભગવાન ગૌતમને વંદના કરી, નમસ્કાર કર્યા. અને આ પ્રમાણે કહ્યુંઃ "ભગવન્! હું આ વિશાળ પ્રયત્ને કરીને યાવત્ નસે-નસ રહી ગયો છું, એટલે દેવાનુપ્રિયની સમીપે આવીને ત્રણ વાર મસ્તક નમાવી ચરણોમાં વંદના કરવા અસમર્થ છું. હે ભગવાન! આપજ ઇચ્છાકાર અને અને અનભિયોગે અહીં પધારો, જેથી હું દેવાનુપ્રિયને ત્રણ વાર મસ્તક નમાવી ચરણોમાં વંદના નમસ્કાર કરૂં."૮૧ એટલે ભગવાન ગૌતમ આનંદ શ્રાવકની સમીપે ગયા. (૮૨). આનંદે ભગવાન્ ગૌતમને ત્રણ વાર મસ્તક નમાવી ચરણોમાં વંદન-નમસ્કાર કર્યાં અને કહ્યુંઃ

"ભગવાન્! ઘરમાં રહેતા ગૃહસ્થને શું અવધિજ્ઞાય ઉત્પન્ન થઇ શકે?" ગૌતમે કહ્યુઃ "હા, થઈ શકે." આનંદે કહ્યું: "ભગવન! જો ગૃહસ્થને થઇ શકે તો મને-ઘરમાં રહેનારા ગૃહસ્થને પણ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે; તેથી પૂર્વ દિશાની બાંજુએ લવણસમુદ્રમાં પાંચસો યોજન સુધી યાવત્ લોલુપાચ્યુત નરક સુધી હું જાણું-દેખું છું." (૮૩). એટલે ભગવાન ગૌતમ આનંદ શ્રાવકને કહેવા લાગ્યા: "ગૃહસ્થને ઘરમાં રહેતા અવધિજ્ઞાન થઇ શકે છે, પરંતુ આટલા મોટા ક્ષેત્રમાં નહિ; તેથી હે આનંદ! તમે આ સ્થાનની આલોચના કરો અને યાવત્ તપસ્યા સ્વીકારો." ત્યારે આનંદે ભગવાન ગૌતમને કહ્યું: "ભગવન! શું જિન-પ્રવચનમાં સત્ય, તાત્ત્વિક, તથ્ય અને સદ્ભૂત ભાવોના વિષયમાં પણ આલોચના કરવામાં આવે છે યાવત તપકર્મ સ્વીકારમાં આવે છે?" ગૌતમે કહ્યુઃ "ના, એમ નથી." આનંદે કહ્યુઃ- "ભગવન! જો જિન વચનમાં સત્ય યાવત્ ભાવોના વિષયમાં આલોચના નથી કરવામાં આવતી અને યાવત્ તપકર્મ નથી સ્વીકારવામાં આવતું, તો હે ભગવન! આપ જ આ સ્થાનની આલોચના કરો યાવત તપઃકર્મનો સ્વીકાર કરો."૮૫ પછી ભગવાન ગૌતમ, આનંદ શ્રાવકના આટલા કથનથી શંકા, કાંક્ષા, અને વિચિકિત્સાને પ્રાપ્ત થઇ આનંદની પાસેથી નીકળ્યા, અને જે બાજુએ દ્રુતિપલાશ ચૈત્ય તથા શ્રમણ ભગવાન મહાવીર હતા તે બાજુએ ગયા. પછી ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરની સમીપે બેસીને ગમનાગમનનું પ્રતિક્રમણ કર્યું, અને એષણીય તથા અનએષણીયની આલોચના કરી. આલોચના કરીને ભકતપાન બતાવ્યાં અને શ્રમણ ભગવાન મહાવીરને વંદના-નમસ્કાર કરી કહેવા લાગ્યાઃ "ભગવન! હું આપની આજ્ઞા લઇને (ઇત્યાદિ ગૌતમે બધો વૃત્તાન્ત કહ્યો-શંકિત, કાંક્ષિત અને વિચિકિત્સાયુકત થવા સુધીનો) હું આનંદ શ્રાવકની પાસેથી નીકળીને શીઘ્ર અહીં આવ્યો છું. ભગવન! એ સ્થાનની આલોચના આનંદે કરવી જોઇએ કે મારે?" "ગૌતમ" એવા આમંત્રણે કરીને શ્રમણ ભગવાન્ મહાવીરે ગૌતમને કહ્યુંઃ "હે ગૌતમ! તમે એ સ્થાનની આલોચના કરો યાવત તપકર્મ સ્વીકારો, અને તેને માટે આનંદ શ્રાવકને ખમાવો." (૮૬). ગૌતમે "તહત્તિ" કહીને શ્રમણ ભગવાન મહાવીરનું કથન વિનયપૂર્વક સ્વીકાર્યું અને એ સ્થાનની આલોચના કરી યાવત તપકર્મ સ્વીકાર્યું અને એ વાતને માટે આનંદ શ્રાવકને ખમાવ્યો. (૮૭).

ત્યારબાદ શ્રમણ ભગવાન મહાવીર કોઇ બીજે સમયે દેશોદેશ વિચરી રહ્યા હતા. (૮૮). તે વખતે આનંદ શ્રાવક શીલવ્રત આદિથી આત્માને ભાવિત (સંસ્કારયુકત) કરીને, વીસ વર્ષ સુધી શ્રાવકપણું પાળીને, શ્રાવકની અગીઆર પડિમાઓને સારી રીતે કાયાથી પાળીને, એક માસની સંલેખનાથી આત્માને જૂષિત (સેવિત-યુકત) કરીને, અનશનદ્વારા સાઠ ભકતો (સાઠ દિવસો-બે મહિનાનાં ભોજન) નો ત્યાગ કરીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિને પ્રાપ્ત થઈ કાળમાસમાં કાળ કરી સૌધર્મ-કલ્પમાં સૌધર્માવતંસક મહાવિમાનના ઇશાનકોણમાં સ્થિત અરૂણ વિમાનમાં દેવપર્યાયે ઉત્પન્ન થયો. ત્યાં કોઇ-કોઇ દેવની ચાર-ચાર પલ્યોપમની સ્થિતિ કહેવામાં આવી છે, એટલે ત્યાં આનંદદેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. (૮૯). ગૌતમે કહ્યું: "ભગવન! આનંદદેવ એ દેવલોકથી, આયુ, ભવ અનેસ્થિતિનો ક્ષય થાય પછી ચ્યવીને કયાં જશે? કયાં ઉત્પન્ન થશે?" ભગવાને કહ્યુંઃ "ગૌતમ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે."

નિક્ષેપ—"સુધર્મા સ્વામી બોલ્યાઃ હે જંબૂ! શ્રમણ ભગવાન્ મહાવીરે યાવત ઉપાસકદશાંગના પ્રથમ અધ્યયનનો એજ અર્થ કહ્યો છે, અને તેવો જ તને કહું છું." (૯૦).

**ઇતિ શ્રી ઉપાસકદશાંગ સૂત્રના પ્રથમ અધ્યયનની અગારસંજીવની નામક વ્યાખ્યાનો ગુજરાતી અનુવાદ સમાપ્ત. (૧)**

❀

## કામદેવ શ્રાવક કી ઋદ્ધિ કા વર્ણન

હવે બીજા કામદેવ અધ્યયનનો પ્રારંભ કરવામાં આવે છે;

**ટીકાર્થ—'एवं खलु'** ઇત્યાદિ (જંબુ સ્વામીએ પૂછયું:–) ભગવન! જો શ્રમણ ભગવાન મહાવીર યાવત્ મુકિતને પામેલાએ સાતમા અંગ ઉપાસક દશાના પહેલા અધ્યનમાં એ અર્થ પ્રરૂપિત કર્યો છે, તો ભગવન! બીજા અધ્યયનમાં શો અર્થ બતાવ્યો છે. (૯૧).

(સુધર્મા સ્વામીએ ઉત્તર આપ્યો:–) હે જંબૂ! એ કાળે એ સમયે ચંપા નામની નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો. કામદેવ ગાથાપતિ હતો. ભદ્રા નામની તેમની સ્ત્રી હતી. છ કરોડ સોનૈયા એના ખજાનામાં હતા, છ કરોડ વેપારમાં રોકયા હતા, છ કરોડ પ્રવિસ્તર (લેણ–દેણ)માં ગુંથાયા હતા, અને દસ હજાર ગાયોના એક વ્રજને હિસાબે છ વ્રજ હતાં, અર્થાત્ સાઠ હજાર ગોવર્ગનાં પશુઓ તેની પાસે હતાં. તે આનંદની પેઠે નીકળ્યો. શ્રમણ ભગવાન મહાવીરની સમીપે આવ્યો. એજ પ્રકારે તેણે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. અહીં બધો વૃત્તાંત પૂર્વોક્ત પ્રકારનો જ સમજી લેવો કે– કામદેવ યાવત્ વડા પુત્રને, મિત્રોને અને જ્ઞાતિને પૂછીને જ્યાં પોષધશાળા હતા ત્યાં ગયો. ત્યાં જઇને આનંદની પેઠે શ્રમણ ભગવાન્ મહાવીરની સમીપની ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચરવા લાગ્યો (૯૨) ત્યારબાદ એ કામદેવ શ્રાવકની પાસે પૂર્વ રાત્રિને બીજે સમયે (મધરાત્રે) એક કપટી મિથ્યાદષ્ટિ દેવ આવ્યો (૯૩).

**ટીકાર્થ—'तए णं से देवे'** ઇત્યાદિ એ દેવે એક મહાન પિશાચના રૂપની વિક્રિયા કરી. એ પિશાચનું આવું સ્વરૂપ હતું: "ગાય આદિ પશુઓ સહેલાઇથી ઘાસ ખાઇ શકે તે માટે જે ગોકર્લિંજ નામનો એક વાંસનો ટોપલો બનાવવામાં આવે છે, તેના જેવડું તેનું મસ્તક હતું. શાલિભસેલ્લ એટલે ચોખા આદિની મંજરીના શૂકના જેવા સૂકા અને મોટા ભૂરા રંગની કાન્તિથી દેદીપ્યમાન તેના કેશ હતા. મોટા માટીના માટલાના કપાળ જેવું લાંબુ—પહોળું તેનું લલાટ હતું. તેની ભમ્મરો નોળીયાની પૂછડીની પેઠે વીખરાયલા વાળથી વિકૃત અને ભયાનક જોવામાં આવતી હતી. તેની આંખો શીર્ષઘટી—મસ્તકરૂપ ગોળ મટોળ ઘડી (નાનો ઘડો)માંથી બહાર નીકળેલી (ઉંચી ઉઠી આવેલી) હોવાથી વિકૃત અને અત્યંત ખરાબ દેખાતી હતી. તેના કાન તૂટેલા સુપડાના જેવા અત્યંત વિચિત્ર અને જોવામાં ભયંકર લાગતા હતા. તેનું નાક ઘેટાના નાક જેવું હતું. તેમાં ખાડા જેવા છેદ હતા. નાકના બેઉ છેદ એવા હતા કે જાણે એક બીજાથી જોડાયેલા બે ચૂલા હોય. તેની મૂછો ઘોડાના પૂંછ જેવી અને અત્યંત ભૂરી હોવાથી વિકૃત દુર્દર્શનીય હતી. બેઉ હોઠ ઊંટના હોઠના જેવા લાંબા હતા હળના લોઢાના ફળા (જે વડે જમીન ખોદાય છે હળની અંદર ખોસેલી લોઢાની કોશ) જેવા તેના અણીદાર દાંત હતા. જીભ સૂપડાના ટુકડા જેવી વિકૃત અને જોવામાં ભયાનક હતી તેની હડપચી હળના અગ્રભાગની પેઠે બહાર નીકળેલી હતી, તેના ગાલ કડિલ્લ (ઉંડું વાસણ) જેવા ઉંડા અને ફાટેલા દેખાતા હતા અને ભૂરા રંગના અત્યંત કઠોર હતા. તેની ખાંધો મૃદંગો જેવી હતી. કોઈ મોટા નગરના દરવાજા જેવી પહોળી તેની છાતી હતી. તેની બેઉ ભુજાઓ કોઠી (હવા રોકવા માટે ધમણના મ્હોંની સામે બનાવવામાં આવતી માટીની કોઠી)ના જેવી હતી. તેની હથેળીઓ ઘંટીના પત્થર જેમ જાડી હતી. તેના બેઉ હાથની આંગળીઓ શિલાપુત્રક (દાળ વાટવાના લાંબા પત્થર) જેવી હતી. તેના નખ સીપના સંપુટ જેવા હતાં. તેના બેઉ સ્તન છાતી પર ખૂબ લાંબા લટકી રહ્યા હતા, જાણે હજામના હથીયારો રાખવાની કોથળીંઓ હોય. તેનું પેટ લોઢાના કોઠ જેવું ગોળ હતું. નાભિ એવી ઉંડી હતી કે જાણે વણકરોનો કપડાંને લગાવવાની ખેળ—કાંજીનો—કુંડ હોય નેત્રો સીંકાં જેવાં હતાં. બેઉ અંડકોષ ભરેલા અને પાસે પાસે પડેલા બે થેલા (બોરીઓ) જેવા લાંબા—પહોળા હતા. તેની જાંઘો સમાન આકારવાળી બે કોઠીઓના જેવી હતી. બેઉ ઘુંટણો અર્જુન વૃક્ષના ગુચ્છા જેવા તદ્દન વાંકા, વિકૃત અને બીભત્સ દર્શનવાળા હતા. પીંડીઓ કઠોર અને વાળથી ભરેલી હતી. બેઉ પગ દાળ વાટવાના પત્થર ( ઓરસીયા ) જેવા હતા. પગની આંગળીઓ દાળ વાટવાની સિલા ઉપરના લાંબા પત્થરની આકૃતિવાળી હતી, પગના નખ પણ સીપના સંપુટ જેવા હતા (૯૪).

**ટીકાર્થ—'लड्हमडहे'**—ત્યાદિ તેના જાનુઓ (ઘુંટણો) લાંબા હતા અને કંપી રહ્યા હતા ખંડિત વાંકી ભ્રમરો વિકૃત થઇ ગઇ હતી. તેણે મ્હોં ફાડી રાખ્યું હતું અને જીંહ્વાનો આગલો ભાગ બહાર કાઢી રાખ્યો હતો. તેણે સરડા (કાચીંડા)ની માળા મસ્તક આદિ પર પહેરી હતી, ઉંદરોની માળાઓ ધારણ કરી હતી. કાનનાં ઘરેણાંની જગ્યાએ તેણે નોળીયા પહેર્યા હતા. સાપોથી તેણે પોતાના વક્ષસ્થળને શણગાર્યું હતુ તે પિશાચે ભુજાઓ પર હાથ લગાવી લગાવીને ઘોર ભયંકર ગર્જના કરતા અટ્ટહાસ્ય કર્યું (ખડખડાટ હસ્યો). એક હોવા છતાં અનેકરૂપ પાંચ વર્ણવાળા રોમોથી યુકત, બહુજ ભારે, નીલકમલ, ભેંશનાં શીંગડાં, નીલ અને અળસીનાં ફૂલના જેવી શ્યામ રંગની તીખી તલવાર લઇને, જ્યાં પોષધશાળા હતી અને જ્યાં કામદેવ શ્રાવક હતો ત્યાં તે આવ્યો. આવીને લાલ-પીળો થઇ, કુપિત અને ભયંકર ક્રોધાવિષ્ટ થઇ; દાંત કચકચાવતો, તાત્પર્ય એ કે છેલ્લી હદ સુધી ક્રોધાંધ થઇને તે કામદેવ શ્રાવકને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ "અરે કામદેવ શ્રાવક ! તું મોતની ઇચ્છા કરી રહ્યો છે. છેવટનું ભુંડુ થવાનાં તારા લક્ષણ છે. તું અભાગી ચૌદશે પેદા થયો છે. શ્રી (કાન્તિ); હ્રી (લજ્જા), ધૃતિ (ધીરજ) અને કીર્તિથી હીન છે. આહાહાહા ! ! ! તુ ધર્મની કામના કરે છે ? પુણ્યની કામના કરે છે ? સ્વર્ગની કામના કરે છે ? ધર્મ પુણ્ય સ્વર્ગ અને મોક્ષની કાંક્ષા કરે છે ? તું ધર્મ પુણ્ય સ્વર્ગ અને મોક્ષનો પિપાસુ છે ? દેવોના પ્રિય ! પોતાનાં શીલ, વ્રત. વિરમણ, પ્રત્યાખ્યાન. અને પોષધવાસથી ડગવું, ક્ષુબ્ધ થવું, તેને ખંડિત કરવાં ભગ્ન કરવાં, ત્યાગ યા પરિત્યાગ કરવાં, એ કંઇ તને નથી કલ્પતું ? પણ તું આજે શીલ આદિ યાવત્ પૌષધોપવાસને નહિં છોડે, નહિં ભાંગે, તો જો, આ નીલ કમળ આદિના જેવી શ્યામ રંગની તીખી તલવારથી આ પ્રમાણે તારા ટુકડે ટુકડા કરી નાંખીશ, તેથી તું હે ભલા માણુસ ! અતિ વિકટ દુઃખ ભોગવતો અકાળે (અસમયે) જ આ જીંદગીથી હાથ ધોઇ બેસીશ." (૯૫).

## હસ્તિરૂપ દેવ કા વર્ણન

**टीकार्थ–'तए णं से'**–ઇત્યાદિ પિશાચરૂપધારી દેવતાના એવા કથનથી પણ શ્રાવક કામદેવને ન ભય લાગ્યો, ન ત્રાસ થયો, ન ઉદ્વેગ થયો, ન ક્ષોભ થયો, ન ચંચળતા થઇ, અને ન સંભ્રમ થયો. તે ચૂપચાપ ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો. (૯૬). પિશાચરૂપધારી દેવે શ્રાવક કામદેવને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિત જોયો, એટલે બીજીવાર અને ત્રીજીવાર પણ તે બોલ્યો: "અરે મૃત્યુકામી શ્રાવક કામદેવ! જો તું આજ શીલ આદિનો પરિત્યાગ નહિ કરે, તો યાવત્ તું માર્યો જશે" (૯૭). બીજી અને ત્રીજી વાર કહ્યા છતાં શ્રાવક કામદેવ યાવત્ ધર્મધ્યાનમાં સ્થિત જ રહે છે. (૯૮)

## હસ્તિરૂપ દેવ કે ઉપસર્ગ કા વર્ણન

**टीकार्थ–'तए णं से'** ઇત્યાદિ પિશાચરૂપધારી દેવે શ્રાવક કામદેવને નિર્ભય યાવત્ ધર્મધ્યાનનિષ્ઠ વિચરતો જોયો, તેથી ક્રુદ્ધ થઇને લલાટ પર ત્રણ વાંકી ભ્રુકુટિ ચડાવીને તે નીલ કમળના જેવી યાવત્ તલવારથી કામદેવ શ્રાવકના ટુકડે ટુકડા કરવા લાગ્યો. (૯૯) કામદેવ શ્રાવક એ તીવ્ર અને અસહ્ય વેદનાને સમ્યક્ પ્રકારે સહન કરવા લાગ્યો અને ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો. (૧૦૦) પિશાચરૂપી દેવે ત્યારે પણ શ્રાવક કામદેવને નિડર અને ધ્યાનનિષ્ઠ જોયો, અને જ્યારે શ્રાવક કામદેવને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન, વિક્ષિપ્ત ચિત્તવાળો કરવામાં તથા તેના મનોભાવોને પલટાવવામાં સમર્થ ન થયો, ત્યારે શાન્ત (ઠંડો) થઇ ગયો, એટલુંજ નહિ પણ ગ્લાનિ અને અત્યંત ગ્લાનિને પ્રાપ્ત થયો કે–જુઓ, હું કેવો ઘમંડ કરીને આવ્યો હતો, પણ અહીં મારા ઘમંડના ચૂરા થઇ ગયા. તે ધીરે ધીરે પાછે પગે પાછો ફર્યો, પોષધશાળામાંથી બહાર નીકળ્યો અને દિવ્ય પિશાચના રૂપનો તેણે ત્યાગ કર્યો. એ રૂપ ત્યજીને તેણે દિવ્ય હાથીના રૂપની વિક્રિયા કરી (૧૦૧). ચાર પગ, સૂંઢ, લિંગ અને પૂંછડું, એ સાતે અત્યંત સ્થૂલ અંગોથી યુક્ત, સમ્યક્ પ્રકારે સંસ્થિત, સુજાત, આગળથી ઉંચુ અને પાછળથી સુઅરના આકારનું રૂપ બનાવ્યું. એનું પેટ બકરીના પેટની પેઠે લાંબું અને નીચે લટકતું હતું. તેની સૂંઢ અને હોઠ ખૂબ મોટાં અને ગણેશની સૂંઢ તથ, હોઠનાં જેવાં હતાં; તેના દાંત મ્હોંની બહાર નીકળેલા અને ખીલેલા મલ્લિકાપુષ્પના જેવા નિર્મળ તથા સફેદ હતા, અને જાણે સોનાના મ્યાનમાં રાખેલા હોય એ પ્રમાણે દાંત સારી રીતે સોનાના વેષ્ટનથી યુક્ત હતા. તેની સૂંઢનો અગ્રભાગ જરા–તરા મરડાએલા ધનુષ્યની પેઠે મરડાયલો હતો.

તેને વીસ નખ હતા. તેનુ પૂંછડું જરા ચોંટી ગએલું અને પ્રમાણોપેત જેટલું લાંબું હોવું જોઈએ તેટલું લાંબું હતું. તે મદોન્મત્ત હતો. મેઘની પેઠે 'ગુડ ગુડ' ધ્વનિ કરી રહ્યો હતો. તેનો વેગ મન અને પવન કરતાં પણ તીવ્ર હતો. દેવતાએ એવા દિવ્ય હાથીના રૂપની વિક્રિયા કરી. પછી જ્યાં પોષધશાળા અને કામદેવ શ્રાવક હતો, ત્યાં તે પહોંચ્યો. પહોંચીને કામદેવ શ્રાવકને આ પ્રમાણે કહેવા લાગ્યો: ''અરે ઓ કામદેવ શ્રાવક! હું જેમ કહું છું તેમ તું નહિ કરે, તો હું તને મારી સૂંઢમાં પકડીશ, અને પકડીને પોષધશાળામાંથી લઈ જઇશ, ઉછાળીને મારા તીખા દાંતરૂપી મૂશળો પર ઝીલી લઈશ, ઝીલીને ત્રણવાર નીચે-પૃથ્વી પર મૂકી પગથી કચડી નાંખીશ; એથી તું અત્યંત દુ:ખથી આર્ત્ત થઇને અસમયેજ જીવનથી હાથ ધોઇ બેસીશ.' (૧૦૨).

## સર્પરૂપધારી દેવ ઔર ઉનકે ઉપસર્ગ કા વર્ણન

**ટીકાર્થ–'तए णं से'** ઈત્યાદિ હાથીરૂપધારી દેવતાના એવા કથનથી પણ શ્રાવક કામદેવ ભયભીત ન થયો, યાવત્ ધ્યાનનિષ્ઠ વિચરી રહ્યો.(૧૦૩)હાથીરૂપધારી દેવતાએ કામદેવ શ્રાવકને નિર્ભય યાવત્ વિચરતો જોઇને બીજી વાર અને ત્રીજી વાર તેણે કામદેવ શ્રાવકને એજ પ્રમાણે કહ્યું, પરન્તુ તે તો જેમનો તેમજ વિચરી રહ્યો. (૧૦૪). ફરીથી પણ હાથીરૂપધારી દેવતાએ કામદેવ શ્રાવકને નિર્ભય યાવત્ વિચરતો જોયો, એટલે તેણે લાલ પીળો વગેરે થઇને કામદેવ શ્રાવકને સૂંઢથી પકડયો, ઉપર આકાશમાં ઉછાળ્યો, ઉછાળીને તીખા દાંતો પર ઝીલી લીધો, પછી નીચે જમીન પર મૂકીને ત્રણ વાર પગથી કચડયો (૧૦૫). ત્યારે પણ કામદેવ શ્રાવકે એ અસહ્ય વેદનાને સહન કરી. (૧૦૬) જ્યારે હાથીરૂપધારી દેવતા કામદેવ શ્રાવકને ડગાવી ન શકયો ત્યારે યાવત્ ધીરે ધીરે તે પાછો ફર્યો. પાછો ફરીને પોષધશાળા-માંથી નીકળ્યો અને દિવ્ય હાથીના રૂપનો તેણે ત્યાગ કર્યો. પછી તેણે એક દિવ્ય મહાન્ સર્પનું રૂપ ધારણ કર્યું. એ સર્પ ઉગ્ર વિષવાળો, ચંડવિષવાળો, ઘોર વિષ-વાળો, મહાકાય (ખૂબ લાંબો પહોળો) હતો. શાહી અને કાળી ઉંદરડી જેવો તે કાળો હતો તેનાં નેત્રો વિષ અને રોષથી પરિપૂર્ણ હતાં. કાજળના ઢગલા જેવો તેનો હતો ત્યાં તે પહોંચ્યો. પછી કામદેવ શ્રાવકને આ પ્રમાણે કહેવા લાગ્યા: "અરે કામદેવ શ્રાવક! તું શીલ આદિનો ભંગ નહીં કરે તો હું શીઘ્ર તારા શરીર પર સડસડાટ કરતો ચઢીશ, પછી ત્રણવાર ગળાને લપેટા લઇશ, અને તીવ્ર ઝેરીલી દાઢોથી તારી છાતીમાં ડંખ દઇશ, જેથી તું અત્યંત દુ:ખથી બેહોશ થઇને અસમયેજ જીવન ગુમાવી બેસીશ."

અહીં 'ઉગ્રવિષ' 'ચંડવિષ' આદિ પદોનો પ્રાય: એકસરખો અર્થ છે, પરંતુ અત્યંત ઝેરીલો બતાવવાને માટે અનેક પદોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ૧૦૭

**ટીકાર્થ–'तए णं से'** ઇત્યાદિ સર્પરૂપધારી દેવતાએ એમ કહ્યા છતાં કામદેવ શ્રાવક નિર્ભય યાવત્ વિચરી રહ્યો. તેણે બીજી વાર કહ્યું, ત્રીજી વાર કહ્યું, પરંતુ કામદેવ જેમનો તેમ વિચરી રહ્યો. (૧૦૮). ત્યારે સર્પરૂપ દેવતાએ કામદેવ શ્રાવકને

નિર્ભય યાવત્ જોયો, અને જોઇને યાવત લાલ-પીળો આદિ થઇને સડસડાટ કરતો શરીર પર સવાર થઇ ગયો, પાછળની બાજુએથી ત્રણ વાર ગર્દનને લપેટા લીધા અને ઝેરીલી તીક્ષ્ણ દાઢોથી તેની છાતીમાં ડંખ માર્યા. (૧૦૯). તો પણ કામદેવ શ્રાવકે એ અસહ્ય વેદનાને સહન કરી. (૧૧૦) સર્પરૂપ દેવતાએ કામદેવ શ્રાવકને નિર્ભય (યાવત્) જોયો અને જ્યારે કામદેવ શ્રમણોપાસકને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન ન કરી શકયો, તેના ચિત્તને ચંચળ ન કરી શકયો, તેમજ તેના પરિણામોને ન બદલાવી શકયો, ત્યારે તે શાન્ત, ગ્લાનિયુકત અને અત્યંત ગ્લાનિયુકત-લજ્જિત થઇને ધીરે-ધીરે પાછો ચાલ્યો ગયો. પાછો ફરીને તે પોષધશાળામાંથી બહાર નીકળ્યો, દિવ્ય સર્પરૂપનો તેણે ત્યાગ કર્યો અને દેવતાના દિવ્ય રૂપને ધારણ કર્યું. (૧૧૧).

## દિવ્યરૂપધારી દેવ કા વર્ણન

**टीकार्थ**–'**हारविराइये**'–ત્યાદિ તેનું વક્ષઃસ્થલ હારથી વિભૂષિત હતું. તે યાવત્ પોતાની કાન્તિથી દશે દિશાઓને પ્રકાશમય કરતો હતો. તેને પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ દિવ્ય દેવરૂપની વિક્રિયા કરી. પછી તેણે કામદેવ શ્રમણોપાસકની પોષધશાળામાં પ્રવેશ કર્યો. આકાશમાં રહીને અને નાની નાની ઘંટડીઓવાળાં ઉત્તમ પાંચ વર્ણનાં વસ્ત્રોને ધારણ કરીને તે કામદેવ શ્રાવકને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ "હે કામદેવ શ્રમણોપાસક! તું ધન્ય છે, દેવાનુપ્રિય! તું કૃતાર્થ છે, કૃતલક્ષણ છે, દેવાનુપ્રિય! મનુષ્યજન્મનું ફળ તારે માટે સુલભ છે, કારણકે તને નિર્ગ્રન્થ પ્રવચનમાં આ પ્રકારની પ્રતિપત્તિ (જાણવાપણું) લબ્ધ થઇ છે, પ્રાપ્ત થઇ તે અને સામે આવી છે. દેવાનુપ્રિય! દેવેન્દ્ર દેવરાજ શક્રમહારાજે પોતાના શક્ર સિંહાસન પરથી ચોરાશી હજાર સામાનિક તથા બીજા ઘણા દેવો તથા દેવીઓની વચ્ચે એવું કહ્યું: "દેવાનુપ્રિયો! જંબૂદ્વીપના

## દેવકૃત કામદેવ શ્રાવક કી પ્રસંસા કા વર્ણન

ભરતક્ષેત્રની ચંપાનગરીમાં કામદેવ શ્રાવક પોષધશાળામાં પોષધ લઇને ડાભડાના સંથારા પર બેસી શ્રમણ ભગવાન્ મહાવીરની સમીપની ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચરે છે. કોઇ દેવ અથવા યાવત્ ગંધર્વમાં એવું સામર્થ્ય નથી કે જે એ કામદેવ શ્રાવકને નિર્ગ્રંથ પ્રવચનથી ડગાવી શકે, એનુ ચિત્ત ચંચળ કરી શકે, યા પરિણામ પલટાવી શકે." દેવેંદ્ર દેવરાજ શક્રની આ વાત પર મને વિશ્વાસ ન આવ્યો. હું તુરતજ અહીં આવ્યો. અહો દેવાનુપ્રિય! આવી ઋદ્ધિ તમે પ્રાપ્ત કરી, એ ઋદ્ધિ, હે દેવાનુપ્રિય! મેં જોઇ યાવત્ સામે આવી. તેથી દેવાનુપ્રિય! હું ક્ષમાની પ્રાર્થના કરૂં છું, મને ક્ષમા કરો, દેવાનુપ્રિય! તમે ક્ષમા કરવા યોગ્ય છો. હવે ફરીથી હું કદી આવું કામ નહિ કરૂં" આટલું કહીને બેઉ હાથ જોડી તે પગે પડયો અને વારંવાર એ માટે ખમાવવા લાગ્યો. ખમાવીને-ક્ષમા કરાવીને, જે દિશામાંથી તે આવ્યો હતો તે દિશામાં ચાલ્યો ગયો. (૧૧૨).

## ભગવાન કો વંદના કે લિયે કામદેવ કા વર્ણન

**ટીકાર્થ–'तए णं से'**–ઇત્યાદિ પછી તે કામદેવ શ્રાવકે ઉપસર્ગરહિત થઇને પડિમા પારી. (૧૧૩).
એ કાળે એ સમયે શ્રમણ ભગવાન્ મહાવીર (યાવત) વિચરી રહ્યા છે. (૧૧૪). કામદેવ શ્રાવકે એ વાત સાંભળીને વિચાર્યું "શ્રમણ ભગવાન્ મહાવીર જયારે વિચરી રહ્યા છે, તો શ્રમણ–ભગવાન્ મહાવીરને વંદના–નમસ્કાર કરીને ત્યાંથી પાછો ફરી આહારપોષધને પારૂં તો બહુ સારૂં." એમ વિચારીને તે પોષધશાળાથી નીકળ્યો અને ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઇને પૂર્ણભદ્ર ચૈત્યમાં જઇ શંખ શ્રાવકની પેઠે તેણે યાવત પર્યુપાસના કરી. (૧૧૫)

## ભગવાન કે દ્વારા કામદેવ કી પ્રસંસા કા વર્ણન

**ટીકાર્થ–'तए णं समणे'** ઇત્યાદિ શ્રમણ ભગવાનૂ મહાવીરે કામદેવને એ મોટી પરિષદમાં યાવત્ ધર્મકથા સંપૂર્ણ કહી. (૧૧૬). 'હે કામદેવ" એ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીર કામદેવ શ્રાવકને કહેવા લાગ્યાઃ–"કામદેવ ! પૂર્વરાત્રિના બીજા સમયમાં એક દેવતા તમારી સામે પ્રકટ થયો હતો. એ દેવતાએ એક વિશાળ મહાન દિવ્ય પિશાચના રૂપની વિક્રિયા કરી હતી. વિક્રિયા કરીને ક્રોધિત થતાં એક મોટી નીલ કમળ જેવી શ્યામવર્ણની યાવત્ તલવાર લઇને તમને એમ કહેવા લાગ્યોઃ–"અરે કામદેવ ! યાવત્ જીવનને નષ્ટ કરી નાંખીશ." ત્યારે તમે દેવના એવા કથન છતાં પણ નિડર થઇ યાવત્ વિચરી રહ્યા. એ પ્રમાણે ત્રણે ઉપસર્ગ વર્ણન રહિત સમજી લેવું. પછી દેવ પાછો ચાલ્યો ગયો. કેમ કામદેવ ! એ વાત બરાબર છેને ?" કામદેવે કહ્યું, "હા, ભગવાન ! તે બરાબર છે." (૧૧૭).

"આર્યો !" એ પ્રમાણે ઘણા શ્રમણ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને સંબોધન કરીને ભગવાન મહાવીર કહેવા લાગ્યા; "આર્ય ! ઘરમાં રહેનારા ગૃહસ્થ શ્રાવક દિવ્ય; માનુષ અને તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સમ્યક્ પ્રકારે સહન કરે છે, યાવત્ ધ્યાનનિષ્ઠ વિચરે છે. હે આર્ય ! દ્વાદશાંગ ગણિપિટક બાર અંગરૂપી આચાર્યની પેટી) ના ધારક શ્રમણ નિર્ગ્રંથોએ તો એવા ઉપસર્ગ સહન કરવામાં હંમેશાં સમર્થ (મજબૂત) રહેવું જ જોઇએ." (૧૧૮)

શ્રમણ ભગવાન મહાવીરની એ વાત તેણે વિનયપૂર્વક **'तहत्ति'** (तयेति) કહીને સ્વીકારી. (૧૧૯) પછી કામદેવ શ્રાવકે હર્ષિત થઇને યાવત શ્રમણ ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછયા અને પ્રશ્નો પૂછીને એનો અર્થ ગ્રહણ કર્યો. અર્થ ગ્રહણ કરીને જ્યાંથી આવ્યા હતો ત્યાં ચાલ્યો ગયો. (૧૨૦) પછી કોઇ સમયે શ્રમણ

ભગવાન મહાવીર ચંપાથી બહાર પધાર્યા અને દેશોદેશ વિહાર કરવા લાગ્યા. (૧૨૧) કામદેવ શ્રાવક પહેલી પડિમા અંગીકાર કરીને વિચરવા લાગ્યો. (૧૨૨). પછી કામદેવ શ્રાવક ઘણાં શીલ, વ્રત, આદિથી આત્માને ભાવિત (સંસ્કારયુકત) કરીને વીસ વર્ષ સુધી શ્રાવક પર્યાય પાળી, અગીઆરે પડિમાઓને સારી રીતે કાયાથી સ્પર્શ કરી, માસિકી (એક માસની) સંલેખનાથી આત્માને જૂષિત (સેવિત) કરી, સાઠ ભકત (ભોજન) અનશન દ્વારા ત્યાગ કરી, આલોચના પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત થતો કાળ સમયે કાળ કરી સૌધર્મ કલ્પમાં, સૌધર્માવતંસક મહા વિમાનના ઉત્તર-પૂર્વ ભાગ (ઈશાન કોણ)ના અરૂણાભ નામક વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં કોઇ કોઇ દેવની ચાર પલ્યોપમની સ્થિતિ બતાવી છે. કામદેવ દેવની પણ ત્યાં ચાર પલ્યોપમની સ્થિતિ છે (૧૨૩).

ગૌતમ સ્વામી બોલ્યા: "ભગવન્! કામદેવ દેવતા એ દેવલોકથી આયુ, ભવ અને સ્થિતિનો ક્ષય કરીને પછી દેવ પર્યાય છોડી કયાં જશે? કયાં ઉત્પન્ન થશે?" ભગવાન બોલ્યા: "ગૌતમ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે." (૧૨૪).

**સાતમા ઉપાસકદશાંગસૂત્રના બીજા કામદેવ અધ્યયનનો ગુજરાતી ભાષાનુવાદ સમાપ્ત. (૨)**

## ચુલની પિતા ગાથાપતિ કા વર્ણન

### ત્રીજું અધ્યયન.

હવે ત્રીજું અધ્યયન કહીએ છીએ.—

**टीकार्थ–"उक्खेवो तइयस्स"**–ઇત્યાદિ પ્રથમ–દ્વિતીય અધ્યયનની પેઠે ત્રીજા અધ્યયનનો પણ પ્રારંભ સુધર્માસ્વામી પ્રત્યે જમ્બૂસ્વામીના પ્રશ્નથી થયો છે. હે જંબૂ! એ કાળે, એ સમયે વારાસણી (બનારસ) નગરી, કોષ્ઠક ચૈત્ય અને જિતશત્રૂ રાજા હતો. (૧૨૫) એ બનારસ નગરીમાં ચુલનીપિતા નામક ગાથાપતિ રહેતો હતો. એ સર્વે પ્રકારે સંપન્ન યાવત્ અપરિભૂત (અજેય) હતો. શ્યામા તેની ભાર્યા હતી. આઠ કરોડ સોનૈયા નિધાન (ખજાનામાં) રાખ્યા હતા, આઠ કરોડ વ્યાપારમાં લગાડયા હતા, અને આઠ કરોડ પ્રવિસ્તર (લેણ–દેણ) માં રોકેલા હતા. દસ હજાર ગાયોનું એક ગોકુળના હિસાબે આઠ ગોકુળ હતાં, અર્થાત્ એંશી હજાર ગોવર્ગનાં પશુઓ હતાં. તે આનંદની પેઠે રાજા ઈશ્વર આદિનો આધાર યાવત સર્વ કર્મનો વર્ધક હતો. મહાવીર સ્વામી પધાર્યા, પરિષદ નીકળી. ચુલનીપિતા પણ આનંદ શ્રાવકની પેઠે નીકળ્યો અને એજ રીતે તેણે ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો. ગૌતમે પૂછયું. બાકીનું બધું કથન કામદેવની પેઠે સમજવું. યાવત્ પોષધશાળામાં બ્રહ્મચારી રહીને શ્રમણ ભગવાન્ મહાવીરની સમીપની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારી વિચરતો હતો. (૧૨૬) પછી ચુલનીપિતા શ્રાવકની સામે રાત્રિના પાછલા સમયમાં એક દેવ પ્રકટ થયો. (૧૨૭).

## દેવકૃત ઉપસર્ગ કા વર્ણન

**टीकार्थ–'तेण णं से'**–ઇત્યાદિ એ દેવ નીલકમલ જેવી યાવત તલ્વાર લઇને ચુલનીપિતા શ્રાવક પ્રતિ બોલ્યો: "હે ચુલનીપિતા શ્રાવક! (કામદેવની પેઠે સમજી લેવું) યાવત્ શીલ આદિનો ભંગ નહિં કરે, તો તારા મોટા પુત્રને ઘેરથી લાવીશ અને તારી સામે તેનો ઘાત કરીશ. તેનો ઘાત કરીને હું શૂળીમાં પરોવી પચાવવાને યોગ્ય માંસના ત્રણ ખંડ કરીશ, અને ખંડ કરી આંધણભરી કઢાઇમાં ઉકાળીશ. પછી માંસ અને લોહી તારા શરીર પર એ પ્રમાણે સીંચીશ કે જેથી તું અત્યંત દુ:ખની પીડાથી પીડિત થઈને અકાળે જ મરણ પામીશ." (૧૨૮). ચુલનીપિતા શ્રમણોપાસક દેવતાનું આવું કથન સાંભળીને પણ નિર્ભય યાવત્ વિચરી રહ્યો. (૧૨૯). પછી દેવે ચુલનીપિતા શ્રાવકને નિર્ભય યાવત જોયો અને બીજીવાર તથા ત્રીજીવાર તેને આ પ્રમાણે કહેવા લાગ્યો: "હે શ્રાવક ચુલનીપિતા!" ઇત્યાદિ પૂર્વોકત પ્રકારે ધમકી આપી, પણ ચુલનીપિતા શ્રાવક ભયભીત થયો નહિ, યાવત્ એમ ને એમજ વિચરી રહ્યો. (૧૩૦) એટલે દેવ ક્રોધિત થઇને ચુલનીપિતા

શ્રાવકના મોટા પુત્રને ઘેરથી લઇ આવ્યો, અને તેની સમીપે જ તેના પુત્રનો ઘાત કરવા લાગ્યો. ઘાત કરીને માંસના ત્રણ ટુકડા કર્યા, આંધણ ચડાવેલી કડાઈમાં ઉકાળ્યા અને પછી ચુલનીપિતા શ્રાવકના શરીર પર માંસ અને લોહી સીંચવા (છાંટવા) લાગ્યો. (૧૩૧). ચુલનીપિતાએ એ અસહ્ય વેદના સહન કરી. (૧૩૨). ત્યારે પણ દેવે ચુલનીપિતાને નિર્ભય યાવત જોયો, એટલે બીજી અને ત્રીજીવાર પણ ચુલનીપિતા શ્રાવકને કહ્યું: હે ચુલનીપિતા શ્રાવક! અરે અનિષ્ટના કામી! યાવત્ તું શીલ આદિનો ભંગ નહિ કરે તો હું આજ તારા મધ્યમ (વચ્ચેટ) પુત્રને ઘેરથી લઇ આવીશ અને તારી સામે તેનો ઘાત કરીશ. મોટા પુત્રના સંબંધમાં જેવું કહ્યું હતું તેવુંજ કહ્યું અને કર્યું. એ જ પ્રમાણે ત્રીજા નાના છોકરાના સંબંધમાં પણ કહ્યું અને કર્યું; તો પણ ચુલનીપિતા શ્રાવકે યાવત અસહ્ય વેદના સહન કરી. (૧૩૩) એટલે દેવે ચોથી વાર ચુલનીપિતાને કહ્યું: "હે ચુલનીપિતા શ્રમણોપાસક! અનિષ્ટના કામી! જો તું યાવત ભંગ નહિ કરે તો આજે તારી પૂજ્ય હોઇને દેવતાસ્વરૂપ, સદ્ઉપદેશ આપનારી અને હિતચિંતક હોઇને ગુરૂ તથા જન્મ દેનારી હોઇને જનની, ગર્ભ ધારણ લાલન-પાલન આદિ દુષ્કરમાં દુષ્કર કાર્ય કરનારી માતા ભદ્રા સાર્થવાહી છે, તેને તારા ઘેરથી લાવું છું અને તારી સામેજ તેના પ્રાણ લઉં છું. પ્રાણ લઇને તેના માંસના ત્રણ ટુકડા કરી આંધણભરી કઢાઇમાં ઉકાળીશ અને તારા શરીર પર તે માંસ અને લોહી છાંટીશ. જેથી તુ અત્યંત દુઃખી થઇને અકાળે જ મૃત્યુને પામીશ (૧૩૪) દેવે એમ કહ્યા છતાં ચુલનીપિતા શ્રાવક નિર્ભય યાવત વિચરી રહ્યો. (૧૩૫). દેવતાએ તેને નિર્ભય રહેલો જોઇને બીજીવાર અને ત્રીજીવાર પણ એમજ કહ્યું કે "અહો ચુલનીપિતા શ્રાવક! એ પ્રમાણે યાવત તું માર્યો જશે." (૧૩૬) દેવે બીજીવાર અને ત્રીજીવાર પણ કહ્યું એટલે ચુલનીપિતા શ્રાવક એ પ્રમાણે વિચારવા લાગ્યો કે "અહો! આ પુરૂષ અનાર્ય છે, તેની બુદ્ધિ અનાર્ય છે, એ અનાર્ય-પાપ-કર્મોનું આચરણ કરે છે. તેણે મારા મોટા પુત્રને ઘેરથી ઉપાડી લાવી મારી સામે તેને મારી નાખ્યો. (એ પ્રમાણે દેવે જે જે કર્યું તે બધું તે વિચારવા લાગ્યો) પછી મારા શરીર પર માંસ-લોહી છાંટયાં, તે પછી મારા વચ્ચેટ પુત્રને તે લાવ્યો યાવત્ મારા શરીર પર માંસ અને લોહી છાંટયાં, તે પછી મારા નાના પુત્રને ઘેરથી લાવી યાવત લોહી મારા શરીરે છાંટયું. એટલાથી પણ તેને સંતોષ ન થયો. હવે તે મારી દેવતાસ્વરૂપ અને ગુરૂસ્વરૂપ જનના, મારે માટે કઠોરમાં કઠોર કષ્ટ સહન કરનારી માતા ભદ્રા સાર્થવાહી છે તેને પણ ઘેરથી લાવી મારી સમીપે મારી નાંખવા ઇચ્છે છે, હવે મારે એ પુરૂષને પકડી લેવો એજ ઠીક છે."

એમ વિચાર કરીને તે ઉઠયો, પરન્તુ તે દેવતા આકાશમાં ઉડી ગયો, ચુલનીપિતાએ એક થાંભલાને પકડી લીધો અને જોરથી ચીસ નાંખી. (૧૩૭) ભદ્રા સાર્થવાહી એ ચીસ સાંભળી સમજીને જે બાજુએ ચુલનીપિતા શ્રાવક હતો તે બાજુએ આવી અને ચુલનીપિતા શ્રાવકને કહેવા લાગી: "બેટા! તેં એમ જોરથી કેમ ચીસ પાડી?" (૧૩૮). ચુલનીપિતા શ્રાવક પોતાની માતા ભદ્રા સાર્થવાહીને કહેવા લાગ્યો: "હે મા! શી ખબર, કોઈ પુરૂષ ક્રોધિત થઈને એક મોટી નીલી તલ્વાર લઈને મને કહેવા લાગ્યો: "હે ચુલનીપિતા શ્રાવક! અનિષ્ટના કામી! જો તું શીલાદિનો ત્યાગ નહિ કરે તો યાવત મારી નાંખીશ." (૧૩૯). તેના એવા કથનથી હું ભયભીત ન થતાં

વિચરી રહ્યો છું. (૧૪૦). એમ મને નિર્ભય વિચરતો જોઇ, તેણે બીજી–ત્રીજીવાર ફરીથી એમ કહ્યું કે "હે ચુલનીપિતા શ્રમણોપાસક! (પહેલાંની પેઠે) યાવત શરીર પર માંસ–લોહી છાંટયાં (૧૪૧). મેં એ અસહ્ય વેદનાને સહી લીધી. એ પ્રમાણે બધું કહ્યું; યાવત નાના પુત્રને મારી નાંખ્યો અને મારા શરીર પર લોહી અને માંસ છાંટયું. મેં એ અસહ્ય વેદનાને સહી લીધી. (૧૪૨) તેણે મને નિર્ભય જોયો એટલે ચોથીવાર બોલ્યોઃ "હે ચુલનીપિતા શ્રાવક! અનિષ્ટના કામી। યાવત તુ શિલાદિનો ભંગ નથી કરતો તો જે આ તારી માતા દેવ–ગુરૂ સ્વરૂપ છે યાવત્ તુ મરી જઇશ. (૧૪૩). તેણે એમ કહ્યું છતાં પણ હું નિર્ભય રહ્યો. (૧૪૪). પછી તેણે બીજી–ત્રીજીવાર પણ મને એમજ કહ્યું કે "ચુલનીપિતા શ્રાવક! આજ યાવત માર્યો જઇશ." (૧૪૫). એણે બીજી–ત્રીજીવાર એવું કહેતાં મને એવો વિચાર આવ્યો કે "આ અનાર્ય પુરૂષ છે, તેની બુદ્ધિ પણ અનાર્ય છે, તેથી તે અનાર્ય આચરણ કરે છે, એણે મારા મોટા, વચ્ચેટ અને નાના પુત્રને મારી નાંખ્યા, તેમનાં માંસ–લોહી મારા શરીરે છાંટયાં, હવે તે માતાને (તમને) પણ મારી સામે લાવી મારી નાખવાની ઇચ્છા કરે છે, માટે એને પકડી લેવો એ જ ઠીક છે, એમ વિચારીને હું ઉઠયો, ત્યાં તે આકાશમાં ઉડી ગયો, મેં થાંભલો પકડી લીધો અને જોરથી ચીસ પાડી. (૧૪૬) પછી ભદ્રા સાર્થવાહી ચુલનીપિતાને કહેવા લાગી: "કોઇપણ પુરુષ એકકે પુત્રને ઘેરથી લાવ્યો નથી, તારી સમીપે એકકેને માર્યો નથી; કોઇ પુરૂષે તને આ ઉપસર્ગ કર્યો છે. તેં એક ભયંકર ઘટના જોઇ છે. હવે કષાયના ઉદયથી ચલિતચિત્ત થઇને એ પુરૂષને મારવાની પ્રવૃત્તિ થઇ. એ ઘાતની પ્રવૃત્તિથી સ્થૂલ–પ્રાણાતિપાત–વિરમણ વ્રત અને પોષધવ્રતનો ભંગ થયો. અગર જો કોઇ એમ કહે કે શ્રાવકને તો નિરપરાધી પ્રાણીની હિંસાનો ત્યાગ હોય છે, અને તે તો સાપરાધી હતો, તો એ કહેવું બરાબર નથી, કારણકે શ્રાવકને તો પોષધવ્રતમાં સાંપરાધી અને નિરપરાધી બેઉને મારવાનો ત્યાગ હોય છે, એટલા માટે, હે પુત્ર! આ સ્થાન (વિષય) ની તું આલોચના કર, પ્રતિક્રમણ કર પોતાની અને ગુરૂની સાક્ષીથી નિન્દા–ગર્હા કર, તદ્વિષયક પરિણામોના અનુબંધોને કાપ, અતિચારના મેલને દૂર કરીને, આત્માને શુદ્ધ કર, સન્મુખ ઉઠ અને યથાયોગ્ય તપઃકર્મરૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કર" (૧૪૭)

## ચુલનીપિતા કે સ્વર્ગવાસ કા વર્ણન

**ટીકાર્થ–'तए णं से चुलणी'** ત્યાદિ પછી ચુલનીપિતા શ્રાવકે માતાની વાત **'तहत्ति'** (બરાબર છે) એમ કહીને વિનયપૂર્વક સ્વીકારી. પછી એ વિષયની આલોચના કરી યાવત તપઃકર્મનો સ્વીકાર કર્યો (૧૪૮) પછી ચુલનીપિતા શ્રાવક, શ્રાવકની પહેલી પડિમાનો સ્વીકાર કરીને વિચરવા લાગ્યો. પહેલી ઉપાસકપડિમાને યથાસૂત્ર (સૂત્રોકત–વિધિપૂર્વક) આનંદની પેઠે યાવંત અગીઆરે પ્રતિમાઓનું પાલન કર્યું. (૧૪૯). એ ઉદાર કૃત્યથી ચુલનીપિતા કામદેવની પેઠે સૌધર્મ કલ્પમાં સૌધર્માવતંસકના ઉત્તરપૂર્વ (ઇશાન કોણ)ના અરૂણાભ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાં ચાર પલ્યોપમની તેની સ્થિતિ કહી છે. એ (ચુલનીપિતાદેવ) મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે. નિક્ષેપ–ઉપસંહાર પૂર્વવત. (૧૫૦).

**ઇતિ શ્રી ઉપાસકદશાંગસૂત્રના ત્રીજા અધ્યયનની અગારસંજીવની વ્યાખ્યાનો ગુજરાતી–ભાષાનુવાદ સમાપ્ત (૩).**

❀

## ચોથું અધ્યયન.

હવે ચોથા અધ્યયનનો પ્રારંભ કરીએ છીએ:—

**टीकार्थ– 'उक्खेवओ चउत्थस्स'** ઈત્યાદિ (૧૫૧ થી ૧૫૭)

**ઉત્ક્ષેપ**—જંબૂ સ્વામીએ કહ્યું: "ભગવન્! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ચોથા અધ્યયનનો શો અર્થ કહ્યો છે?"

સુધર્મા સ્વામીએ ઉત્તર આપ્યો:- જંબૂ! એ કાળે, એ સમયે બનારસ નામની નગરી હતી. કોષ્ઠક ચૈત્ય હતું. જિતશત્રૂ રાજા હતો. સુરાદેવ ગાથાપતિ હતો. તે સર્વ પ્રકારે સંપન્ન યાવત્ અજેય હતો. છ કરોડ સોનેયા તેના ખજાનામાં હતા, છ કરોડ વ્યાપારમાં રોકયા હતા અને છ કરોડ પ્રાવસ્તર (લેણદેણ) માં લગાડયા હતા, તેની પાસે છ ગોકુળ અર્થાત ૬૦ સાઇઠ હજાર ગોવર્ગના પશુઓ હતાં. ધન્યા નામની ભાર્યા હતી. શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી સમોસર્યા. સુરાદેવ આનંદની પેઠે ગયો અને તેણે ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો. તે કામદેવની પેઠે યાવત શ્રમણ ભગવાન મહાવીરની સમીપની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારી વિચરવા લાગ્યો. (૧૫૧) ત્યારપછી સુરાદેવ શ્રાવકની સામે પૂર્વરાત્રિના અપર સમયમાં એક દેવતા પ્રકટ થયો. એ દેવતા નીલકમલના જેવી યાવત તલ્વાર લઈને સુરાદેવ શ્રમણોપાસકને કહેવા લાગ્યો: "અરે સુરાદેવ શ્રાવક! હે મૃત્યુના કામી! જો તું શીલ આદિનો યાવત ભંગ નહિ કરે તો તારા મોટા પુત્રને ઘેરથી લાવું છું અને તારી સમીપે જ તેનો ઘાત કરૂં છું. તેને મારીને તેના માંસના પાંચ ટુકડા કરીશ અને આંધણથી ભરેલી કડાઈમાં ઉકાળીશ; પછી તારા શરીર પર એ માસ અને લોહી છાંટીશ, જેથી તું અકાળે જ જીવન ગુમાવી બેસીશ." એ પ્રમાણે વચ્ચેટ અને સૌથી નાના પુત્રને માટે પણ કહ્યું. સુરાદેવ નિર્ભયજ રહ્યો એટલે ક્રમશઃ તે દેવ તેના પુત્રોને લાવ્યો, તેમને મારી નાંખ્યા અને પ્રત્યેકના માંસના પાંચ ટુકડા કરી પ્રત્યેકના લોહી–માંસને સુરાદેવના શરીર પર છાંટયાં. (૧૫૨) દેવતાએ જયારે જોયું કે સુરાદેવ હજી પણ ભયભીત નથી થયો, ત્યારે ચોથીવાર તે બોલ્યો:- "અરે સુરાદેવ શ્રાવક! મૃત્યુના કામી! જો તું યાવત શીલ આદિનો પરિત્યાગ નહિં કરે તો તારા શરીરમાં એક સાથે (૧) શ્વાસ, (૨) કાસ, (૩) જ્વર, (૪) દાહ, (૫) કુક્ષિશૂલ (૬) ભગંદર (૭) અર્શ (હરસ–મસા), (૮) અજીર્ણ, (૯) દષ્ટિરોગ, (૧૦) મસ્તકશૂલ, (૧૧) અરૂચિ, (૧૨) અક્ષિવેદના, (૧૩) કર્ણવેદના, (૧૪) ખસ–ખુજલી, (૧૫) ઉદરરોગ, અને (૧૬) કોઢ, એ સોળ રોગ (જવરાદિ) અને આતંક (શૂલ–આદિ) નાંખીશ, જેથી તું તરફડીને પ્રાણ છોડીશ. (૧૫૩) તેથી પણ સુરાદેવ ભયભીત ન થતાં વિચરી રહ્યો. દેવતાએ એ પ્રમાણે બીજી અને ત્રીજીવાર પણ કહ્યું. (૧૫૪). એ પ્રમાણે દેવતાએ બે ત્રણ વાર કહેતાં સુરાદેવ શ્રાવકના મનમાં એવો વિચાર આવ્યો કે: "આ અનાર્ય પુરૂષ છે, અનાર્ય બુદ્ધિવાળો છે, એટલે તે આચરણ પણ અનાર્ય જ કરે છે; તેણે મારા મોટા, વચ્ચેટ અને નાના પુત્રોને મારી નાંખ્યાં, તેનાં માંસ–લોહી મારા શરીરે છાંટયાં, હવે મારા શરીરમાં સોળ રોગ તે નાંખવા ઇચ્છે છે, માટે તેને પકડી લેવો એજ ઠીક છે." એમ વિચારી સુરાદેવ ઉઠયો, અને દેવતા આકાશમાં વિલીન

થઇ ગયો. સુરાદેવના હાથમા એક થાંભલો આવી ગયા. તે અને પકડીને મોટા જોરથી બૂમ પાડવા લાગ્યો. (૧૫૫). તેની પત્ની ધન્યા તે સાંભળીને સુરાદેવ શ્રાવકની સમીપે દોડી આવી અને બોલી: "દેવાનુપ્રિય તમે આટલા જોરથી બૂમ કેમ પાડી?" (૧૫૬). સુરાદેવ શ્રાવક ધન્યાને કહેવા લાગ્યો: "દેવાનુપ્રિયે! કોઇ અનાર્ય પુરૂષ ઈત્યાદિ." બધી વાત કહી કે જે પ્રમાણે ચુલનીપિતાએ પોતાની માતાને કહી હતી, ધન્યા બોલી:– "દેવાનુપ્રિય! કશુંય થયું નથી; મોટા વચ્ચેટ કે નાના પુત્રને કોઈએ મારી નાંખ્યા નથી, તેમજ આપના શરીરમાં કોઇ રોગાતંક પણ નાંખતું નથી, પરન્તુ કોઇ પુરૂષ આપને ઉપસર્ગ કરી રહ્યો છે." પછી તેણે તેને બધી વાત કહી કે જે ભદ્રાએ ચુલનીપિતાને કહી હતી. બાકી બધું પૂર્વવત્, યાવત્ છેવટે સુરાદેવ સૌધર્મ કલ્પમાં અરૂણકાન્ત વિંમાનમાં ઉત્પન્ન થયો ત્યાં તેની ચાર પલ્યોપમની સ્થિતિ છે. તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે. (૧૫૭).

**નિક્ષેપ**—છેવટે શ્રી સુધર્માસ્વામીએ કહ્યું: "હે જંબૂ! મેં શ્રી મહાવીર સ્વામી પાસેથી જે પ્રમાણે સાંભળ્યું છે તે પ્રમાણે મેં તને કહ્યું છે."

**ઇતિ શ્રી ઉપાસકદશાંગ સૂત્રના ચોથા અધ્યયનની અગાર-સંજીવની ટીકાનો ગુજરાતી–ભાષાનુવાદ સમાપ્ત. (૪)**

## દેવકૃત ઉપસર્ગ કા વર્ણન

### પાંચમું અધ્યયન.

હવે પાંચમા અધ્યયનનો પ્રારંભ કરીએ છીએ:–

**ટીકાર્થ–"उक्खेवो पंचमस्स" ઇત્યાદિ (૧૫૮ થી ૧૬૫)**

**ઉત્ક્ષેપ**—જમ્બૂ સ્વામી કહે છે:– ભગવન! પાંચમા અધ્યયનનો અર્થ શો છે? સુધર્માસ્વામી કહે છે. એ કાળે એ સમયે આલભિકા નામની નગરી હતી. શંખવન, ઉદ્યાન જિતશત્રુ રાજા અને ક્ષુદ્રશતક ગાથાપતિ હતો. તે આઢ્ય યાવત્ છ–છ કરોડ સોનૈયા ખજાના આદિમાં રાખતો હતો. તેને છ ગોકુળ અર્થાત ૬૦ હજાર ગોવર્ગનાં પશુએ હતાં. બહુલા નામની ભાર્યા હતી. શ્રમણ ભગવાન મહાવીર સમોસર્યા. ક્ષુદ્રશતકો આનંદની પેઠે ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો. શેષ કથા કામદેવની સમાન છે, યાવત્ ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચરવા લાગ્યો. (૧૫૮). પછી ક્ષુદ્રશતક શ્રાવકની સામે, પૂર્વરાત્રિના પ્રથમ પ્રહરમાં અને અપરરાત્રીના પાછલા પ્રહરમાં અપર સમયમાં એક દેવતા યાવત્ તલવાર લઇ પ્રકટ થયો અને બોલ્યો: "હે ક્ષુદ્રશતક શ્રાવક! જો તું શીલ આદિનો ભંગ નહિ કરે, તો તારા મોટા પુત્રને આજ ઘેરથી લાવું છું, એ ઉપરાંત જે વાત ચુલનીપિતાને કહી હતી તે બધી વાત દેવે ક્ષુદ્રશતકને કહી. વિશેષતા એટલી છે કે પ્રત્યેક પુત્રના માંસના. સાત--સાત ખંડ કરીને તેને શરીરે તેમનાં લોહી–માંસ

છાંટવાનું કહ્યું. (૧૫૯) એ ક્ષુદ્રશતક શ્રાવક યાવત જેમ ને તેમ વિચરી રહ્યા. (૧૬૦). પછી દેવ ક્ષુદ્રશતક શ્રાવકને ચોથી વાર કહેવા લાગ્યોઃ-"હે ક્ષુદ્રશતક શ્રાવક ! જો તું શીલ વ્રતઆદિનો ભંગ નહિ કરે, તો જે તારા છ કરોડ સોનૈયા ખજાનામાં રાખેલા છે, છ કરોડ વેપારમાં રાખ્યા છે અને છ કરોડ લેણ-દેણમાં રોકયા છે, તે બધા ઘરમાંથી લઇશ અને આલભિકા નગરીના સંઘાટક તથા ચતુષ્પથ (ચોક) પર બધી જગ્યાએ વેરી નાંખીશ, જેથી તું અત્યંત દુઃખિત થઇને અકાળે જ મૃત્યુ પામીશ." (૧૬૧). દેવતાએ એટલું કહ્યું તોપણ ક્ષુદ્રશતક નિર્ભય યાવત્ વિચરી રહ્યો. (૧૬૨). દેવતાએ ક્ષુદ્રશતકને નિર્ભય યાવત્ જોઇને બીજી અને ત્રીજીવાર એવું કહ્યું, યાવત્ મરી જઇશ. (૧૬૩). એ ત્રણ વાર કહેતાં ક્ષુદ્રશતક શ્રાવકના મનમાં આ પ્રમાણે વિચાર આવ્યોઃ "અહો ! આ અનાર્ય પુરૂષ છે." ઇત્યાદિ ચુલનીપિતાની પેઠે વિચાર કરવા લાગ્યો,- યાવત "તેણે નાના પુત્ર સુદ્ધાંતને મારી નાંખ્યો, મારા શરીરે માંસ-લોહી છાંટયું, અને તેથી પણ તેને શાન્તિ ન થઇ એટલે હવે છ કરોડ ખજાનામાં રાખેલા, છ કરોડ વેપારમાં લગાડેલા અને છ કરોડ લેણ-દેણમાં રોકેલા સોનૈયા ઘરમાંથી લઇ જઇને આલભિકા નગરીના સંઘાટક યાવત્ ચોક આદિમાં વેરી નાંખવા ઇચ્છે છે; માટે આ પુરૂષને પકડી લેવો એજ ઠીક છે." એમ વિચારીને તે સુરાદેવની પેઠે ઉઠયો. પૂર્વોક્ત રીતે તેની સ્ત્રીએ તેને બૂમ પાડવાનું કારણ પૂછયું અને એ પ્રમાણે ક્ષુદ્રશતકે બધો વૃત્તાંત કહ્યો. (૧૬૪) શેષ બધું ચુલનીપિતાની પેઠે જાણવું, યાવત્ એ સૌધર્મ કલ્પમાં અરૂણસિદ્ધ વિમાનમા ઉત્પન્ન થયો. ત્યાં તેની ચાર પલ્યોપમની સ્થિતિછે. શેષ પૂર્વવત, યાવત મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધથશે (૧૬૫).

**નિક્ષેપ**—અંતમાં શ્રી સુધર્મા સ્વામી બોલ્યા-હે જંબૂ! મેં શ્રમણ ભગવાન મહાવીર પાસેથી જેવું સાંભળ્યું તેવું તને સંભળાવ્યું છે.

**સાતમા અંગ શ્રી ઉપાસક દશાના પાંચમા અધ્યયનનો ગુજરાતી-ભાષાનુવાદ સમાપ્ત (૫)**

*

## છઠું અધ્યયન.

**હવે છઠું અધ્યયન કહીએ છીએ:**

**ટીકાર્થ—'छट्ठस्से'** ત્યાદિ (૧૬૬ થી ૧૬૯)

**ઉત્ક્ષેપ—પૂર્વવત્-હે જંબૂ! એ કાળે એ સમયે કાંપિલ્યપુર નગર, સહસ્રામ્રવન ઉદ્યાન, જિતશત્રુ રાજા, કુંડકૌલિક ગાથાપતિ, પૂષા ભાર્યા હતી. કુંડકૌલિક ગાથાપતિ** પાસે છ કરોડ સોનૈયા ખજાનામાં હતા, છ કરોડ વેપારમાં અને છ કરોડ લેણુ-દેણમાં રોકયા હતા. તેની પાસે છ ગોકુળ હતા. મહાવીર સ્વામી પધાર્યા. આનંદની પેઠે કુંડકૌલિકે ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો, યાવત્ શ્રમણ નિગ્રંથોને ભકતપાનનો પ્રતિલાભ કરાવતો વિચરતો હતો (૧૬૬). એક સમયની વાત છે કે જયારે પૂર્વાપરાહ્ન (બપોર)ને સમયે અશોકવનરાજિમાં પૃથિવીશિલાપટ્ટકની તરફ કુંડકૌલિક શ્રાવક આવ્યો અને તેણે પોતાના નામવાળી વીંટી તથા ઉત્તરાસણ વસ્ત્ર (ખેસ ઉતારી શિલાપર મૂકયાં. પછી શ્રમણ ભગવાન મહાવીરની સમીપની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિચરવા લાગ્યો. (૧૬૭) પછી તેની સમીપે એક દેવ પ્રકટ થયો. (૧૬૮) તેણે નામવાળી વીંટી અને ખેસ શિલા પરથી ઉઠાવી લીધા અને નાની નાની ઘંટડીઓવાળા ઉત્તમ વસ્ત્ર ધારણ કરીને આકાશમાં રહી કુંડકૌલિક શ્રાવક પ્રતિ બોલ્યો: "અરે કુંડકૌલિક શ્રાવક! હે દેવાનુપ્રિય! મંખલિપુત્ર ગોશાળની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર હિતકર છે. તેમાં ઉત્થાન (ઉઠવું) કર્મ (ગમનાગમનાદિ ક્રિયાઓ), બલ (શારીરિક શકિત) વીર્ય (આત્માનું તેજ), પુરૂષકાર (પૌરૂષ), પરાક્રમ (પ્રચંડ પુરૂષાર્થ), એમાંની કોઇ પણ વસ્તુ નથી, સર્વ પદાર્થ નિયત (ભાગ્યને ભરોસે) છે. અને શ્રમણ ભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ સાચી નથી, કારણ કે તેમાં ઉત્થાન યાવત પરાક્રમ છે અને બધા (કોઇપણ) પદાર્થ ભાગ્યકૃત નથી.

મૂળ પાઠમાં ઉત્થાન આદિ પ્રત્યેકની સાથે "વા" શબ્દ છે તે વિકલ્પાર્થે છે, અને 'इति' શબ્દ પૂર્વોકત ઉત્થાનાદિના સંગ્રહને માટે છે, અર્થાત્ એ બધાંનું અસ્તિત્વ નથી. તાત્પર્ય એ છે કે ઉત્થાન આદિ, જીવને કાર્યનાં સાધક નથી હોતા, કારણુ કે ઉત્થાન આદિ હોવા છતાં પણુ કોઈ કોઈ કાર્ય સિદ્ધ નથી થતા અને કોઇ કોઇ વાર એ ન હોવા છતાં પણ કાર્ય સિદ્ધ થઇ જાય છે તેટલા માટે સુખ દુઃખ બધા પદાર્થો ભાગ્યને અધીન છે. માટે સુખ-દુઃખનું કારણુ ઉત્થાન આદિ ન માનતાં નિયતિ (થવા કાળ હતું માટે થયું એમ)જ માનવી જોઈએ જો ઉત્થાન આદિથી કાર્યો સિદ્ધ થતાં હોત તો બધાય પુરૂષાર્થ કરનારાઓને સફળતા પ્રાપ્ત થતી હોત, પરન્તુ એમ જોવામાં આવતું નથી. કોઇ કોઇને પ્રવૃત્તિ ન કરવા છતાં પણુ ફળ મળી જાય છે અને કોઇ ને પ્રવૃત્તિ કરવાં છતાં પણુ ફળ નથી મળતું.

હવે બીજી વાત સાંભળો. આપ કહો છો કે પુરુષાર્થથી ફળ મળે છે. જો એ વાત સાચી હોય તો ગોવાળ, હળવાળા, બાળક આદિ પ્રત્યેકને સમાન સુખ યા દુઃખની પ્રાપ્તિ થવી જોઇએ, કારણકે બધામાં સમાનરૂપે પુરૂષાર્થ વિદ્યમાન છે; પરંતુ એમ નથી થતું, બધાને સરખું ફળ નથી પ્રાપ્ત થતું. રાજાની સેવા વગેરેમાં લાગેલા એવા કોઇ પુરૂષને ધનાદિની પ્રાપ્તિ થતી નથી જોવામાં આવતી, તો કોઇ કોઇ સેવા આદિ કશું ન કરતા હોવા છતાં પણુ ખૂબ ધન પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે આ પક્ષમાં વિસદૃશતા વિષમતા) હોવાથી, એજ સિદ્ધાન્ત સમીચીન છે કે-સુખ દુઃખ આદિ પુરૂષાર્થથી પેદા થતાં નથી.

**શંકા**—વારૂ, જો સુખ-દુઃખનું કારણુ પુરૂષાર્થ નથી, તો કાળને કેમ નથી માની લેતા ? નિયતિને કેમ માનો છો ?

**સમાધાન**—નહિ, કાળ પણુ કારણુ નથી થઇ શકતું. કાળ એક છે. જો તેને કારણુ માની લઇએ, તો તેથી એકજ કાર્ય-સુખ યા દુઃખ ઉત્પન્ન થશે, પરંતુ જગતમાં જૂદી જૂદી જાતનાં કાર્યો પ્રત્યક્ષ જોવામાં આવે છે. જો કારણુ એકજ હોય છે-તેમાં ભેદ નથી હોતો-તો કાર્યમાં ભેદ નથી હોતો. આકર (ભાષ્યમાં) કહ્યું છે કે "વિરૂદ્ધ ધર્મોનું પ્રાપ્ત થવું અને કારણમાં ભેદ હોવો એજ ભેદ અને ભેદનું કારણુ છે." અર્થાત્ વિરૂદ્ધ ધર્મો હોવા એજ ભેદ કહેવાય છે અને તેના કારણોમાં ભેદ હોવો એજ એ પદાર્થના ભેદને કારણુ છે. અસ્તુ. કાળ એક છે, જો તે કારણુ હોત તો કાર્યમાં ભેદ ન હોત કાર્યોમાં ભેદ છે; એટલે કાળ એ કારણુ નથી.

ઇશ્વર પણુ સુખ-દુઃખ આદિનો કર્તા નથી. અગર જો તેને કર્તા માનતા હો તો ઇશ્વરને મૂર્ત્ત માનશો કે અમૂર્ત્ત ? જો મૂર્ત્ત માનો તો સાધારણુ પુરૂષોની પેઠે એ પણુ સમસ્ત જગતનાં કાર્યોનો કર્તા નથી હોઇ શકતો. જો ઇશ્વરને અમૂર્ત્ત માનો તો તે આકાશની પેઠે નિષ્ક્રિય હોવાથી કોઇ પણુ કાર્ય કરી શકે જ નહિ

એજ પ્રમાણે સ્વભાવ પણ કારણ નથી; કેમકે સ્વભાવને જો પુરૂષથી ભિન્ન માનશો તો તે પુરૂષનાં અંતર્ગત સુખદુઃખને પેદા નહિ કરી શકે. જો સ્વભાવને પુરૂષરૂપ જ માનશો તો પુરૂષ સમસ્ત જગતનાં કર્મોનો કર્તા નહિ થઇ શકે. એ પ્રમાણે બીજાઓનો પણ વિચાર કરી લેવો. એટલા માટે એ માન્યતા બરાબર છે કે ભાગ્યજ સુખ–દુઃખનું કારણ છે, બીજું કોઇ નહિ. કહ્યું છે કે—

"ગમે તેટલો પ્રયત્ન કરો, જે નથી થવાનું તે કદાપિ નહિ થાય, અને જે થવાનું છે તે કદાપિ નહિ ટળે. કોઇ પ્રવૃત્તિ કરે યા ન કરે, નિયતિની શકિતથી સૌને શુભ અશુભ ફળ પ્રાપ્ત થાય છે. (૧).

જ કાંઇ થવાનું છે તે વિનાપ્રયત્ને જ થઇ જાય છે જે થવાનું (નિયત) નથી, તેને માટે ગમે તેટલી ચતુરાઇથી પ્રયત્ન કરો, તોપણ તે નહિ થાય. એટલા માટે એ ભાગ્યે જ પૌરૂષહીન મનુષ્યોને પણ સુખાદિ ફળો પ્રાપ્ત કરાવે છે. (૨)" ઇત્યાદિ (૧૬૯).

**टीकार्थ–'तए णं से'** ઇત્યાદિ પછી કુંડકૌલિક શ્રાવકે દેવને કહ્યું–દેવ! જો મંખલિપુત્ર ગોશાલની ધર્મપ્રજ્ઞપ્તિ સમીચીન છે કે- ઉત્થાન નથી યાવત સર્વ પદાર્થો ભાગ્યકૃત છે, અને શ્રમણ ભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ સમીચીન નથી કે ઉત્થાન છે યાવત બધા પદાર્થો ભાગ્યકૃત નથી, તો હે દેવ! તમારી એ દિવ્ય દેવ–ઋદ્ધિ, દિવ્ય દેવ-દ્યુતિ, દિવ્ય દેવાનુભાવ (અલૌકિક પ્રભાવ) કયાંથી આવ્યા? તમને કેમ પ્રાપ્ત થયાં? કેવી રીતે સામે ઉપસ્થિત થયાં? ઉત્થાન યાવત્ પુરૂષકાર પરાક્રમથી એ બધું પ્રાપ્ત થયું છે યા અનુત્થાનથી અકર્મથી યાવત અપુરૂષકાર-પરાક્રમથી પ્રાપ્ત થયું છે? (૧૭૦)

**टीकार्थ–'तए णं से'** ઇત્યાદિ દેવ બોલ્યો– હે દેવાનુપ્રિય! મેં આ પ્રકારની દિવ્ય દેવઋદ્ધિ, અનુત્થાનથી યાવત્ અપુરુષકારપરાક્રમથી પ્રાપ્ત કરી છે યાવત્ સામે ઉપસ્થિત થઇ છે. (૧૭૧). કુંડકૌલિક કહે છે–હે દેવ! બહુ સારૂં. જો તેં એ દિવ્ય દેવ–ઋદ્ધિ આદિ પુરૂષાર્થ પરાક્રમ વિના પ્રાપ્ત કરી છે, તો જે જીવોમાં ઉત્થાન આદિ નથી જોવામાં આવતાં, એવાં વૃક્ષ પાષાણ આદિ દેવ કેમ નથી બની જતાં? અર્થાત્ જો દેવ–ઋદ્ધિ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થની જરૂર નથી તે એકેન્દ્રિય આદિ બધા જીવોને દેવ–ઋદ્ધિ પ્રાપ્ત થઇ જવી જોઇએ. જો એ ઋદ્ધિ તને પુરુષાર્થ આદિથી પ્રાપ્ત થઈ છે, તો પછી ગોશાંલક મંખલિપુત્રની "ઉત્થાન આદિ નથી, બધા પદાર્થ ભાગ્યકૃત છે" એ ધર્મપ્રજ્ઞપ્તિ સાચી છે, અને "ઉત્થાન આદિ છે યાવત્ પદાર્થ ભાગ્યકૃત નથી" એ શ્રમણ ભગવાન્ મહાવીરની ધર્મપ્રરૂપણા બરાબર નથી, એવું તારૂં કથન મિથ્યા છે, કારણકે ઉત્થાન આદિ ફળની પ્રાપ્તિમાં કારણ છે એ હું બતાવી ચૂકયો છું. તાત્પર્ય એ છે કે પ્રત્યેક ફળની પ્રાપ્તિને માટે ક્રિયાની આવશ્યકતા છે, અને એ ક્રિયા ઉત્થાન આદિ છે; એટલે ઉત્થાન આદિ જ સુખાદિનાં પ્રતિ નિમિત્ત છે; ભાગ્ય નથી. કહ્યું છે કે- "ઉદ્યોગ કર્યા વિના તલમાંથી તેલ નીકળી શકતું નથી.' જ્યાં કાંઇ સુખ આદિ ભાગ્યથી મળેલાં માલૂમ પડે છે, ત્યાં પણ છેવટે ઉત્થાન આદિજ કારણ હોય છે. કહ્યું છે કે–

"જેમ એક પૈડાથી રથ નથી ચાલી શકતો, તેમ પુરુષાર્થ વિના દૈવ (ભાગ્ય) સિદ્ધ થતું નથી. (૧)"

"કાકતાલીય ન્યાયથી (સંયોગ વશ—અચાનક જ) સામે રાખેલા ખજાનાને પણ દૈવ પોતાની મેળે નથી લઇ શકતો. તેને ગ્રહણ કરવામાં પણ પુરુષાર્થની જરૂર પડે છે. (૨)"

ક્રિયા પ્રત્યેક મનુષ્યની જૂદી જૂદી હોય છે, એટલે ફળની વિચિત્રતા બરાબર રીતે સંગત થઇ જાય છે, કારણ કે કારણના ભેદથી કાર્યમાં જરૂર ભેદ પડી

ક્યાંક ક્યાંક માણસ પ્રવૃત્તિ તો કરે છે, પરંતુ ફળ પ્રાપ્ત કરી શકતો નથી, તેનું કારણ એ નથી કે પ્રવૃત્તિ ફળમાં કારણ નથી, બલકે એનું કારણ એ છે કે—એ કાયને સિદ્ધ કરવાને માટે જેવા અને જેટલા પ્રયત્નની જરૂર હોય છે તેવો અને તેટલો પ્રયત્ન કરવામાં આવ્યો હોતો નથી.

અથવા કર્તાના વ્યાપારથી યુકત નિયતિને પણ અમે કારણ માનીએ છીએ, એટલે તેનો અભાવ હોવાથી ફળની પ્રાપ્તિ થતી નથી.

એ રીતે કાળ એકાન્ત કારણ ન હોવા છતાં પણ સહકારી રૂપે કારણજ છે. ચંપો, બકુલ, ગુલાબ આદિ પુષ્પ તથા ફણસ, કેરી, આદિ ફળ નિયત-નિયત કાળમાં થાય છે. જો કાળને કારણ ન માનવામાં આવે તો એ વ્યવસ્થા ન બની શકે. સહકારી માત્ર માનવાથી જગતની વિચિત્રતા પણ યુકિતયુકત બને છે.

ઇશ્વર પણ કર્તા છે, કારણ કે આત્મા સિવાય બીજો કોઇ વિચિત્ર ઇશ્વર નથી. આત્મા જગતમાં સર્વત્ર ઉત્પન્ન થયો—થઇ રહ્યો છે, તેથી તે વ્યાપક છે, એ પ્રકારની વ્યુત્પત્તિ પણ અસંગત નથી. એ આત્માને સુખ આદિનો કર્તા માનવામાં કશો વિવાદ નથી. હા, એવો માનવાથી અમૂર્ત્તત્વ આદિ ગુણ તો દૂરજ રહે છે.

સ્વભાવ પણ કથંચિત કર્તા છે, કારણ કે આત્માનો ઉપયોગ (જ્ઞાનદર્શન તથા અસંખ્યાત-પ્રદેશિતા-સ્વભાવ, પુદ્ગલોનો મૂર્ત્તત્વ-સ્વભાવ, ધર્માસ્તિકાય આદિનો અમૂર્ત્તત્વ-સ્વભાવ, તે-તેમાં સ્વભાવથી જ રહેલા છે. કોઇ અન્ય કારણથી તે ઉત્પન્ન થયા નથી. બસ, હવે વધુ વિસ્તાર કરતા નથી." (૧૭૨).

## પરાજિત દેવો કે સ્વર્ગ ગમન કા નિરૂપણ

**टीकार्थ–'तए णं से'**–ઇત્યાદિ ત્યારપછી કુંડકૌલિકનું કથન સાંભળીને દેવતાને શંકા થઇ કે મહાવીર સ્વામીનો મત યુક્ત છે કે ગોશાલકનો? અને પોતે પરાજિત થવાથી તેને ગ્લાનિ પણ ઉત્પન્ન થઇ. હવે તે કુંડકૌલિકને કાંઇ પણ ઉત્તર આપવાને સમર્થ ન થઇ શકયો, એટલે એણે નામમુદ્રા અને ઉત્તરીય વસ્ત્ર શિલાપટ્ટક પર પાછાં મૂકી દીધાં, અને જયાંથી આવ્યો હતો ત્યાં ચાલ્યો ગયો. (૧૭૩)

**टीकार्थ–'तेणं कालेणं'** ઇત્યાદિ એ કાળે એ સમયે શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. (૧૭૪) કુંડકૌલિક ભગવાન આવ્યાની વાત સાંભળીને પ્રસન્નચિત્ત થઈ કામદેવની પેઠે નીકળ્યો અને યાવત ત્યાં પહોંચીને પર્યુપાસના કરી. ધર્મોપદેશ થયો. (૧૭૫) શ્રમણ ભગવાન્ મહાવીરે કુંડકૌલિકને આ પ્રમાણે કહ્યુઃ "હે કુંડકૌલિક! કાલે અશોકવનરાજિમાં બપોરને સમયે એક દેવ તમારી સામે પ્રકટ થયો હતો. તે દેવે નામવાળી વીંટી લીધી યાવત્ તે પાછો ચાલ્યો ગયો. હે કુંડકોલિક? એ વાત શું બરાબર છે?" કુંડકૌલિકે કહ્યુંઃ "હા ભગવાન! તેબરાબર છે. મહાવીર સ્વામીએ કહ્યુંઃ "કુંડકૌલિક તું ધન્ય છે" ઇત્યાદિ કથન કામદેવની પેઠે સમજવું. શ્રમણ ભગવાન મહાવીર શ્રમણ નિર્ગ્રન્થો તથા નિર્ગ્રન્થીઓ–અર્થિકાઓને બોલાવીને કહેવા લાગ્યાઃ "હે આર્યગણ! જો ગૃહમાં રહેનારા ગૃહસ્થો પણ અન્ય યૂથિકોને, અર્થોથી, હેતુઓથી, પ્રશ્નોથી, યુકિતઓથી અને ઉત્તરોથી નિરૂત્તર કરી શકે છે, તો હે આર્યગણ! દ્વાદશાંગનુ અધ્યયન કરનારા નિર્ગ્રન્થ શ્રમણોએ તો તેમને (અન્યયૂથિકોને) અર્થોથી યાવત નિરૂત્તર અવશ્ય કરી દેવાજ જોઈએ. (૧૭૬).

શ્રમણ નિર્ગ્રન્થોએ શ્રમણ ભગવાન મહાવીરનું એ કથન વિનયપૂર્વક **तहत्ति' (तथेति)** કહીને સ્વીકાર્યું. (૧૭૭).

**टीकार्थ– 'तए णं कुंडे'**–ત્યાદિ કુંડકૌલિક શ્રાવકે શ્રમણ ભગવાન મહાવીરને વંદના કરી નમસ્કાર કર્યા, અને પ્રશ્નો પૂછયા તથા અર્થને ગ્રહણ કર્યો. પછી જ્યાંથી આવ્યા હતા ત્યા ચાલ્યો ગયો. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પણ દેશ–દેશ વિહાર કરવા લાગ્યા. (૧૭૮). કુંડકૌલિક શ્રાવકને શીલ આદિનું પાલન અને આત્માને યાવત ભાવિત કરતાં કરતાં ચૌદ વર્ષ વીતી ગયાં. જ્યારે પંદરમું વર્ષ જતું હતું, ત્યારે કોઇ સમયે કુંડકૌલિક કામદેવની પેઠે મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપી પોષધશાળામાં ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારી વિચરવા લાગ્યો. એણે શ્રાવકની અગીઆર પ્રતિમાઓનું પાલન કર્યું, યાવત સૌધર્મકલ્પના અરૂણધ્વજ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. યાવત્ સમસ્ત કર્મોનો અંત કરશે–સિદ્ધ થશે. (૧૭૯).

**સાતમા અંગઉપાસકદશાના છઠ્ઠા અધ્યયનની અગારસંજીવની નામક વ્યાખ્યાનો ગુજરાતી–ભાષાનુવાદ સમાપ્ત. (૬)**

❀

## સદ્દાલપુત્ર કા વર્ણન

### સાતમું અધ્યયન.

**ટીકાર્થ–'पोलासपुरे'** ઇત્યાદિ પોલાસપુર નામનું નગર, સહસ્રામ્રવન ઉદ્યાન, અને જિતશત્રુ રાજા હતો. (૧૮૦). એ પોલાસપુર નગરમાં સદ્દાલપુત્ર નામનો કુંભાર રહેતો હતો. એ આજીવિક (ગોશાળ) ના મતનો અનુયાયી શ્રાવક હતો એ ગોશાળના સિદ્ધાન્તોમાં–અર્થને સાંભળવાથી લબ્ધાર્થ, અર્થને ધારણ કરવાથી ગૃહીતાર્થ, સંશયયુકત વિષયોનો પ્રશ્ન કરવાથી પૃષ્ટાર્થ, ઇત્થંભૂત અર્થની પ્રાપ્તિ થવાથી વિનિશ્ચિતાર્થ અને તે અર્થને જાણી લેવાથી અભિગતાર્થ હતો. એની રગ-રગમાં ગોશાળના સિદ્ધાન્તોનો પ્રેમ અને અનુરાગ ભર્યો હતો. "હે આયુષ્મન્! એ આજીવિક સિદ્ધાન્ત જ અર્થ છે, એ જ પરમાર્થ છે, અને બીજા બધા અનર્થ છે." એ પ્રમાણે આજીવિક મતે કરીને પોતાના આત્માને ભાવિત કરતો તે વિચરતો હતો. (૧૮૧)

**ટીકાર્થ– 'तस्स णं'**–ઇત્યાદિ આજીવિકના ઉપાસક સદ્દાલપુત્ર પાસે એક કરોડ સોનૈયા ખજાનામાં હતા, એક કરોડ વેપારમાં લગાડયા હતા અને એક કરોડ લેણુ–દેણુમાં રોકેલા હતા. તેની પાસે દશ હજાર ગોવર્ગનાં પશુઓનું એક ગોકુળ હતું. (૧૮૨). આજીવિકોપાસક સદ્દાલપુત્રને અગ્નિમિત્રા નામની પત્ની હતી. (૧૮૩) એ સદ્દાલપુત્રની પોલાસપુરની બહાર પાંચસો કુંભારની દુકાનો હતી. એ દુકાનોમાં કામકાજની ખૂબ ધમાલ રહેતી હતી કોઇને ભૃતિ (દ્રવ્યરૂપ), કોઇને ભોજન અને કોઇને વેતન આપવામાં આવતું હતું. તેઓ રોજ (પ્રભાત થતાંજ) જળ ભરવાના ઘડા, ગાડવા, થાળી, ઘડા, નાની ઘડીઓ, કળશ્યા, માટલાં, કૂંજા, તથા ઉષ્ટ્રિકા (તેલ આદિ ભરવાનાં મોટાં વાસણ) બનાવતા હતા. બીજા ઘણા ભૃતિ ભોજન અને વેતન લેનારાઓ રોજ પ્રભાતમાં ઘડા વગેરે દ્વારા સડકો પર બેસી આજીવિકા કમાતા હતા (૧૮૪)

## દેવ કા પ્રાદુભાવ (પ્રકટ) વર્ણન

**ટીકાર્થ–'तए णं'**–ઇત્યાદિ એ આજીવિકોપાસક સદ્દાલપુત્ર એકવાર બપોરને સમયે અશોકવનરાજિમાં ગયો. ત્યાં મંખલિપુત્ર ગોશાળની સમીપની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારી વિચરવા લાગ્યો. (૧૮૫). ત્યારબાદ સદ્દાલપુત્રની સામે એક દેવ પ્રકટ થયો. (૧૮૬). આકાશમાં રહીને નાની નાની ઘટડીઓવાળાં ઉત્તમ વસ્ત્રો પહેરીને તે તેને કહેવા લાગ્યોઃ "હે દેવાનુપ્રિય! અપ્રતિહત જ્ઞાન–દર્શનના ધારક, ભૂત–ભવિષ્ય–વર્તમાનના જ્ઞાતા, અર્હન્ત, જિન, કેવલી, સર્વદર્શી, ત્રણે લોક જેનું એકાગ્રરૂપે

ધ્યાન કરે છે, જેની વિધિપૂર્વક સ્તુતિ કરે છે, મન, વચન કાયાએ કરીને જેનો આદર કરે છે તેવા, અર્થાત્ દેવ, મનુષ્ય અને અસુરોના અર્ચનીય– 'અઢારે દોષોથી રહિત છે.' એ પ્રકારે વિશ્વાસનીય અથવા યથોચિત વાક્યરચનાદ્વારા પૂજનીય, વંદનીય, સત્કાર કરવા યોગ્ય, સન્માન કરવા યોગ્ય, કલ્યાણમય, મંગળમય, દેવ-સ્વરૂપ, કેવળ જ્ઞાનવાન્ યાવત પર્યુપાસના કરવા યોગ્ય, અવશ્ય ભાવી સત્ફળવાળી દેશના આદિ ક્રિયાઓની સમૃદ્ધિથી યુક્ત ×મહામાહન અહીં કાલે પધારશે; માટે તું એમને વંદના કરજે યાવત્ એમની પર્યુપાસના કરજે. પડિહારા (પાછાં લઇ દઇ શકાય એવાં) પીઠ, ફલકા, શય્યા, સંસ્તારક આદિને માટે ઉપનિમંત્રણા (વિનતિ) કરજે" દેવે બીજીવાર અને ત્રીજીવાર પણ એ જ વાત કહી. કહીને જ્યાંથી તે આવ્યો હતો ત્યાં તે ચાલ્યો ગયો. (૧૮૭).

×"મા મારો" એવો ઉપદેશ આપનારા માહન કહેવાય છે. મહાન માહનને મહામાહન કહે છે.

## સદ્દાલપુત્ર કા નિર્ગમન

**ટીકાર્થ–'તેણ ણં'**–ઇત્યાદિ દેવતાએ એમ કહેવાથી આજીવિકોપાસક સદ્દાલપુત્રે વિચાર્યું કે–એવા મહામાહન મારા ધર્માચાર્ય ધર્મોપદેશ મંખલિપુત્ર ગોશાલક જ છે. તે મહામાહન ઉત્પન્ન જ્ઞાન–દર્શનના ધારક યાવત્ અવશ્યંભાવી સત્ફલવાળી દેશનાદિ ક્રિયાઓથી યુક્ત છે. તે કાલે અહીં આવશે. હું વંદના કરીશ યાવત પર્યુપાસના કરીશ. પાછાં લઈ–દઈ શકાય એવાં પડિહારા પીઠ ફલક આદિ આપીશ." (૧૮૮). ત્યારબાદ બીજે દિવસે સૂર્યોદય થતાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ નીકળી યાવત્ તે પર્યુપાસના કરે છે. (૧૮૯).

## સદ્દાલપુત્ર ઔર ભગવાન કી વાર્તાલાપ કા વર્ણન

**ટીકાર્થ–'તણ ણં'**–ઇત્યાદિ સદ્દાલપુત્રે મહામાહનના પધારવાનો વૃત્તાંત સાંભળીને વિચાર્યું કે– શ્રમણ ભગવાન મહાવીર યાવત વિચરે છે તો હું એમને વંદના કરવા યાવત્ પર્યુપાસના કરવાને જઉં એમ વિચારી તેણે સ્નાન કર્યું અને યાવત કૌતુક (તિલકાદિ) મંગલ (દધિ અક્ષત આદિ રાખવાં.) આદિ કર્યાં. શુદ્ધ વસ્ત્ર અને બહુમૂલ્ય અલ્પભારવાળાં આભૂષણોથી શરીરને અલંકૃત કરી જનસમૂહથી વીંટળાઇ પોતાને ઘેરથી નીકળ્યો અને પોલાસપુર નગરની વચ્ચોવચ્ચ થઇને ચાલ્યો. પછી જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું અને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા. ત્યાંજ તે ગયો. જઇને જમણા ભાગથી ત્રણ પ્રદક્ષિણા કરી વંદના કરી, નમસ્કાર, કર્યા, યાવત્ પર્યુપાસના કરી. (૧૯૦) પછી શ્રમણ ભગવાન્ મહાવીરે એ મોટી પરિષદમાં આજીવિકોપાસક સદ્દાલપુત્રને ધર્મકથા કહી. (૧૯૧) "સદ્દાલપુત્ર!" એવા સંબોધને કરીને શ્રમણ ભગવાન મહાવીરે સદ્દાલપુત્રને કહ્યું: "હે સદ્દાલપુત્ર! કાલે તમે અશોકવનમાં યાવત વિચરતા હતા, ત્યારે એક દેવ તમારી પાસે આવ્યો હતો. તે દેવ

આકાશમાં રહીને બોલ્યો: " હે સદ્દાલપુત્ર " ઈત્યાદિ યાવત " તું પર્યુપાસને કરજે. " હે સદ્દાલપુત્ર ! શું એ વાત બરાબર છે ? " સદ્દાલપુત્રે કહ્યું: " હા, એ વાત બરાબર છે. " ભગવાને કહ્યું: " હે સદ્દાલપુત્ર ! એ દેવે મંખલિપુત્ર ગોશાળકને લક્ષ્ય કરીને કહ્યું ન હતું. " (૧૯૨). શ્રમણ ભગવાન મહાવીરની વાત સાંભળીને આજીવિકોપાસક સદ્દાલપુત્રે વિચાર્યું: " આ ઉત્પન્ન જ્ઞાન-દર્શનના ધારક યાવત્ તથ્ય-કર્મસંપદાથી અર્થાત્ પૂર્વભવમાં વીસ સ્થાનકોની આરાધના કરવાથી ઉપાર્જિત તીર્થંકરનામગોત્રના પ્રભાવથી થવાવાળા અશોક વૃક્ષાદિ આઠમહા પ્રતીહારથી યુકત શ્રમણ ભગવાન મહાવીર સ્વામી મહામાહન છે, માટે તેમને વંદના-નમસ્કાર કરી પડિહારા પીઠ ફલક આદિને માટે આમંત્રિત કરવા એ ઠીક છે. " એમ વિચારીને તે ઉઠયો અને શ્રમણ ભગવાન્ મહાવીરને વંદના નમસ્કાર કરીને બોલ્યો: " હે ભદન્ત ! પોલાસપુર નગરની બહાર મારી પાંચસો કુંભારની દુકાનો છે, ત્યાં આપ પડિહારા પીઠ યાવત સંસ્તારક ગ્રહણ કરીને વિચરો" (૧૯૩) શ્રમણ ભગવાન્ મહાવીરે સદ્દાલપુત્રની એ પ્રાર્થના સ્વીકારી અને સદ્દાલપુત્રની પાંચસો દુકાનોમાંથી પ્રાસુક, એષણીય અને પડિહારાં પીઠ ફલક શય્યા સંથારો ગ્રહણ કરીને વિચરવા લાગ્યા. (૧૯૪) ત્યારબાદ એકવાર આજીવિકોપાસક સદ્દાલપુત્ર, હવાથી જરા-તરા સુકાયલાં, કુંભાર-સંબંધી વાસણોને, અંદરની શાળામાંથી બહાર કાઢતો હતો, અને કાઢી કાઢીને ખૂબ સુકાવવા માટે તડકામાં મૂકતો હતો. (૧૯૫)

## પુરૂષાર્થ વિષયક ઉપદેશ

**ટીકાર્થ-'तए णं समणे'** ઈત્યાદિ શ્રમણ ભગવાન્ મહાવીરે આજીવિકોપાસક સદ્દાલપુત્રને કહ્યું: " હે સદ્દાલપુત્ર ! આ કુંભારનાં બનાવેલાં વાસણો કયાંથી આવ્યાં ? કેવી રીતે ઉત્પન્ન થયાં ?" (૧૯૬)

સદ્દાલપુત્રે કહ્યું: "ભદન્ત ! એ પહેલાં માટીરૂપે હતાં. પછી તેને પાણીમાં ભીંજવી, પછી ક્ષાર (રાખોડી) તથા કરીષની સાથે તેને મેળવી, પછી ચાક ઉપર ચઢાવી, એટલે કરક યાવત ઉષ્ટ્રિકા (વાસણ) બને છે." (૧૯૭).

ભગવાન્ મહાવીરે કહ્યું: "સદ્દાલપુત્ર! એ વાસણ યાવત્ પુરૂષકાર પરાક્રમથી બને છે કે ઉત્થાન વિના યાવત્ પુરૂષકાર--પરાક્રમ વિના બની જાય છે ?" (૧૯૮).

સદ્દાલપુત્ર ભગવાનના કથનનું રહસ્ય સમજી ગયો, પરંતુ પોતાના મતના ખંડનનો અને પરમતના સ્વીકારનો દોષ જાણીને ગોશાલકના મત (નિયતિવાદ)નીજ અનુમોદના કરતો બોલ્યો: " ભદન્ત ! એ ઉત્થાન વિના અને પુરૂષકાર પરાક્રમ વિના જ બની ગયાં છે. ઉત્થાન યાવત્ પુરૂષકાર પરાક્રમ તો છે જ નહિ. બધા પદાર્થો નિયતિથી જ થાય છે." (૧૯૯).

**टीकार्थ–'तए णं समणे'**–ઇત્યાદિ. શ્રમણ ભગવાન મહાવીર બોલ્યાઃ 'સદ્દાલપુત્ર ! જો કોઇ પુરૂષ હવાથી સુકાયલાં (કાચાં) વાસણને યા પાકેલાં વાસણને ચોરી લે, ફેંકી દે, ફોડી નાખે, જબરદસ્તીથી હાથમાંથી છોડાવી લે, બહાર લાવીને રાખે, અથવા તમારી અગ્નિમિત્રા ભાર્યાની સાથે મનમાન્યા ભોગ ભોગવે તો એ પુરુષને તમે કેવો દંડ દેશો ?"

સદ્દાલપુત્રે કહ્યુંઃ "ભદન્ત! હું એ પુરૂષને શાપ (ગાળ) દઉં, દંડાથી મારૂં, દોરડા આદિથી બાંધું, પગતળે ચગદું, ધિક્કારૂં, થપ્પડ લગાવું, ચામડી પકડીને ખેંચું યા ધન લૂંટી લઉં, ખરાબ શબ્દોથી ફીટકારૂં, ત્યાં સુધી કે હું તેનો પ્રાણ પણ લઉં."

ભગવાન સદ્દાલપુત્રના મુખથી જ પુરૂષકારનું સમર્થન કરાવીને તેના પક્ષનું ખંડન કરવાને બોલ્યાઃ "સદ્દાલપુત્ર! તમારી માન્યતા અનુસાર ન કોઇ પુરૂષ હવાથી સુકાયલાં કાચાં યા પાકાં વાસણને ચોરે છે, ન યાવત્ બહાર ફેંકે છે, અને ન અગ્નિમિત્રા ભાર્યાની સાથે કોઇ વિષય ભોગવે છે, ન તમે તે પુરૂષને શાપ દો છો, ન મારો છો, ન યાવત અસમયે પ્રાણ લો છો. કારણ કે ઉત્થાન યાવત પુરૂષકાર તો છેજ નહિ. જે કાંઇ થાય છે તે પોતાની મેળે ભવિતવ્યતાથીજ થાય છે. અને જો કોઇ પુરૂષ તમારાં કાચાં યા પાકાં વાસણને ચોરે ફોડે યાવત બહાર ફેંકી દે, યા અગ્નિમિત્રા ભાર્યાની સાથે વિષય ભોગવે, અને તમે તેને શાપ દો, યાવત મારી નાંખો, તો તમારૂં એ કથન મિથ્યા છે કે "ઉત્થાન યાવત પુરૂષાર્થ કશું છેજ નહિ, બધું ભવિતવ્યતાથી જ થઇ જાય છે." (૨૦૦).

## સદ્દાલપુત્ર કે વ્રતધારણ કા વર્ણન

**टीकार्थ–'एत्थ णं'**–ઇત્યાદિ. એટલો વાર્તાલાપ થતાં આજીવિકોપાસક સદ્દાલપુત્રને પ્રતિબોધ થયો. (૨૦૧). તેણે શ્રમણ ભગવાન મહાવીરને વંદના નમસ્કાર કર્યા અને કહ્યુંઃ "ભદન્ત! આપની પાસેથી ધર્મનું સ્વરૂપ સાંભળવા ઇચ્છું છું." (૨૦૨). એટલે શ્રમણ ભગવાન મહાવીરે આજીવિકોપાસક સદ્દાલપુત્રને ધર્મોપદેશ આપ્યો. (૨૦૩). ધર્મોપદેશ સાંભળીને સદ્દાલપુત્ર મનમાં ખૂબ પ્રસન્ન થયો અને આનંદ શ્રાવકની પેઠે તેણે ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો. આનંદ કરતાં સદ્દાલપુત્રમાં એટલો તફાવત સમજવો કે તેની પાસે એક કરોડ સોનૈયા ખજાનામાં હતા, એક કરોડ વેપારમાં અને એક કરોડ લેણદેણમાં રોકાયલા હતા. તેની પાસે દસ હજાર ગોવર્ગીય પશુઓનુ એક ગોકુળ હતું. યાવત સદ્દાલપુત્રે શ્રમણ ભગવાન મહાવીરને વંદના–નમસ્કાર કર્યાં, અને પોલાસપુર નગરની તરફ તે ચાલ્યો ગયો. નગરની વચ્ચોવચ્ચ થઇને જ્યાં પોતાનું ઘર હતું, જ્યાં અગ્નિમિત્રા ભાર્યા હતી, ત્યાં તે આવ્યો, અગ્નિમિત્રાને કહેવા લાગ્યોઃ "હે દેવાનુપ્રિયે! શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા છે, માટે તમે જાઓ, અને શ્રી શ્રમણ ભગવાન મહાવીરપ્રભુને વંદના નમસ્કાર કરો યાવત્ તેમની પર્યુપાસના કરો, અને તેઓશ્રીની પાસેથી પાંચ અણુવ્રત તથા સાત શિક્ષાવ્રત, એ રીતે બાર પ્રકારનો ગૃહસ્થધર્મ સ્વીકારો" (૨૦૪). અગ્નિમિત્રાએ સદ્દાલપુત્રના કથનને 'તથેતિ' (બરાબર છે) એમ કહીને વિનયપૂર્વક સ્વીકાર્યું. (૨૦૫).

## ધાર્મિક વ્રત કા વર્ણન

**ટીકાર્થ—'तए णं से'—** ઇત્યાદિ. પછી સદ્દાલપુત્ર શ્રાવકે પોતાના કુટુંબી પુરૂષો (સેવકો)ને બોલાવ્યા અને કહ્યું: "હે દેવાનુપ્રિય! ઉતાવળે ચાલનારા, સમાન ખરીઓ અને પૂંછડાવાળા, એકજ રંગના, ભાતભાતના રંગોથી રંગેલા શીંગડાંવાળા, ગળામાં સોનાનાં (સોનેરી) ઘરેણાં તથા સોનાનાં જોતરથી યુક્ત, ચાંદીની ઘંટડીઓ પહેરેલાં, જેના નાકમાં સોનેરી સૂતરની પાતળી નથ હોય, એ નથ પકડીને ચલાવનારાઓ સહિત, નીલકમળથી બનવેલા આપીડ (મસ્તકનાં ઘરેણાં) થી યુક્ત બે બળદ જેમાં જોડેલા હોય, અને જે અનેક પ્રકારના મણીઓ તથા સુવર્ણની અનેક ઘંટડીઓથી યુક્ત હોય, જેનું ધૂસરૂં ઉત્તમ લાકડાનું બનાવેલું હોય, એકદમ સીધો, ઉત્તમ અને સારી બનાવટવાળો હોય, જે ઉત્તમોત્તમ લક્ષણોથી સહિત હોય, એવો એક ધાર્મિક શ્રેષ્ઠ રથ હાજર કરો, અને હાજર કરીને મને ખબર આપો." (૨૦૬).

## અગ્નિમિત્રા કા પર્યુપાસના કા વર્ણન

સેવકોએ એ પ્રમાણે કર્યું અને ખબર આપી. (૨૦૭) પછી અગ્નિમિત્રા ભાર્યાએ સ્નાન કર્યું, બલિકર્મ (નૈત્યિક કર્મ) કર્યું, અર્થાત્ પામર પ્રાણીઓને યથાશકિત અન્નદાન આપ્યું, તથા કાજલ તિલક આદિ કૌતુક અને દુઃસ્વપ્નાદિના નાશક હોઈને પ્રાયશ્ચિત્તસ્વરૂપ દધિઅક્ષત ચંદનકુંકુમ આદિ મંગલ કર્યું, શુદ્ધ ઉત્તમવસ્ત્રો ધારણ કર્યા, થોડા ભારવાળાં મૂલ્યવાન્ અલંકારોથી શરીરને અલંકૃત કર્યું, પછી દાસીઓના સમૂહથી વીંટળાઇને અગ્નિમિત્રા રથ પર સવાર થઈ. તે એવી રીતે પોલાસપુર નગરની વચ્ચે થઇને નીકળી અને સહસ્રાગ્રવન ઉદ્યાને પહોંચી. તે ત્યાં રથમાંથી નીચે ઉતરી અને દાસીઓથી વીંટળાઇને શ્રમણ ભગવાન મહાવીરની સમીપે આવી, શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા કરીને વંદના નમસ્કાર કર્યા, અને ન બહુ દૂર તથા ન બહુ નજીક એમ યથાયોગ્ય સ્થાને હાથ જોડીને ઉભી ઉભી પર્યુપાસના કરવા લાગી. મિથિલા અને બંગાળ આદિ પ્રાન્તોમાં નિષ્ઠાવાન બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય પ્રતિદિન સ્નાન કરીને **"देवा मनुष्याः पशवो वयांसि"** ઇત્યાદિ વાક્ય બોલી, દેવ મનુષ્ય પશુ પક્ષી આદિને માટે કાચા ચોખાનું દાન કરતા હજી પણ જોવામાં આવે છે. તેને એ પ્રાન્તોમાં 'બલિકર્મ' જ કહેવામાં આવે છે. એમ હોવા છતાં પણ બલિકર્મનો અર્થ "ગૃહદેવતાની પૂજા કરવી" એમ કહેવો એ કેટલું નિસ્સાર છે, એ વિષે નિષ્પક્ષ વિદ્વાનજ સાક્ષી છે. **"भागधेयः करो बलिः"** ઈત્યાદિ કોષ આદિથી 'બાલ'નો અર્થ 'ભાગ'જ સિદ્ધ થાય છે, દેવપૂજા નહિં. (૨૦૮)

## અગ્નિમિત્રા કા ધર્મશ્રદધા કા વર્ણન

**ટીકાર્થ-'तए णं से'**-ઇત્યાદિ શ્રમણ ભગવાન મહાવીરે એ મોટી પરિષદમાં અગ્નિમિત્રાને ધર્મનો ઉપદેશ આપ્યો. (૨૦૯) અગ્નિમિત્રા શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળીને હૃષ્ટતુષ્ટ થઇ. તે વંદન-નમસ્કાર કરીને કહેવા લાગી. "ભદન્ત! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધાન કરૂં છું યાવત્ આપ જે કહો છો તે યથાર્થ છે. આપ દેવાનુપ્રિયની પાસે ઘણા ઉગ્રવંશી, ભોગવંશી યાવત્ દીક્ષા ગ્રહણ કરી ચૂકયા છે, એ પ્રમાણે આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત થઇને દીક્ષા લેવાની મારામાં શકિત નથી, એટલે હું આપ દેવાનુપ્રિયની સમીપે પાંચ અણુવ્રત તથા સાત શિક્ષાવ્રત-એ પ્રમાણે બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ સ્વીકારૂં છું." ભગવાને કહ્યું: "હે દેવાનુપ્રિયે! જેવી ઇચ્છા હોય તેમ કરો, તેમાં વિલંબ ન કરો." (૨૧૦) અગ્નિમિત્રાએ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત, એમ બાર પ્રકારનો ગૃહસ્થધર્મ સ્વીકાર્યો. શ્રમણ ભગવાન મહાવીરને વંદના નમસ્કાર કરીને તે પેલા ધાર્મિક રથમાં બેઠી અને જ્યાંથી આવી હતી ત્યાં પાછી ફરી. (૨૧૧).

## અગ્નિમિત્રા કે વ્રતધારણ કા વર્ણન

ત્યારપછી કોઇ સમયે શ્રમણ ભગવાન મહાવીર પોલાસપુરના સહસ્રામ્રવન ઉદ્યાનથી નીકળ્યા અને બહાર દેશેદેશ વિહાર કરવા લાગ્યા. (૨૧૨). અને શ્રમણોપાસક શકડાલપુત્ર જીવ અજીવનો જાણકાર યાવત્ વિચરવા લાગ્યો. (૨૧૩).

જ્યારે મંખલિપુત્ર ગોશાલકે એ વૃત્તાંત સાંભળ્યો કે શકડાલપુત્રે આજીવિક મતનો ત્યાગ કરીને નિર્ગ્રંથ શ્રમણનો મત અંગીકાર કરી લીધો છે, ત્યારે તેણે વિચાર્યું: "હું જઉં અને આજીવિકોપાસક શકડાલપુત્રને નિર્ગ્રન્થ શ્રમણનો મત છોડાવીને પાછો આજીવિક મતનો અનુયાયી બનાવું." એમ વિચારીને તે આજીવિક સંઘથી વિંટળાઇ, પોલાસપુરમાં જ્યાં આજીવિક સભા હતી ત્યાં આવ્યો તેણે આજીવિક સભામાં પોતાનાં પાત્ર -ઉપકરણાદિ મૂકયાં અને કેટલાક આજીવિકોની સાથે તે શકડાલપુત્રની પાસે આવ્યો.(૨૧૪).

## સદ્દાલપુત્ર ઔર ગોશાલક કી વાર્તાલાપ કા વર્ણન

**ટીકાર્થ-'तए णं से'** ઇત્યાદિ શકડાલપુત્ર શ્રાવકે મંખલિપુત્ર ગોશાલને આવતો જોયો. જોઈને તેણે તેનો આદર ન કર્યો કે પરિજ્ઞાન પણ ન કર્યું-ચૂપચાપ બેસી રહ્યો. (૨૧૫). જ્યારે ગોશાલે જોયુ કે મારો આદર કરતો નથી કે પરિજ્ઞાન

પણ કરતો નથી, એટલે પીઠ, ફલક, શય્યા અને સંથારો પ્રાપ્ત કરવાને માટે શ્રમણ ભગવાન મહાવીરના ગુણોનાં વખાણ કરતાં તે કહેવા લાગ્યો:—

**ગોશાલ:**— "દેવાનુપ્રિય! અહીં શું મહામાહન પધાર્યા હતા?" (૨૧૬).

**શકડાલપુત્ર:**—"દેવાનુપ્રિય! આપ કયા મહામાહનના સંબંધમાં પૂછી રહ્યા છો? (૨૧૭).

**ગોશાલ**—"શ્રમણ ભગવાન્ મહાવીર મહામાહન."

**શકડાલપુત્ર**—"દેવાનુપ્રિય! આપ શ્રમણ ભગવાન મહાવીરને કેવાઅભિપ્રાયે કરીને મહામાહન કહો છો?"

**ગોશાલ**—"શકડાલપુત્ર! શ્રમણ ભગવાન મહાવીર મહામાહન છે, કેવલ-જ્ઞાન કેવલદર્શનના ધારક યાવત્ મહિત – પૂજિત યાવત્ સત્ફલ–પ્રદાન કરનારા કર્તવ્યરૂપી સંપત્તિથી યુક્ત છે. એ અભિપ્રાયે કરીને હું કહું છું કે શ્રમણ ભગવાન મહાવીર મહામાહન છે. દેવાનુપ્રિય! શું મહાગોપ (ગાયો અર્થાત પ્રાણીઓના રક્ષકોમાં સૌથી મોટા) આવ્યા હતા?"

**શકડાલપુત્ર**—"દેવાનુપ્રિય! મહાગોપ કોણ?

**ગોશાલ**—"શ્રમણ ભગવાન મહાવીર મહાગોપ છે."

**શકડાલપુત્ર**—"આપ શ્રમણ ભગવાન મહાવીરને કેવા અભિપ્રાયે કરીને મહાગોપ કહો છો?"

**ગોશાલ**—"દેવાનુપ્રિય! આ સંસારરૂપી વિકટ અટવી (વન)માં કષાય-વશ થઈને પ્રવચનમાર્ગથી ભ્રષ્ટ થનારા, પ્રતિક્ષણે મરનારા, મૃગ આદિ ડરપોક યોનિઓમાં ઉત્પન્ન થઈ હિંસક વ્યાઘ્ર આદિનું ભક્ષ્ય થનારા, મનુષ્ય આદિ યોનિઓ-માં ઉત્પન્ન થયાં છતાં પણ યુદ્ધ આદિમાં કપાઈ મરનારા, બાણ આદિથી વીંધાઈ જનારા, કલહ વ્યભિચાર અગર ચોરી આદિ કરીને નાક–કાન કપાવી અંગહીન બનાવી દેવાનારા તથા અત્યંત વિકલાંગ કરવામાં આવનારા, અથવા ધનાદિથી લુંટાઈ ગએલા ઘણા જીવોને, ધર્મમય દંડાથી સંરક્ષણ કરતા ગોપન કરતા નિર્વાણ (મોક્ષ) રૂપી વાડામાં પોતાના હાથથી પ્રવેશ કરાવનારા–જેમ ગોવાળ ગાયોની રક્ષા કરતાં સાંજને સમયે પોતે તેમને વાડામાં પહોંચાડી દે છે તેમ પોતે સંસારી જીવોને નિર્વાણરૂપી વાડામાં પહોંચાડનારો –શ્રમણ ભગવાન મહાવીર છે, એ અભિપ્રાયે કરીને હું એમને મહાગોપ કહું છું.

**ગોશાળ**—શું અહીં મહાસાર્થવાહ આવ્યા હતા?"

**શકડાલપુત્ર**—"મહાસાર્થવાહ કોણ?"

**ગોશાળ**—શકડાલપુત્ર! શ્રમણ ભગવાન મહાવીર મહાસાર્થવાહ."

**શકડાલપુત્ર**—"કયા અભિપ્રાયે કરીને આપ એમને મહાસાર્થવાહ કહો છો?"

**ગોશાળ**—દેવાનુપ્રિય! શ્રમણ ભગવાન મહાવીર સંસારરૂપી અટવીમાં નષ્ટ–ભ્રષ્ટ યાવત્ વિકલાંગ કરવામાં આવનારા ઘણા જીવોને ધર્મમાર્ગ બતાવી એમનું સંરક્ષણ કરે છે, અને પોતે મોક્ષરૂપી મહાન નગરની તરફ ઉન્મુખ કરે છે. એ અભિપ્રાયે કરીને હું એમને મહાસાર્થવાહ કહું છું.

**ગોશાળ**—હે દેવાનુંપ્રિય! મહાધર્મકથી આવ્યા હતા?"

**શકડાલપુત્ર**—હે દેવાનુંપ્રિય! મહાધર્મકથી કોણ?"

**ગોશાળ**—"શ્રમણ ભગવાન મહાવીર મહાધર્મકથી."

**શકડાલપુત્ર**—"શ્રમણ ભગવાનમહાવીરને મહાધર્મકથી કયા અભિપ્રાયે કરીને કહો છો?"

**ગોશાળ**—"હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવાન મહાવીર આ વિશાળ સંસારમાં ઘણા નષ્ટ વિનષ્ટ, (મિથ્યા મત) મા ગમન કરનારા, સુમાર્ગ (જિન-મત) થી પાછાહઠેલા, મિથ્યાત્વ ના પ્રબળ ઉદયથી પરાધીન, આઠ પ્રકારનાં કર્મરૂપી અંધકાર સહમૂથી ઢંકાયેલા જીવોને ઘણા અર્થો યાવત વ્યાકરણો (પ્રશ્નોત્તરો)થી (પ્રતીબોધ દઈને) ચાર ગતિવાળા સંસારરૂપી દુર્ગમ માર્ગથી પાર લગાડે છે. એ અભીપ્રાયે કરીને એમને મહાધર્મકથી ધર્મના મહાનઉપદેશક) કહું છું.

**ગોશાળ**-- દેવાનુપ્રિય ! અહીં શું મહાનિયામક આવ્યા હતા ?,,

**શકડાલપુત્ર**—"દેવાનુપ્રિય ! કોણ મહાનિયામક ?"

**ગોશાળ**— "શ્રમણ ભગવાન મહાવીર મહાનિયામક."

**શકડાલપુત્ર**—"કયા અભીપ્રાયે કરીને આપ શ્રમણ ભગવાન મહાવીરને મહાનિયામક કહો છો?"

**ગોશાળ**--" દેવાનુપ્રિય ! શ્રમણ ભગવાન મહાવીર, સંસારરૂપી મહાન્ સમુદ્રમાં નષ્ટ વિનષ્ટ થનારા, ડુબનારા, વારંવાર ગોથાં ખાનારા, તથા તણાઇ જનારા ઘણા જીવોને ધર્મરૂપી નૌકાએ કરીને નિર્વાણરૂપ કિનારાની તરફ લઇ જાય છે, એટલા માટે શ્રમણ ભગવાન મહાવીરને મહાનિર્યામક કહ્યા છે."( ૨૧૮ ).

**ટીકાર્થ**—'**तए णं से**' ઈત્યાદિ પછી શકડાલપુત્ર શ્રમણોપાસક મંખલીપુત્ર ગોશાળકને કહેવા લાગ્યો: "હે દેવાનુપ્રિય ! આપ જે કહોછો, તે બરાબર છે. આપ અવસરના જાણકાર (યાવત્-શબ્દથી), શીઘ્ર કાર્ય કરી નાખનારા, સારા વાગ્મી (વાણીના ચતુર), નિપુણ (સૂક્ષ્મદર્શી), નીતી અને ઉપદેશને જાણવાવાળા અને સારી પેઠે જ્ઞાન પ્રાપ્ત કરેલા છો; શું આપ મારા ધર્માચાર્ય ધર્મોપદેશક ભગવાન્ મહાવીરની સાથે વિવાદ (ધર્મચર્ચા) કરવા સમર્થ છો?"

**ગોશાળ**--" ના, એમ નથી."

**શકડાલપુત્ર**—"દેવાનુપ્રિય ! કયા હેતુથી આપ એમ કહો છો ? શું આપ મારા ધર્માચાર્ય યાવત્ ભગવાન્ મહાવીરની સાથે વિવાદ કરવામાં અસમર્થ છો?"

**ગોશાળ**—" જેમ અજ્ઞાત નામવાળો કોઇ પુરૂષ તરૂણ છે, બળવાન્ છે, યુગવાન્ અર્થાત્ શુભ મુહૂર્તવાળોછે, કેમકે શુભ મુહૂર્ત બળવૃદ્ધિ કરવાવાળુ છે;' યાવત શબ્દથી-" યુવા (જુવાન) નીરોગી હોય, જેનો પોંચો કંપતો ન હોય, સ્થિર હોય, જેના હાથ-પગ મજબૂત હેય. જેનાં પડખાં, પીઠનો વચલો ભાગ તથ જાંઘો ખૂબ બળવાન્ હોય, લોઢાના દંડાના જેવી લાંબી અને વિશાળ ભુજાઓવાળો, દૃઢ, માંસલ, તળાવની પાળ જેવી ગોળ ગોળ ખાંધોવાળો, ઈંટોના ટુકડાથી ભરેલા ચામડાના કુપ્પા, મુદ્ગર, મુઠી જેવો ચામડાના દોરડાથી બાંધેલો પત્થરનો ગોળા વગેરેથી વ્યાયામ કરતી વખતે ખૂબ તાડિત કરવાથી (મારવાથી) જેનું શરીર

તેના ચિહ્નો થી વ્યાપ્ત હોય, દોડવાકૂદવામાં તથા અત્યંત વેગવાળાના વ્યાયામમાં ચતુર અને આંતરિક સામર્થ્યવાળો હોય, તથા છેક, દક્ષ, આરંભેલા કાર્યને પૂરું કરનારો, વિચારશીલ, મેધાવી અર્થાત્ કોઇ વાતના સારાંશને એકદમ સમજી લેનારો, નિપુણ ( પ્રયત્ન કરનારો ) અને અત્યંત કલાકૌશલનો જાણકાર હોય; એવો બળવાન્ મનુષ્ય એક મોટાબકરાને,મેંઢાને, સુઅરને, મુરઘાને, તેતરને, વર્તકને, લાવકને, કબૂતરને, કપિંજલને, કાગડાને અથવા બાજને, હાથ, પગ, ખરી, પૂંછ પાંખ, સીંગ, દાંત વાળ,-જ્યાંથી પકડે છે ત્યાંજ નિશ્ચલ અને નિઃસ્પન્દ ( નિષ્કમ્પ ) દબાવી દે છે. તેને જરાય આમતેમ ચસકવા દેતો નથી. એ પ્રમાણે શ્રમણ ભગવાન્ મહાવીર ઘણા અર્થો અને હેતુઓ યાવત્ વ્યાકરણોથી-જ્યાં હું કાંઇ પ્રશ્ન કરું છું ત્યાંજ-મને નિરૂત્તર બનાવી દે છે. સદ્દાલપુત્ર! એટલા માટેજ હું કહું છું કે તમારા ધર્માચાર્ય યાવત્ મહાવીરને સાથે વિવાદ ( શાસ્ત્રાર્થ ) કરવામાં હું સમર્થ નથી.

## સદ્દાલપુત્ર કી ધર્મ દ્રઢતા કા વર્ણન

**ટીકાર્થઃ—'तए णं से'** ઇત્યાદિ પછી શકડાલપુત્ર શ્રમણોપાસકે મંખલિપુત્ર ગોશાળને કહ્યું: " દેવાનુપ્રિય! આપ મારા ધર્માચાર્ય યાવત્ ભગવાન્ મહાવીરના યથાર્થ તત્વોથી તેમજ વાસ્તવિકતાથી ગુણોનું કીર્તન કરો છો, તેથી હું આપને પ્રતિહારિક પીઠ યાવત્ સંથારો આપું છું તેને ધર્મ કે તપ સમજીને નથી અપતો. તેથી આપ જાઓ અને મારી કુંભકારીની દુકાનોમાંથી પ્રાતિહારિક (પરોડિહારા-પાછાં આપી દેવાય તેવાં ) પીઠ ફલક આદિ લઇલ્યો ( ૨૨૦ ) મંખલિપુત્ર ગોશાળ શ્રમણોપાસક શકડાલપુત્રની એ વાત સાંભળીને તેની દુકાનોમાંથી પડીહારાં પીઠ યાવત્ ગ્રહણ કરી વિચરવા લાગ્યો. (૨૨૧) ત્યારપછી ગોશાળ મંખલિપુત્ર જ્યારે સામાન્ય વાતોથી, વિવિ પ્રકારની પ્રરૂપણાઓથી. પ્રતિબોધક વાકયોથી અને અનુનય-વિનય (સ્વાર્થમય વિનય) કરીને શકડાલપુત્ર શ્રાવકને નિર્ગ્રન્થ પ્રવચનથી ડગાવવા, ક્ષુબ્ધ કરવા યાવત્ પરિણામે પલટાવવામાં અસમર્થ રહ્યો ત્યારે શાન્ત, ઉદાસ અને ગ્લાન (નિરાશ) થઇને પોલાસપુર નગરથી નીકળ્યો અને બહાર દેશેદેશ વિચરવા લાગ્યો. (૨૨૨)

**ટીકાર્થ–'तए णं'** ઇત્યાદિ. એ પ્રમાણે શકડાલપુત્ર શ્રાવકને વિવિધ પ્રકારનાં શીલ આદિ પાલન કરતાં યાવત્ આત્માને ભાવિત (સંસ્કારયુક્ત) બનાવતાં ચૌદ વર્ષ વ્યતીત થઇ ગયાં. પંદરમું વર્ષ જ્યારે ચાલતું હતું, ત્યારે પૂર્વ રાત્રિના ઉત્તરાર્ધ ભાગમાં યાવત્ પૌષધશાળામાં શ્રમણ ભગવાન મહાવીરની અતિનિકટની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને શકડાલપુત્ર વિચરવા લાગ્યો. (૨૨૩) પછી પૂર્વ રાત્રિના ઉત્તરાર્ધ કાળે તેની સમીપે એક દેવતા આવ્યો. (૨૨૪). તે દેવ નીલ કમળના જેવી યાવત્ તલવાર લઇને તેને કહેવા લાગ્યો ચુલનીપિતા શ્રાવકની પેઠે તે દેવતાએ બધા ઉપસર્ગો કર્યા. વિશેષતા એટલી જ હતી કે તેણે શકડાલપુત્રના પ્રત્યેક પુત્રના માંસના નવ—નવ ટુકડા કર્યા, યાવત્ સૌથી નાના પુત્રને પણ મારી નાખ્યો, અને શકડાલપુત્રના પર માંસ–લોહી છાંટ્યાં. (૨૨૫) તોપણ શકડાલપુત્ર શ્રામણોપાસક નિર્ભય યાવત્ વિચરતો રહયો. (૨૨૬). દેવતાએ એને નિર્ભય જોઇને ચોથી વાર પણ કહયું. "હે શકડાલપુત્ર શ્રાવક ! મોતને ચાહનારા ! યાવત તું શીલ આદિનો ભંગ નહિ કરે, તો તારી આ ધર્મમાં સહાયતા દેનારી, ધર્મની વૈદ્ય અર્થાત્ ધર્મને સુરક્ષિત રાખનારી ધર્મના અનુરાગથી રંગાયલી, દુઃખ સુખમાં સમાનરૂપે સહાયતા કરનારી જે અગ્નિમિત્રા ભાર્યા છે તેને તારે ઘેરથી લાવું છું, અને તારી જ સામે તેનો ઘાત કરૂં છું એને મારીને નવ ટુકડા કરીશ અને આંધણથી ભરેલી કઢાઇમાં ઉકાળીશ. પછી એ માંસ અને લોહી તારા શરીરે છાંટીશ, જેથી તું અત્યંત દુઃખિત થઇને યાવત્ મરી જઇશ." (૨૨૭) દેવતાની આવી અત્યંત ભયંકર વાત સાંભળીને પણ શકડાલપુત્ર ભયભીત ન થયો યાવત્ વિચરતો રહયો (૨૨૮) ત્યારે દેવતાએ બીજીવાર અને ત્રીજીવાર પણ એજ વાત કહી. એ પ્રમાણે એ દેવતાએ બે ત્રણ વાર કહ્યા છતાં શકડાલપુત્ર શ્રાવકે મનમાં વિચાર્યું, કે જે પ્રમાણે ચુલનીપિતાએ વિચાર્યું હતું કે, "એણે મારા મોટા, વચ્ચેટ અને નાના પુત્રને મારી નાખ્યો મારા શરીરે લોહી માંસ છાંટ્યાં હવે મારી અગ્નિમિત્રા ભાર્યા કે જે મારા સુખદુઃખમા સમાન રૂપે સહાયક છે. તેને પણ ઘેરથી લાવીને મારી જ સામે મારી નાખવા ઇચ્છે છે. એ પુરૂષને પકડી લેવો એ જ ઠીક છે. એમ વિચારીને તે ઉઠયો. આગળની કથા બધી ચુલનીપિતાની પેઠેજ છે. વિશેષતા એ છે કે–એનો કોલાહલ એની પત્ની અગ્નિમિત્રાએ સાંભળ્યો અને અગ્નિમિત્રાએ જ બધી વાતો કહી. બાકીની બધી વાતો ચુલની પિતાની પેઠે જ સમજવી. વિશેષતા એટલી છે કે શકડાલપુત્ર અરૂણભૂત વિમાનમાં ઉત્પન્ન થઇને યાવત્ મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે. (૨૩૦)

નિક્ષેપ પૂર્વવત

**સાતમા અંગઉપાસકદશાના સાતમા અધ્યયનની અગારસંજીવની નામક વ્યાખ્યાનો ગુજરાતી–ભાષાનુવાદ સમાપ્ત. (૭)**

## આઠમું અધ્યયન.

**ટીકાર્થ–'अट्ठमस्स उक्खेवो'** ઈત્યાદિ આઠમાં અધ્યયનનો ઉત્ક્ષેપ પૂર્વવત્ જંબૂ સ્વામીએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં સુધર્માસ્વામી કહેવા લાગ્યાઃ- જંબૂ ! એ કાળે એ સમયે રાજગૃહ નગર, ગુણશીલ ચૈત્ય અને શ્રેણિક રાજા હતો. (૨૩૧) એ રાજગૃહમાં મહાશતક નામક ગથાપતિ રહેતો હતો. એ આઢય (યાવત્) તેમજ અનંદ શ્રાવકની પેઠે બધાં વિશેષણોવાળો હતો. તેની પાસે કાંસાના એક વાસણથી માપેલ આઠ કરોડ સોનૈયા ખજાનામાં, આઠ કરોડ વેપારમાં અને આઠ કરોડ લેણ-દેણમાં રોકેલા હતા. દસ દસ હજાર ગોવર્ગીયપશુઓનાં આઠ ગોકુળ હતાં (૨૩૨) તેને રેવતી આદી તેર યથાયોગ્ય (પૂર્ણ) અંગવાળી યાવત્ સુંદર સ્ત્રિઓ હતી. (૨૨૩) રેવતીના આઠ કરોડ સોનૈયા તેના પિયરના હતા, અને આઠ ગોકુળ દસ-દસ હજાર ગોવર્ગીય પશુઓનાં હતાં. બાકીની બાર સ્ત્રિઓના એક-એક કરોડ સોનૈયા અને એક-એક ગોકુળ પિયરનાં હતાં. (૨૩૪) એ કાળે એ સમયે મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ્ નીકળી મહાશતક પણ આનંદ શ્રાવકની પેઠે નીકળ્યો અને એ પ્રમાણે તેણે ગૃહસ્થધર્મ સ્વીકાર્યો. વિશેષતા એ છે કે તેણે કાંસાના વાસણથી માપેલા આઠ-આઠ કરોડ સોનૈયા ખજાના આદિમાં તથા આઠ ગોકુળ રાખવાની મર્યાદા કરી. રેવતી આદિ તેર સ્ત્રીઓ સિવાયની બીજી સ્ત્રિઓ સાથે મૈથુન કરવાનો ત્યાગ કર્યો. બાકી બધું આનંદની પેઠે સમજવું. એણે એ પ્રમાણે અભિગ્રહ પણ લીધો કે "પ્રતિદિન બે દ્રોણ (ચાર આઢકનો એક દ્રોણ થાય છે) વાળા, સોનૈયાથી પૂર્ણ કાંસાના પાત્રથી વ્યવહાર કરીશ. એથી વધારે નહિ." (૨૩૫) પછી મહાશતક જીવ-અજીવનો જાણકાર શ્રાવક થઇ ગયો યાવત્ આત્માને ભાવિત કરતો વિચરવા લાગ્યો. (૨૩૬) પછી શ્રમણ ભગવાન્ મહાવીર પણ યત્ર-તત્ર દેશોમાં વિચરવા લાગ્યા. (૨૩૭)

## રેવતી કે દુર્ભાવ કા વર્ણન

ત્યારબાદ ગાથાપત્ની રેવતીને પૂર્વરાત્રીના ઉત્તરાર્ધ ભાગમાં કુટુંબ જાગરણ જાગતાં એ પ્રકારનો વિચાર થયો કે "આ બારે શોકયોના વિઘાત (વિઘ્ન) ને લીધે મહાશતક ગાથાપતિની સાથે હું મનમાન્યા ભોગ ભોગવી શકતી નથી; માટે એ બારે શોકયોને અગ્નિ, શસ્ત્ર યા વિષના પ્રયોગથી મારીને અને એ પ્રત્યેકના એક-એક કરોડ સોનૈયા તથા એક-એક ગોકુળ હું પોતે લઈને મહાશતક ગાથાપતિની સાથે મનમાન્યા ભોગ ભોગવી વિચરૂં તો બહુ સારૂં." એમ વિચારી તે બારે શોકયોનાં અંતર છિદ્ર વિરહ શોધવા લાગી. (૨૩૮) પછી રેવતીએ બારે શોકયોનો લાગ જોઇ અને તેમાંની છ ને શસ્ત્રથી તથા છને વિષ દઈને મારી નાંખી. પછી તેમના પિયરના એક-એક કરોડ સોનૈયા અને એક-એક ગોકુળ પોતે લઇ લીધાં. અને પછી તે મહાશતક ગાથાપતિની સાથે ખૂબ કામભોગ ભોગવતી વિચરવા લાગી. (૨૩૯)

**ટીકાર્થ–'तए णं सा'**–ઇત્યાદિ માંસમાં લોલુપ, માંસભક્ષણના દોષો ન જાણીને તેમાં મૂર્છિત, કોઇ વાર પણ માંસ ભક્ષણથી તૃપ્ત ન થનારી, અંગેઅંગમાં માંસ-ભક્ષણના અનુરાગથી ભરેલી, માંસભક્ષણનો જ સદા વિચાર કરતી રહેનારી એ ગાથા-પતિની રેવતી, અનેક પ્રકારનાં તળેલાં અને ભૂંજેલા માંસ તેમજ માંસના ટુકડા સાથે –ગોળ આટો આદિ મેળવીને બનાવેલી. મહુડાંમાંથી બનાવેલી (સુરા), તથા શેરડી આદિમાંથી બનેલા 'આસ્રવ' નામના અપરિપકવ મદ્ય, તાડી, ખજૂર ધાતકી (ધાવડી) આદિમાંથી બનાવેલા મદ્ય, સીંધુ (દારૂનો કલ્ક) તથા સુગંધયુકત દારૂનું ખૂબ આસ્વાદન કરવા લાગી. ૪.

કોષોમાં સુરા અને મદ્યને પર્યાયવાચી કહ્યા છે, તો પણ મૂળ પાઠમાં તેને અલગ અલગ કહ્યા છે એટલે બેઉને એક ન સમજવા જોઇએ તે ઉપરાંત મદ્ય શબ્દ ઉત્પન્ન કરનાર દ્રવ (પાતળા) પદાર્થનો જ બોધક છે, માટે પણ એ સુરાનો પર્યાયવાચી નથી. 'પ્રસન્ના શબ્દ સુરાનો પર્યાયવાચી છે, તોપણ મૂળ પાઠમાં જુદાંજુદાં નામ આવવાથી એમનો અર્થ જુદોજુદો સમજવો જોઇએ (૨૪૦). એક સમયે રાજગૃહ નગરમાં અમારિ ( હિંસાબંધી )ની ઘોષણા થઇ. (૨૪૧). એટલે માંસલોલુપા ( આદિ ઉપર દર્શાવેલાં ચાર વિશેષણોથી યુકત ) રેવતીએ પોતાના પિયરના નોકરોને બોલાવ્યા અને તેમને કહ્યું: "દેવાનુપ્રિય ! તમે લોકો મારા પિયરનાં ગોકુલોમાંથી રોજ બે વાછડા મારીને મારે માટે લાવ્યા કરો." (૨૪૨) પિયરના નોકરોએ "વારૂ" કહીને એની વાત વિનયપૂર્વક માની લીધી. તે લોકો બે વાછડા મારીને રોજ રેવતીની પાસે લાવવા લાગ્યા. (૨૪૩). માંસલોલુપા ગાથાપતિની રેવતી પહેલાંની પેઠે માંસ–મદિરાનું સેવન કરતી સમય વીતાવવા લાગી. (૨૪૪). આ બાજુએ મહાશતક ગાથાપતિને વિવિધ પ્રકારનાં વ્રત–નિયમોનું પાલન કરતાં યાવત્ ભાવના ભાવતાં ચૌદ વર્ષ વ્યતીત થઇ ગયાં. એ પ્રમાણે આનંદની પેઠે એણે પણ મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપ્યો અને યાવત્ પોષધશાળામાં ધર્મપ્રજ્ઞપ્તિને સ્વીકારી વિચરવા લાગ્યો, (૨૪૫) માંસલોલુપા ગાથાપતિની મદિરાના નશાથી ઉન્મત્ત થઇને અને નશાની તીવ્રતાથી. પગે લડથડતી, વાળ વીખેરી નાંખી, ઓઢવાના વસ્ત્રને ખેંચતી, અર્થાત મદ્યપાનની ઉન્મત્તતા તથ.

## રેવતી કે કામોન્મત્તતા કા વર્ણન

કામુકતાનાં ચિહ્ન પ્રકટ કરતી પોષધશાળામાં મહાશતક શ્રાવકની સમીપ જઇ પહોંચી. ત્યાં મોહ અને ઉન્માદને ઉત્પન્ન કરનારા શૃંગારભર્યા હાવભાવ કટાક્ષ આદિ સ્ત્રીભાવો (નખરાં)ને બતાવતી મહાશતકને કહેવા લાગી. "હે મહાશતક શ્રાવક! તમે મોટા ધર્મકામી, પુણ્યકામી, સ્વર્ગકામી, મોક્ષકામી, ધર્મની આકાંક્ષા કરનારા, ધર્મના તરસ્યા બનીને બેઠા છો! દેવાનુપ્રિય! તમારે ધર્મ, પુણ્ય, સ્વર્ગ અને મોક્ષને શું કરવાં છે? તમે મારી સાથે મનમાન્યા ભોગ કેમ ભોગવતા નથી? તાત્પર્ય એ છે કે ધર્મ પુણ્ય આદિ સુખને માટે કરવામાં આવે છે, અને વિષય ભોગથી ઉંચું બીજું કોઇ સુખ નથી; માટે આ માથાફોડ છોડો અને મારી સાથે મનમાન્યા ભોગ ભોગવો. (૨૪૬).

મહાશતક શ્રાવકે રેવતી ગાથાપતિનીના આ કથનને આદર ન આપ્યો, પરિજ્ઞાન ન કર્યું, અર્થાત્ તે તરફ ધ્યાન પણ આપ્યું નહિ, તે મૌન રહીને ધર્મ–ધ્યાનમાં લાગી રહ્યો. (૨૪૭). એટલે ગાથાપતિની રેવતીએ મહાશતક શ્રાવકને બીજીવાર અને ત્રીજીવાર પણ એજ વાત કહી, પરંતુ મહાશતક તો એજ પ્રમાણે તેની વાતનો સ્વીકાર કે પરિજ્ઞાન કર્યા વિના વિચરવા લાગ્યો. (૨૪૮). એટલે પછી રેવતી ગાથાપતિની મહાશતક શ્રાવકથી અનાદૃત અને અપરિજ્ઞાત (અસ્વીકૃત) અર્થાત તિરસ્કૃત થઇને જ્યાંથી આવી હતી ત્યાં જ ચાલી ગઇ. (૨૪૯).

## મહાશતક કો અવધિણાન કા વર્ણન

**टीकार्थ–'तए णं से'**–ઇત્યાદિ પછી મહાશતક શ્રાવક પહેલી પડિમાને અંગીકારને વિચરવા લાગ્યો. પહેલી યાવત્ અગીઆરે પડિમાઓનુ શાસ્ત્રાનુસાર પાલન કર્યું. (૨૫૦). એ ઉગ્ર કર્તવ્યથી તે મહાશતક શ્રમણોપાસક યાવત્ બહુજ કૃશ (દુબળો) થઇ ગયો, ત્યાં સુધી કે તેના શરીરની નસેનસ બહાર દેખાવા લાગી. (૨૫૧). એક સમયે ધર્મજાગરણા કરતાં પૂર્વ રાત્રિના અપરકાળમાં મહાશતક શ્રાવકને એવો વિચાર આવ્યો કે "હું આ ઉગ્ર કર્તવ્યથી..." ઇત્યાદિ આનંદ શ્રાવકની પેઠે સમજવું. તે અંતિમ મરણાન્તિક સંલેખનાથી જોષિત–શરીર થઇને ભકત–પાનનું પ્રત્યાખ્યાન (પરિત્યાગ) કરીને મૃત્યુની કામના ન કરતો વિચરવા લાગ્યો. (૨૫૨). તેના પછી શુભ અધ્યવસાય ( પરિણામ )થી યાવત્ અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી તે મહાશતક શ્રાવકને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે પૂર્વ દિશામાં લવણસમુદ્રની અંદર એક હજાર યોજન ક્ષેત્ર સુધી જાણતો–દેખતો હતો. એ પ્રમાણે દક્ષિણ અને પશ્ચિમમાં પણ લવણસમુદ્રની અંદર એક હજાર યોજન ક્ષેત્ર સુધી જાણતો–દેખતો હતો. ઉત્તરમાં ક્ષુદ્ર હિમવંત પર્વત સુધી જાણતો–દેખતો હતો. અધો (નીચી) દિશામાં આ રત્નપ્રભા પૃથ્વીમાં ચોરાસી હજાર વર્ષની સ્થિતિવાળા લોલુપાચ્ચુત નરક સુધી જાણતો–દેખાતો હતો. (૨૫૩).

## રેવતી કે કામોન્મત્તતા કા પુનઃ કથન

પછી એક વાર ગાથાપતિની રેવતી ફરી પાછી ઉન્મત્ત થઈને યાવત્ ઓઢવાના વસ્ત્રને ખેંચતી મહાશતક શ્રાવકની પાસે આવી અને તેણે પહેલાંના જેવીજ વાત ત્રણવાર કહી. (૨૫૪). એમ વારંવાર બે ત્રણવાર કહેવાથી મહાશતકને ક્રોધ આવી ગયો. જેથી એણે અવધિજ્ઞાનનો પ્રયોગ કરીને મનમાં ઉપયોગ લગાવ્યો, અર્થાત્ ઉપયોગ લગાવીને અવધિજ્ઞાનદ્વારા જાણીને તે બોલ્યો : "પોતાનું અનિષ્ટ ચાહનારી હે પુણ્ય રહિત, ચાદશમા જન્મ લેનારી કુલક્ષણા લક્ષ્મી, લજ્જા બુદ્ધિ અને કીર્તિવગરની

## રેવતી કો શાપ કે સ્વરૂપ કા નિરૂપણ

રેવતી ! તું સાત રાત્રિની અંદર અલસ× રોગથી પીડિત થઈને શોકસમુદ્રમાં ગોથાં ખાતી તીવ્ર દુ:ખને વશ થઈ મહાન્ અસમાધિ ( અશાંત ચિત્ત )થી યથાસમય કાળ કરીને આ રત્નપ્રભા પૃથ્વીની નીચે લોલુપાચ્યુત નરકમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિવાળા નારકીઓમાં નારકી રૂપે ઉત્પન્ન થઈશ." (૨૫૫)

અલસ એટલે વિષૂચિકા (કોલેરા—મરકી ઇત્યાદિ). કોઇ કોઇ.તેને મંદાગ્નિનો રોગ કહે છે. કહ્યું છે કે "ઉપર નીચે ગમન ન કરી શકે, અગ્નિ મંદ થઇ જાય, આમાશય બરાબર કામ ન કરે, જે વ્યાધિથી માણસ આ પ્રકારનો થઇ જાય તેને અસલ રોગ કહે છે." સોજાના રોગને પણ અસલ કહે છે. તે રોગથી શરીરનું લોહી બગડી અને ઓછું થઇ જવાથી હાથ પગનું સ્તંભન થઇ જાય છે અને સોજા ચડે છે.

મહાશતક શ્રાવકની આ ભયંકર વાત સાંભળીને રેવતી (મનમાં) વિચારવા લાગીઃ "હવે મહાશતક મારાથી રીસાઇ ગયો છે, તે મારા પર પ્રેમ રાખતો નથી અને મારૂં ભૂંડું ચાહે છે; શી ખબર મને તે કેવાય ભૂંડે મોતે મરાવી નાંખશે." એમ વિચારીને તે ડરી ગઇ અને ધ્રૂજતી ધ્રૂજતી છુપાઇને ક્ષુબ્ધ તથા ભયભીત થતી ત્યાંથી ધીરે ધીરે નીકળી અને જ્યાં પોતાનુ ઘર હતું ત્યાં આવી. પછી ઉદાસ થઈને તે યાવત્ વિચારમાં પડી ગઇ. (૨૫૬) પછી ગાથાપતિની રેવતી સાત રાતની અંદરઅલસ (મંદાગ્નિરોગ) રોગથી ગ્રસિત થઇ, તીવ્ર શોક અને દુ:ખની મારી આર્ત્તધ્યાન કરતી કરતી યથાસમયે કાળ કરીને, આ રત્નપ્રભા પૃથિવીના લોલુપાચ્યુત નરકમાં, ચોરાશી હજાર વર્ષના આયુષ્યવાળા નેરઇઓમાં (નારકીઓમાં) નારકીરૂપે ઉત્પન્ન થઇ. (૨૫૭).

## ગૌતમ સ્વામી ઔર ભગવાન કે વાર્તાલાપ કા વર્ણન

**टीकार्थ–' तेणं कालेणं '**–ઇત્યાદિ તે કાળે તે સમયે શ્રી શ્રમણ ભગવાન્ મહાવીર પ્રભુ પધાર્યા. દેવોદ્વારા સમવસરણ રચાયું, પરિષદ નીકળી અને ધર્મકથા સાંભળીને યાવત્ પાછી ચાલી ગઈ (૨૫૮). 'ગૌતમ' એ પ્રમાણે સંબોધન કરી શ્રમણ ભગવાન્ મહાવીરે કહ્યું: "ગૌતમ!" આ રાજગૃહ નગરમાં મારો શિષ્ય મહાશતક શ્રાવક પૌષધશાળામાં અંતિમ સમયે મારણાન્તિક સંલેખનાથી જોષિતશરીર થઇને, ભકત–પાનનું પ્રત્યાખ્યાન કરી કાળ (મૃત્યુ)ની કામના ન કરતાં વિચરી રહ્યો છે (હતો). (૨૫૯). ત્યારે મહાશતકની પત્ની રેવતી ગાથાપતિની નશામાં ઉન્મત્ત થઇને યાવત્ પોતાના ઓઢવાના વસ્ત્રને આમતેમ ખેંચતી પૌષધશાળામાં મહાશતકની પાસે આવી બે ત્રણવાર એ પૂર્વોકત મોહ અને ઉન્માદને ઉત્પન્ન કરનારી વાતો કહી. (૨૬૦) એમ બે ત્રણ વાર કહેતાં મહાશતકે ક્રોધિત થઇને અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો, તે પ્રયોગ કરીને તે અવધિજ્ઞાન દ્વારા બધી સ્થિતિ જાણી અને રેવતી ગાથાપાતનીને પૂર્વવત્ કહ્યું કે 'યાવત્ તું નરકમાં ઉત્પન્ન થશે.' હે ગૌતમ ! અંતિમ સંલેખનાથી જૂષિત શરીરવાળા, ભકત–પાનનાં પચ્ચખ્ખાણ કરેલા શ્રાવકને–જે વાત સત્ય, તત્ત્વ, તથ્ય હોય પરન્તુ બીજાને અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞ અને વિચારવાથી પણ દુઃખદાયી હોય તો એવું વચન બોલવું કલ્પતું નથી. માટે હે દેવાનુપ્રિય ! તમે જાઓ અને મહાશતક શ્રાવકને કહો કે–દેવાનુપ્રિય ! આ અંતિમ અવસ્થામાં એવાં વચન સત્ય હોવા છતાં પણ બોલવાં કલ્પતાં નથી. તમે ગાથાપતિની રેવતીને આવું કહ્યું છે, માટે એ વિષયમાં આલોચના કરો અને યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત સ્વીકારો (૨૬૧).

## મહાશતક કા પ્રાયશ્ચિત ઔર ઉનકી ગતિ કા વર્ણન

**टीकार्थ–'तए णं से भगवं गोयमे '** ત્યાદિ પછી ભગવાન્ ગૌતમે શ્રી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના કથનને 'તથેતિ' (બરાબર છે) એમ કહીને વિનયપૂર્વક સ્વીકાર્યું. અને તેઓ ત્યાંથી ચાલ્યા અને રાજગૃહનગરમાં પ્રવિષ્ટ થયા, અને જ્યાં મહાશતક શ્રમણોપાસક હતો ત્યાં પહોંચ્યા. (૨૬૨). મહાશતકે ભગવાન ગૌતમને આવતા જોયા એટલે તે બહુ પ્રસન્ન અને સંતુષ્ટ થયો, વંદના નમસ્કાર કર્યા (૨૬૩). ભગવાન્ ગૌતમે મહાશતકને કહ્યું:–" દેવાનુપ્રિય ! શ્રમણ ભગવાન મહાવીર એમ કહે છે, ભાષણ કરે છે, સૂચિત કરે છે અને પ્રરૂપિત કરે છે કે, દેવાનુપ્રિય અંતિમ સલેખનાધારી શ્રાવકને આવું કહેવું કલ્પતું નથી. દેવાનુપ્રિય તમે રેવતી

ગાથાપતિનીને એવું કહ્યું છે, માટે એ વિષયમાં આલોચના કરો યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત લ્યો. (૨૬૪). આ પ્રમાણે મહાશતક શ્રાવકે ભગવાન્ ગૌતમસ્વામીની વાત વિનયપૂર્વક 'તહત્તિ' तथेति (તથેતિ) કહીને સ્વીકારી અને એ વિષયમાં આલોચના તથા યાવત્ પ્રાયશ્ચિત્ત કર્યું. (૨૬૫). પછી ભગવાન ગૌતમ મહાશતક શ્રાવકની પાસેથી પાછા ફર્યા અને રાજગૃહનગરની વચ્ચે થઈને ભગવાન મહાવીરની પાસે આવ્યા. ત્યાં આવીને ભગવાનને વંદના—નમસ્કાર કર્યા અને સંયમ તથા તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. (૨૬૬). પછી એક સમયે શ્રમણ ભગવાન્ શ્રી મહાવીર પ્રભુ રાજગૃહ નગરથી નીકળ્યા અને દેશેદેશ વિચરવા લાગ્યા. (૨૬૭). પછી મહાશતક શ્રાવક ઘણાં શીલ આદિ વ્રતથી યાવત્ આત્માને ભાવિત કરીને વીસ વર્ષ સુધી શ્રાવક પર્યાય પાળીને, અગિઆર પ્રતિમાઓને સારી સેવીને, માસિકી (એક માસની) સંલેખનાથી આત્માને જૂષિત (સેવિત) કરીને, સાઠ ભકતનું અનશન કરીને, આલોચના પ્રતિક્રમણ કરી સમાધિપૂર્વક યથાસમય કાળ કરી, સૌધર્મકલ્પના અરૂણાવતંસક વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. એની ચાર પલ્યોપમ સ્થિતિ છે. મહાવિદેહ ક્ષત્રમાં સિદ્ધ થશે. (૨૬૮). નિક્ષેપ પૂર્વવત.

**ઇતિ શ્રી ઉપાસકદશાંગસૂત્રના આઠમા અધ્યયનની અગારસંજીવની વ્યાખ્યાનો ગુજરાતી-ભાષાનુવાદ સમાપ્ત (૮).**

## નવમું અધ્યયન.

**ટીકાર્થ–'નવમસ્સે'** ત્યાદિ નવમા અધ્યયનનો ઉત્ક્ષેપ પૂર્વવત્ સુધર્માસ્વામીએ કહ્યું હે જંબૂ એ કાળે એ સમયે શ્રાવસ્તી નગરી, કોષ્ઠક ચૈત્ય, જિતશત્રુ રાજા હતો. શ્રાવસ્તી નગરીમાં નંદિનીપિતા નામનો ગાથાપતિ રહેતો હતો તેની પાસે ચાર કરોડ સોનૈયા ખજાનામાં, ચાર કરોડ વેપારમાં અને ચાર કરોડ લેણુ–દેણુમાં હતા. દસ–દસ હજાર ગોવર્ગીય પશુઓનાં ચાર ગોકુળ હતાં. અશ્વિની નામની પત્ની હતી. (૨૬૯). સ્વામી (ભગવાન મહાવીર) પધાર્યા નંદિનીપિતાએ આનંદની પેઠે. ગૃહસ્થધર્મ સ્વીકાર્યો. સ્વામી બહાર (જુદા જુદા દેશોમાં) વિહાર કરવા લાગ્યા. (૨૭૦). નંદિનીપિતા જીવ–અજીવનો જાણકાર શ્રાવક થયો, યાવત્ વિચરતો રહ્યો (૨૭૧). એ પ્રમાણે વિવિધ શીલ, વ્રત ગુણવ્રત, આદિનું પાલન કરતાં ચૌદ વર્ષ વીતી ગયાં, ત્યારે આનંદની પેઠે વડા પુત્રને કુટુંબનો ભાર સોંપ્યો, અને પોતે ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કર્યો. વીસ વર્ષ સુધી શ્રાવકપણું પાલન કર્યું. અરૂણગવ વિમાનમાં ઉત્પન્ન થયો. મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે. (૨૭૨) નિક્ષેપ પૂર્વવત્.

**સાતમા અંગ ઉપાસકદશાના નવમા અધ્યયનની અગાર–સંજીવની ટીકાનો ગુજરાતી–અનુવાદ સમાપ્ત ૯**

❀

# શાલેયિકા પિતા કા વર્ણન

## દશમું અધ્યયન

**ટીકાર્થ–'દસમસ્સે'** ઇત્યાદિ દશમા અધ્યયનનો ઉત્ક્ષેપ પૂર્વવત્. સુધર્માસ્વામી બોલ્યા : હે જંબૂ ! એ કાળે એ સમયે, શ્રાવતી નગરી, કોષ્ઠક ચૈત્ય અને જિતશત્રુ રાજા હતો. એ શ્રાવસ્તી નગરીમાં શાલેયિકાપિતા નામક ગાથાપતિ રહેતો હતો. તેની પાસે ચાર કરોડ સોનૈયા ખજાનામાં હતા, ચાર કરોડ વેપારમાં લાગેલા હતા. અને ચાર કરોડ લેણુ–દેણુમાં રોકાયેલા હતા. દસ–દસ હજાર ગોવર્ગીય પશુઓનાં ચાર ગોકુળ હતાં. એની પત્નીનું નામ ફાલ્ગુની હતું (૨૭૩).

સ્વામી પધાર્યા. શાલેયિકાપિતાએ આનંદની પેઠે ગૃહસ્થ ધર્મ ધારણ કર્યો અને કામદેવની પેઠે મોટા પુત્રને કુટુંબનો ભાર ભળાવીને પોતે પોષધશાળામાં શ્રમણ ભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ અંગીકાર કરી વિચરવા લાગ્યો. બીજા શ્રાવકોની અપેક્ષાએ તેના જીવનમાં વિશેષતા એ છે કે તેને કોઈ પ્રકારનો ઉપસગ ન થયો ઉપસર્ગ વિના જ તેણે શ્રાવકની અગિઆર પડિમાઓનું પાલન કર્યું સૌધર્મકલ્પના અરૂણકીલ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં ચાર પલ્યોપમની સ્થિતિ છે. મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે. બાકી બધું કથન કામદેવની પેઠે સમજી લેવું (૨૭૪)

## ઉપસંહાર

દસેય શ્રાવકોને પંદરમા વર્ષે કુટુંબના ભારનો પરિત્યાગ કરીને વિશિષ્ટ–ધર્મ સાધનનો વિચાર થયો. દસેએ વીસ–વીસ વર્ષ સુધી શ્રાવકપણું પાળ્યું. (૨૭૫)

આર્ય સુધર્મા સ્વામીએ જંબૂસ્વામીને કહ્યું: " હે જંબૂ? યાવત્ સિદ્ધિ ગતિ નામક સ્થાનને પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે સાતમા અંગ ઉપાશક દશાના દસમા અધ્યયનનો એજ અર્થ પ્રરૂપિત કર્યો છે. ,, (૨૭૬)

---

તીર્થંકર ભગવાન્ અર્થાગમનો ઉપદેશ કરે છે, તેથી સર્વત્ર એમ કહેવામાં આવ્યું છે કે અમુક અધ્યયનનો અમુક અર્થ કહ્યો છે."

આ ઉપાસકદશા નામક સાતમા અંગમાં એક શ્રુતસ્કંધ છે. અને દસ અધ્યયન છે. દેશવિરતિનું કથન કરવાને કારણે એ બધાં અધ્યયન એકસ્વર(એક સમાન) છે. દસ દિવસમાં એ દસ અધ્યયનોનો ઉપદેશ કરવામાં આવે છે.

**સાતમા અંગ શ્રી ઉપાસકદશાના દસમા અધ્યયનની**
**અગારસંજીવની ટીકાનો ગુજરાતી–**
**ભાષાનુવાદ સમાપ્ત (૧૦)**
**ઈતિ શ્રી ઉપાસકદશાંગ સૂત્રનો ગુજરાતી અનુવાદ સમપ્ત.**

❀

## ગ્રન્થપ્રશસ્તી

### ગ્રન્થપ્રશસ્તી

મેવાડ (મેદપાટ) દેશની પ્રાચીન રાજધાની ઉદયપુર છે. તેની નિકટ (૧) આડ ગ્રામમાં શ્રીમાન્ ધીમાન્ પ્રધાનમંત્રી કોઠારીજીનું ગંગોદ્ભવ, નામનુ ઉદ્યાન છે. એ અત્યંત મનોહર છે. (૨) એ ઉદ્યાનમાં ચૈત્ર સુદ સાતમ ને મંગળવાર, વીર સંવત્ ૨૪૫૭ને દિને (૩) મેં (ઘાસીલાલ મુનિ) સર્વ સાધારણને ઉપયોગી શ્રી ઉપાસકદશાંગસૂત્રની " અગારધર્મસંજીવની " ટીકાની, યત્ને કરીને રચના કરી–સમાપ્ત કરી (૪) ટીકાની રચના કરતી વખતે મને જે જે મુનિઓનો સાથ મળ્યો હતો તે તે સહાયતા આપનારા મુનિઓનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે. (૫)–

શાસ્ત્રના વિચારમાં ચતુર, ચટુલાર્થ સાર (પરમાર્થસાધક) વ્યાખ્યાન આપવામાં કુશળ, કોમળ સ્વભાવવાળા. જ્ઞાનાદિ સદ્ગુણોને પ્રાપ્ત કરવામાં દત્ત ચિત્ત, ઉત્સાહી મુનિ મનોહરલાલજી (૬) માર્મિક શાસ્ત્રીય જ્ઞાન, શાન્તિ, દાન્તિ (ઇંદ્રિયનિગ્રહ) અને ક્ષાન્તિ (ક્ષમા)થી યુકત, સરલ અને નિર્મલ મનોવૃત્તિવાળા, વૈરાગ્યરૂપી રાજ્યને પ્રાપ્ત કરવાને કારણે તપસ્વિરાજ, સદ્ગુણોથી શોભિત મુનિ સુન્દરલાલજી (૭)

અને ત્રીજા સૌથી નાના મુનિ સમીરમલ્લજી છે. એ સમીરમલ્લજી ગુરૂસેવામાં સમીર (પવન)ના જેવા મલ્લ તથા બાલબ્રહ્મચારી છે. એ કારણોથી એ શરીર-સંસ્થાનમાં લઘુ હોવા છતાં પણ ગુરૂ (મોટા) થઈ જવા ઈચ્છે છે અર્થાત્ આ મુનિ ઉત્સાહી અને ઉન્નતિ શીલ છે. (૮)

આ મેવાડના પ્રધાનમંત્રી કેશરીસિંહજી હતા. તે શરીરે, વચને, યશે (કીર્તિએ), અને તેજે (કાન્તિએ) લલિત (સુંદર) શ્રેષ્ઠ કેશરીસિંહના જેવા હતા. (૯) સામ-દાન-દંડ-ભેદની નીતિમાં નિપુણ, મેવાડ મહિપતિના મંગળની કામના કરવાવાળા, પ્રજાના ઉપકારી, પ્રવચનના પરિપાલક, પુત્ર પૌત્રોએ કરીને સંપન્ન કોઠારી બલવંતસિંહજી એમના પુત્ર રત્ન છે. એમણે આમાં પ્રથમ સહાયતા પ્રદાન કરી છે.(૧૦) એ બલવંતસિહજી કોઠારી રાજ્ય અને પ્રજા-બેઉના હિતને માટે સુનીતિની ધારાઓ (ન્યાયનો પ્રવાહ અને સારા કાયદા કાનૂન) ચાલુ કરીને પ્રસિદ્ધિને પ્રાપ્ત થયાં. મેવાડ મહારાણાના એ અદ્વિતીય કૃપાપાત્ર છે. એમણે ભારતના પ્રાચીન રીત રીવાજોને પ્રસિદ્ધ કર્યા છે. (૧૧)

પૃથ્વીરાજજીના સાહબલાલજી અને મેઘરાજજી એ બે પુત્ર છે. એમાં મોટા પુત્ર સાહબલાલજી જીવન પર્યંત ધર્મમાં તત્પર રહયાં હતાં. (૧૨) શીલવ્રતના સ્કંધથી યુકત. રાત્રિમાં ચારે પ્રકારના આહારનો પરિહાર કરવા વાળા, પ્રાતઃ- સાયં બેઉ સમય આવશ્યક પ્રતિક્રમણ અને ઘણી સામાયિકો કરવાવાંળા, સાધુઓનાં ઉપર સર્વદા સદ્ભાવના રાખવાવાળા (૧૩) ખેમેસરા (ખીવસરા) કુળરૂપી કમળને માટે સૂર્ય વાળા, મંજુલ (કોમળ) સ્વભાવી પુણ્યમાર્ગને વધારનારા, શુદ્ધ ધર્મ અને બુદ્ધિની ધુરાને ધારણ કરે છે. (૧૭) પ્રિયધર્મી-ધર્મપ્રેમી, દૃઢધર્મી (ધર્મમાં દૃઢ), મુનિરાજોનાં અનન્ય ભકિતરસથી પૂર્ણ જુહારમલ્લજીએ પણ આ કાર્યમાં સહાયતા આપી છે. (૧૮)